# સ્ત્રી-પુરૂષ સંબંધ



● વૉલ્ટર ટ્રોબીશ ●

16BG52

# સ્ત્રી-પુરુષ-સંબંધ

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

ભાવિ પ્રતિ અંગુલિનિર્દેશ કરનાર
ત્રણ આફ્રિકન યુગલોને સમર્પિત

જીન અને અર્નેસ્ટીન
રોલૅન્ડ અને પ્રિસ્કીલા
એઝરા અને જેનેટ

# સ્ત્રી-પુરુષ-સંબંધ

(લગ્ન-મીમાંસાનું એક અદ્‌ભુત પુસ્તક)

લેખક
વૉલ્ટર ટ્રોબીશ

અનુવાદક
ભગવતપ્રસાદ ચૌહાણ

**જીવન સાહિત્ય સંસ્થા**
C/O જીવનસંદેશ મિનિસ્ટ્રીઝ, બેઉલાહ ચર્ચ કંપાઉન્ડ,
મણિનગર પૂર્વ, અમદાવાદ-૩૮૦૦૦૮

પ્રકાશક
જીવન સાહિત્ય સંસ્થા
C/O જીવનસંદેશ મિનિસ્ટ્રીઝ,
બેઉલાહ ચર્ચ કંપાઉન્ડ,
મણિનગર પૂર્વ, અમદાવાદ-૩૮૦ ૦૦૮

સ્ત્રી-પુરુષ-સંબંધ
© વૉલ્ટર ટ્રોબીશ

| | | |
|---|---|---|
| ઑગસ્ટ, ૧૯૭૮ | પ્રથમ આવૃત્તિ | પ્રત: ૨,૦૦૦ |
| ઑગસ્ટ, ૧૯૯૪ | દ્વિતીય આવૃત્તિ | પ્રત: ૩,૦૦૦ |

મુદ્રક
શિલ્પા પ્રિન્ટર્સ,
આરાધના કો. સેન્ટર,
રીલીફ સીનેમા પાસે, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન. ૩૦૨૯૬૬

## મૂળ લેખકની પ્રસ્તાવના

**આ** પુસ્તકમાંનું કશુંયે ઊપજાવી કાઢેલું કે કાલ્પનિક નથી. બધા જ પ્રસંગો સાચેસાચ બનેલા છે. બધા જ સંવાદો સાચા છે. પુસ્તકમાં નિરુપાયેલી વ્યક્તિઓ આજે પણ જીવિત છે. તેથી જ તે શહેરનું નામ જણાવ્યું નથી. બનાવોની પશ્ચાદ્ભૂ આફ્રિકા છે, પરંતુ તેમાં રજૂ થયેલી સમસ્યાઓ દરેક ખંડને અને દરેક સંસ્કૃતિને સ્પર્શે છે.

- વૉલ્ટર ટ્રોબીશ
લીટનબર્ગ ૬
ઑસ્ટ્રિયા

# અનુવાદકની કલમે

**આ** પુસ્તક નવલકથા જેવું અદ્ભુત અને રોમાંચક છે. પ્રથમ વાક્યથી જ લેખકની તેજીલી કલમ આપણને પકડી લે છે, અને વાતવાતમાં લગ્નનાં અનેક પાસાંનું વાસ્તવિક દર્શન કરાવે છે. આફ્રિકાના એક ચર્ચમાં આ વ્યાખ્યાનો અપાયાં હોવા છતાં અપરિણીત અને પરિણીત એવાં આપણાં ગુજરાતી સમાજનાં બધાં યુવાનો માટે આ ગ્રંથ અમૂલ્ય માર્ગદર્શન પૂરું પાડશે તેમાં શંકા નથી.

**પ્ર**કાશન માટે જીવન સાહિત્ય સંસ્થાનો ખૂબખૂબ આભારી છું.

- ભગવતપ્રસાદ ચૌહાણ

# અનુક્રમ


| પ્રકરણ | | | | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧ | ... | ... | ... | ૧ |
| ૨ | ... | ... | ... | ૧૫ |
| ૩ | ... | ... | ... | ૩૪ |
| ૪ | ... | ... | ... | ૪૯ |
| ૫ | ... | ... | ... | ૭૦ |
| ૬ | ... | ... | ... | ૧૦૪ |
| ૭ | ... | ... | ... | ૧૨૩ |
| ૮ | ... | ... | ... | ૧૪૬ |
| ૯ | ... | ... | ... | ૧૭૫ |

# ૧

ધરતી નજીક આવી. કૉંક્રીટ ઉતરાણ-પટ્ટી દૃષ્ટિએ પડી. પૈડાં ભૂમિને સ્પર્શ્યાં, થોડુંક ઊછળ્યાં, ફરીથી ભૂમિને સ્પર્શ્યાં, ગોળ ગોળ સરક્યાં. એન્જિનો ફુત્કાર્યાં. વિમાન ધીમું પડ્યું, ઘૂમ્યું, વિમાનગૃહ પ્રતિ ઊપડ્યું અને થોભ્યું.

હું આવી પહોંચ્યો હતો.

મેં બેઠક-પટ્ટો છોડ્યો, મારો શિયાળુ કોટ ખભા પર નાંખ્યો, અને મારો સામાન ઉપાડી બેઠકો વચ્ચેની સાંકડી જગ્યામાંથી ઉતરાણ-દ્વાર પ્રતિ ચાલ્યો.

મુસાફરોની સુખસગવડ સાચવનાર આફ્રિકન પરિચારિકાએ સ્મિત કરી મને કહ્યું:

''આવજો સાહેબ. આશા રાખું છું કે, પ્રવાસમાં મજા પડી હશે.''

''આભાર.'' મેં ઉત્તર આપ્યો, અને ઊતરવાની સાંકડી નિસરણીએથી કાળજીપૂર્વક ઊતર્યો. ગરમીનો જાણે ઝપાટો લાગ્યો.

અતિ તેજસ્વી સૂર્યપ્રકાશમાં એકદમ બધું સ્પષ્ટ ન થયું, પરંતુ ઍરપોર્ટ બિલ્ડિંગ પ્રતિ જતા પ્રવાસીઓમાં હું ભળી ગયો.

વિમાન અને વિમાનગૃહની લગભગ વચ્ચોવચ્ચ એક યુવતી ઊભી હતી. જાણે કોઇ વિશેષ વ્યક્તિને આવનાર પ્રવાસીઓમાંથી શોધી કાઢવા માંગતી ન હોય ! તેણે વિમાની કર્મચારીનો પોશાક પહેર્યો હતો. અચાનક, તેણે મારા તરફ એક ડગલું આગળ વધી મારું નામ ઉચ્ચાર્યું.

''તમે મને કેવી રીતે ઓળખી કાઢ્યો ?'' મેં કહ્યું.

''મેં તમારા એક પુસ્તકના પૂંઠા ઉપર તમારો ફોટોગ્રાફ જોયેલો. મારું નામ મીરિયમ. મેં તમને પહેલાં એક પત્ર લખ્યો હતો.''

મીરિયમ ? મેં સ્મૃતિના ખૂણેખૂણા ઢંઢોળી જોયા.

"શું મેં ઉત્તર આપેલો ?"

"હા જી, આપે જણાવેલું કે છૂટાછેડા કરતાં વિવાહ તોડી નાંખવા તે ઓછું અનિષ્ટ છે."

હવે મને તેનો પત્ર યાદ આવ્યો. મેં સામાન નીચે મૂકી મીરિયમને નિહાળી. તે નીચા કદની, સરસ ચહેરાવાળી અને બુદ્ધિસૂચક વિશાળ કપાળવાળી આકર્ષક યુવતી હતી. તેની પહોળી ભૂખરી આંખો ચમકારા મારતી. તેના લાંબા શ્યામ કેશ, લગભગ વાદળી રંગના, પીઠ પાછળ અંબોડામાં ગૂંથાયેલા હતા.

"તમે લખ્યું હતું," મેં હસીને કહ્યું કે, "તમને લાગે છે કે, તમારા 'ફીઆંસે' - વાગદત્ત પતિ (જેની સાથે સગાઈનું વચન આપ્યું હોય કે થઈ હોય તેવો પુરુષ) પ્રત્યેની તમારી લાગણીઓ લગ્ન માટે જોઈએ તેટલી સઘન અને પૂરતી બલિષ્ઠ નથી."

"અને તમે જણાવેલું કે, મારે મારી લાગણીઓ શું કહે છે તે સાંભળવું જોઈએ. છોકરીઓને છોકરાઓ કરતાં લાગણીની ભાષા વહેલી સમજાય છે."

હવે મને તેના કેસની વિગતો યાદ આવી. તે તેના પ્રિયતમ કરતાં વયમાં એક વર્ષ મોટી હતી, અભ્યાસમાં ચાર વર્ષ આગળ અને પગાર પણ વધારે. એની જ તેને ચિંતા હતી.

"પણ, હું તેને છોડી શકતી નથી. તે મને ચાહે છે, અને હું પણ એક રીતે તેને પ્રેમ કરું છું. કેટલીક વાર મારી લાગણીઓ શી છે તે જ મને સમજાતું નથી."

"સારું મીરિયમ, આપણે અહીં વાતો નહિ કરી શકીએ. પાસપોર્ટ ચૅકિંગ વગેરે વિધિ હું પતાવું ત્યાં સુધી વાતો કરીએ તો કેવું ?"

તેણે મારી વજનદાર પેટીને પકડવાની સાંકળ એક બાજુથી પકડી અને મેં બીજી બાજુથી. મારી ચામડાની બ્રીફકેસ મારા ડાબા હાથ નીચે દબાવી, અને અમે ચાલ્યાં.

''માફ કરજો,'' તેણે કહ્યું, ''પણ અમારા પાળકે જણાવ્યું કે, આપ તો ચાર જ દિવસ રોકાવાના છો, ત્યારે મેં મનોમન નક્કી કર્યું કે, બીજાં મળે તે પહેલાં મારે મળી લેવું. હું આ ઍરલાઇન (વિમાની કંપની)માં જ કામ કરું છું, તેથી અહીં સુધી આવી શકી.''

''શું તમે પાસ્ટર ડેનિયલની મંડળીનાં સભ્ય છો ?''

''હા. તે પણ આપને લેવા આવ્યા છે. કસ્ટમનો વિધિ પત્યા પછી આપ તેમને મળી શકશો.''

અમે પાસપોર્ટ ચૅકિંગ માટે ક્યૂમાં ઊભાં રહ્યાં ત્યારે પણ મને લાગ્યું કે, મીરિયમને હજુયે કંઇ કહેવું છે. એણે વાસ્તવમાં હિંમતવાન પ્રયાસ કર્યો હતો, તેથી જ હું તેને નિરાશ કરવા માંગતો નહોતો.

''મીરિયમ, મને પૂછવાનું મન થાય છે કે, તે જુવાન વિશે પૂરેપૂરું જાણી લીધા પહેલાં તમે એની સાથે કેમ વચનબદ્ધ થયાં ?''

''અમારા દેશમાં વિવાહ ન થાય તે પહેલાં અમે ન તો વાત કરી શકીએ કે ન સાથે ફરી શકીએ. અમારે પુરુષમિત્રો (boyfriends) ન હોઇ શકે. તમારા પુસ્તકમાં તો તમે લખો છો કે, પૂરી જાન-પહેચાન વગર આમ વચનબદ્ધ ન થવું જોઇએ. પણ અહીં તો વિવાહબદ્ધ ન થઇએ ત્યાં સુધી ઓળખી પણ ન શકીએ !''

હવે મારો પાસપોર્ટ બતાવવાનો વારો આવ્યો.

''શું તમે સહેલાણી પ્રવાસી (tourist) છો ?'' ઑફિસરે પૂછ્યું.

''એક ચર્ચમાં અહીં મને પ્રવચનો કરવાનું નિમંત્રણ છે.''

''શેના વિશે ?''

''લગ્ન વિષે.''

ઑફિસરે મારા પ્રત્યે તીરછી દૃષ્ટિ નાંખી, અને તરત જ પાસપોર્ટ પર સહી-સિક્કા કરી દીધા.

મીરિયમ અને હું તપાસાયેલો સામાન જ્યાં મુકાય તે સ્થળે પહોંચ્યાં.

''જો હું તેને મૂકી દઉં, તો તે આત્મહત્યા કરવાનું કહે છે.''

''આત્મહત્યા ? શું તમે માનો છો કે તે સાચે જ કરશે ?''

'' મને ખબર નથી, પણ કદાચ તે સાચું કહેતો હશે''

''તેમની સાથે વાત કરવાનું મને ગમશે.''

''તો તો અદ્ભુત. તે પણ આજ રાત્રે ચર્ચમાં આવવાના છે.''

''તો ચર્ચ છૂટ્યા પછી મને પરિચય કરાવશો.''

''આભાર,'' મીરિયમે રાહતનો શ્વાસ ખેંચી કહ્યું, ''આભાર આપનો.'' તેના અવાજમાં સંભળાતો રાહતનો રણકો સાંભળી મને થયું કે, મારી અને તેના વાગ્દત્ત પતિ સાથેની વાતચીત માટે તે કેટલી તીવ્રતાથી ઝંખતી હશે !

મારી વજનદાર સૂટ-કેસનો વારો આવ્યો. મીરિયમે ઑફિસરને સ્થાનિક ભાષામાં કંઇક કહ્યું, અને તેણે કશું તપાસ્યા વિના મને જવાની અનુજ્ઞા આપી.

બારણું ખૂલ્યું અને અમે પ્રતીક્ષાલયમાં પ્રવેશ્યાં.

પાસ્ટર ડેનિયલ આગળ આવ્યા, આફ્રિકન રિવાજ મુજબ મારા બંને હાથ પકડ્યા, અને પછી મને ભેટી પડ્યા.

''સ્વાગતમ્ - ભલે પધાર્યા,''તેમણે કહ્યું, ''આપનું સ્વાગત કરતાં આનંદ થાય છે.''

''હા, છેવટે હું આવ્યો ખરો. '' મેં બ્રીફકેસ મૂકતાં કહ્યું.

''શું મારી પત્નીનો પરિચય કરાવું ?'' તેમણે પાછળ ઊભેલાં ઊંચાં, હોશિયાર દેખાતાં, પાંત્રીસેકની વયનાં તેમનાં પત્ની એસ્તર પ્રતિ આંગળી ચીંધતાં કહ્યું. એસ્તરે શ્યામ રંગની બુટ્ટીઓવાળો લીલો પોશાક પહેર્યો હતો, અને માથા પર પીળો સ્કાર્ફ બાંધ્યો હતો. ડાબા હાથમાં એક નાનું બાળક તેડેલું, અને જમણે હાથે લગભગ ત્રણેક વર્ષનો બાબો હતો.

એસ્તરે બાળકનો હાથ છોડી, શરમથી થોડું આડું જોઇ, પાશ્ચાત્ય ઢબે મારી સાથે હસ્તધૂનન કર્યું.

''અમારા દેશમાં ભલે પધાર્યા,'' તેણે ભાવથી કહ્યું.

નાનો છોકરો મને જિજ્ઞાસાપૂર્વક જોઇ રહ્યો હતો, પણ હું તેને સત્કારવા નીચે નમ્યો ત્યારે તે તેની માના સ્કર્ટને બંને હાથે પકડી રાખી તેની પાછળ સંતાઇ ગયો.

''અમે આપને પ્લેનમાંથી ઊતરતા જોયા,'' ડેનિયલે કહ્યું, ''ઊતર્યા પછી બરોબર એક મિનિટે તમે તમારું કામ શરૂ કરી દીધું. શું તમે મીરિયમને અગાઉથી ઓળખતા હતા ?''

''ના, પણ અમારી વચ્ચે પત્રવ્યવહાર થયેલો. મારા પુસ્તકના પૂંઠા પરના એક ફોટાથી તેણે મને ઓળખી કાઢ્યો.''

આ વાતચીતથી મીરિયમ થોડીક મૂંઝવણમાં મુકાઇ. ''કામ પર પાછા ચઢવાનું છે''નું બહાનું કાઢી તે ત્યાંથી છટકી ગઇ. પણ સાંજે દેવળમાં આવશે તેવું વચન પણ આપતી ગઇ.

અમે કારપાર્કમાં મૂકેલી ડેનિયલની કાર-વૉકસવેગન-તરફ ચાલ્યાં.

એસ્તર બંને બાળકો સાથે પાછળની સીટ પર બેઠી. હું ડેનિયલ સાથે આગળ.

''આપણે પહેલાં મળેલા તેને કેટલો સમય થયો, ડેનિયલ ?''

''બરોબર બે વર્ષ.''

હું પહેલાં માત્ર એક વાર ડેનિયલને મળ્યો હતો, અને તે મંડળીઓના આગેવાનોના એક આંતરરાષ્ટ્રીય સંમેલનમાં. એ વખતે તેમણે પોતાની મંડળીમાં આવવાનું મને આમંત્રણ આપેલું. અત્યાર સુધી જો કે હું એ ભાવભીનું આમંત્રણ સ્વીકારી શક્યો ન હતો.

અમે થોડી વાર શાંત રહ્યા.

''મને લાગ્યું કે મારી તૈયારી ઘણી ઘણી અપૂરતી હતી, કહો કે, નહીંવત્ હતી. હું ભાષણ કરું તે પહેલાં મારે આ પ્રજાને નિકટતાથી જાણવી જોઇતી હતી.''

''જો આપ ચાર જ દિવસ રહેવાના હો, તો આજ રાતથી જ આરંભ કરવો પડશે.''

મને મુદ્દો સમજાયો.

"શું આ શહેરની આપની પ્રથમ જ મુલાકાત છે ?" તેમણે પૂછયું.

"હા, હું બીજા આફ્રિકન દેશોમાં ગયો છું, પણ આ દેશમાં પ્રથમ જ વખત આવું છું. તમારા રીતરિવાજો વિશે થોડું ઘણું જાણું, પણ તમારી વિશિષ્ટ સમસ્યાઓ વિશે કશું જ નહિ."

"એ તો ખાસ લાભનું થશે," આંખમાં ચમક સાથે ડેનિયલે કહ્યું. "અમારાં યુવાનો તો તમારાં ભાષણો સાંભળવા ક્યારનાંયે તલપાપડ છે."

"અને મોટેરાં ?"

"થોડોક વિરોધ છે. તેમને લાગે છે કે, લગ્નની ઊંડી ચર્ચા મંદિરમાં ન થવી જોઈએ. ખાસ કરીને જાતીય પ્રશ્નોની વાત તેમને માટે નિષિદ્ધ છે, પ્રતિબંધિત છે. મને લાગે છે કે સમગ્ર આફ્રિકા ખંડમાં પણ એવી જ લાગણી પ્રવર્તે છે. યુરોપ અને અમેરિકામાં શી સ્થિતિ છે ?"

"મૂળભૂત રીતે તો સરખી જ. ખ્રિસ્તીઓને જાતીયતા (Sex) અંગેની વાત કરતાં મૂંઝવણ થાય છે, અને જે કોઈ તે અંગે કશુંક કહે છે તે ઘણી વાર ખ્રિસ્તી હોતા નથી."

"ગમે તેમ, તમે સાવચેત રહેજો. ખાસ કરીને પ્રથમ વ્યાખ્યાનમાં જાતીયતા કે કામવૃત્તિ અંગે ઘણુંબધું કહેશો નહિ, અને શક્ય તેટલા વધુ સરળ બનજો. ભાવવાચક સંજ્ઞાઓથી દૂર રહેજો, અને બને એટલું સરળ કથન કરજો. તમારે ટૂંકાં ટૂંકાં વાક્યો વાપરવાં, જેથી હું દરેક વાક્યનો અનુવાદ કરી શકું."

"હું શક્ય તેટલો પ્રયત્ન કરીશ. પ્રભુમંદિરમાં શ્યામપટ છે ?"

"એની વ્યવસ્થા થઈ શકશે."

હવે અમે શહેરના નીચેના ભાગમાં આવ્યા હતા. લોકોને બાદ કરતાં, કોઈ યુરોપના કે અમેરિકાના શહેર કરતાં કશું જ જુદું નહોતું- ફૂટપાથો, નિયૉન લાઈટ્સ, બૅન્કોનાં વિશાળ ભવનો, રેસ્ટોરાંઓ, ટ્રાવેલ એજન્સીઓ, અને સુપર માર્કેટો-અને ટ્રાફિકની ભારે ભીડ.

"શું કુટુંબનાં સૌ મજામાં છે ?" એસ્તરે પૂછયું.

''મહેરબાની. બધાં ખુશીઆનંદમાં છે.''

''કેટલાં બાળકો છે ?''

''પાંચ, પણ તમારાં છે તેના કરતાં મોટાં.''

''તમે નીકળ્યા ત્યારે તેમને દુઃખ નહોતું થયું ?''

''હા, તેમને તો સાથે જ આવવું'તું. ચાર તો આફ્રિકામાં જ જન્મ્યાં છે, અને આફ્રિકાને જ વતન માને છે.''

''શું આપનાં પત્ની આવવાનાં છે ?''

''હા, શનિ-રવિ સુધીમાં આવી જશે.''

''અદ્‌ભુત !''

હું મારી પત્ની વિશે વિચારવા લાગ્યો. આજે રાત્રે તે સાથે હોત તો કેટલું વધુ સરળ થઇ જાત ! જેમ જેમ હું તેને વિશે વધુ વિચારતો ગયો તેમ તેમ એકાકીભાવ અનુભવતો ગયો.

''અમારે તો તમને ઘેર જ ઉતારો આપવાની ઇચ્છા હતી.'' ડેનિયલે સ્પષ્ટતા કરતાં કહ્યું, ''પણ છેવટે અમે તમને હૉટેલમાં ઉતારવાનું નક્કી કર્યું. અમારા ઘરમાં કાંઇ બહુ શાંતિ રહેતી નથી, બધો જ વખત મહેમાનો આવ્યા કરે. કેટલાક એવા પણ હોય જેમને પોતાના પ્રશ્નો તમારી સાથે પાળકગૃહે ચર્ચવાની ઇચ્છા ન પણ હોય.''

''મને તમારી સાથે-કુટુંબમાં-રહેવાનું ગમત, પણ તમારી વાત પણ વિચારણીય છે.''

''શું રાત્રિનું ભોજન અમારી સાથે લઇ શકશો ?'' એસ્તરે પૂછ્યું.

''આભાર, આપનો, પણ મને લાગે છે કે મારી પાસે સમય નથી. મારે હજુ તો વસ્ત્રો બદલવાં પડશે. હું તો હજુ શિયાળાનાં વસ્ત્રોમાં જ છું.''

''સારું, આ તો મારે જરા જાણવું હતું. મારા પતિ ક્યારે મહેમાનો લઇ આવે તે હું ક્યારેય જાણતી હોતી નથી. એ પોતે પણ ક્યારે જમવા આવશે એની પણ મને ખબર હોતી નથી.''

મોટરકારમાં થોડો સમય ભારેખમ, બોજલ મૌન પથરાઇ ગયું.

અમે એક હૉટેલ પાસે કાર ઊભી રાખી. એસ્તર બાળકો સાથે મોટરમાં જ બેસી રહ્યાં. ડેનિયલ મારી સાથે અંદર આવ્યા. રજિસ્ટ્રેશનનો વિધિ પતાવ્યા બાદ તે મારા ખંડમાં પણ આવ્યા. પથારી, ટેબલ, ટેલિફોન વગેરે સાધનોથી સુસજ્જ સ્વચ્છ ખંડ હતો, બારી પાસે સોફાસેટ, આરામખુરશી અને નાનું મેજ હતું, વાતાવરણ ગમી જાય તેવું. અહીં વાર્તાલાપ થઇ શકે.

''હું સભા માટે તેડવા નહિ આવી શકું,'' ડેનિયલે કહ્યું, ''પણ હું તમને પ્રભુમંદિરે લઇ આવવા કોઇ સભાસદને મોકલીશ.''

''તમે થોડી વાર બેસો તો સારું. મારે શું કહેવું તે અંગે કશું કહો.''

ડેનિયલ થોડીક ક્ષણો થોભ્યા, આંખો બંધ કરી. પછી મારી આંખોમાં આંખો પરોવી કહ્યું:

''પ્રભુ તમને કંઇક આપશે. જે કંઇ ઇશ્વર આપે તે અમને પીરસજો,'' કહીને ચાલ્યા ગયા.

તે અચ્છા સલાહકાર છે, મને થયું. મને તેમણે અત્યારે મદદ કરી એવી મદદ તેમના લોકોની હું કરી શકું તો સારું.

હું બારી પાસે ગયો અને બહાર જોવા લાગ્યો. મારો ખંડ ચોથે મજલે હતો, તેથી આસપાસનાં મકાનોનાં ધાબાં પણ હું જોઇ શક્યો. મેં તેમને વિમાનમાંથી જોયાં હતાં, હવે તે કેટલાં બધાં નજીક હતાં ? હું તેમાંના એકની નીચે છું; ઉપર નહિ, પણ નીચે !

મેં સ્નાન કર્યું, વસ્ત્રો બદલ્યાં. પછી બ્રીફકેસમાંથી મારા પ્રથમ વ્યાખ્યાનની નોંધ કાઢી, અને કાગળો મેજ પર પાથર્યા.

મેં વાંચવાનું શરૂ કર્યું. પણ કાગળો કશું બોલ્યા નહિ.

અચાનક, ટેલિફોનની ઘંટડી વાગી. હૉટેલના સ્વીચબોર્ડ ઑપરેટરનો અવાજ હતો. ''એક મિનિટ, આપનો કૉલ છે.'' કોઇ સ્ત્રીનો અવાજ સંભળાયો. તેણે મારું નામ ઉચ્ચાર્યું.

"મેં છાપામાં વાંચ્યું કે, તમે આજે રાત્રે લગ્ન વિશે ઉદ્બોધન કરવાના છો, શું એ સત્ય છે ?"

"હા."

"મારે એક પ્રશ્ન પૂછવો છે. શું પતિને મૂકી દેવો એ હંમેશાં ખોટું જ હોઇ શકે ?"

કેવો પ્રશ્ન ? મેં વિચાર્યું, અને પૂછ્યું : "તમે શા માટે તેને મૂકી દેવા માંગો છો ?"

"તે મારી સાથે લગ્ન કરવા તૈયાર નથી."

"મને લાગ્યું કે, તમારા પતિ અંગેની વાત છે."

"અમે સાથે રહીએ છીએ. તે કહે છે, 'હું તારી સાથે રહું છું એનો અર્થ•લગ્ન જેવો જ થાય.' અને છતાં તે લગ્ન કરતા નથી. ઘણી વાર લગ્નની વાત કાઢે, પણ પછી માંડી વાળે. તેથી એક રીતે હું પરણેલી છું, અને એક રીતે પરણેલી નથી. હું ખૂબ ગૂંચવાઇ ગઈ છું. લગ્નને કઈ વસ્તુ લગ્ન બનાવે ?"

"કેટલા સમયથી તમે સહજીવન ભોગવો છો ?"

"એક વર્ષ કરતાં વધુ વખતથી."

"તમારે બાળકો છે ?"

"ના, એમને બાળકો જોઇતાં નથી."

હું સમસ્યાઓ કલ્પી શક્યો.

"તે મારી સાથે ખૂબ ભલા છે," સ્ત્રી-અવાજે કહ્યું. "તે મારા શિક્ષણનો ખર્ચ ઉપાડે છે. તે સવારે મને સ્કૂલે લઈ જાય છે, અને રાત્રે પાછા લેવા આવે છે."

"તમને નિશાળે લઈ જાય છે ? તમારી વય કેટલી છે ?"

"હું બાવીસની છું. મારાં માતાપિતા મને સારું શિક્ષણ આપી શક્યાં નહોતાં. તેથી હવે હું ઝડપ કરી રહી છું."

"તમારાં માબાપ ક્યાં રહે છે ?"

''અહીંથી સેંકડો માઇલ દૂર એક નાનકડા ગામમાં.''

''શું તમે તમારાં માતાપિતા પાસે પાછાં ન જઇ શકો, અને લગ્નની વ્યવસ્થા થાય એ શરતે જ પાછાં આવો ?''

''એ અસંભવ છે. મેં તેમની સાથે સહજીવન શરૂ કર્યું એટલે મારાં માબાપે મને ઘરમાંથી હાંકી કાઢી. એ લોકો તેમને પસંદ કરતા નથી.''

''શા માટે ?''

''તે યુરોપિયન છે.''

આનાથી ઘણી વસ્તુઓ એકદમ સ્પષ્ટ થઇ ગઈ: તેની પાસે નાણાં છે, તેને બાળકો જોઇતાં નથી, અને 'મુક્ત સાહચર્ય' તેને ખપે છે.

''ઠીક, તમે વાસ્તવમાં મુશ્કેલીમાં છો. શું તમે આ હૉટેલમાં આવી મને મળી ન શકો ?''

''ના, તે એવી સંમતિ આપે જ નહિ. તે મને ક્યારેય એકલી જવા દેતા નથી.''

''તમે તેમને સાથે ન લાવી શકો ?''

તે હસી પડી : ''તે ક્યારેય આવે જ નહિ.''

''શું તમે આજે રાત્રે મારા વ્યાખ્યાનમાં આવી શકો ?''

''મારે આજે રાત્રે વર્ગો ભરવાના છે. ઉપરાંત, તે હું ચર્ચમાં જાઉં તે પસંદ કરતા નથી.''

''તમે શનિ-રવિ શું કરો છો ?''

''હું ઘેર રહું છું. તે બહાર જાય છે ત્યારે મને ઘરમાં પૂરીને તાળું મારીને જાય છે.''

''તે ક્યાં જાય છે ?''

''હું જાણતી નથી. તે કદી કહેતા નથી.''

હું નિ:શબ્દ બની ગયો. પછી મેં તેનો અવાજ ફરી સાંભળ્યો.

''હું શું કરી શકું, પાસ્ટર ? હું શું કરી શકું ?''

એ જ જૂનો પ્રશ્ન. ''હું જાણતો નથી,'' મેં કહ્યું, ''હું ખરેખર જાણંતો નથી.''

''શું તમે મારી સાથે પ્રાર્થના કરી શકો ?''

''પ્રાર્થના... ? શું તમે ખ્રિસ્તી છો ?''

મેં હજુ તો પ્રશ્ન પૂછ્યો જ હતો ત્યાં જ મને તેનો પશ્ચાતાપ થયો. એથી શું ? ત્યાં ઉત્તર આવ્યો.

''ના, મારાં માતાપિતા મુસ્લિમ છે. પણ ગામમાં બીજી કોઈ સ્કૂલ ન હોવાથી મેં ક્રિશ્ચિયન શાળામાં શિક્ષણ લીધેલું.''

પ્રાર્થના ! મારે કબૂલ કરવું જોઈએ કે મેં ક્યારેય ટેલિફોન પર પ્રાર્થના કરી નહોતી, અને તેમાંય જેને ક્યારેય જોઈ ન હોય તેવી વ્યક્તિ સાથે.

પણ મેં વિચાર્યું. શા માટે નહિ ? હું એ યુવતીને જોઉં અને તેને ઓળખું એ શું ખરેખર મહત્ત્વનું હતું ? શું જેમ ઈશ્વર મને જુએ છે અને ઓળખે છે તેમ તેને પણ જોતા અને ઓળખતા નહિ હોય ? જો અમે આ હૉટેલખંડમાં મળી ન શકીએ, તો ઈશ્વરમાં મળી ન શકીએ ?

તેથી મેં પ્રાર્થના કરી. મેં જણાવ્યું કે, મારી પાસે કોઈ ઉકેલ નથી. મેં પરમેશ્વરને કોઈ ઉકેલ સુઝાડવા વિનંતી કરી. મેં 'આમીન' કહ્યું, ત્યારે તેણે ફોન મૂકી દીધો.

મારા ખંડની નિઃશબ્દતા મને વીંટળાઈ વળી. મેં મારી સામે પડેલી વ્યાખ્યાન નોંધો તરફ દૃષ્ટિ કરી, અને લાચારી અનુભવી. આ નોંધોને જાણે જીવન સાથે કોઈ સંબંધ નહોતો.

ત્યાં જ મને ચમકારો થયો કે, હું તે યુવતીનું નામ અને ટેલિફોન નંબર પૂછવાનું ભૂલી ગયો હતો. કેવી ભૂલ ! હવે ફરીથી તેને મળવાની કોઈ તક નહોતી. શું તે ફરીથી ફોન કરશે ?

ફરી ટેલિફોનની ઘંટડી વાગી. તે યુવતી હશે એમ માની મેં આતુરતાથી રીસીવર ઉપાડ્યું. પણ એ તો ઑપરેટરનો અવાજ હતો.

''એક સદ્‌ગૃહસ્થ લૉબીમાં તમારી રાહ જુએ છે.''

''એમને કહો કે હું આ આવ્યો.''

મેં મારી નોંધો બ્રીફકેસમાં ફેંકી અને નીચે ઊતર્યો. ત્રીસેકની

વયનો, સારી રીતે સિવડાવેલું સૂટ પરિધાન કરેલો, એક પ્રતિષ્ઠિત દેખાતો યુવાન ઊભો હતો. તેણે તેનું નામ મોરિસ જણાવ્યું. જે ચર્ચમાં હું વ્યાખ્યાન આપવાનો હતો ત્યાં મને લઇ જવા તે આવ્યા હતા. તેમની કાર તરફ અમે ચાલ્યા.

''શું તમે પરિણીત છો ?'' વાતચીત શરૂ કરવા મેં પૂછ્યું.

''ના, હજુ સુધી તો નહિ.''

''કેટલી ઉંમર છે તમારી ?''

''ચોત્રીસ.''

ચોત્રીસની વય અને છતાં લગ્ન નહિ ! આનું શું કારણ હશે? મેં વિચાર્યું. ત્યાં જ મોરિસે શરૂ કર્યું :

''મેં બાલ્યકાળમાં જ પિતાની છત્રછાયા ગુમાવી. મારે મારાં માતુશ્રીની સંભાળ રાખવાની હતી. ઉપરાંત, અભ્યાસ પૂરો કરી હું ઊંચી નોકરી મેળવવા માંગતો હતો. હું એક બાંધકામની પેઢીમાં બિઝનેસ મેનેજર છું. લગ્ન માટે છોકરી શોધવી એ પણ કંઇ સહેલું નથી.''

''કઇ વસ્તુ એને મુશ્કેલ બનાવે છે ?''

''ઓળખાણ કરવાની વાત. છોકરીને ક્યાં મળવું એ જ મને સમજાતું નથી.''

''શું કોઇ છોકરી ધ્યાનમાં છે ?''

''હા, છે.''

''એ છોકરી શું કહે છે ?''

''હું જાણતો નથી. મેં એની સાથે હજુ વાત કરી નથી.''

''કેમ નથી કરી ?''

''એક માત્ર બસ જ એવી જગ્યા છે જ્યાં હું એને મળી શકું. તે કઇ બસ પકડી સવારે ક્યારે સ્કૂલે જાય છે તે હું જાણું છું. હું પણ એ જ બસ પકડું છું, અને બસ-સ્ટોપ વચ્ચે વાત કરવાનો પ્રયત્ન કરું છું.''

''તે કેટલી મોટી છે ?''

''હું જાણતો નથી. હું ધારું છું કે સોળથી વધુ વયની નહિ હોય.''

મેં મોં ફાડી શ્વાસ લીધો. શું આ શક્ય છે ? અહીં એક દેખાવડો, પ્રતિષ્ઠિત, સારી નોકરીવાળો, ઊંચા પગારવાળો, જવાબદારીની ભાવનાવાળો જુવાન છે, છતાં એ એક સ્કૂલે જતી છોકરીની પાછળ પડ્યો છે ?

''તમે આટલી નાની વયની યુવતી કેમ પસંદ કરી ?''

''તેનાથી મોટી કાં તો ભ્રષ્ટાચારને માર્ગે વળેલી હોય છે, કાં તો પરણેલી હોય છે. તમે માનો છો કે આ ભૂલ છે ?''

''તમારે એ વિચારવું જોઇએ કે, જ્યારે તમે સાઠના હશો ત્યારે એ બેતાળીસની હશે.''

''કદાચ, મારે એ વિશે વિગતે વિચારવું જોઇએ.''

''શું આપણે સીધા જ ચર્ચે જઇએ છીએ ? રસ્તો લાંબો લાગે છે,'' મેં કહ્યું.

''મેં જરા ચકરાવો ખાધો,'' મોરિસે કહ્યું : ''મારે તમને અહીંની સૌથી મોટી સમસ્યાનો પરિચય કરાવવો હતો. આ અમારો 'રેડ લાઇટ ડિસ્ટ્રિક્ટ'-વેશ્યાવાડો છે.''

અમે શહેરનો નીચાણનો વિસ્તાર છોડી દીધો હતો. ડામર વગરના રસ્તા ઉપર બંને બાજુએ સેંકડો માટીનાં ઝૂંપડાં નાં ઝૂમખાં હતાં, બધાં ઝૂંપડાં પર પરાળ પાથરેલું હતું. આ વિસ્તારમાં હજારો લોકો વસતાં હશે.

''કઇ વસ્તુ સ્ત્રીને વેશ્યા બનાવે છે ?''

''મોટા ભાગની સ્ત્રીઓ બાળકો વગરની છે. તેમને બાળકો થયાં નહિ એટલે તેમના પતિઓએ તજી દીધી, કાઢી મૂકી.''

''એમને વાંઝિયાપણાનો ભોગ કોણ બનાવે છે ?''

''ડૉક્ટરો કહે છે કે, વેશ્યાવાડે ગયેલા તેમના પતિદેવો તરફથી તેમને ગરમીના રોગ ભેટમાં મળે છે, એટલે એ સ્ત્રીઓ બાળક વગરની રહે છે. આ તો એક વિષચક્ર છે. કેટલીક કદાચ વિધવાઓ હશે, જે પોતાનાં બાળકોનો નિભાવ કરવા આ માર્ગે નાછૂટકે વળે છે. જો તેઓ પુનઃ પરણે તો મરનાર પતિના કુટુંબને બાળકો આપી દેવાં પડે.''

અમારી મોટર થોડી વાર અમારા મૌનમાં સરકી રહી. અમે ફરીથી ડામરવાળી સડકે આવ્યા. હવે અમે ચર્ચ આગળ થોભ્યા.

અમે પ્રવેશ્યા ત્યારે ચર્ચમાં લોકો ગાતા હતા. પુરુષો ડાબી બાજુએ, અને સ્ત્રીઓ જમણી તરફ એમ આખું ચર્ચ છેલ્લી પાટલી સુદ્ધાં ખીચોખીચ ભરાઇ ગયું હતું. વચ્ચેના માર્ગ પરથી મોરિસ મને દોરી ગયા ત્યારે કેટલાંયે મસ્તકો જિજ્ઞાસાથી મરડાયાં, પણ લગભગ કોઇ ન જાણે તેમ. ડેનિયલ પહેલી પાટલી પર હતા, અને મને ત્યાં આવી બેસવા તેમણે ઈશારો કર્યો.

તેમણે મને 'ભજનસંગ્રહ'નું પુસ્તક આપ્યું, અને જે કીર્તન તે ગાતા હતા તેનો શ્લોક પણ બતાવ્યો. હું વાંચી શક્યો પણ શબ્દો સમજી ન શક્યો. છતાં ઢાળ સુપરિચિત હોવાથી હું પણ ગાવામાં જોડાયો. ભાષણનો આરંભ કરતાં પહેલાં સભાજનો સાથે ભજનમાં સંમિલિત થવાથી મને આનંદ થયો.

છેલ્લા શ્લોક વખતે ડેનિયલે 'ભજનસંગ્રહ' બંધ કર્યું, અને મને આગળ થવાનું કહ્યું. પુલપિટ (વ્યાસપીઠ) તરફ જતાં થોડાં પગથિયાં હું ચઢયો, ત્યારે તે મારી સાથે આવી ઊભા રહ્યા, જેથી તે અનુવાદ કરી શકે.

છેલ્લી પંક્તિ સભાજનો ગાતાં હતાં, ત્યારે હું સમગ્ર જનસમુદાયને એકસાથે જોઇ શક્યો. આગળની પાટલીઓ પર ઠીક ઠીક સંખ્યામાં વૃદ્ધો હતા. ઘણી મોટી સંખ્યામાં હાજર રહેલા યુવાનો વધુ પડતા પાછળ બેઠા હતા. તેઓ સાથે સાથે બેઠા હતા, અને તેમના ઘનિષ્ઠ શ્યામલ વાંકડિયા કેશ નિહાળી મને મખમલનો ગાલીચો યાદ આવ્યો. કોઇ અમારી સામે જોતું નહોતું.

હું શુભ સંદેશમાંથી જે ફકરો વાંચવાનો હતો, તે મેં ડેનિયલના કાનમાં કહ્યો. તેમણે તેમનું બાઇબલ ઉઘાડ્યું. મેં મારું અંગ્રેજી બાઇબલ ખોલ્યું.

પછી મેં આરંભ કર્યો.

# ૨

"**બા**ઈબલમાં લગ્ન અંગે એક ખૂબ સાદું વિધાન છે. એ સરળ છે, સ્પષ્ટ છે, છતાં ગહન પણ છે જ.

"એને પીવાના સ્વચ્છ જળથી ભરેલા ઊંડા કૂવા સાથે સરખાવી શકાય. તમે જીવો ત્યાં સુધી તમારી મશક કે ડોલ અંદર ઉતારી શકો, અને તે ક્યારેય ખાલી પાછી આવશે નહિ. તમને હંમેશાં તાજું અને સ્વચ્છ જળ પ્રાપ્ત થશે.

"જો આપણે ખુલ્લા હૃદયથી આ કથનનું શ્રવણ કરીશું તો શોધી શકીશું કે, ખુદ પ્રભુપિતા આપણી સાથે વાત કરે છે. સહાય કરવાને આતુર વ્યક્તિની જેમ તે બોલે છે. આપણને માર્ગદર્શન આપનાર અને આહ્‌વાન દેનારની જેમ તે વાત કરે છે. સર્વથી વિશેષ, આપણને કંઈક બક્ષવા માટે આતુર વ્યક્તિની જેમ તે આપણી સાથે બોલે છે.

"લગ્ન વિશેનું આ જ વિધાન કે કથન એવું છે જેનું ચાર વાર પુનરાવર્તન કરવામાં આવે છે. બાઈબલ વારેવારે લગ્નની વાત કરતું નથી, તેથી ચાર નિર્ણાયક સ્થળે આ વિધાન મળે છે તે સાચે જ આશ્ચર્યકારક અને ધ્યાન ખેંચનારું છે. પ્રથમ તો તે ઉત્પત્તિના બીજા અધ્યાયમાં સર્જનની કથાનો સારાંશ કહે છે. પછી ઈસુ છૂટાછેડા અંગેના પ્રશ્નના ઉત્તરમાં માથ્થી ૧૯ : ૫ અને માર્ક ૧૦ : ૭માં આ જ કથન ટાંકે છે. છેવટે, પ્રેષિત પાઊલ એફેસીઓને લખેલા પત્રમાં ૫ : ૩૧માં આ જ વસ્તુનો સીધો ઈસુ ખ્રિસ્ત સાથે સંબંધ બાંધે છે.

"આ વિધાનો લગ્ન માટે ઈશ્વરની યોજના આપણને દર્શાવવા લખાયાં છે. આપણે આજે અનુભવીએ છીએ તેવા ઝડપી સામાજિક પરિવર્તનોના સમયે એક પ્રજાને તે અપાયાં હતાં ..."

અત્યાર સુધી ડેનિયલે શબ્દશઃ મારા વ્યાખ્યાનનો અનુવાદ કર્યો હતો - જરાયે અચકાયા વિના, જરાયે ચિંતન કર્યા વિના. એવું લાગતું હતું કે હું મને બીજી ભાષામાં બોલતો સાંભળતો હતો. પણ મેં જ્યારે ‘ઝડપી સામાજિક પરિવર્તન’ એ સંજ્ઞાનો ઉપયોગ કર્યો ત્યારે તે પહેલી જ વખત અચકાયા, અને વિસ્તૃત સમજૂતી આપી. મેં આગળ ચલાવતાં દાઊદ અને સુલેમાનનો યુગ-આવો જ એક સમય, તેનું વર્ણન કર્યું.

‘‘નવા વેપારમાર્ગો શરૂ થતા હતા. વિદેશી સંસ્કૃતિઓ એકબીજા સાથે સંપર્કમાં આવતી હતી. નૂતન વિચારોની જનતા પર અસર થતી હતી. જૂની રૂઢિઓ વ્યવહારમાં રહી નહોતી. યુગોથી ઊતરી આવેલા રીતરિવાજો અચાનક જૂના કે ઘસાઇ ગયેલા લાગ્યા. ફિરકાઓ કે જમાતો ભાંગવા માંડી. નિષિદ્ધો નાશ પામ્યા. સંપૂર્ણ નૈતિક અંધાધૂંધી પ્રવર્તી રહી. આજની જેમ બધામાં જાણે કે નવું જ ખેડાણ થયું હતું. આ જ કથને તેમને ઈશ્વરની યુગો-જૂની લગ્નની તરાહ કે રીતિ બતાવી, અને હું માનું છું કે, આગામી થોડા દિવસોમાં આપણને પણ માર્ગદર્શન આપશે. હું તમારી સમક્ષ ઉત્પત્તિ ૨ : ૨૪ વાંચીશ.’’

અત્યાર સુધી મને શ્રોતાઓ તરફથી કોઇ પ્રતિભાવ મળ્યો નહોતો. પણ હવે તેઓમાંના ઘણા ખોળામાં મૂકેલાં બાઇબલો ઉઘાડવા લાગ્યા. હું થોડી પળો થોભ્યો, અને પછી મેં વાંચ્યું :

‘‘આ કારણથી પુરુષ પોતાનાં માતાપિતાને છોડી જશે અને પોતાની પત્નીને વળગી રહેશે, અને એ બંને એક દેહ (એકરૂપ) બની જશે.’’

હું વાંચતો ગયો તેમ તેમ આ વચનની સરળતા અને સ્પષ્ટતાથી આશ્ચર્યચકિત થયો. મને લાગ્યું કે, કશુંક આપવા માટે મારા હાથોમાં મુકાયું છે. મેં આગળ ચાલતાં કહ્યું :

‘‘આ વચનને ત્રણ ભાગ છે. લગ્ન માટે આવશ્યક એવી ત્રણ બાબતોનો તે ઉલ્લેખ કરે છેઃ છોડી દેવું, વળગી રહેવું, એક દેહરૂપ બનવું. આપણે એક પછી એક તેમને જોઇશું. પહેલાં આપણે વાત કરીએ.

# છોડવું (Leaving)

''છોડી દીધા વિના લગ્ન હોઇ શકે નહિ. આ શબ્દ 'છોડવું' બતાવે છે કે, લગ્નને લગ્ન બનાવવા માટે એક જાહેર અને કાયદેસર ક્રિયા થવી જોઇએ.

''પહેલાંના સમયોમાં, જ્યારે નવવધૂ પતિગૃહે કે ગામે જવા માટે પિયરનું ગામ છોડતી ત્યારે એ એક જાહેર વિધિ બની રહેતો.

''કેટલીક વાર આફ્રિકામાં આખું સાજનમાજન ઘણીવાર તો માઇલો સુધી નૃત્ય કરતું કરતું કન્યાના ગામથી વરરાજાના ગામ તરફ જાય છે. આમાં કશું ખાનગી નથી. છોડવાની આ જાહેર ક્રિયા કે કૃત્ય લગ્નને તે જ સમયે કાયદેસર પણ બનાવે છે. તે જ દિવસથી પ્રત્યેક વ્યક્તિ જાણે છે કે, આ બંને પતિ-પત્ની છે. તે 'લગ્નબંધન'થી બંધાયેલાં છે.

''આપણા સમયમાં ઘણા દેશોમાં છોડવાનું આ કાયદેસર કૃત્ય લગ્ન પહેલાંની જાહેરાતમાં અને અધિકૃત લગ્ન-પરવાનામાં પરિવર્તન પામ્યું છે. આ બાહ્ય રૂપ એ મૂળભૂત મહત્ત્વનું નથી, પણ એક જાહેર અને કાયદેસર ક્રિયા થાય છે તે હકીકત મહત્ત્વની છે.

'''તેથી પુરુષ પોતાનાં માતાપિતાને છોડે છે.' લગ્ન આમ લગ્નસંબંધમાં જોડાનાર બે વ્યક્તિઓ કરતાં વધુ માણસોને સ્પર્શે છે. માતાપિતા કુટુંબનું પ્રતિનિધિત્વ કરે છે. કુટુંબ એ સમાજ અને રાજ્યનો ભાગ છે. લગ્ન એ ક્યારેય ખાનગી બાબત નહોતી-હોઇ શકે નહિ. લગ્નસમારંભ વિના લગ્ન ન હોઇ શકે. આથી જ તો લગ્નો ઘણી વાર મોટી મિજબાનીઓ વડે ઊજવવામાં આવે છે.

'''પોતાનાં માતાપિતાને છોડે છે.' આ શબ્દો હું ઉચ્ચારું છું ત્યારે તમારાં હૃદયોમાં દર્દ થતું હશે. આ ચોક્કસ કોઇ આનંદની વાત નથી. જ્યાંથી હું આવું છું ત્યાં લગ્નપ્રસંગ ઊજવાય છે ત્યારે ઘણી ઘણી વાર અશ્રુધારાઓ વહે છે.''

ખાસ કરીને વૃદ્ધ સ્ત્રીઓએ સંમતિસૂચક મસ્તકો ધુણાવ્યાં. એકે કહ્યું : ''અહીં પણ એમ જ છે.''

''લગ્નવિષયક શિક્ષણ આનંદપ્રદ અને સુંદર એવા કશાકથી આરંભાય એવું તમે ઇચ્છો, પણ બાઇબલ તદ્દન વાસ્તવવાદી અને ગંભીર છે. એ તો કહે છેઃ 'પુરુષ એનાં માતાપિતાને છોડશે.' છોડવું એ તો સુખ માટે ચૂકવવાની કિંમત છે. એક સ્વચ્છ અને સ્પષ્ટ કાપ મૂકવો પડે છે. નાભિનાળ કપાઈ ન જાય ત્યાં સુધી નવજાત શિશુ વિકસી શકે નહિ, તેવી જ રીતે સાચું છોડવાનું, ત્યજવાનું ન હોય, પોતાના કુટુંબથી સ્પષ્ટ વિયોગ ન હોય ત્યાં સુધી લગ્ન પણ ઊછરી શકે નહિ, વિકસી શકે નહિ.

''હું આ જે કહું છું તે મુશ્કેલ છે. બાળકોને તેમનાં માતાપિતાને મૂકી દેવાનું મુશ્કેલ છે. માબાપોને પણ પોતાનાં બાળકોને સ્વતંત્ર થવા દેવાનું-તજવાનું મુશ્કેલ છે.

''માતાપિતાને બતકનાં ઈંડાં સેવતી મરઘીઓ સાથે સરખાવી શકાય. સેવાઇ રહ્યા પછી બતકબચ્ચાં તળાવ તરફ ચાલીને તરવા માંડે છે, પણ મરઘીઓ તેમનો પીછો કરી શકતી નથી. તેઓ તો તળાવકાંઠે ઊભી ઊભી કૉં કૉં કર્યા કરે છે.''

ડેનિયલે વાક્યના છેલ્લા ભાગનો અનુવાદ હજુ તો કર્યો નહોતો ત્યાં તો શ્રોતાઓમાંથી હાસ્યના અવાજો આવ્યા. એ મોટે ભાગે યુવાન વર્ગમાંથી આવ્યા હતા.

''છોડયા સિવાય તમે પરણી ન શકો,'' મેં દોહરાવ્યું. ''જો સાચું છોડવાનું ન થયું હોય, તો લગ્ન મુશ્કેલીમાં આવી પડે. જો પોતાનાં કુટુંબોથી સંપૂર્ણપણે અલગ રીતે, નવદંપતીઓને પોતાનાં ઘર શરૂ કરવાની તક ન મળે, તો શ્વસુરોની સતત દખલનું જોખમ મોટું રહે છે.

''આફ્રિકાંમાં કન્યાવિક્રયનો રિવાજ આવી દખલનું એક સાધન બની જાય છે. પોતાની પુત્રીને ન જવા દેવાની ઇચ્છા રાખતાં કેટલાંક માબાપો કન્યાનો દર એટલો ઊંચો ચઢાવે છે કે, નવદંપતી ઘણા સમય

સુધી દેવામાં જ ડૂબેલાં રહે છે. આ દેવાં પછી સાચું છોડવાનું અટકાવવા કામમાં લેવાય છે.''

હવે પ્રભુમંદિરમાં સંપૂર્ણ શાંતિ પથરાઈ ગઈ. આ શાંતિમાં મને થોડાક વિરોધનું ભાન થયું. તેઓ આ સ્વીકારવા તૈયાર નહોતાં, એ હું તેઓના ચહેરા પરથી વાંચી શક્યો. તેમને માટે આ છોડવાની વાત કડવી ગોળીસમી હતી. તેથી મેં સમજાવતાં કહ્યું :

''હવે તમારામાંનાં કેટલાંક કહેશે : 'આ અમારા આફ્રિકન રિવાજોની વિરુદ્ધ છે. અમને તો અમારાં માતાપિતાને ચાહવાનું, નહિ કે છોડવાનું શીખવવામાં આવ્યું છે. અમારે તો નાનું કુટુંબ - જે કેટલીક વાર નિકટનું કુટુંબ કહેવાય છે - જેમાં માતા, પિતા અને બાળકોનો સમાવેશ થાય છે, - તેના ઋણની, અહેસાનની લાગણીને અમે અનુભવીએ છીએ. મોટું કુટુંબ, વિસ્તૃત કુટુંબ કે જેમાં સગાંસંબંધી સમાવિષ્ટ છે, તેનું પણ અમારા પર ઋણ છે.

''આ ચોક્કસ કીમતી રિવાજ છે, જેનો કોઈપણ સંજોગોમાં વિનાશ થવો ન જોઈએ. છતાં મારો જવાબ એ છે કે, 'છોડવાનો' અર્થ મુશ્કેલી વખતે ત્યાગવાનો નથી. છોડવાનો અર્થ પોતાનાં માતાપિતાને બેફિકરાઈથી ત્યક્ત કરવાનો નથી.

''આથી ઊલટું, જો એક નવદંપતીને છોડવાની અને પોતાનું ઘર શરૂ કરવાની તક અપાય, તો તેઓ પોતાનાં કુટુંબોને પછીથી મદદ કરવા શક્તિમાન બનશે. માત્ર જો તેઓ સ્વતંત્ર હોય, દેવામુક્ત હોય, તેઓ પછીથી પોતાની જવાબદારીઓ ઉઠાવી શકશે અને માતાપિતાની સેવા કરી શકશે. તેઓ 'છોડી શક્યાં' એ હકીકત જ એવો નિરાંતનો અવકાશ સર્જે છે, જેમાં માતાપિતા અને બાળકો વચ્ચેનો સ્નેહ વિકસે છે, દૃઢ બને છે. મારા અનુભવે તો, આ કેન્દ્રસ્થ કુટુંબ સાબૂત કે અખંડિત અને નીરોગી રીતે સ્વતંત્ર હોય તો જ વિશાળ કે વિસ્તૃત કુટુંબ કાર્ય કરી શકે.

''શું આ લગ્નની પાશ્ચાત્ય સંકલ્પના (concept) છે? ના, તે નથી. લગ્નની પશ્ચિમની વિચારસરણી દર્શાવવા હું અહીં આવ્યો નથી - હું તો લગ્નની બાઈબલની સંકલ્પના રજૂ કરવા આવ્યો છું. આ બાઈબલીય ખ્યાલ કે સંકલ્પના બધી સંસ્કૃતિઓને પડકાર ફેંકે છે.

''દરેકને 'છોડવાની' વાતથી મુશ્કેલી થાય છે. જો તમે જો કોઇ પાશ્ચિમાત્ય લગ્નસલાહકારને પૂછો કે, 'કઇ સમસ્યાને તમારે વારેવારે સૂલઝાવવી પડે છે?' તો તે કદાચ કહેશે : 'સાસુઓની સમસ્યા.'''

ફરીથી હાસ્યનો ખડખડાટ સંભળાયો - એવું જ હાસ્ય જે માત્ર આ શબ્દના ઉચ્ચારણથી જ યુરોપિયન અને અમેરિકન શ્રોતાવૃંદોમાં ગાજી ઊઠે છે. મેં આગળ ચલાવ્યું :

''યુરોપ અને અમેરિકામાં મોટે ભાગે પતિની માતા દખલગીરી કરે છે. તે માની શકતી જ નથી કે આ બહારથી આવેલી જુવાન છોકરી, જેને તે પરણ્યો છે તેના રત્ન જેવા કીમતી પુત્રની સંભાળ કેવી રીતે રાખી શકશે? શું તે તેનાં શર્ટ્સ વ્યવસ્થિત રીતે, કાળજીપૂર્વક ધોઇ શકશે? તેની દાળમાં કેટલું મીઠું તેને ગમે છે તે જાણી શકશે? જો કે કન્યાની કશી કિંમત ચૂકવવાની હોતી નથી. છતાં નાણાંનો ઉપયોગ કરી નવદંપતીને પરાવલંબી રખાય છે, અને એજ ઘરમાં માતાપિતા સાથે રહેવાની ફરજ પાડવામાં આવે છે.

''સાચી 'છોડવાની' વાત અને સાચી 'જવા દેવાની' વાત-બાહ્ય રૂપે જ નહિ આંતરિક રૂપે પણ-પ્રત્યેક માટે કઠિન છે. આફ્રિકામાં મેં સાંભળ્યું છે કે, ઘણી વાર પત્નીની માતા મુશ્કેલીઓ સર્જે છે. જો લગ્નજીવનમાં કશો ઝઘડો પડે તો યુવાન પત્ની પોતાની માતાને ત્યાં નાસી જવા પ્રયત્ન કરે છે.

''તેથી મારા એક આફ્રિકન મિત્ર તો જણાવે છે કે, બાઈબલના આ વચનનું આગ્રહપૂર્વક સ્પષ્ટીકરણ કરવું જોઈએ કે, 'સ્ત્રીએ પણ તેના પિતા અને માતાને છોડી દેવાં જોઇએ.' શા માટે આફ્રિકન સ્ત્રીઓ વારેવારે ઘેરથી ભાગી છૂટે છે? ઉત્તર આ છે : કારણ કે પત્નીએ

પોતાનું કુટુંબ ત્યજ્યું છે, જ્યારે તેના પતિએ તેમ કર્યું નથી. તમારા દેશમાં પુરુષ પોતાને ઘેર જ રહે છે, અથવા ઘરની નજીકમાં રહે છે, અને તેની પત્નીને તેની પાસે જવું પડે છે.

''ઉત્પત્તિનું પુસ્તક વાંચો અને ત્યાં તમને એ જ પ્રકારનો સમાજ દૃષ્ટિએ પડશે. ત્યાં એક સ્વીકૃત હકીકત હતી કે, સ્ત્રીએ પોતાનું ઘર છોડી પતિના કુળના સભ્ય થવું પડતું. અભૂતપૂર્વ, કદી ન સાંભળેલો અને ક્રાંતિકારી સંદેશો ત્યારે આ આવ્યો, કે, પતિએ પણ પોતાનું કુટુંબ છોડી દેવું પડશે. આ સાંભળીને એ પુરુષોને જેટલું દુઃખ ત્યારે થયું હશે એટલું જ દુઃખ કદાચ તે સાંભળીને તમને થતું હશે.

''એ સંદેશો સ્ત્રીના અધિકારોને રક્ષે છે. પતિ અને પત્ની વચ્ચે ભાગીદારી કે સાહચર્યને તે ધ્યેય બનાવે છે. સંદેશાનો અર્થ આટલો જ છે: બંનેએ છોડવાનું છે, માત્ર પત્નીએ નહિ, પતિએ પણ. અને જેમ બંનેએ છોડવાનું છે, બંનેએ વળગી રહેવાનું છે - માત્ર પત્નીએ પતિને વળગી રહેવાનું નથી, પતિએ પણ પત્નીને વળગી રહેવાનું છે, વફાદાર રહેવાનું છે. બાઇબલનું વચન સ્પષ્ટપણે જણાવે છે.

'' આ આપણને બીજા ભાગ પ્રતિ દોરી જાય છે :

## વળગી રહેવું *(Cleaving)*

''છોડવાનું અને વળગી રહેવાનું એકબીજા સાથે જોડાયેલું છે. એક લગ્નના જાહેર અને કાયદેસરના પાસાનું વર્ણન કરે છે, બીજું વિશેષે કરી અંગત કે વૈયક્તિક પાસાનું. બંને એકબીજા સાથે ગૂંથાયેલા છે. તમે છોડી ન દીધું હોય ત્યાં સુધી તમે ખરેખર વળગી ન શકો, વફાદાર રહી ન શકો. તમે છોડવાનો નિર્ણય ન કર્યો હોય ત્યાં સુધી તમે ખરેખર છોડી ન શકો.

'''વળગી રહેવા' માટેના હિબ્રૂ શબ્દનો શાબ્દિક અર્થ છે ચોંટી જવું, કોઇ વ્યક્તિ સાથે જાણે સરેસ કે ગુંદરથી ચોંટાડાઇ જવું. કાગળના

બે ટુકડા જેમ ગુંદરથી ચોંટી જાય તેમ પતિ અને પત્ની ચોંટી જાય છે. ગુંદરથી ચોંટાડેલા કાગળોને જુદા કરવા જતાં, તમે બંનેને ફાડી નાંખો. તે જ પ્રમાણે એકબીજાને વળગેલાં પતિપત્નીને જુદા કરવા જતાં, બંનેને ઈજા થાય છે - અને જ્યાં સંતાનો હોય છે ત્યાં સંતાનોને પણ. છૂટાછેડા એટલે કરવત લઈને પ્રત્યેક બાળકને મસ્તકથી પગના તળિયા સુધી, બરોબર વચ્ચોવચ્ચ, ચીરી નાંખવું.''

મૃત્યુ જેવી શાંતિ શ્રોતાઓ પર છવાઇ ગઈ.

''ચોંટી જવાનું બીજું પરિણામ આ છે : પતિ અને પત્ની એકબીજાનાં સૌથી નિકટનાં અને પ્રિય સ્વજનો બને છે, દુનિયાની કોઈપણ વસ્તુ કે વ્યક્તિ કરતાં વધુ નિકટનાં છે.

''દુનિયાની કોઈપણ વસ્તુ કરતાં વધુ નિકટ. પતિના કામ કે વ્યવસાય કરતાં વધુ અગત્યનું આ નૈકટય છે. પત્નીની સાફસૂફી અને રસોઈ, અને કદાચ જો તે નોકરી કરતી હોય, તો તે નોકરી કરતાં પણ વધુ અગત્યનું આ નૈકટ્ય છે.

''દુનિયાની કોઈપણ વ્યક્તિ કરતાં વધુ નિકટ. એથી જ તો આ નિકટતા પતિના મિત્રો કે પત્નીના મિત્રો કરતાં વધુ મહત્ત્વની છે, મુલાકાતીઓ અને અતિથિઓ કરતાં વિશેષ મહત્ત્વની; અરે, બાળકો કરતાં પણ વધુ મહત્ત્વની, ઘનિષ્ઠ છે.

''હું કોઇ પ્રવાસેથી પાછો ફરું છું ત્યારે મારાં બાળકોને આલિંગતાં પહેલાં પત્નીને આલિંગું છું. હું બાળકોને પણ બતાવવા માંગું છું કે, પિતા માતાની સૌથી વધુ નિકટ છે, માતા પિતાની સૌથી વધુ નિકટ છે.

''પ્રથમ બાળક જન્મ પછી નવા નવા લગ્નસંબંધમાં વ્યભિચાર પ્રવેશે છે. શા માટે ? કારણ કે, યુવાન પત્ની પતિ કરતાં બાળકની વધુ નિકટ-નજીક રહેવાની ભૂલ કરી બેસે છે. બાળક પત્નીના જીવનમાં કેન્દ્રસ્થાને બેસી જાય છે. પરિણામે પતિ પોતે જાણે બહારનો હોય તેવી લાગણી અનુભવે છે.

પુરુષોની પાટલીઓ પરથી સ્વીકારસૂચક સ્મિત દેખાયું, લાગ્યું કે તેઓ પૂરેપૂરા સંમત છે.

'''વળગી રહેવું' તેના ઊંડા અર્થમાં, 'ચોંટી રહેવું' તે, અલબત્ત, બે વ્યક્તિઓ વચ્ચે જ શક્ય છે. આપણું આ બાઈબલવચન બધા પ્રકારના બહુપત્નીત્વ ઉપર કોઈપણ પ્રકારની તડજોડ કે સમાધાન ન કરનાર આક્રમણ છે. તે કહે જ છે... 'તેની પત્નીને વળગી રહેશે.'

''આ કલમ તેથી જ છૂટાછેડાનો ઉચ્છેદ ઉડાવી દે છે, જે એક નહિ તો બીજા પ્રકારનું બહુપત્નીત્વ જ છે, જેમાં પતિ ઘણી સ્ત્રીઓને **એકસાથે** પરણતો નથી, પણ **એક પછી એક** પરણે છે.

''કદાચ, આપણે 'વળગી રહેવું' ને બદલે 'પ્રેમ કરવો' શબ્દ વાપરીએ. પણ એ રસપ્રદ છે, કે, બાઈબલ એ શબ્દ અહીં પ્રયોજતું નથી. 'વળગી રહેવું'નો અર્થ પ્રેમ જ છે, પણ એક વિશિષ્ટ પ્રકારનો પ્રેમ. એવો પ્રેમ, જેણે કોઈ નિર્ણય લઇ લીધો છે, જે અંધારામાં ફાંફાં મારનાર કે ફંફોસનાર પ્રેમ નથી. વળગી રહેનાર પ્રેમ એ પુખ્ત પ્રેમ છે, વફાદારીનો નિર્ણય કરનાર પ્રેમ છે - એક જ વ્યક્તિ પ્રત્યે વફાદારી - અને પોતાનું આખું જીવન એ જ વ્યક્તિ સાથે સરખે ભાગે વહેંચનાર.

''વાક્યના ત્રીજા ભાગ તરફ આ વાત આપણને લઈ જાય છે :

## એક દેહ થવું *(Becoming One Flesh)*

''આ વાત લગ્નના શારીરિક પાસાનું વર્ણન કરે છે.''

મને યાદ આવ્યું કે ડેનિયલે મને જાતીયતા - 'કામવૃત્તિ' (Sex) શબ્દના ઉપયોગ વિષે સાવધ કર્યો હતો.

''કાયદેસરની અને વ્યક્તિગત કે અંગત બાજુ જેમ લગ્નની આ શારીરિક બાજુ પણ તેને માટે મહત્ત્વની છે. માબાપને છોડી દેવાની જેમ, એકબીજાને વળગી રહેવાની જેમ, લગ્ન માટે સ્ત્રી અને પુરુષ વચ્ચેનો દેહસંબંધ એ ઈશ્વરની યોજનાનો જ ભાગ છે.

''મને ખબર છે કે લગ્નના શારીરિક પાસાની વાત કેટલીક વ્યક્તિઓ માટે ગૂંચવનાર કે મૂંઝવનાર હશે. તેઓ માને છે કે, એ કશુંક અપવિત્ર છે, કશુંક અસભ્ય કે બીભત્સ છે, કશુંક એવું છે જેને ઈશ્વર સાથે કશો સંબંધ નથી. પ્રેષિત પાઊલે કરિંથની મંડળીને જે પ્રશ્ન પૂછયો હતો તે જ પ્રશ્ન આપ લોકોને પણ હું પૂછવા માગું છું : 'શું તમે નથી જાણતા કે તમારું શરીર પવિત્ર આત્માનું મંદિર છે? (૧ કરિંથી ૩ :૧૬) અને તેથી જ આપણે તે વિશે, પ્રભુમંદિરમાં પણ, વાત કરી શકીએ. હું તો એમ પૂછું, કે : 'પ્રભુમંદિર સિવાય બીજે ક્યાં એને વિશે મર્યાદાપૂર્વક, માનપૂર્વક, ગંભીરતાપૂર્વક ચર્ચા થઈ શકે ?'''

મૌન ચાલુ રહ્યું. મને સમજાયું કે આ વિચારો ઘણા માટે સંપૂર્ણપણે નવા જ હતા.

''તમે કહેશો : 'દેહને લગતાં વાનાં વિશે વાત કરવી એ અમારા આફ્રિકન રિવાજની વિરુદ્ધ છે. આ વાતો અમારે માટે નિષિદ્ધ છે.'

''પણ આ બધું વિચિત્ર છે. જો હું આફ્રિકન વાલીઓ સાથે વાત કરું અને દેહના ધર્મો વિશે શીખવવાની તેમને સલાહ આપું તો તેઓ કહે છે :'યુરોપિયન અને અમેરિકન માતાપિતા તેમ કરી શકે, કારણ કે આ બધું તેમને માટે વધુ સ્વાભાવિક છે.' તેમ છતાં, જ્યારે હું અમેરિકન અને યુરોપિયન માતાપિતા સાથે વાત કરું છું, ત્યારે તેઓ કહે છેઃ 'મિ. ટ્રોબિશ, તમે વર્ષોથી આફ્રિકામાં રહ્યા છો. આફ્રિકન લોકો પ્રકૃતિની વધુ નિકટ છે, તેઓ આવું કરી શકે, પણ અમારે માટે તે અસંભવિત છે.''

''મારો અનુભવ છે કે આ મૂંઝવણ વિશ્વવ્યાપી છે. લગ્નના શારીરિક પાસા વિશે પોતાનાં બાળકોને યોગ્ય શિક્ષણ આપવાનું આખી દુનિયામાં માબાપોને મુશ્કેલ લાગે છે. કારણો આ છે : એ એટલું બધું પવિત્ર મનાયું છે કે તેનો ઉલ્લેખ પણ થઈ શકે નહિ - અથવા એટલું અપવિત્ર કે તેનું નામ લેતાં પણ શરમ લાગે. આ બંને કારણોને બાઈબલ પડકારે છે. તે કહે છે કે તે ઈશ્વર સાથે સંબંધિત વાત છે,

માટે આપણે તે અંગે વાત કરી શકીએ, જરૂર કરવી જ જોઇએ. લગ્નની કાયદેસતા અને પતિ પત્નીની વફાદારી જેટલી જ પતિ-પત્નીના શરીરસંબંધની વાત ઈશ્વરને પ્રિય છે, એટલી જ નજીક છે.

''અલબત્ત, 'એક દેહ થવું'નો અર્થ માત્ર જાતીય સંબંધથી ઘણો વિશેષ છે. એનો અર્થ છે કે બંને વ્યક્તિઓ માત્ર તેમના દેહમાં જ નહિ, પરંતુ તેમની ભૌતિક સંપત્તિમાં સહભાગી બને છે; ઉપરાંત તેમની વિચારસરણી અને ઊર્મિઓમાં, આનંદમાં અને યાતનામાં, આશામાં અને ભયમાં, સફળતાઓ અને નિષ્ફળતાઓમાં પણ ભાગીદાર બને છે. 'એક દેહ થવું' એટલે બે વ્યક્તિઓ દેહમાં, મનમાં, આત્મામાં સંપૂર્ણપણે એક બને છે, છતાં બે ભિન્ન વ્યક્તિઓ રહે છે. આ લગ્નનું સૌથી ઊંડું રહસ્ય છે. એ સમજવું મુશ્કેલ છે. કદાચ, આપણે તેને સમજવા અસમર્થ છીએ. આપણે માત્ર તેને અનુભવી શકીએ. મેં એક વાર તેને અનુપમ રીતે પ્રયોગ દ્વારા સમજાવાતું જોયું.''

મેં મારી બ્રીફકેસમાં હાથ નાંખી બે મસ્તકવાળું કોતરણીકામ બહાર કાઢ્યું - એક પુરુષનું અને એક સ્ત્રીનું. બંને મસ્તકો લાકડાની કડીઓવાળી સાંકળ વડે જોડાયેલાં હતાં. મેં કોતરણીકામ ઊંચું કર્યું.

''આ એક લગ્નપ્રતીક છે, જે લાઇબીરિયાની મંડળીમાં લગ્નપ્રતિજ્ઞાઓના સંભારણા તરીકે નવદંપતીને આપવામાં આવે છે. જો તમે નજીક આવો, અને બારીકાઈથી તપાસો તો માલૂમ પડે કે, સાંકળને કોઇ સાંધો નથી. આખી કળાકૃતિ લાકડાના માત્ર એક જ ટુકડામાંથી કોતરવામાં આવી છે, અને તે આ સંદેશો આપે છે : 'ઈશ્વર જ્યાં જોડે છે ત્યાં કોઇ સાંધો હોતો નથી.

''લગ્નનું ઊંડું રહસ્ય આથી વધુ પ્રતીતિજનક રીતે બીજે ક્યાંય દર્શાવાયેલું મેં જોયું નથી. બંને એક થાય છે. 'એક દેહ' બને છે, એક લાકડામાંથી કોતરાય છે, અને છતાં બે અલગ વ્યક્તિઓ રહે છે. એ બે અડધિયાં નથી જે ભેગાં થઇ એક અક્ષત કે આખું બનાવે

છે; પરંતુ બે અક્ષત કે આખી વ્યક્તિઓ એક તદ્દન નવું અક્ષત કે આખું સર્જે છે. આ જ 'એક દેહ' થવાની વાત છે.''

હું પુલપીટ કે વ્યાસપીઠ પરથી નીચે ઊતર્યો અને પહેલી હરોળમાં બેઠેલાંઓને પેલું લગ્નપ્રતીક આપ્યું. પ્રશંસાભરી આંખે તેઓ એક હાથેથી બીજે હાથે ફેરવવા લાગ્યા. પુલપીટની વિરુદ્ધ દિશાએ ડેનિયલે મૂકેલા એક શ્યામપટ તરફ હું ગયો, અને મારા હાથમાં એક ચૉક લીધો.

''હવે બાઈબલવચનનો સૌથી અગત્યનો સંદેશો આવે છે. આપણે ત્રણે ભાગનો અભ્યાસ કર્યો છે - છોડી દેવું, વળગી રહેવું અને એક દેહ થવું. સંદેશો આ છે : ત્રણે એકબીજાથી અભિન્ન છે, જુદા પાડી ન શકાય તેવા છે. જો એકે ભાગ ખૂટતો હોય તો લગ્નને સંપૂર્ણ કહી ન શકાય. પરિણામોની પરવા વિના જે 'છોડે છે,' અને જે માત્ર એકબીજાને 'વળગી રહે છે,' તે જ 'એક દેહ' બની શકે.

''આ છોડવાના, વળગવાના અને એક દેહ બનવાના ત્રણે ઘટકો ત્રિકોણના ત્રણ ખૂણા જેમ એકબીજા સાથે જોડાયેલા છે.''

હું શ્યામપટ તરફ ફર્યો અને આ રીતે એક મોટો ત્રિકોણ દોર્યો :




''આપણે ઉપરના ખૂણે 'જાહેર અને કાયદેસર ક્રિયા' લખી શકીએ અથવા માત્ર 'લગ્ન' કે 'લગ્નસમારોહ'. ડાબે ખૂણે 'સ્નેહ'

અથવા 'વફાદારી' એમ લખી શકીએ. જમણે ખૂણે આપણે 'દેહસંબંધ' અથવા માત્ર 'જાતીયતા' કે કામવૃત્તિ એમ લખી શકીએ, જો જાતીયતા (Sex) શબ્દમાં દંપતીના શરીરસંબંધ ઉપરાંત વિશેષ અર્થ છે એમ સમજાતું હોય તો.''

આમ પ્રથમ જ વાર મેં 'જાતીયતા' કે 'કામવૃત્તિ' શબ્દનો ઉપયોગ કરવાની હિંમત કરી, પરંતુ હવે શ્રોતાગણનો જુસ્સો એટલો સ્પષ્ટ હતો કે, મારે લાગણી દુભાશેની બીક રાખવાની જરૂર નહોતી. ત્રિકોણ બતાવતાં મેં કહ્યું:

''જો તમારે સાચું લગ્ન જોઈતું હોય, તો ચિત્રમાં આ ત્રણે વસ્તુઓ આવવી જોઈએ. જુવાનો, જે હજુ અપરિણીત છે, તેમને આ ધ્યેય સુધી પહોંચવાનું છે. જો ત્રિકોણનો કોઈ ખૂણો ઓછો હોય તો ત્રિકોણ ત્રિકોણ ન થઈ શકે, તેમ જો આ ત્રણે ઘટકોમાંનું કોઈ એક અનુપસ્થિત હોય તો લગ્ન લગ્ન ન બની શકે.

''આપણા બાઈબલવચનની એક ઘણી મહત્ત્વની હકીકત પ્રત્યે હું તમારું ધ્યાન ખેંચવા માંગું છું. તે કેવી રીતે પૂરું થાય છે? ઉત્પત્તિ ૨:૨૪માં છેલ્લી વસ્તુ કઈ છે?''

તેમણે પોતાનાં બાઈબલ ઉઘાડ્યાં અને ત્વરાથી હાથ ઊંચા થયા. ''તે તો છે 'દેહ' (અંગ્રેજી ભાષા પ્રમાણે),'' એક વૃદ્ધે કહ્યું.

''ના'', મેં કહ્યું, ''દેહ પછી શું આવે છે?''

લાંબો વખત મૌન રહ્યું; છેવટે એક યુવાને કહ્યું, ''પૂર્ણવિરામ.''

બધા હસ્યા, પણ મેં ઉત્તર સ્વીકારી લીધો.

''હા'', મેં કહ્યું, ''આ પૂર્ણવિરામ એ અત્યંત મહત્ત્વનું છે.''

હું પુલપીટ પર પાછો ગયો, અને બાઈબલનું વચન ફરીથી વાંચ્યું : '''આથી પુરુષ માતા અને પિતાને છોડી જશે, અને પોતાની પત્નીને વળગી રહેશે, અને બંને એક દેહ થશે.''' ચર્ચમાં વાંચવા માટેના ઢળતા મેજ ઉપર હાથ પછાડી મેં ઉમેર્યું : ''પૂર્ણવિરામ.''

થોડુંક થોભ્યા પછી મેં આગળ વધતાં કહ્યું: ''બાઈબલમાં ચાર વખત આવતી આ લગ્નવિષયક મહત્ત્વની કલમમાં બાળકો વિશે એકે શબ્દ નથી.''

આ શબ્દોની શ્રોતાસમૂહ પર પ્રચંડ અસર થઈ. જાણે મેં ચર્ચમાં બૉમ્બ ફેંક્યો હોય તેવું થયું. તે બધા અશાંત અને ચંચળ બની ગયા, માથાં હલાવવા લાગ્યા, અંદરોઅંદર વાતો કરવા લાગ્યા અને કેટલાકે નાપસંદગી વ્યક્ત કરતી સિસકારીઓ પણ બજાવી.

''મને સમજાવવા દો!'' મે ઘોંઘાટ વચ્ચે મોટે અવાજે કહ્યું. મેં ડેનિયલ તરફ દૃષ્ટિ ફેંકી. તે શું વિચારતા હશે તે વિશે મને ખાતરી નહોતી, પણ તેના મુખ ઉપર રાજીપાનો ભાવ હતો. પોતાની મંડળીની સક્રિય ભાગીદારીથી તે ખુશ દેખાતા હતા.

## પૂર્ણવિરામ *(Full Stop)*

મેં ફરીથી શરૂ કર્યું:

''મારા કથન અંગે ગેરસમજ કરશો નહિ. બાળકો તો ઈશ્વરનો આશીર્વાદ છે. બાઈબલ આ વાત પર વારેવારે ભાર મૂકે છે. મારે પોતાને પાંચ બાળકો છે, અને તે પ્રત્યેક માટે હું ઈશ્વરનો આભારી છું. ઈશ્વરી કૃપાના ચિહ્ન તરીકે, અમારા લગ્નજીવનના સાચા આશીર્વાદ તરીકે અમે તેમને સ્વીકાર્યાં છે. બાળકો લગ્ન માટે આશીર્વાદ છે, પરંતુ તેઓ લગ્ન માટે **વધારાના** આશીર્વાદરૂપ છે. જ્યારે પ્રભુએ આદમ-હવાને સૃજ્યાં ત્યારે તેમને આશીર્વાદ આપ્યો અને પછી તેણે તેમને કહ્યું:' ફળવંત બનો અને વૃધ્ધિ પામો.'હિબ્રૂ કલમ પ્રમાણે આશીર્વાદની ક્રિયામાં આ આજ્ઞા વધારાના પરિણામરૂપ હતી.

''તેથી જ્યારે બાઈબલ લગ્નના અનિવાર્ય ઘટકો વર્ણવે છે ત્યારે બાળકોનો સ્પષ્ટ ઉલ્લેખ મળતો નથી એ સૂચક છે. છોડી દેવું, વળગી રહેવું અને એક દેહ થવું તે પૂરતું છે. પૂર્ણવિરામ. જો બાળકો ન હોય તેથી આ એક દેહમાં પરિણમતી એકતા અર્થહીન બની જતી નથી. પૂર્ણવિરામનો અર્થ એ છે કે બાળક લગ્નને લગ્ન બનાવતું

નથી. નિ:સંતાન લગ્ન એ પણ લગ્નના પૂરા અર્થમાં લગ્ન જ છે.
પૂર્ણવિરામ સૂચવે છે કે બાળકો વિનાના હોવું એ છૂટાછેડા માટેનું
કોઈ કારણ નથી. કોઈ પુરુષ એમ ન કહી શકે:'આ સ્ત્રીએ મને
બાળક આપ્યું નથી, તેથી હું તેની સાથે સાચેસાચ પરણેલો નથી.'અને
એમ કહી તેને કાઢી મૂકી શકે નહિ. લગ્ન બાળકો વગરનું રહે તેથી
વળગી રહેવાની અને લગ્નની કાયેદસરતાની વાત નિરર્થક બની જતી
નથી.''

આ છેલ્લાં કથનો ડેનિયલે વિશેષ ભાર મૂકી સ્થાનિક ભાષામાં
મૂક્યાં,અને તેમના અવાજમાં રહેલી ચિંતા અને કાળજીથી પ્રતીત થયું
કે, વાંઝિયાપણાને કારણે થતા લગ્નવિચ્છેદો તેમના દેશમાં સામાન્ય
હતા. અને તેથી, ઘડિયાળના કાંટા તેજ ગતિથી ખસતા હોવા છતાં,હું
આ વિષયને વધુ વિકસાવવા માંગતો હતો.મેં ડેનિયલને હું વધુ દસ
મિનિટ લઈ શકું કે કેમ તે પૂછયું. તેમણે કહ્યું: ''તેઓ બધા એકધ્યાન
બની ગયા છે. ચલાવે રાખો.'' તેથી મેં ચલાવ્યું:

બાગ કે ત્રિકોણ ? (The Garden or the Triangle)

''લગ્ન અંગે એક બીજી સંકલ્પના છે. મેં વિગતવાર જેનું વર્ણન
કર્યું છે તે બાઈબલીય સંકલ્પનાને તે ઈન્કારે છે. લગ્નનો આ ખ્યાલ
(concept) અતિ પ્રચલિત છે. મેં દુનિયાના ઘણા દેશોમાં તેનું
અસ્તિત્વ જોયું છે.

''લગ્નની આ 'બાગ-સંકલ્પના' એ **'લગ્ન-પૂર્વ અને પશ્ચિમ'**
નામના ડેવિડ અન વેરા મેસ નામના અમેરિકન સલાહકારોના પુસ્તક
પર આધારિત છે. તેમણે થાઈલૅન્ડમાં બાવીસ એશિયનો સાથે એક
લગ્ન-સેમિનારનું સંચાલન કર્યું હતું.

''લગ્નની આ'બાગ-સંકલ્પના' એ અચોક્કસ જીવવિજ્ઞાન
(Biology) પર આધારિત છે. તે પુરુષને બી વાવનાર તરીકે અને
સ્ત્રીને ધરતી તરીકે, બાગ તરીકે ઓળખાવે છે. પુરુષ પોતાનું બીજ

સ્ત્રીમાં રોપે છે. સ્ત્રીનું શરીર બીજને ઉછેરે છે, જેમ ધરતી ચોખાના દાણાને ઉછેરે છે તેમ. દાણામાંથી છોડ ઊગે છે, તેમ પુરુષબીજમાંથી બાળક ઊછરે છે. બાળક એ પુરુષનું ફરજંદ છે, તેનો પેઢીઓમાં વિકસતો આત્મા છે, તેના જીવનનું સાતત્ય છે.

"હું ફરીથી કહું છું : આ અચોક્કસ અને ભૂંડું જીવવિજ્ઞાન છે. છતાં બાગ-સંકલ્પનાની વિચારણાની અસરો ઘણી જબરજસ્ત છે. સંક્ષિપ્તમાં હું તે વર્ણવીશ :

"સર્વપ્રથમ:પુરુષો સ્ત્રીઓ કરતાં વધુ મહત્ત્વના છે. જેમ જમીન બીજ જેટલું મહત્ત્વ ધારણ ન કરી શકે, તેમ સ્ત્રી પુરુષ જેટલા મહત્વની ક્યારેય બની ન શકે. તેની પ્રકૃતિથી જ તે ઊતરતી, સહાયક કક્ષાની છે. માત્ર એશિયામાં જ નહિ, પરંતુ આજે પણ યુરોપ અને અમેરિકામાં પુરુષ અને સ્ત્રી વચ્ચે જે ભેદભાવ જોવામાં આવે છે તેની સમજૂતી આ વિચારણામાં છે. આફ્રિકામાં તે છે કે કેમ તે તમારે નક્કી કરવાનું છે.

"બીજું : દીકરાઓ દીકરીઓ કરતાં વધુ મહત્ત્વના છે. પુત્રો વડે કુટુંબરેખા લંબાયા કરે છે. જે કુટુંબમાં પુત્રો નથી અને જેની કુટુંબરેખા લંબાતી નથી તે મૂળમાંથી કપાયેલા વૃક્ષ જેવું છે: એના પૂર્વજો કરમાઈ જાય છે, તેમની શાંતિ નાશ પામે છે."

મારા શ્રોતાજનો પર ઘેરી અસર થઈ હોય તેવું દેખાયું.

"ત્રીજું : પતિ અને પત્ની વચ્ચેનો સંબંધ માલિક અને માલિકીની વસ્તુ વચ્ચેના સંબંધ જેવો છે, જેમ કે બીજ રોપનાર, જે જમીનમાં બીજ રોપે છે તે જમીનનો માલિક છે. સ્ત્રીનો મુખ્ય ધર્મ આજ્ઞાપાલનનો છે. પસંદગી કરવાનો હક પુરુષનો છે. ખરીદવા માટેનો બગીચો તે પસંદ કરે છે. બગીચાને કશું કહેવાનું હોતું નથી. બગીચાની ફળદ્રુપતા એ જ પસંદગીનું ધોરણ છે.

"ચોથું : આ બાગ-સંકલ્પનાની વિચારણામાં નિઃસંતાન લગ્નજીવન એ ઉજ્જડ ખેતર જેવું નકામું અને અર્થહીન છે. જો સ્ત્રી બાળકો ઉત્પન્ન કરવામાં નિષ્ફળ જાય, તો તે વિધિનિર્માણમાં નિષ્ફળ જાય છે."

''પાંચમું: આ બાગ-સંકલ્પના છૂટાછેડા કે લગ્નવિચ્છેદ અને બહુપત્નીત્વના રિવાજને સમજાવે છે. જો કોઈ માણસનો બાગ ફળ આપવામાં નિષ્ફળ નીવડે, તો તે કાં તો અસલ માલિકને બગીચો પાછો સોંપે છે અથવા કન્યાવિક્રયનાં પોતે ચૂકવેલાં નાણાં પરત કરવાનું કન્યાના પિતાને જણાવે છે, અથવા તે બગીચો રાખે છે, અને ફળ આપી શકે એવા એક કે વધુ બગીચા તે ખરીદે છે. અનેક પત્નીત્વ એ બાગ-સંકલ્પનાથી જ સમજી શકાય. ઉપરાંત પુરુષને ઘણા બગીચા હોઈ શકે, પણ બગીચાને માત્ર એક જ માલિક. આમ આ બાગ-સંકલ્પનામાં સ્ત્રીને હંમેશાં ગેરલાભ થાય છે.

''છઠ્ઠું: મે કન્યાવિક્રયના રિવાજની વાત કરી છે. આ રિવાજ બાગ-સંકલ્પના સાથે જ સંબંધિત છે. ખરેખર તો એ બગીચાની કિંમત નથી, પરંતુ બગીચો જે ફળ આપનાર છે તેની કિંમત છે. નામમાં જ દોષ છે. કન્યાવિક્રય એ કન્યાની કોઈ કિંમત નથી,પરંતુ તેના વડે સર્જાનાર બાળકોની કિંમત છે.તેથી કેટલીક વાર તો એ પ્રથમ બાળકને જન્મ ન આપે ત્યાં સુધી પૂરેપૂરું દામ ચૂકવવામાં આવતું નથી, અને જો બાળક પુત્ર હોય તો જ ચૂકવાય છે. બાળકો માટે જેણે કિંમત ચૂકવી છે તે પતિના કુળની બહાર જો કોઈ વિધવા લગ્ન કરે, તો તેણે બાળકોને ગુમાવવાં પડે છે. સાચા અર્થમાં બાળકો વિધવા માતાનાં કહેવાતાં નથી. એક રીતે તો, બાગ-સંકલ્પનામાં વિધવા એ સૌથી કરુણ પાત્ર છે. તે એવી માલિકીની વસ્તુ છે જેનો માલિક જ નથી.

''સાતમું: પુરુષ કરતાં સ્ત્રીને વ્યભિચાર માટે કેમ વિશેષ શિક્ષા થાય છે તે આ સંકલ્પના સમજાવે છે. બંને ગુનેગાર છે. પણ જો પુરુષ વ્યભિચાર કરે તો શું થાય છે? તે પોતાનું નથી તેવા ખેતરમાં બીજ રોપે છે. તે તો બગીચાના માલિકનો અપરાધ કરે છે, અને જો પકડાઈ જાય તો માલિકને દંડ ભરી આપવો પડે.પણ પોતાની પત્નીનો અપરાધી તે ઠરતો હોય અને પોતાના લગ્નની મર્યાદાને તે ઉલ્લંઘતો હોય એવું માનવામાં આવતું નથી.

''પણ જો પત્ની વ્યભિચાર કરે, તો તે, પોતાના પતિનો સૌથી ભયંકર અપરાધ કરે છે. તે પતિના બાગમાં વિદેશી બીજ રોપાવા દે છે. તે કુટુંબ - રેખાના સાતત્યને ભયમાં મૂકે છે. તે પોતાના લગ્નની પવિત્રતાનો ભંગ કરે છે.

''છેવટે : અપરિણીત વ્યક્તિ માટે તો આ બાગ-સંકલ્પનામાં કોઈ સ્થાન જ નથી. અપરિણીત યુવતી ફળ આપી શકે તેવો બગીચો છે, પરંતુ તે કોઈ રોપનારને અપાયેલો નથી. આનો કોઈ અર્થ દેખાતો નથી. પરંતુ કુંવારો યુવક એ તો વળી સૌથી વિચિત્ર કે મૂર્ખાઈભરી વાત છે. તે એવો બીજ રોપનાર છે, જે પોતાનું બીજ વાવવા માટે કોઈ બગીચો ખરીદતો નથી. ન માની શકાય તેવી વાત !''

આ છેલ્લા કથનથી શ્રોતાઓમાં હાસ્યનું મોજું રેલાયું. મેં જોયું કે મને ચર્ચમાં લઈ આવનાર મોરિસ ખડખડાટ હસતો હતો, અને તેના મિત્રો તેનો ખભો થાબડતા હતા.

'' લગ્નની બાઈબલીય સંકલ્પના આ બાગ-સંકલ્પનાને પ્રત્યેક મુદ્દામાં પડકારે છે.

'સૌથી પહેલાં, બાઈબલ પ્રજોત્પત્તિની અચોક્કસ વિચારસરણીને પડકારે છે. બાળક માત્ર પુરુષબીજનું પરિણામ નથી, પણ, બાઈબલ પ્રમાણે અને અદ્યતન વિજ્ઞાનના પુરાવા પ્રમાણે, પતિ અને પત્ની બંને નવા જીવનના સર્જનમાં સરખો સહિયારો હિસ્સો આપે છે. બાળક માત્ર પુરુષનું સર્જન નથી, એ તો પતિ અને પત્ની બંનેનું સહિયારું છે. જેમ બંનેને પોતાનાં માતાપિતાને છોડી દેવાં પડે છે, અને બંનેને એકબીજાને વળગી રહેવું પડે છે; અને એક દેહ થવું પડે છે તેમ, બાળક પતિ અને પત્ની બંનેનું સહિયારું ધન છે.

''બાગ-સંકલ્પના સ્ત્રીઓ પ્રત્યે ભેદભાવ રાખે છે. બાઈબલીય ખ્યાલ સ્ત્રીને ઊતરતી હસ્તી તરીકે નહિ, પરંતુ તેના પતિ સાથે સરખે - સરખા ભાગીદાર તરીકે; વસ્તુ કે ચીજ તરીકે નહિ, પરંતુ પોતાના અધિકારથી એક અલગ વ્યક્તિ તરીકે સ્વીકારે છે.

''બાગ-સંકલ્પના બહુવિધ લગ્નોને આવકારે છે, કારણ કે તે
સંખ્યામાં વધારી શકાય એવી મિલકત તરીકે સ્ત્રી વિશે વિચારે છે.
બાઈબલીય સંકલ્પના એકપતિપત્નીત્વના આદર્શને સ્વીકારે છે.

''હવે પસંદગી બગીચો અને ત્રિકોણ એ બે વચ્ચે છે. શું તમે
તમારી પત્નીને બગીચો માનો છો કે એક એવી ભાગીદાર જેને માટે
તમે માતાપિતાને છોડો છો, તેને વળગી રહો છો અને તેની સાથે
એક દેહ બનો છો ?''

હું થોભ્યો. સંપૂર્ણ શાંતિ પ્રવર્તી રહી. ઘણા ત્રિકોણની આકૃતિ
તરફ જોઈ રહ્યા, અને તેમની આંખોમાં એક મહાન પ્રશ્ન મને વંચાયો.
તેથી મેં કહ્યું :

''એક પ્રશ્ન હજુ બાકી છે. આ ત્રિકોણમાં બાળકનું ક્યાં સ્થાન
છે ? શું કોઈ આનો ઉત્તર આપશે ?''

ઘણા હાથ ઊંચા થયા. મેં વીસેકની વયની, બાળકને ગોદમાં
લઈ બેઠેલી એક યુવતી તરફ આંગળી ચીંધી. તે ઊભી થઈ, આગળ
આવી, અને શ્યામપટ તરફ ચાલી. પછી, જરાયે અચકાયા વગર
તેણે ત્રિકોણના કેન્દ્ર તરફ નિશાની કરી.

''હા, બરોબર.'' મેં કહ્યું, અને શ્રોતાજનોમાં રાહતની લાગણી
ફરી વળી તેવું અનુભવ્યું. ''બાળકનું સ્થાન ત્રિકોણના કેન્દ્રમાં છે.
પુરુષ અને સ્ત્રીના દેહસંબંધમાં તેનો આરંભ થાય છે. બંને માબાપનો
સ્નેહ અને વફાદારી તેને વીંટળાઈ વળે છે, અને લગ્ન, કરારની
કાયદેસરતાથી તે સુરક્ષિત બને છે. આ જ તો બાળકનું લગ્નત્રિકોણમાં
સ્થાન છે. આ જ એનું વાતાવરણ છે જેમાં તે પાંગરી શકે, પુખ્ત
બની શકે, અને પછીથી આવનાર પોતાના લગ્ન માટે તૈયાર બની
શકે.''

# ૩

**શ્રો**તાસમૂહ અંતિમ ભજન ગાતો હતો ત્યારે મને ભયાન
પરાજયની લાગણી થઈ આવી. અંત વખતે શ્રોતાઓ કેટલા બધ
શાંત હતા ! ડેનિયલ પાસેથી નિશ્ચિત કરનાર શબ્દ મેળવવાનું
ટાળી શક્યો નહિ.

''બહુ લંબાણ થઈ ગયું, નહિ ?'' હું તેના કાનમાં ગણગણ્યો

''મને નથી લાગતું. તેમણે સરસ રીતે સાંભળ્યું.''

''પણ અંત વખતે તેઓ અત્યંત શાંત હતા.''

''જ્યારે અમારા લોકો પર ભારે અસર થાય છે ત્યારે તેઅ
વધુ અને વધુ શાંત બને છે.''

પણ મને ખાતરી નહોતી કે એ માત્ર સભ્યતા સાચવવા જ આ
કહે છે કે કેમ, તેથી મેં તેમને સીધો પ્રશ્ન કર્યો :

''તમે શું ધારો છો ? શું વ્યાખ્યાન બહુ ખરાબ હતું ?'

તેમણે મારા પ્રત્યે જાણકારીનું સ્મિત કર્યું, જાણે મને થત
લાગણીથી એ પરિચિત હોય તેમ કહ્યું :

''તમે તો નીડરતાથી સામનો કર્યો !''

''તેઓની લાગણી દુભાઈ તો નથી ને ?''

''ના, મને એવું લાગતું નથી. મારી પાસેથી જે વાતો તે
સ્વીકારત, પણ તે તમારી પાસેથી સ્વીકારશે. અને તેઓની લાગણ
દુભાય, તોયે શું ? હવે તમારે તેમને મળવું જોઈએ.''

તેઓ અમારી પાસેથી એક પછી એક પસાર થયા. જતાં જત
તેમના રિવાજ મુજબ બંને હાથથી મારા હાથ પકડતા. મારી સા
છેલ્લા હાથ મિલાવનાર મીરિયમ હતી.

''આ મારા ફિયાંસે (વાગ્દત્ત પતિ) છે, તિમોથી.''

સૈનિકનો યુનિફોર્મ પહેરેલ એક યુવાને આગળ વધી મને નમસ્કાર કર્યા. તે જરા શ્યામ, મીરિયમ કરતાં થોડા નીચા, પણ સ્નાયુબદ્ધ, ખડતલ શરીરના હતા.

''સંદેશા માટે ખૂબ ખૂબ આભાર. મને આપની સાથે વાત કરતાં આનંદ થશે.''

''તો પછી મારી સાથે હૉટેલે કેમ ન આવો ?''

મીરિયમ અને તિમોથી સાથે હું મોરિસની કાર તરફ ચાલ્યો.

''ભાષણ કેવું લાગ્યું ?'' મેં મીરિયમને પૂછ્યું.

''મને તો બરોબર લાગ્યું. તિમોથીને અને મને ત્રિકોણની ડાબી બાજુ વિશે મુશ્કેલી છે - વળગી રહેવાનો ખૂણો. અમને સમજાતું નથી કે અમારી વળગી રહેવાની વાત છોડવાની વાત માટે પૂરતી શક્તિશાળી છે કે કેમ.''

''બરોબર,'' મેં કહ્યું, ''તિમોથી અને હું અમારી વાતચીતમાં તેનો નિર્ણય કરીશું.'' મીરિયમ ખુશી થઈ હોય તેવું દેખાયું.

તિમોથી અને હું મોરિસની કારમાં બેઠા. અમે હૉટેલ તરફ જતા હતા ત્યારે મેં મોરિસને સ્મિત સાથે પૂછ્યું :

''બગીચા વિનાનો રોપનાર કેમ છે ?''

''બહુ વિચારે છે,'' તેણે કહ્યું, ''વિધવાઓ વિશે તમે કહેલી વાત કેટલી સાચી છે - માલિક વિનાની મિલકત. સાચે જ. એવું જ મને હંમેશાં લાગ્યું છે, અને હજુયે મારાં વિધવા માતા પ્રત્યેની મારી ફરજ મેં હંમેશાં અનુભવી છે. વાત એમ છે કે, છોડી દેવાનું મારે માટે ખરેખર શક્ય નહોતું, અને તેથી જ હજુ હું વળગી રહી શકતો નથી.''

''અને તમારે માટે બગીચો ખરીદવા કોઈ પિતા નહોતા.''

''ના, મારે તો શિક્ષણ મેળવવા નોકરી કરવી પડી, માતાજીનું પણ ધ્યાન રાખવું પડતું. મને લાગે છે કે હજુય મારે તેમને ટેકો

કરવો જોઈએ. જો આપ એમ કહો કે, લગ્નની પ્રથમ શરત પોતાની માતાને છોડવાની છે, તો હું કદી પણ પરણી શકીશ નહિ.''

''મેં કહ્યું જ હતું કે, 'છોડવું' એટલે મુશ્કેલીમાં ત્યાગ કરવો એવો નથી જ.''

''હા, હું એ સમજ્યો, પણ એ વ્યવહારમાં શી રીતે મૂકી શકાય? જો હું લગ્ન કરું તો નવા ઘરમાં માને લઈ જવાં પડે. તો હું એને એકસાથે છોડી કેવી રીતે શકું અને સાથે કેમ રાખી શકું ?''

''ત્યાં એક તફાવત છે. જો તમે ઘેર રહો અને તમારાં પત્નીને તમારી માતાના ઘરમાં આવવું પડે, તો મુશ્કેલીઓ સામાન્યતઃ આવે. પણ જો તમે પહેલાં નીકળી જાઓ, તમારું નવું ઘર શરૂ કરો, તો તમે ખરેખર 'છોડયું' છે. પછી તમે તમારાં માતાને પોતાના ઘરમાં આશ્રય આપો, તો ઘર્ષણનો ભય ઘણો ઓછો છે.''

અમે મારી હૉટેલ પાસે થોભ્યા.

તિમોથી અને હું મોટરમાંથી ઊતર્યા ત્યારે મોરિસે કહ્યું, ''ઠીક, મારે તો કોઈ છોકરીની જરૂર છે.''

''હું તો માનતો હતો કે કોઈ છે.''

''પેલી છોકરી જેની સાથે હું બસમાં વાત કરું છું તે ? હું જાણતો નથી. તમારા ભાષણ પછી એની સાથે હું 'એક દેહ' થઈ શકીશ કે કેમ તેની મને શંકા પડે છે, એટલે તેની સાથે બધામાં સહભાગી થવાની વાતમાં ખાસ.''

''જો તમે અઢાર વર્ષ વયમાં મોટા હો તો તે તમારી દીકરી થઈ શકે. તમે તેની સાથે કદાચ તેવી જ રીતે વર્તવા પ્રેરાવ. છેવટમાં છેવટ તે આજ્ઞાંકિત બગીચો થઈ શકે, ભાગીદાર નહિ.''

મોરિસ હસી પડયો. ''મને લાગે છે કે તેથી જ આફ્રિકન પુરુષો યુવાન છોકરીઓને પરણવાનું પસંદ કરે છે. તેમને તો આજ્ઞાંકિત બગીચા વધુ પસંદ છે. પાસ્ટર, મુશ્કેલી તો એ છે કે, કોઈ છોકરી સાથે વાર્તાલાપ કેમ કરવો, યોગ્ય અભિગમ કેમ અપનાવવો તે જ મને તો આવડતું નથી.''

''ઠીક, આપણે એ વિશે કાલે ચર્ચીશું. શું તમે મને ફરીથી લેવા આવશો? અને, મહેરબાની કરી તમારાં માતાજીને પણ લાવજો.''

''મારાં બા ? એ તો સાઠનાં છે. મને નથી લાગતું કે, લગ્ન અને કામવૃત્તિ વિશેની વાતમાં તેમને રસ પડે.''

''તોપણ લાવજો.''

તેણે ગાડી ઉપાડી, અને તિમોથી સાથે મારા ખંડમાં ગયો. અમે બેઠા અને વાત શરૂ કરી.

''મીરિયમે આજે સાંજે ઍરપોર્ટ પર મને વાત કરી,'' મેં કહ્યું.

''હા, હું જાણું છું. તમે માનો છો કે એ સરસ છોકરી છે ?''

''હા, ચોક્કસ. ખૂબ સુંદર પણ છે જ.''

''શું તમને લાગે છે કે તેની સાથે લગ્ન કરવું મારે માટે સારું બનશે ?''

''શું તમને લાગે છે કે તમારી સાથે લગ્ન કરવા તમે તેને પ્રાપ્ત કરી શકશો ?''

''હા, એ મુદ્દો છે. અમે સમુચિત રીતે ગોઠવાઈશું કે કેમ તે અંગે તે શંકાશીલ છે.''

''તે કેમ આનાકાની કરે છે તે વિશે કંઈ કહ્યું છે ?''

''ના, અમે ખૂબ ઓછી વાતો કરીએ છીએ. પણ તે શું હોઈ શકે તે હું કલ્પી શકું છું. હું તેના કરતાં અર્ધો ઈંચ નીચો છું, અને વધુ શ્યામ પણ.''

''શું શ્યામ હોવું એ ગેરલાભ છે ?''

''હા, ઊજળા હોવું તેને અમે સુંદર કહીએ છીએ.''

''પણ મીરિયમે એનો ઉલ્લેખ કર્યો નહોતો.''

''એણે શું કહેલું ?''

''મને લાગે છે કે તમારે પોતે તેને એ અંગે પૂછવું જોઈએ.''

''પણ પાસ્ટર, અમે એ વસ્તુઓ વિશે વાતો ન કરી શકીએ. મને લાગે છે મીરિયમ તમે મને કહો તેમ ઈચ્છે છે. તેથી તો આ મિલન ગોઠવ્યું.''

''હું જાણું છું. છતાં, એ જાતે તમને કહે તે વધુ સારું. કારણ કે, આ રીતે તમે લગ્ન માટે અનિવાર્ય એવી એક વાત શીખી શકશો- સહભાગી બનવું તે.''

તે મૌન થઈ ગયો.

''તમારી વય કેટલી ?''

''બાવીસ.''

''તમે જાણો છો મીરિયમની વય કેટલી ?''

''ના, તેણે મને કદી કહ્યું નથી.''

''તે કેટલું કમાય છે ?''

''મેં તેને કદી પૂછ્યું નથી. મેં આઠમી શ્રેણી પસાર કર્યા પછી શાળા છોડી. પછી તો હું લશ્કરમાં જોડાયો.''

''તમારી પાસે હવે કઈ યોજનાઓ છે ?''

''યોજના એટલે તમે શું કહેવા માંગો છો ?''

''ઠીક, તમે શાની આશા રાખો છો ? ભવિષ્ય માટે તમારી શી અપેક્ષાઓ છે ?''

''ખાસ કશી નહિ. થોડાં વર્ષો પછી હું કદાચ સાર્જન્ટ બનું. બીજું શું કહેવું તે હું જાણતો નથી.''

''પણ, તિમોથી, મીરિયમે ઊંચું શાળાશિક્ષણ મેળવ્યું છે. તે તમારા કરતાં વધુ કમાય છે, અને તે વયમાં એક વર્ષ મોટી છે.''

''એવું છે !'' તેણે વિચારપૂર્વક કહ્યું, ''પણ શું આ બધું લગ્ન માટે વિઘ્નરૂપ છે ?''

''સામાન્ય રીતે નહિ. વધુ મોટાં વિઘ્નો વિચારી શકું.''

''તેથી શું તમને લાગે છે કે અમારું લગ્ન સફળ થઈ શકે ?''

''તે સફળ તો થઈ શકે, પણ બહુ સરળતાથી નહિ. એને માટે મોટા પ્રયત્ન કરવા પડશે. આ પ્રયત્ન કરવા માટે તમે બંને એકબીજા પર પૂરો પ્રેમ રાખો છો કે કેમ તેના ઉપર બધો આધાર છે.''

''પણ હું તેને ચાહું છું, પાસ્ટર,'' તિમોથીએ ભારપૂર્વક કહ્યું, ''જો હું તેને મેળવી ન શકું, તો હું શું કરીશ તે જાણતો નથી.''

''આપઘાત ?''

''હા, એવું મેં તેને એક વાર કહેલું.''

''અહીં જ તમે મોટી ભૂલ કરી, તિમોથી. તમે ખરેખર તેને ચાહો છો તે અંગે મને શંકા આવે છે.''

''શા માટે ?''

''કારણ કે તેને ધમકી આપી તમે બળજબરી કરો છો. આ સ્નેહ નથી. સ્નેહ કદી બળજબરીથી કશું કરાવતો નથી. સાચો સ્નેહ બીજી વ્યક્તિને સંપૂર્ણ સ્વાતંત્ર્ય બક્ષે છે; હા, 'ના' કહેવાની સ્વતંત્રતા પણ. જો તમને આત્મહત્યા કરતા અટકાવવા તે તમને પરણે તો તે તમને ભયથી પરણશે, પ્રેમથી નહિ.''

''પણ તે મને ચાહે તે માટે મારે શું કરવું જોઈએ ?''

''તેને તમારા પ્રેમનું દર્શન કરાવો. ધમકીઓ આપીને નહિ, પણ સખત મહેનત કરીને.''

''કામ ?'' તિમોથી ગભરાઈ ગયેલો દેખાયો. ''કેવા પ્રકારનું કામ ?''

''તમારી સાથે મહેનત કરો.''

કશુંય સમજ્યા વિના તે મારી સામે જોઈ રહ્યા.

''જુઓ, તિમોથી, મીરિયમના અને તમારા સંબંધ વિશે તમારી વય અને શિક્ષણના તફાવત કરતાં જે વસ્તુ મને ચિંતા કરાવે છે તે તો તમારામાં મહત્વાકાંક્ષાનો અભાવ. મને ખાતરી છે કે, ભવિષ્યમાં મીરિયમ તેના જીવનમાંથી ઘણું બધું મેળવવા ઈચ્છે છે. પણ તમે મને હમણાં જ કહ્યું, કે, તમે તો માત્ર સાર્જન્ટ બનવા માંગો છો. તે પણ કદાચ. કદાચ ન પણ થાઓ. તમારામાં મહત્વાકાંક્ષા ખૂટે છે. જો તમે કદાચ મીરિયમને પરણો તો આ કદાચ મુશ્કેલીઓ સર્જી શકે.''

''પણ હું મારી ઊંચાઈ, ઉંમર કે શિક્ષણ બદલી શકતો નથી.''

''તોપણ તમે મહત્વાકાંક્ષાઓ બદલી શકો. જે વસ્તુઓ બદલાઈ શકે તેને બદલો. આનાથી મીરિયમને બીજા બધા કરતાં વિશેષ લાગશે કે તમે તેને કેટલું બધું ચાહો છો.''

તિમોથી વિચારઘન મૌનમાં ડૂબી રહ્યા. મને લાગ્યું કે વિચારવાની ઘણી સામગ્રી તેમને મળી ગઈ છે.

તે મુખ ઉપર દુઃખની છાપ લઈને ગયા. મને ખાતરી છે કે અમારી વાતચીતનું આવું પરિણામ તેમણે ધાર્યું નહિ હોય. તેમના ગયા પછી કેટલો થકવી દેનાર આ દિવસ હતો તેનો મેં વિચાર કર્યો, અને પહેરેલે વસ્ત્રે જ પથારીમાં પડયો. બહારનાં વસ્ત્રોમાં જ હું નિદ્રાશરણ થઈ ગયો હોત, પરંતુ ટેલિફોનની ઘંટડી વાગી.

''સાંજે ટેલિફોન કર્યો હતો તે યુવતી હું.''

''મને આનંદ છે કે તમે ફરી ફોન કર્યો. હું તમારું નામ અને ફોન નંબર પૂછવાનું ભૂલી ગયેલો.''

''હું મારું નામ-સરનામું આપવા માંગતી નહોતી. મારા પતિ હું આ વાત કરું છું તે જાણે તેમ હું ઈચ્છતી નથી.''

''તમે ક્યાંથી બોલો છો ?''

''ઘેરથી. મારા પતિ બીર (જવાનો દારૂ) પીવા બહાર નીકળ્યા છે. પણ તે પાછા આવે ત્યારે મારે એકદમ ફોન મૂકી દેવો પડશે.''

''એમ ?''

''હું આજે રાત્રે તમારા વ્યાખ્યાનમાં હતી. હું નિશાળમાંથી ગુલ્લો મારી ત્યાં આવેલી, અને તે પૂરી થાય તે પહેલાં પાછી ફરેલી. તેથી હું ચર્ચમાં ગઈ તેની મારા પતિને ખબર ન પડી.''

''હં, તમને વ્યાખ્યાન કેવું લાગ્યું ?''

''રસપ્રદ હતું. પણ મને પેલો ત્રિકોણ ગમ્યો નહિ.''

''ખરેખર ? એમાં શો વાંધો છે ?''

''આમ તો કંઈ નહિ. મને એ ગમ્યું નહિ. એને કેટલા ખૂણા, કેટલી બાજુઓ વગેરે છે. તે તો ડંખે છે. એ તો પુરુષ જેવો છે - તે લગ્ન વિશે શું વિચારે; બધી સીધી રેખાઓ, અને ખૂણાઓ અને એવું બધું. બધા ભાગો બરોબર જોડાઈ જવા જોઈએ. જરાયે આરામદાયક નહિ, અને આકર્ષક પણ નહિ.''

''આભાર''

''જ્યારે હું લગ્ન વિશે વિચારું છું ત્યારે કશુંક વર્તુળાકાર, સુંવાળું અને નરમ એવું વિચારું છું. એવું કશુંક જેને તમે વીંટાળી શકો-જેવી કે ઊનની ટોપી.''

''કદાચ મારે ત્રણ વિભાગોવાળું વર્તુળ દોરવું જોઈએ.''

''મને એથી સારો વિચાર આવે છે. મેં જ્યારે તમારો ત્રિકોણ દોરાયેલો જોયો, ત્યારે મને લાગ્યું કે, એ લગભગ તંબૂ જેવો લાગે છે.''

''તંબૂ ?''

''હા, તંબૂ. જેને ઓછામાં ઓછા ત્રણ થાંભલા હોય, નહિતર તે ઊભો ન રહી શકે. પણ જો તે ઊભો થઈ જાય, તો તમે અંદર ધીમે ધીમે ખસી શકો, અને તમે વાવાઝોડાથી પોતાની જાતને સુરક્ષિત અનુભવો. વરસાદ પડે ત્યારે અંદર હૂંફાળું હોય. આવી રીતે હું લગ્ન વિશે વિચારું છું.''

મેં એ રીતે કદી વિચાર કર્યો નહોતો. ''શું તમારા ઘરમાં તમને એવું લાગે છે ?''

''ના, ના, મારો તંબૂ સંપૂર્ણ નથી. ઉપરનો ભાગ ખૂટે છેઃ જે ખૂણાને તમે છોડવાનો ખૂણો કહો છો - લગ્નસમારંભ અથવા લગ્નનું જાહેર અને કાયદેસર કૃત્ય.''

''જો ઉપરનો ભાગ જ ન હોય તો તમારા તંબૂમાં વરસાદ પડતો હશે.''

''હા, પાસ્ટર. ધોધમાર પાણી પડે છે. જરાયે હૂંફાળું નથી. એને દુરસ્ત કરવામાં મને કોણ સહાય આપી શકે ?''

એ એનાં ડૂસકાં છુપાવી ન શકી.

"જો તમે ઈચ્છો તો હું પ્રયત્ન કરું."

"પણ મેં માબાપને છોડી દીધાં છે, અને હું હજુ જાહેર અને કાયદેસર રીતે પરણેલી નથી."

"જો કે તમારું છોડી દેવાનું કૃત્ય બાઈબલના છોડી દેવાના કૃત્ય કરતાં જુદું છે. પારસ્પરિક સમજથી, સ્વૈચ્છિક રીતે માબાપ અને બાળક વચ્ચે જે છોડી દેવામાં આવે છે, તે તો અંતે તેમને વધુ ગાઢ સંબંધમાં લાવે છે. તમે તો તિરસ્કારથી તેમને છોડી દીધાં, અને હવે તેમણે તમને મુશ્કેલીમાં મૂકી દીધાં છે."

"પણ મારા પતિ કેમ તંબૂનો ઉપરનો ભાગ બંધ કરતા નથી?"

"કદાચ, એમને લાગે છે કે, હવે તમે તમારાં માતાપિતા પાસે પાછાં ફરી શકો તેમ નથી."

"તેમ છતાં, તે મને બગીચો માનીને વર્તતા નથી."

"તમને એવું ખાતરીપૂર્વક કેમ લાગે છે ?"

"એમને બાળકો જોઈતાં નથી."

"તો એ તમને શાકભાજીના બગીચા તરીકે નહિ, પણ ફૂલોના બાગ તરીકે રાખવા માંગે છે. તેમની નવરાશની પળોમાં મોજમજા કરવા માટે."

"પણ એમણે મને ખરીદી નથી. એમણે પત્નીની કિંમત ચૂકવી નથી."

"તે તમારી કેળવણી માટે ખર્ચો કરે છે."

"શું મને પરતંત્ર બનાવવા માટે આ બીજા પ્રકારની પત્ની-કિંમત છે ?"

"હું તેમની સાથે વાત કર્યા વિના ન કહી શકું. પણ એ શક્ય છે."

"પણ હું તેમને ચાહું છું."

"હું માનું છું. નહિ તો તમે મને ફોન ન કરત."

"અને તે પણ મને ચાહે છે, તેથી તો મારા શિક્ષણ પાછળ ખર્ચ કરે છે."

"તમે સાચાં હો તો સારું. પણ એ કેમ તંબૂનો ઉપરનો ભાગ બંધ કરતા નથી ? લગ્નને કાયદેસરતાનું રૂપ આપતા નથી ?"

ફરીથી ડૂસકાં સંભળાયાં.

"સાંભળો. શું મને તમારો ટેલિફોન નંબર ન આપી શકો ? તો હું તેમની સાથે વાત કરું"

"કદી નહિ ! તે આવે છે." તેણે જોરથી રીસીવર પછાડયું.

તંબૂ ! આ કોઈ અદ્ભુત છોકરી હોવી જોઈએ. તંબૂ. લગ્ન અને તંબૂ. મેં મારું બાઈબલ લીધું અને અંતે આપેલી વર્ણાનુક્રમ સૂચિ જોવા માંડી. 'તંબૂ' શબ્દ નીચે ઓછામાં ઓછા બાઈબલના સો ફકરા મુકાયેલા હતા. મેં કેટલાક તપાસ્યા, અને યર્મિયા ૧૦ : ૨૦ પ્રતિ દૃષ્ટિ કરી :

"મારો તંબૂ નષ્ટ થયો છે,
ને મારાં સર્વ દોરડાં તૂટી ગયાં છે;
મારા પુત્રો મારામાંથી નીકળી ગયા છે,
ને તેઓ નથી.
મારો તંબૂ ફરી તાણવાને,
ને મારા પડદા બાંધવાને
કોઈ નથી."

આ તેની કલમ છે, મેં ધાર્યું. 'મારો તંબૂ ફરી તાણવા કોઈ નથી.' જો હું તેનું નામ જાણતો હોત, કે તેનો ટેલિફોન નંબર જાણતો હોત ! જેની પાસે કશી શક્તિ નથી એવા અશક્તિમાનની લાગણી અનુભવી મેં પ્રાર્થના કરી.

ઊંઘવાનો સમય થઈ ગયો હતો. સૂટ-કેસમાંથી પાયજામા કાઢતાં મારાં પત્નીની ચિઠ્ઠી મારા હાથમાં આવી. મેં વાંચીઃ 'તમારી સાથે ઐક્યમાં અને સ્નેહમાં, ડિયેન ઈન્ગ્રિડ.'

મારો તંબૂ, મેં વિચાર્યું. અને હું ઊંઘી ગયો.

બીજી સવારે હું વહેલો જાગ્યો, અને ભોજનખંડમાં સારો નાસ્તો કર્યો. હું મારા રૂમમાં પાછો ફર્યો ત્યાં જ ડેનિયલ આવ્યા.

તેમણે મારા વ્યાખ્યાન વિશે જાતજાતની ટીકા સાંભળી હતી.

''વૃદ્ધોનો પ્રતિભાવ કેવો હતો ?''

''સામાન્ય રીતે, ખૂબ સારો. એક સૌથી વૃદ્ધ વ્યક્તિએ મને કહ્યું : 'મેં પહેલાં સાંભળ્યું કે એ ચર્ચમાં લગ્ન વિશે બોલવાના છે, ત્યારે મને થયું કે જરૂર એ કોઈ દુષ્ટાત્મા હોવો જોઈએ. પણ હવે મને લાગે છે કે, લગ્નને પણ ઈશ્વર સાથે કશોક સંબંધ હોઈ શકે છે !'''

'' જો હું આટલો મુદ્દો પણ સ્પષ્ટ કરી શક્યો હોઉં તો કંઈક તો થયું છે.''

''પણ મને વિશેષ ખુશી શાની થઈ, જાણો છો ? ચર્ચમાં એક નિઃસંતાન દંપતી હતું. બાળકો નથી તેથી તેઓ દુઃખીદુઃખી રહે છે. પણ એકબીજા પ્રત્યે એટલો ગાઢ સ્નેહ છે કે લગ્નવિચ્છેદનો વિચાર કરતાં નથી. તેમને ભારે દિલાસો મળ્યો કે ત્રિકોણ બાળક વગર પણ સંપૂર્ણ છે.''

''તેથી બાગ-સંકલ્પના તમારા લોકોમાં પણ ઘણી જીવંત છે, નહિ?''

''હા, ઘણી જીવંત. લોકોને એ અંગે - વંશાવળી લંબાવવાની વાતમાં - ઘણો રસ છે. બાળક પુરુષબીજનું પરિણામ છે, છોકરાઓ છોકરીઓ કરતાં વધુ મૂલ્યવાન છે, બગીચો ખરીદવો જોઈએ - આ બધી વાતો લોકહૃદયમાં વ્યાપક છે.''

ડેનિયલ સાથે વાત કરવી એ લહાવો છે. તેની સૂઝ ઊંડી છે, અને મને ખાતરી છે કે તે શ્રેષ્ઠ અનુવાદક છે. મેં ધાર્યું હતું તેથીયે ચઢિયાતા. તેમના દ્વારા મને ઘણું ઉત્તેજન મળ્યું. તે સાચા ભાઈ છે.

''તમે જાણો છો, ડેનિયલ,'' મેં કહ્યું, ''હું એવા નિષ્કર્ષ પર આવ્યો છું કે, મૂળભૂત રીતે દુનિયામાં લગ્નની માત્ર બે જ સંકલ્પનાઓ છે : બાગ સંકલ્પના અને ત્રિકોણનો બાઈબલીય ખ્યાલ. અલબત્ત, ઘણાબધા આડફાંટા અને થોડી થોડી ભિન્નતાઓ હોઈ શકે.''

ડેનિયલે ક્ષણભર વિચાર કર્યો. પછી કહ્યું :

''આ 'છોડવાની વાત' એ આ શહેરની સૌથી મહાન સમસ્યા છે. અમારાં લગ્નો એ 'છોડયાં-માંદાં' લગ્નો છે. કાં તો અમારાં યુવાનો માબાપની સંમતિ સિવાય છોડે છે અથવા તો છોડતા જ નથી. બંને રીતે લગ્નો મુશ્કેલીમાં મુકાય છે. છોડયા છતાં કેવી રીતે સંયુક્ત રહેવું એ અમારા લોકો સમજી શકતા નથી, અને સાથે રહેવાની લાગણી રાખવી અને છોડવું એનીયે મુશ્કેલી અનુભવે છે.''

''એની સમજૂતી આપી શકાય એવું મને લાગતું નથી. એ તો વિરોધાભાસ છે. માત્ર ખ્રિસ્ત દ્વારા જ એનું ઉદાહરણ આપી શકાય. એફેસીઓને પત્રમાં પ્રેષિત પાઊલ સ્પષ્ટ રીતે જણાવે છેઃ 'આથી માણસ, પોતાનાં માતાપિતાને છોડી જશે.... આ મોટું રહસ્ય હું ખ્રિસ્તને લાગુ પાડું છું.' ખ્રિસ્તે પિતાને છોડયા અને છતાં તે તેમની સાથે એકત્વમાં રહ્યા. એક જર્મન ભજનમાં આવું છે :

''પુત્ર પિતા પાસેથી જાય છે,
છતાં તે અનંતકાળ સુધી ઘેર જ રહે છે.''

''બરોબર, પણ શું તમે અમારા લોકોને આ સમજાવી શકશો ?''

''હું પ્રયત્ન કરીશ,'' મેં કહ્યું, ''પણ હું તમને એક સવાલ પૂછી શકું ? અંગત રીતે તમને ક્યો મુદ્દો વધુ સ્પર્શી ગયો ?''

તેમણે તરત કહ્યું : ''એકબીજાની સૌથી નિકટ રહેવાની વાત. કોઈપણ વ્યક્તિ કે વસ્તુ કરતાં વધુ નૈકટય. મારા લગ્ન સાથે પાસ્ટર તરીકેના મારા કાર્યની સમતુલા સાચવવી મને પોતાને મુશ્કેલ લાગે છે. પત્ની માટે પૂરતો સમય હું આપી શકતો નથી. કામ પહેલું અને પત્ની પછી એવું બને છે. એ ફરિયાદ કરે કે, હું ભોજનના સમયો પણ સાચવતો નથી, એમાં ઘણું તથ્ય છે. અને ભોજન દરમ્યાન પણ મહેમાનો આવે કે ફોનની ઘંટડી વાગે એટલે મારે ત્રણ-ચાર વખત ઊઠવું પડે છે.''

''મને ખબર નહોતી કે કારમાં એસ્તર મજાક કરતાં હતાં કે ગંભીર રીતે કહેતાં હતાં.''

''વૉલ્ટર, એ ખરેખર ગંભીર હતી. એ સાચી પણ છે જ. પણ આ બધું કેમ બદલવું તે હું જાણતો નથી. તમે ભાગીદારીની, વહેંચી લેવાની જે વાત કરી તે પણ મને સ્પર્શી ગઈ. અમારી પાસે એ પણ નથી, અમે એને માટે પણ સમય આપતાં નથી.''

એ વાત કરતા હતા ત્યાં જ ટેલિફોનની ઘંટડી વાગી. એ પેલી જ યુવતી હતી.

''તમે ક્યાંથી વાત કરો છો ?'' મેં પૂછ્યું.

''સ્કૂલમાંથી. અત્યારે રિસેસ છે.''

''શું મને મળવા આવવા માટે તમારા પ્રતિ સાથે કાલે રાત્રે વાત કરી હતી ?''

''ના.''

''મેં તમારે માટે કાલે રાત્રે કંઈક શોધ્યું છે. શું તમારી પાસે બાઈબલ છે ?''

''હા, ગામની શાળામાં મળેલું બાઈબલ છે.''

''તો યર્મિયા ૧૦:૨૦ વાંચજો, એ તમારી કલમ છે.''

''હું વાંચીશ. વર્ગો શરૂ થવાનો ઘંટ વાગે છે. માત્ર તમને 'હલ્લો' કહેવું હતું.''

મેં રીસીવર મૂકી દીધું. ''આ મારા અજ્ઞાત મુલાકાતી છે,'' મેં ડેનિયલને કહ્યું, ''આ ત્રીજી વખત તેણે ફોન કર્યો. તે એવા પુરુષ સાથે સહજીવન ગાળે છે જે કાયદેસર લગ્ન કરવા તૈયાર નથી. પણ તે તેને સ્કૂલે મોકલે છે, અને તેણે માની લીધું છે કે એ આત્મભોગ તેના પ્રેમનો પુરાવો છે.''

''આવું આ શહેરમાં કંઈ અસામાન્ય નથી,'' ડેનિયલે કહ્યું, ''મારા ચર્ચમાં ભાગ્યે જ લગ્નો થાય છે. એનાથી લગ્નવિચ્છેદ મુશ્કેલ બનતો હોવાથી લોકો અચકાય છે. બાળકો થાય પછી લગ્નની માગણી આવે છે ખરી. સાચું કહું તો અહીંનું જીવન તમારા ત્રિકોણ જેવું સીધી રેખાઓવાળું અને સુરેખ આકૃતિવાળું, ઘાટીલું નથી. વચગાળિયું ઘણું ઘણું મળે.''

"આ કહેવા માટે આભાર. પેલી યુવતીને પણ ત્રિકોણ ગમ્યો નથી. એ કહે છે કે ખૂણાઓ ડંખે છે."

"એ ખૂણાઓ મને પણ ડંખેલા !" ડેનિયલે હસતાં હસતાં કહ્યું. આપણે તમારી સમસ્યાની વાત કરીએ. આપણે વ્યાખ્યાન પછી સાંજનું વાળુ સાથે લઈએ, અને બાળકો ઊંઘી જાય પછી મારે તમ બંને સાથે થોડી ચર્ચા કરવી છે."

મોરિસ મને લેવા આવ્યા ત્યારે એક વૃધ્ધ સ્ત્રી તેમની સાથે હતાં. તે નાના કદનાં અને નબળાં હતાં, અને મસ્તક પર સફેદ સ્કાર્ફ બાંધેલો. કરચલીવાળા ચહેરામાંથી, બે આંખો ચમકારા મારતી.

તેમણે મારું અભિવાદન કર્યું, અને જાણે હું તેમની ભાષા સમજતો હોઉં તેમ મારી સાથે વાત કરી. મોરિસે અનુવાદ કર્યો. "તે આપને શુભેચ્છા આપે છે અને કહે છે કે, 'હું માલિક વિનાની મિલકત છું.,'"

"'શું આપના પુત્રે ગઈ રાતના વ્યાખ્યાન વિશે વાત કરી છે ?"

તેમણે માથું હલાવ્યું, અને દીકરા તરફ આંગળી ચીંધી કહ્યું, "મોરિસ મિલકત વગરનો માલિક છે."

"તમારે ખૂબ મજાનો પુત્ર છે."

"એ મારી ખૂબ કાળજી રાખે છે."

"તમે એને માટે ગર્વ લઈ શકો."

"પણ એને પત્નીની જરૂર છે. હું એની પત્નીનીયે સંભાળ રાખીશ. એને કામ કરવા નહિ દઉં. બંને માટે રસોઈ કરીશ, ગરમાગરમ રસોઈ તૈયાર રાખીશ."

મોરિસે છેલ્લા વાક્યનો અનુવાદ કર્યો, ત્યારે મેં તેમને કહ્યું : "તમારાં મા માને છે કે, તમે પત્નીને તેમની પાસે લઈ જશો, અને ઘરનો વહીવટ તેમની પાસે જ ચાલુ રહેશે. મેં 'છોડવાની' જે વાત ગઈકાલે કરી તે ખૂબ કાળજીથી તેમને સમજાવજો. ખાસ કરીને રસોડા વિશે. જો તમારાં મા પણ ત્યાં આવી જાય તોયે રસોડાની રાણી કોણ હશે એ દીવા જેવું સ્પષ્ટ હોવું જોઈએ."

''આપ જ મારાં માને સમજાવો તો સારું.'' મોરિસે કહ્યું. ''આપ કહેશો તેનું વજન ઘણું વધી જશે. એ ખરેખર વિચિત્ર છે. પણ કેટલીક વાતો અજાણ્યાઓ પાસેથી આવે તો આપણે તત્કાળ સ્વીકારીએ છીએ.''

''મને લાગે છે કે બધાંને 'છોડવાની'' વાતમાં મૂંઝવણ થાય છે. પણ એ તો માનવીય નહિ પણ ઈશ્વરી હડાપણ છે.''

અમે ત્યાં સુધીમાં ચર્ચ પાસે આવી પહોંચ્યા હતા. એ ફરીથી ભરાઈ ગયું હતું. હું ડેનિયલ પાસે પુલપિટ નજીક ઊભો રહ્યો, ત્યારે જે સંદેશો અમારે આપવાનો હતો તેમાં અમારા બંનેના એકત્વની - સુમેળની મને લાગણી થઈ આવી.

# ૪

''ગઈ કાલે આપણે લગ્નત્રિકોણ વિશે ચર્ચા કરી હતી - છોડવું, વળગી રહેવું અને એક દેહ બનવું, જે માત્ર બે જ વ્યક્તિઓ વચ્ચે શક્ય છે.

''પછી એક સ્ત્રી મને મળી અને કહ્યું કે, 'મને આ તમારો દોરેલો ત્રિકોણ ગમતો નથી. એને ઘણા ખૂણા, દિશાઓ અને બિંદુઓ છે. તે ડંખે છે.'

''તે શું કહેવા માંગે છે તે મને સમજાયું. આ લગ્નસમારંભ, સ્નેહ અને કામધર્મનો ત્રિકોણ ખસેડી ન શકાય એવો, અક્કડ કે અણનમ છે એવું વિચારશો નહિ, પણ તે જીવંત છે એમ માનવાને પ્રયત્ન કરો.

''દાખલા તરીકે, એક સરકસમાં, મેં ત્રણ હાથાચાલાકી કરનારા જાદુગરો જોયા હતા. તે એકબીજાથી સરખે અંતરે ઊભેલા, ત્રિકોણના ત્રણ ખૂણાની જેમ. દરેક પોતાના બંને સાથીદારો તરફ દડા ફેંકતો અને બીજાઓ તરફથી ઝીલતો. દરેકે આપવાનું અને એ જ સમયે લેવાનું હતું. જ્યાં સુધી તેઓ આ આદાન અને પ્રદાનનો તાલ કે લય સાચવી શક્યા, ત્યાં સુધી રમત સંપૂર્ણ સંવાદમાં રમાઈ.

''લગ્ન એ આવી કૌશલયુક્ત કામગીરી જેવું છે. સંબંધ (relationship) ના કાયદેસરના, વૈયક્તિક કે અંગત અને શારીરિક પાસાની પારસ્પરિક ક્રિયા પર લગ્નનું જીવન અવલંબિત છે.'' આ સમયે મેં મારી બ્રીફકેસમાંથી લાકડાનો એક ત્રિકોણ બહાર કાઢયો, અને શ્રોતાઓ જોઈ શકે માટે ઊંચો પકડી રાખ્યો. મેં ડાબી બાજુના ખૂણાનો છેડો પકડી કહ્યું :

"લગ્નને સ્નેહની આવશ્યકતા છે. તે સ્નેહમાંથી તેની સિદ્ધિ કે પૂર્ણતા અને આનંદ પ્રાપ્ત કરે છે. સ્નેહ એ લગ્ન માટે વરદાન છે. તે લગ્નને સાહસની પ્રેરણા અને અનંત આશાઓનો ખજાનો પૂરો પાડે છે. સ્નેહ એ લગ્નની શિરાઓમાં વહેતા લોહી જેવો છે. તે જ તેને જીવંત રાખે છે.

"અને લગ્નક્રિયાની આ અવસ્થા (wedlock) આ જ જીવનને કામ-સંબંધમાં દોરી જાય છે, અને એક-દેહ ઐકયને આશ્રય પૂરો પાડે છે. એક સ્ત્રીએ તાજેતરમાં જ મને કહ્યું કે, આ ત્રિકોણને તંબૂરૂપે કલ્પવાનું તેને ગમશે. ખરેખર, શારીરિક સંબંધ માટે લગ્ન એ તંબૂ સમાન છે. પ્રેમીઓ તેમાં પોતાને સુરક્ષિત અને સલામત અનુભવે છે. ભયથી વિમુક્ત, તેઓ મહાન સંતોષ અને સાચી શાંતિની લાગણી અનુભવે છે.

"આ શાંતિનું સંવેદન સ્નેહ પ્રતિ, સ્નેહમાં વહે છે. ઊર્મિઓની અને સંવેગોની ચડતી-પડતીમાં આ જ મજબૂત આધાર બની રહે છે. 'તંબૂ'માં એક દેહ થવાનો અનુભવ પ્રેમને મજબૂતી અર્પે છે, અને તેને વિકસાવે છે. તે પ્રેમને વફાદાર બનવા પ્રેરે છે અને ટકી રહેવાનું બળ પણ આપે છે.



## બળોની પારસ્પરિક અસર *(Interplay of Forces)*

''પ્રેમ દેહસંબંધમાંથી માત્ર બળ મેળવતો નથી; તે પોતે પણ એક દેહ થવાની વાતને બળ આપે છે. પ્રેમ શારીરિક અભિવ્યક્તિ માટે ઝંખે છે, દેહધર્મને ઊંડાણ આપે છે અને તેને અર્થપૂર્ણ તથા મૂલ્યવાન બનાવે છે. પરિણીત પ્રેમના કૃત્ય તરીકે, એક - દેહસંબંધ તેના પૂરેપૂરા અર્થમાં 'સ્નેહ-ક્રિયા' (રતિક્રીડા) બને છે.

''પરિણામે, 'તંબૂ'માં પ્રેમની ક્રિયા માત્ર પ્રાપ્ત કરતી નથી, તે તો લગ્નને સલામતી પણ અર્પે છે. એકબીજાને થતી શરીર-સોંપણીથી, પ્રેમીઓ તેમની લગ્નપ્રતિજ્ઞાઓ પુનઃપુનઃ તાજી કરે છે.

''લગ્ન આ નિત્ય નવીનીકરણ પામતા સોગંદ વડે સ્નેહની સેવા કરે છે. આ જ કારણથી પ્રેમને જેટલી લગ્નની જરૂર છે, તેટલી જ જરૂર લગ્નને પ્રેમની છે. વિપત્તિના સમયોમાં જ્યારે સ્નેહ ઠંડો પડી જવાનું જોખમ ઊભું થાય છે ત્યારે પતિ અને પત્ની પોતે પરણ્યાં છે તે હકીકતને વળગી રહે છે, અને પારસ્પરિક પ્રતિજ્ઞાની એકમેકને યાદ અપાવે છે. 'છેવટે તો, હું તમને પરણ્યો/પરણી છું,' તેઓ કહે છે. આમ, લગ્નસંબંધ એ પ્રેમનો સંરક્ષક અને પાલક બને છે.

## પરમેશ્વરની ઈચ્છા *(The Will of God)*

''આપણા યુગમાં જાતીયતા (કામવૃત્તિ), પ્રેમ અને લગ્ન વિશે ભારે ગૂંચવાડો ચાલે છે. માત્ર આફ્રિકામાં જ નહિ, પરંતુ પૂર્વ અને પશ્ચિમી જગતમાં પણ આ ગૂંચવાડો સર્વત્ર પ્રવર્તમાન છે. આ હકીકતના પ્રકાશમાં બાઈબલનું આપણું આધારવચન અત્યંત આધુનિક નિવેદન કે કથન લાગે છે. પેલા ત્રણે મુખ્ય ઘટકોને તે ચોક્કસપણે સમાવે છે. મહાન પ્રશ્ન આ છે : કામવૃત્તિ, પ્રેમ અને લગ્ન અંગે ઈશ્વરની ઈચ્છા શી છે ? એમને કેવી રીતે સંબંધિત બનાવવા-સાંકળવા ઈશ્વર ચાહે છે ? કોઈ આ પ્રશ્નનો ઉત્તર આપવાની હિંમત કરતું નથી.

“તેમ છતાં, આ ગૂંચવાડાના સમયમાં આપણાં કાર્યો માટે માર્ગ-દર્શનરૂપ બને તેવી એક યોજના કે વિચાર હું રજૂ કરવા ચાહું છું. મારી વિચારણા આ છે :

“આ બળોની પારસ્પરિક ક્રિયાઓ તે જ ઈશ્વરની યોજના છે. તેથી, જે કંઈ તેને અનુમોદન આપે છે તે ઈશ્વરની યોજના સાથે સુસંવાદી છે, એકમત છે. જે કંઈ તેને અટકાવે છે તે ઈશ્વરની યોજના સાથે સુસંગત નથી, સંવાદી નથી.

“આ માર્ગદર્શન લગ્ન પહેલાં અને લગ્નજીવન દરમ્યાન લાગુ પાડી શકાય. લગ્ન પહેલાં તમારે તમારી જાતને આ પ્રશ્ન પૂછવો રહ્યો : ‘શું અમે જે કરવાનાં છીએ તે લગ્નમાં બળોની આંતરક્રિયા માટે અમને તૈયાર કરે છે ? અથવા શું તે અમને અટકાવશે અને ઘટકોની આંતરક્રિયાને રોકશે ?’ લગ્નજીવન દરમ્યાન તમારે પૂછવું જોઈએ :‘શું અમારું આ કે તે કૃત્ય બળોની આંતરક્રિયાને દઢ બનાવશે કે તેમને અંતે મુશ્કેલીમાં મૂકશે ?’

“ગતિશીલ ત્રિકોણમાં બળોની આ આંતરક્રિયામાં સ્થિતિસ્થાપકતા અને સર્જનાત્મક સ્વાતંત્ર્યને પૂરો અવકાશ છે. ઉત્પત્તિ ૨:૨૪માં ઈશ્વર આપણને એવી પ્રતિમા કે ભાવચિત્ર આપે છે, જે દરેક સંસ્કૃતિની, અને પરિસ્થિતિની અંગત જરૂરિયાતોને સંતોષે છે; કારણ કે, ઈશ્વરની ઈચ્છા માત્ર ખ્રિસ્તી માટે જ પ્રમાણભૂત નથી, તે તો માનવજાતિ માટે પ્રમાણભૂત છે, કાયદેસર છે. આ ગતિશીલ ત્રિકોણ, આપણા બાઈબલવચનની માર્ગદર્શક સંકલ્પના , એ પ્રત્યેક માટે ઈશ્વરનું વરદાન છે. હું ફરીથી કહું છું કે એ વરદાન છે, બક્ષિસ છે. તે જ સમયે પોતે કંઈક વળતર આપે નહિ ત્યાં સુધી ઈશ્વર કદી કશુંયે માંગતા નથી.”

મારા શ્રોતાજનો વિચારશીલ મૌનમાં ડૂબ્યા હતા. તે મારા હાથમાંના ત્રિકોણ તરફ અને શ્યામપટ પર દોરેલા ત્રિકોણ તરફ જોતા હતા. મેં તેમના વિચારો વાંચવાનો પ્રયત્ન કર્યો અને કહ્યું :

“તમે કદાચ નિરાશા અનુભવતા હશો. તમે કદાચ કહેતા હશો:

'જો લગ્ન એ આવી કળાકૃતિ હોય, તો સંપૂર્ણ લગ્નથી હું તો જોજનો દૂર છું.' હું સમજું છું. હું પણ એવી જ લાગણી અનુભવું છું. ડેનિયલ પણ તેવી જ લાગણી અનુભવે છે.''

ડેનિયલે હકારસૂચક મસ્તક હલાવ્યું.

''સંપૂર્ણ લગ્ન જેવી કોઈ વસ્તુ જ નથી. લગ્ન આપણને નમ્ર બનાવે છે. પોતાની શક્તિઓ વિશે નમ્રતા ધારણ કરવાનો માર્ગ તે લગ્ન છે. આપણે હંમેશાં લગ્નત્રિકોણના કોઈ એક કોણ ઉપર શ્રમ કરવો પડે છે.

''હું તો કહીશ કે મોટા ભાગની લગ્નવિષયક સમસ્યાઓ એ હકીકત પ્રતિ અંગુલિનિર્દેશ કરે છે કે, ત્રણમાંનું કોઈ એક ઘટક કે બળ ત્રિકોણમાં પૂર્ણરૂપે ગોઠવાયું નથી, ભળી ગયું નથી. કેટલીક લગ્નવિષયક બીમારીઓનું નિદાન કરવા આપણે પેલી માર્ગદર્શક સંકલ્પના અજમાવીએ. આપણે ધારી લઈએ કે તમે બધા લગ્નના ડૉક્ટરો છો. આપણે લગ્નની હૉસ્પિટલની મુલાકાતે જવાના છીએ. કેટલાક દર્દીઓનો તમને પરિચય કરાવવા દો. પ્રથમ દર્દીને ત્રિકોણના ડાબા ખૂણા સાથે મુશ્કેલી છે. પ્રેમ ઠંડો પડી ગયો છે. હું આ રોગને કહું છું.

### પોકળ કે રિક્ત લગ્ન *(The Empty Marriage)*

'' આ કેસ કેવો લાગે છે તેનું વર્ણન કરું. પુરુષ અને સ્ત્રી પરિણીત છે, લગ્ન કાયદેસરનું છે, અને ઠીક ઠીક લાંબા સમયથી પરણેલાં છે. શરીરસંબંધ પણ બાંધેલો છે, પણ પ્રેમ ચાલ્યો ગયો છે. આ પરિસ્થિતિનાં કારણો ઘણાં હોઈ શકે. કદાચ પ્રેમ હતો જ નહિ. કદાચ, તે નાની વયમાં અને પુખ્ત વિચારણા વિના પરણી ગયાં હશે. અને જેને તે 'પ્રેમ' ધારતાં તેનામાં 'વળગી રહેવાનું - વફાદારી' નું તત્ત્વ ખૂટતું હશે. અથવા તો લગ્ન માત્ર શારીરિક આકર્ષણનું જ પરિણામ હશે, અને વર્ષો વીતતાં શારીરિક આકર્ષણ એટલું બધું રહ્યું નહિ હોય. અથવા સ્નેહાગ્નિ સગળતો રાખવા બળતણ પૂરવા પ્રત્યે તેમણે બેદરકારી બતાવી હશે, અને ઘરકામમાં કે વ્યવસાયમાં કે

બાળકોમાં વધુ પડતાં ગરકાવ કે તલ્લીન બની ગયાં હશે. સહભાગી બન્યા વિના તેમણે જુદી જુદી અભિરુચિઓ કેળવી હશે, અને થોડા જ સમયમાં સમાન ભૂમિકા ગુમાવી દીધી હશે.

''આ તો ગંભીર રોગ છે. આવા લગ્નમાં તો ટૂંકા ગાળામાં જ ગંભીર પ્રકારની બીમારી આવી જાય. આરંભમાં તો આ રોગ 'પરિણીત છીએ'ના દેખાવથી ઢાંકી શકાય, અને બહારની દુનિયા મૂર્ખ પણ બની શકે. યુગલ રહે પણ એક જ ઘરમાં. પણ એટલું જ.

''રોગ વધ્યા વગર રહે જ નહિ. એ વધવા માંડે ત્યારે નીચેના જેવાં ચિહ્નો દેખાય : ભાગીદારો શબ્દમાં અને કાર્યમાં એકબીજા પ્રત્યે ક્રૂરતા દાખવે. આ ક્રૂરતા બંનેમાં સંપૂર્ણ ઉદાસીનતા જન્માવે, અને પારસ્પરિક સંબંધમાં એક ખાઈ જેવો ખાલીપો ઊભો થાય.

''આ ખાલીપો જાતીય સંબંધ ઉપર પણ અસર પહોંચાડશે તે અટળ વાત છે. ત્રિકોણના ત્રણે ખૂણા એકબીજાથી અભિન્ન હોવાથી, એકની માંદગી બીજા પર અસર પહોંચાડશે. દેહસંબંધ એક ફરજ કે જવાબદારી તરીકે ભોગવાશે. કામવૃત્તિ અને લગ્ન વચ્ચે તંગદિલી સર્જાય છે.

''થોડા જ વખતમાં પત્ની કરતાં પોતાને વધુ સમજી શકે તેવી સ્ત્રીની શોધમાં પતિ પડી જશે. અને પતિ કરતાં વધુ સહાનુભૂતિ દર્શાવનાર પુરુષને પત્ની શોધવા માંડશે. ઈર્ષ્યા ચૂપકીથી અંદર પ્રવેશશે. માનસિક બિનવફાદારી કામવિષયક બિનવફાદારીની આગળ ચાલશે. અંતે, વ્યભિચાર કાયદેસરતાના પાયા ઉપર અને ઉપરના ખૂણા ઉપર ગંભીર અસરો જન્માવશે.

''આ રોગ હજારો ફિલ્મો અને નવલકથાઓમાં વર્ણવવામાં આવે છે અને દર્શાવાય છે. કૃત્રિમ રીતે, આ નોવેલો અને ફિલ્મો પ્રેમના મૃત્યુ માટે લગ્નને દોષિત ઠેરવે છે. તેઓ આપણને એવું માનવા પ્રેરે છે કે લગ્નબહાર પ્રેમને જીવવાની તક છે, અને લગ્નબહારના

પ્રેમસંબંધો પ્રશંસાપાત્ર, રસપ્રદ, આકર્ષક અને મોહક છે.

"પરંતુ આ રોગનિદાન જ ખોટું છે. લગ્ન કાંઈ સ્નેહનું મૃત્યુ નિપજાવતું નથી, પણ ખરેખર તો સ્નેહનો અભાવ જ લગ્નના મોતનું નિમિત્ત બને છે. લગ્નબહારનો પ્રેમ, સહેલાઈથી જંગલી ઝાડીમાંની આગસમો ખતરનાક બને છે, જે અંતે પ્રેમીઓનો જ કોળિયો કરી જાય છે.

"એક શકયતા છે, જેને આ નોવેલો અને ફિલ્મો ભાગ્યે જ ચિત્રિત કરે છે. એ તો સુખી અને પરિણીત પ્રેમની કલ્પના છે, જે પ્રેમ ત્રિકોણની પરિપૂર્ણતા માટે આવશ્યક છે. સાચો ઉપચાર માત્ર આ જ છે. પ્રેમ પૂરેપૂરો મૃત્યુ પામે તે પહેલાં અને ત્રિકોણના બાકીના બે ખૂણા હચમચી જાય તે પહેલાં આ ઉપચાર કરવો જોઈએ."

"આપણે હવે બીજા દર્દી પાસે જઈએ, બીજું જોડું. તેમની સમસ્યા ત્રિકોણના ઉપરના ખૂણા અંગે છે. હું આ માંદગીને નામ આપું છું

## ચોરવિવાહ કે પ્રચ્છન્ન લગ્ન *(The Stolen Marriage)*

"આ કેસનાં રોગલક્ષણો આવાં છેઃ બંનેને લાગે છે તેઓ એકબીજાને ચાહે છે. તેઓએ એકબીજા સાથે દેહસંબંધ પણ બાંધ્યો છે. પણ હજુ તેઓ કાયદેસર રીતે પરણ્યાં નથી.

"આ તો આપણા યુગનું એક સૌથી મહાન પ્રલોભન કે પરીક્ષણ છેઃ લગ્નની કાયદેસર બાજુને માત્ર ઔપચારિક વિધિ માનવી, માત્ર એક બિનઅગત્યનો કાગળનો ટુકડો માનવો, જેને કોઈ દિવસે મેળવી શકાય કે ન મેળવીએ તો કોઈ વાંધો નહિ. વ્યક્તિ ધારે છે કે, લગ્નના પ્રેમ અને કામવૃત્તિના બે ખૂણામાં જ આખો લગ્નત્રિકોણ આવી જાય છે.

"કેટલાક લોકો, પૂરી ગંભીરતાપૂર્વક, અજમાયશી (Trial) લગ્નોની હિમાયત કરે છે. તેઓ તો સૂચવે છે કે, એકબીજા સાથે બરોબર મેળ બેસે છે કે કેમ તે જોવા-જાણવા બે યુવાન સ્ત્રી-પુરૂષોએ થોડો સમય સહજીવન ગાળવું. જો તેઓ પૂરો મેળ બેસતો નથી એવા નિષ્કર્ષ પર આવે, તો છૂટાછેડાનું જોખમ ઉઠાવ્યા વિના વિખૂટા પડી

શકે. પરંતુ પ્રેમ અને કામ એ બે જ ખૂણા આખા ત્રિકોણનું પ્રતિનિધિત્વ કરે છે એ ભ્રમણા ઉપર આ સૂચના કે સિદ્ધાંત આધારિત છે. પરંતુ એ આધારિત નથી જ, તેથી લગ્નની આવી કસોટી ન થઈ શકે.

"આ સંબંધ રોગિષ્ઠ છે. રોગચિહ્નો આ છે : ખાસ કરીને યુવતીને લાગેવળગે છે ત્યાં સુધી, ભંગિત હૃદયો અને ભંગાર જીવનો. તમને શી લાગણી થાય છે તેની મને ખબર નથી, પણ ઘણી સંસ્કૃતિઓમાં તો જે યુવતી પોતાનું કૌમાર્ય ગુમાવે છે તેનાં લગ્નની તકો લગભગ નહિવત્ રહે છે. અમારા દેશોમાં તો આવા સહજીવનથી ઉત્પન્ન થયેલા બાળકવાળી યુવતી તો ભયાનક પ્રતિકૂળતામાં ફેંકાઈ જાય છે. પરિણામ એ આવે છે કે, જ્યારે તે ગર્ભવતી બની છે તેવી યુવતીને ખબર પડે છે ત્યારે ઉતાવળિયું અને જબરજસ્તીવાળું લગ્ન ગોઠવી દેવામાં આવે છે. આવાં ઘણાં લગ્નો અંતે લગ્નવિચ્છેદમાં પરિણમે છે.

"આવા સંબંધોમાંથી ઉત્પન્ન થતાં બાળકોનો વિચાર પણ કરવો જ જોઈએ. તેઓની લગ્ન દ્વારા પ્રાપ્ત થતી સુરક્ષિતતા ઝૂંટવાઈ જાય છે. તંબૂનો ઉપરનો ભાગ વાવાઝોડામાં ઊડી ગયો છે. અંદર ઝાપટાં વરસે છે. બાળકો માત્ર લગ્નતંબૂની અખિલાઈ ગુમાવતાં નથી, તેઓ તો પિતાને પણ ગુમાવે છે. બાળકના જીવનમાં આનો શો અર્થ થઈ શકે તેની પુખ્ત વિચારણા મુશ્કેલ તો નથી જ. સાચે જ, તંબૂનો ઉપલો ભાગ,લગ્નસમારંભ, આવશ્યક છે."

આ જ વખતે, મને પેલી ફોન કરનાર અજ્ઞાત નવયૌવનાનો ખ્યાલ આવ્યો. શું તે પણ શ્રોતાસમૂહમાં હશે ? આ વિચારે મને નીચેની વાત કહેવા પ્રેર્યો :

"જેઓ તંબૂનો ઉપલો ભાગ કાપી નાંખે છે, અને 'મુક્ત સાહચર્ય' ભોગવે છે અથવા 'અજમાયશી લગ્ન' અજમાવે છે, તેઓ ઘણુંખરું એ કહેવાનું વીસરી જાય છે કે, આ બધું ગર્ભનિરોધક સાધનોને એક આવશ્યકતા કે અનિવાર્યતા બનાવી દે છે. તેઓ તો ખોટો દાવો કરે છે કે, આનાથી તે વાપરનાર વ્યક્તિઓ ઉપર કે તેમના સંબંધ

ઉપર કોઈ અસરો પડતી નથી. ખાસ કરીને લગ્નપૂર્વેના સંબંધોમાં અમુક ગર્ભનિરોધક પદ્ધતિઓ લગ્નની પવિત્રતા, ભવ્યતા અને સ્વાભાવિકતા માટે જોખમરૂપ છે, આપત્તિરૂપ છે.''

અહીં હું થોભ્યો. કેટલી વિગતોમાં ઊતરવું તે હું જાણતો નહોતો. મેં મારી આંગળી ચીંધી નીચેના મુદ્દા બતાવ્યા : 'વીર્યોત્સેક પહેલાં શિશ્ન ખેંચી લેવું' (early withdrawal), 'ગુહ્યાંગસ્પર્શ' (heavy petting), 'નિરોધ' (condom). ડેનિયલે એ શબ્દો પર ઊડતી નજર ફેંકી પોતાનું માથું ધીરેથી નકારમાં ધુણાવ્યું. પુલપિટનું આ સમૂહકામ અદ્ભુત હતું. મેં, અલબત્ત, તરત જ સંમતિ આપી અને આગળ ચલાવ્યું :

''હું ફરીથી દોહરાવું છું : તે પ્રેમ માટે અંતરાયરૂપ છે. જ્યારે આપણે પોકળ લગ્નનો અભ્યાસ કર્યો ત્યારે જે નિરીક્ષણ કર્યું હતું તે જ અહીં કરી શકીએ. જો ત્રિકોણનો એક કોણ બીમાર પડે તો બીજા બે પર અસર પડે છે, અને તે પણ રોગગ્રસ્ત બને છે. તેઓ એકબીજા સાથે સંઘર્ષમાં ઊતરે છે.

''જ્યાં પ્રેમ ખૂટે છે ત્યાં જાતીયતા કે કામવૃત્તિ અને લગ્ન ભાંગી પડે છે. જો વિવાહ ન થયા હોય, તો પ્રેમ અને કામ એકમેકના શત્રુ બને છે.

''દેહસંબંધ ઘણી વાર ઉતાવળથી અને પ્રતિષ્ઠાને ન છાજે તેવા સંજોગોમાં, ખાનગીમાં ભોગવાય છે. આ અનુભવ પ્રેમને પ્રફુલ્લિત ફળવંત થવા દેતો નથી, ઊલટું તેને પાનખરની જેમ ચીમળાવી નાંખે છે.

''યુરોપ અને અમેરિકામાં આ સમસ્યા ઘણી વાર જોવા મળે છે. એક જર્મન ફિલ્મમાં આ ચોરાઉ લગ્નને રસપ્રદ રીતે રજૂ કરવામાં આવેલું. ફિલ્મમાં એક યુગલ ખૂબ સુખમાં રહેતું દર્શાવાય છે. વીસેક મિનિટ ફિલ્મ ચાલ્યા પછી પ્રેક્ષકોને સમજાય છે કે, આ યુગલ પરિણીત

નથી. મિત્રો અને સંબંધીઓ તેમને લગ્ન કરવા સમજાવવા કોશિશ કરે છે પણ તેઓ નકારે છે. પહેલાં તો બધું સમેસૂતર ચાલ્યું. પછી યુવતી ગર્ભવતી બની. બંને વચ્ચેનો પ્રેમ અને વિશ્વાસ એવાં ઘનિષ્ઠ નહોતાં કે તે તેના 'પતિ'ને કહી શકે. તેંને તો ભય હતો કે પેલો કદાચ છોડી પણ દે. તેથી યુવતીએ ખાનગીમાં ગર્ભપાત કરાવવાનો નિર્ણય કર્યો.

''છેલ્લા દશ્યમાં તેને ઑપરેશન પછી મકાનમાં બાંકડા ઉપર અત્યંત થાકેલી અને સૂતેલી દેખાડવામાં આવે છે. પેલો કામથી ઘેર આવે છે, અને શું બન્યું તે સમજી જાય છે. બંનેને અલગ પાડતા એક વિશાળ અને ખાલી ટેબલને બીજે છેડે તે બેસે છે. સંપૂર્ણ મૌન પ્રવર્તે છે. બેમાંથી કોઈ એકે શબ્દ બોલતું નથી. હવે બંનેને એકબીજા સાથે વાત કરવાનું કશું રહ્યું નથી. લગ્નસમારંભનો કોણ ખૂટતો હોવાથી, પ્રેમને પોતાનું ટકાઉપણું અને અસલિયત કે સચ્ચાઈ પુરવાર કરવાની કોઈ તક નથી. જાતીયવૃત્તિ એ પ્રેમનું મૃત્યુ બને છે.''

હું એક પળ થોભ્યો. મેં યુવાન શ્રોતાઓમાં અમુક ચોક્કસ પ્રતિભાવ નિહાળ્યો. એમની આંખોમાંથી હું તારવી શક્યો કે આ ફિલ્મ તેમના શહેરમાં પણ બની શકી હોત.

''આપણે લગ્નહૉસ્પિટલના બીજા દર્દીને જોઇએ. આ લગ્નરોગનો ત્રીજો પ્રકાર છે. તે ત્રિકોણના જમણા કોણને સ્પર્શે છે. આ ખૂણો પણ બીમાર પડી શકે. હું આ માંદગીને આ નામ આપું

**સિદ્ધિપ્રાપ્તિમાં નિષ્ફળ લગ્ન *(The Unfufilled Marriage)***

''સર્વપ્રથમ, મને પરિસ્થિતિનું વર્ણન કરવા દો. યુગલ પરિણીત છે, લગ્ન કાયદેસરનું છે, અને લગ્નને દસ-વીસ વર્ષો પણ વીતી ગયાં છે. તેઓ એકબીજાને ઘણું ચાહે છે, અને લગ્નવિચ્છેદ વિશે કદી વિચારતાં નથી. પણ આ પ્રેમ હોવા છતાં, તેમનો દેહસંબંધ અસંતોષી અને ધ્યેયપૂર્તિમાં નિષ્ફળ રહે છે.

“પતિ આવીને મને કહે છે : ‘મારી પત્ની ઠંડી છે. તે સામાન્ય રીતના પ્રતિભાવ આપતી નથી. તે સંભોગને માત્ર સહન કરે છે, પણ તે મને કદી આમંત્રણ આપતી નથી. જાણે તેને દેહસંબંધમાં કશો આનંદ પ્રાપ્ત થતો નથી.’

“પત્ની આવીને મને કહે છે : ‘મારા પતિ ખૂબ ઉતાવળિયા છે. મને લાગે છે કે મારા પર જોરજુલમ કરે છે. ક્યારેય તે પૂરેપૂરા જોમદાર લાગતા નથી.’ અથવા તે એમ કહે : ‘તે હંમેશાં થાકેલા હોય છે. મારી કામેચ્છા જાગે છે, ત્યારે તે પીઠ ફેરવી ઊંઘી જાય છે. કદાચ તે પુરુષમાં નથી.’’

મેં નહોતો ધાર્યો એવો હાસ્યનો મોટો અવાજ આવ્યો. હું એ પળે વીસરી ગયો હતો કે, નામર્દાઈ એ આફ્રિકન સમાજમાં ભારે ઉપહાસપાત્ર ગણાય છે. નામર્દ વ્યક્તિ એ સામાન્ય માનવી કરતાં ઊતરતી માનવામાં આવે છે. આફ્રિકન પુરુષ મૃત્યુ કરતાં નામર્દાઈથી વધુ ડરે છે.

“લગ્નનાં શારીરિક પાસાંની આ બીમારીઓ લગ્નના સાથીદારોમાં ભારે યાતના જન્માવે છે. તેઓ એકબીજાને ચાહે છે, એકબીજાને સુખી બનાવવા માંગે છે, તેથી તેઓ વધુ વેઠે છે. આ રોગ ક્યાંથી આવે છે?

“ઘણા કેસોમાં તો સિદ્ધિપ્રાપ્તિમાં નિષ્ફળ નીવડતું લગ્ન એ ચોરાટ લગ્નનું પરિણામ હોય છે. હું આ કહું છું ત્યારે હું મૈથુનથી થતા જાતીય ચેપી રોગોનો વિચાર કરતો નથી. ના, હું જ્યારે કહું છું કે, પ્રચ્છન્ન લગ્ન ધ્યેયપ્રાપ્તિમાં નિષ્ફળ લગ્નનું જનક છે ત્યારે હું એકબીજા પ્રત્યે ઉદાસીન, સમયના દબાણ નીચે અને છૂપી રીતે જાતીય સંબંધ બાંધતાં યુગલો વિશે વિચારું છું, જેઓના માત્ર દેહ જ આ સંબંધમાં સમાવિષ્ટ થાય છે; હૃદય અને સમગ્ર વ્યક્તિત્વ તેમાં જોડાતાં નથી.

“ફરીવાર આપણે આ બીમારી બીજા બે ખૂણા પર કેવી રીતે અસર પહોંચાડે છે તે જોઈએ. એક કે બીજા ભાગીદાર માટે તે હંમેશાં નિરાશામાં પરિણમતો હોવાથી, જ્યારે શરીરસંબંધ જુલમ કે યાતનારૂપ બને છે ત્યારે, એક અથવા બીજું અન્યને પ્રેમના અભાવ વિશે ખિન્નતાપૂર્વક ઠપકો

આપવા માંડશે. કંટાળાનાં ઝાંખરાં વધવા માંડશે. અંગત સંબંધ બિનંગત યાંત્રિકતામાં પરિવર્તન પામશે. આ થવા માંડે ત્યારે, બીજા કોઈ વધુ સમજુ અને અનુકૂળ પ્રતિભાવ આપનાર સાથીદાર સાથે લગ્નબાહ્ય કામસંબંધ બાંધવાનાં પરીક્ષણો મોટાં થતાં જશે. પછી લગ્નની કાયદેસરતાનું પાસું જોખમાશે. વ્યભિચાર અને અંતે લગ્નવિચ્છેદ એ જ પરિણામસ્વરૂપ હશે. આ રોગ, પણ જો સમયસર નિવારી ન શકાય, તો લગ્નના મૃત્યુમાં પરિણમી શકે.''

મેં આ પળે આંતરિક રાહતનો શ્વાસ લીધો. આ તો મારા વ્યાખ્યાનનો સૌથી મનોવેધક, દુઃખદ ભાગ હતો, પણ ડેનિયલે અચકાયા વગર અર્થઘટન કર્યું હતું, અને વૃદ્ધો પણ ચીઢાયા હોય તેવું દેખાયું નહોતું.

મેં ફરીથી શરૂ કર્યું :

''જેઓ લગ્ન માટે પોતાને તૈયાર કરે છે, તેમને આ વ્યવહારુ પ્રશ્ન જાગે છે : 'આપણે ક્યા ખૂણાથી લગ્નત્રિકોણમાં પ્રવેશ કરવો જોઈએ ?'

''સામાન્યતઃ આના ત્રણ ઉત્તરો છે : રૂઢિગત ઉત્તર, આધુનિક ઉત્તર અને બાઈબલીય ઉત્તર.

''રૂઢિગત ઉત્તર ત્રિકોણના ઉપરના કોણથી પ્રવેશવાનું સૂચવે છે. હું તેને આવું કહીશ

## લગ્નસમારોહ દ્વારા પ્રવેશ *(The Wedding Entrance)*

માત્ર આફ્રિકા અને એશિયામાં જ નહિ, પરંતુ પશ્ચિમમાં પણ... આજ દિન સુધી આ જ સામાન્ય પ્રવેશદ્વાર હતું. લગ્ન નવયુગલ દ્વારા નહિ પણ માતાપિતા દ્વારા ગોઠવાય છે. કેટલીક વાર તો લગ્ન પહેલાંના થોડા દિવસમાં અથવા તો લગ્નના દિવસે જ નવદંપતી એકબીજાને પ્રથમ વાર જ જુએ છે.

''આ પ્રવેશનો હેતુ બહુ સ્પષ્ટ છે : બાળક મેળવવાનો. વંશવેલો

વધારવા સિવાયના બીજા ક્યા હેતુથી કે કારણથી વ્યક્તિ આ પ્રવેશ દ્વારા ત્રિકોણમાં પ્રવેશે ? આ લગ્નપ્રવેશ એ બાગ-સંકલ્પના સાથે સંબંધિત છે.''

મેં મારો લાકડાનો ત્રિકોણ ઉઠાવ્યો અને ઉપરના કોણને બતાવ્યો.

''વ્યક્તિ લગ્નપ્રવેશદ્વારથી પ્રવેશે છે, અને સીધી કામકોણ કે 'ફળદ્રુપતાકોણ' તરફ જાય છે, કારણ કે દેહસંબંધનો ઉદ્દેશ માત્ર બાળકો પેદા કરવાના સાંકડા અર્થમાં જોવામાં આવે છે. પ્રેમનો ખૂણો કાં તો છોડી દેવાય છે અથવા ઘણોબધો પડતો મુકાય છે. આ તો જોખમી બની શકે, કારણ કે તે નવદંપતી અને કુટુંબ વચ્ચેના સંઘર્ષ તરફ પણ દોરી જાય. કુટુંબે જે સૂચવ્યું છે તેના કરતાં બંને જુવાનો કંઈ જુદી જ પસંદગી કરે તો શું થાય ?

''રૂઢિગત રીતે ગોઠવાતાં આવાં બધાં લગ્નો ચોક્કસ દુઃખી જ થાય કે થવાં જોઈએ એવું દર્શાવવાનો મારો જરાપણ ઈરાદો નથી. લગ્નજીવન દરમ્યાંન પણ પ્રેમ ચોક્કસપણે વિકસી શકે, પાંગરી શકે.

''યુરોપ અને અમેરિકામાં અત્યંત લોકપ્રિય બનેલું એક સંગીતપ્રધાન નાટક છે, જેનું નામ **'છાપરા પર ફીડલ - (વાયોલિન) વાદક'** (Fiddler on thr Roof) એની હવે ફિલ્મ પણ બની છે. ટીવ નામના યહૂદી ગોવાળ અને ગોલ્ડી નામની તેની પત્નીની કથા એમાં નિરૂપાઈ છે. લગ્નદ્વારથી લગ્નસંબંધમાં જોડાતાં યુગલોની આ લાક્ષણિક કથા છે. લગ્નજીવનનાં પચીસ વર્ષ પછી બંને બીજું પાત્ર પોતાને ચાહે છે કે કેમ તે પ્રશ્ન એકબીજાને પૂછે છે. આપણે આ સંવાદ સાંભળીએ છીએ :

ટીવ

ગોલ્ડી, હું તને એક પ્રશ્ન પૂછું છું -
શું તું મને પ્રેમ કરે છે ?

ગોલ્ડી

તું મૂર્ખ છે.

ટીવ

હું જાણું છું -
પણ તું મને પ્રેમ કરે છે ?

ગોલ્ડી

હું તને પ્રેમ કરું છું ?
પચીસ વર્ષોથી મેં તારાં વસ્ત્રો ધોયાં છે,
તારે માટે રસોઈ કરી છે, ઘર સાફ રાખ્યું છે,
તને બાળકો આપ્યાં છે, ગાયો દોહી છે,
પચીસ વર્ષે, હવે પ્રેમ વિશે શું કામ પૂછે છે ?

ટીવ

ગોલ્ડી, પહેલી વાર મેં તને લગ્નદિને જ જોઈ,
અને હું ગભરાઈ ગયેલો.

ગોલ્ડી

મને શરમ આવી હતી.

ટીવ

હું અસ્વસ્થ બન્યો'તો.

ગોલ્ડી

હું પણ.

**ટીવ**

પણ મારાં માતાપિતાએ કહ્યું હતું કે,
આપણે એકબીજાને ચાહવાનું શીખી જઈશું.
તેથી ગોલ્ડી, હું તને પૂછું છું,
શું તું મને પ્રેમ કરે છે ?

**ગોલ્ડી**

હું તારી પત્ની છું.

**ટીવ**

હું જાણું છું. -
પણ તું મને પ્રેમ કરે છે ?

**ગોલ્ડી**

શું હું તેને પ્રેમ કરું છું ?
પચીસ વર્ષોથી હું તેની સાથે રહું છું.
તેની સાથે લડી છું, તેની સાથે ભૂખે મરી છું.
પચીસ વર્ષોથી તેની શય્યાભાગિની બની છું.
એ પ્રેમ નથી, તો બીજું શું છે ?

**ટીવ**

પછી તું મને પ્રેમ કરે છે ?

**ગોલ્ડી**

મને લાગે છે કે હું તેમ કરું છું.

**ટીવ**

અને મને લાગે છે કે હું પણ તને પ્રેમ કરું છું.

**ટીવ અને ગોલ્ડી**

આનાથી કોઈ વાત બદલાતી નથી,
તેમ છતાં,
પચીસ વર્ષો પછી,
તે જાણવું તે સારું છે.

''યુરોપિયનો અને અમેરિકનો ભાવના-પ્રધાન, શૃંગારી પ્રેમની કિંમત વધુ પડતી આંકે છે, જ્યારે આફ્રિકનો અને એશિયનો આ વિશે અમને ચેતવે છે ત્યારે અમારે તેમનું સાંભળવું જોઈએ. એક ભારતીયે એક વાર પ્રેમને સૂપના વાસણ સાથે અને લગ્નને સ્ટવના ગરમ પતરા સાથે સરખાવતાં કહ્યું : 'તમે પશ્ચિમના લોકો ગરમ વાસણ ઠંડા પતરા પર મૂકો છો, અને એ ધીમે ધીમે ઠંડું પડી જાય છે. અમે ઠંડું વાસણ ગરમ પતરા પર મૂકીએ છીએ, અને તે ધીમે ધીમે ગરમ થાય છે.'

''આ સરખામણીમાં ઘણું બધું તથ્ય છે. પ્રેમ લગ્ન માટે અનિવાર્ય છે એ હકીકતને તે સરખામણી ઈન્કારતી નથી. પણ તે એ દર્શાવે છે કે લગ્ન એ પ્રેમ કરતાં ઘણું, અનંતગણું વધારે છે. એ માત્ર ચાંદની અને ગુલાબ નથી, એ તો રકાબીઓ અને બાળોતિયાં પણ છે.

''તેમ છતાં, આ હકીકત છતાં, લગ્નદ્વારેથી પ્રવેશ એ સૌથી આશાસ્પદ છે કે કેમ તે શંકાસ્પદ છે. પ્રેમનું પરાક્રમ બીજાં બળો સાથે, આંતરક્રિયા સાથે ભળતું નથી એ જોખમ મોટું છે, અને તેથી ત્રિકોણની જોરદાર ગતિશીલતાને કાર્યશીલ કરવામાં મદદરૂપ થતું નથી. તેથી, બંને યુવક-યુવતીની સંમતિ લીધા વિના લગ્ન ગોઠવવું તે મોટો જુગાર ખેલવા જેવું છે, મોટા જોખમરૂપ છે, એટલું તો અચૂક કહી શકાય.

''મેં એક વખત એક વિશાળ આફ્રિકન યુનિવર્સિટીમાં, યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ સાથે એક ચર્ચાસભામાં ભાગ લીધો હતો. યુવતીઓ લગ્ન વિશે પ્રશ્નો પૂછવા માંગતી હતી. મને ભારે આશ્ચર્ય તો આ થયું કે, તેમનો સૌથી સળગતો પ્રશ્ન આ હતો : 'અમે લગ્ન ન કરવામાં કઈ રીતે સફળ થઈ શકીએ ?' મેં પૂછ્યું : 'તમે લગ્ન કરવા કેમ ઉત્સુક નથી?' ઉત્તર આ હતો : 'અમે આજુબાજુ સ્નેહ વિનાનાં એટલાં બધાં પોકળ લગ્નો જોઈએ છીએ કે, લગ્નદ્વારેથી લગ્નપ્રવેશ કરવાના વિચારથી અમને કંપારી છૂટે છે.'

''તેથી જ, આધુનિક ઉત્તરને એક નવી જ ધારણા રજૂ કરવાની છે. તે કામકોણથી પ્રવેશવાનું સૂચવે છે અને તેથી હું તેને આવું નામાભિધાન આપું છું :

## કામપ્રવેશદ્વાર *(The Sex-Entrance)*

''હું આરંભે જ એક વાત સ્પષ્ટ કરવા ચાહું છું. જેઓ કામના પ્રવેશદ્વારથી લગ્નત્રિકોણમાં પ્રવેશવા માંગે છે તેઓ વિશે હું વાત કરું છું ત્યારે હું **વિવાહિત** યુગલોની વાત કરતો નથી. તેમની સમસ્યા તો વિશિષ્ટ છે, અને તે વિશે હું કાલે ચર્ચા કરીશ.

''પ્રેમ આમાંથી જ પાંગરશે એમ માની જેઓ જાતીય અનુભવો દ્વારા પોતાના લગ્નનો પાયો નાખવા માંગે છે તેઓ વિશે હું વાત કરું છું. પછી, તેઓ સ્વાભાવિક રીતે, માને છે કે, આ પ્રેમ વફાદારીમાં પરિણમશે અને પછી, આપોઆપ લગ્ન પ્રતિ દોરી જશે.''

મેં મારો લાકડાનો ત્રિકોણ ઊંચો કર્યો, જમણા કોણ તરફ આંગળી ચીંધી એટલે કે કામકોણ, ત્યાંથી ડાબે અને ત્યાંથી ઉપર.

''અથવા કદાચ અવળી વાત પણ હોઈ શકે. તેઓ માને છે કે જાતીય શરણાગતિ બીજા ભાગીદારને તેમની સાથે લગ્ન કરવાની ફરજ પાડશે, અને પછી લગ્નનો પરવાનો હાથમાં હોવાથી, પ્રેમ ગમે તેમ કરી તેને અનુસરશે.

''બને માન્યતાઓ કપોળકલ્પિત અને ભ્રામક છે. પ્રેમ જાતીયતા કે કામવૃત્તિમાંથી વિકસતો નથી. પ્રેમ તો કામમાં પરિણમી, વૃદ્ધિ પામવો જોઈએ.

''એ સાચું કે, લગ્નમાં, તંબૂના રક્ષણ નીચે, જાતીયવૃત્તિ પ્રેમને બળ આપે છે. પણ આ તંબૂની બહાર પ્રેમને કારણે કામ પ્રયોજાતો નથી, પણ માત્ર સ્વાર્થી કારણોથી જાતીયવૃત્તિ સંતોષાય છે.

''શા માટ કાઇ યુવક, જેને તે ભાગ્યે જ ઓળખે છે અને જેના વિશે તેને જરાયે કાળજી નથી, તેવી યુવતી સાથે કામવાસના સંતોષવા પ્રયત્ન કરે છે ? સામાન્યતઃ ત્રણ પ્રધાન હેતુઓ હોઈ શકે :

૧. તેને ડર છે કે તે જાતીયવૃત્તિ નહિ સંતોષે, તો તે માંદો કે ચીડિયો બની જશે.

૨. તેને લાગે છે કે તે એવું કરીને શીખી શકશે.

૩. તેને પોતાના વિજયો કે પરાક્રમો વિશે ઢોલ પીટવાની ઈચ્છા હશે.

''પહેલું કારણ સાચું નથી. બીજું શક્ય નથી, અને ત્રીજું સાચે જ હલકટ છે. ત્રણેમાંનું એકે બીજા સાથીદાર પ્રત્યેની કાળજી કે પ્રેમનું પરિણામ નથી. કોઈ નવયુવક જે આવી દલીલો કરે છે તે માત્ર પોતાનો જ ખ્યાલ કરે છે. તે યુવતીને એક સાધ્ય તરીકે ઉપયોગમાં લે છે, પોતાના હેતુની સિદ્ધિ માટે એક ઓજાર તરીકે વાપરે છે. તે લગ્ન માટે પોતાની જાતને તૈયાર કરતો નથી.

''શા માટે કોઈ યુવતી, જેનો તેને ભાગ્યે જ પરિચય છે અને જેની તેને જરાયે ચિંતા નથી, એવા યુવકને પોતાનું શીલ, પોતાની જાત સોંપી દે છે ? ફરીથી, સામાન્યતઃ ત્રણ મુખ્ય હેતુઓ હોઈ શકે :

૧. તે યુવાનોમાં લોકપ્રિયતા મેળવવા પ્રયત્નશીલ છે.

૨. જ્ઞાત કે અજ્ઞાત રીતે, તે જાણવા માંગે છે કે તે માતૃપદ પ્રાપ્ત કરી શકશે કે નહિ.

૩. તે છોકરાને બાંધી દેવા માંગે છે, અને એમ કરી પતિ મેળવી લેવા માંગે છે.

આ ત્રણે હેતુઓ પ્રેમમાંથી નહિ પણ સ્વાર્થમાંથી જન્મ્યા છે. જે છોકરી આવા કોઈક કારણ માટે પોતાનું શિયળ સોંપી દે છે તે લગ્ન વિશે પોતાને તૈયાર કરતી નથી. તે કદાચ લોકપ્રિય થઈ શકશે, પરંતુ ખોટા છોકરા સાથે. થોડા જ સમયમાં તે 'સસ્તી' છોકરી સાથે

પંકાઈ જશે, અને જેઓ આ કારણથી તેને પસંદ કરશે તે ચોક્કસ નબળા પતિ બનશે. તે કદાચ ગર્ભવતી બને, અને એવી ખાતરી તેને મળે કે તે માતૃપદને માટે યોગ્ય છે, પણ કોઈક હેતુ માટે તેણે પોતાના બાળકને હલકું પાડયું છે, અને કદાચ એ બાળકને પણ પિતા વિના જ ઊછરવું પડે.

‘‘જાતીય સંભોગ દ્વારા યુવકને બાંધી લેવાની વાત, ઘણા કેસમાં ભ્રામક હોય છે. યુવકને સામાન્યતઃ જિતાયેલા કિલ્લામાં રસ રહેતો નથી જો માત્ર જવાબદારી અદા કરવાની વૃત્તિથી તે પેલી યુવતીને પરણે તોયે આવા લગ્નને સફળ થવાની તકો ઘણી ઓછી છે. એક હતાશ યુવતીએ મને એક વાર કહ્યું હતું : ‘મારે માટે એ આરંભ હતો, એને માટે એ અંત હતો.’ પ્રાપ્ત કરવાને બદલે, જે તે મેળવવા માંગતી હતી તે તેણે ગુમાવ્યું, અને કટુ અનુભવમાંથી શીખી કે જાતીયવૃત્તિ પ્રેમવિકાસમાં સહાયક થતી નથી, પણ ઊલટું તે તેનો વિનાશ કરી શકે.

‘‘બાઈબલમાં આવી એક કથા છે, જે અત્યારના કોઈ સામયિકમાં મળી શકે. બીજું શમૂએલ ૧૩માં આપણે વાંચીએ છીએ કે, કેવી રીતે દાઊદપુત્ર આમ્મોને પોતાની સાવકી બહેન તામારને ફસાવી. પોતે બીમાર છે તેવો તેણે ઢોંગ કર્યો અને તામાર પોતાને રૂબરૂમાં જમાડે તેવો આગ્રહ રાખ્યો. તેની આંખો સામે તેને રોટલી શેકવી પડી. પણ રોટલી શેકવાની વાત પૂરતી નહોતી. તામારને પોતાના સાવકા ભાઈના મુખમાં કોળિયા મૂકવા પડયા - અને તેય ક્યારે ? બંને શયનખંડમાં એકલાં હતાં ત્યારે. તામારે જરાયે પ્રતિકાર ન કર્યો.

‘‘પછી તો જેવું બનવું જોઈએ તેવું જ બન્યું. ‘પણ જ્યારે તે ખાવા [પોળીઓ] ને તેની પાસે લાવી ત્યારે તેણે તેને પકડીને કહ્યું, ‘આવ, મારી સાથે સૂઈ જા.’’’ આ છેલ્લી ક્ષણે તામારે લગ્નકોણને ચિત્રમાં આણવાનો મરણિયો પ્રયત્ન કર્યો. તેણે આમ્મોનને રાજા પાસેથી લગ્ન-પરવાનો મેળવી લેવા વિનંતી કરી.

''પણ, ના ! 'તેણે તેનું કહેવું માન્યું નહિ; પણ તે તેના કરતાં બળવાન હોવાથી તેના પર બળાત્કાર કરી તેની સાથે સૂઈ ગયો.' પછી આપણે પ્રચંડ પરિણામકારી કથન વાંચીએ છીએ. પછીનું વચન આ પ્રમાણે છે :'ત્યાર પછી આમ્મોનને તેના પર અતિશય ધિક્કાર આવ્યો; કારણ કે, જે પ્રેમથી તેને ચાહતો હતો તેના કરતાં મોટો ધિક્કાર તેને તેના પર આવ્યો.' અને આમ્મોને તેને કહ્યું : 'ઊઠ, જતી રહે.'''

''આ વાર્તા દર્શાવે છે કે લગ્નત્રિકોણ જુદો ન પાડી શકાય તેવો અને અવિભાજ્ય છે. જ્યારે ત્રીજો કોણ કપાઈ જાય અને પ્રેમ લગ્ન દ્વારા ઊર્ધ્વીકૃત ન બને, સુરક્ષિત ન બને, ત્યારે કેવી રીતે કામેચ્છા પ્રેમને ધિક્કાર અને તિરસ્કારમાં પલટાવી નાખનાર વિનાશક બળ બને, તેનું આ જીવંત નિદર્શન છે. અને તેથી જ, જે પ્રેમના પુરાવા તરીકે જાતીય શરણાગતિ શોધે છે તે પ્રેમને કારણે તેમ કરતો નથી. 'જો તું પ્રેમને ચાહતી હો, તો તારી જાતને સમર્પિત કરી, શય્યાભાગિની બની પુરાવો આપ.' એવી દલીલથી જે યુવક યુવતી પર જબરદસ્તી ગુજારે, તેને માટે એક જ જવાબ પૂરતો થઈ પડે : 'હવે હું જાણું છું કે, તું મને ચાહતો નથી, નહીંતર તું એવી માંગણી કરત નહિ.'

'' એ નિર્વિવાદ છે કે જ્યારે યુવતી એ જ દલીલનો આશ્રય લે, અને પ્રેમના પુરાવા તરીકે તેવા કૃત્યનો આગ્રહ રાખે, ત્યારે યુવકે પણ તેવો જ ઉત્તર આપવો જોઈએ. ડૉ. પૉલ પોપેનો નામના જાણીતા અમેરિકન લગ્નસલાહકારે આ વિશે એક ખૂબ વ્યવહારુ સૂચન કર્યું છે : તેમણે તો જણાવ્યું છે કે યુવતીએ આવી નોંધ યુવકના ખિસ્સામાં સરકાવી દેવી જોઈએ : 'મારા યુવકમિત્ર, ધીરે ધીરે આગળ વધ, અને મારામાં જે કંઈ સુંદર તત્ત્વો છે તે બધાં જો. અથવા ઉતાવળથી આગળ વધ, અને હું તારામાં જે કંઈ અલ્પ છે તે જોઈશ.''

શ્રોતાઓમાંના યુવાનોમાં થોડીક વિરોધની હિલચાલ દેખાઈ, તેથી મેં ઉમેર્યું : ''આપણને આજે જ્યારે આક્રમક યુવતીઓની વધતી

જતી સંખ્યા મળે છે, જ્યારે કદાચ, યુવકોએ આવી નોંધ યુવતીઓને ધીરેથી આપી દેવી જોઈએ.

''એક યુવતીએ કામદ્વારેથી લગ્નત્રિકોણમાં ન પ્રવેશવાનો પોતાના મિત્ર સાથે નિર્ણય કર્યો છે, તેના પત્રમાંથી થોડાંક અવતરણો વાંચી હું સમાપન કરું. તેણે લખ્યું હતું : 'અમે આ નિર્ણય લીધો ત્યારથી અમારા સંબંધોમાં એક સલુકાઈ આવી છે, સારલ્ય પ્રવેશ્યું છે - જે કશાએ અંતિમ રૂપ ધારણ કર્યું નથી તેનું સારલ્ય. આ જ એ વાત છે જેનું મૂલ્ય મારે મન સર્વાધિક છે. એ ઉપરાંત, આ જ પ્રકાશમાં મહાનતા અને ગહનતાની આશા છે.'''

# ૫

**વ્યા**ખ્યાન બાદ મંદિરદ્વાર પાસે ઊભો રહી હું શ્રોતાઓનું અભિવાદન ઝીલતો હતો ત્યારે એક પ્રમાણમાં ઊંચી યુવતી ઝડપથી પસાર થતાં જાણે કે કાનમાં કહી રહી :

''હું આજે રાત્રે તમને હૉટેલ પર ફોન કરીશ.''

''હું તો પાસ્ટરહાઉસે હોઈશ. તમે ત્યાં ફોન કરજો.''

''વારુ.''

''તમારું નામ મને કહો, જેથી તમે ફોન કરો ત્યારે ફોન કરનાર કોણ છે તે હું જાણી શકું.''

''ફાતમા.''

પછી એ ચાલી ગઈ. મેં તત્કાળ વિચાર્યું કે, કદાચ આ જ મારી અજ્ઞાત ફોન કરનાર છે. એક ક્ષણ તો મને તેની પાછળ દોડવાનું મન થઈ આવ્યું. પણ ત્યાં મીરિયમ તિમોથી સાથે આવી.

''શું આપણે વાતચીત માટે બીજી વાર મળી શકીએ ?'' તેણે પૂછ્યું.

''તમે બંને સાથે આવો તો સારું.''

''એવી જ અમારી પણ ઈચ્છા છે.''

બીજે દિવસે બપોર પછી પાંચ વાગ્યાનો સમય અમે નક્કી કર્યો.

મને મળનાર છેલ્લી વ્યક્તિઓ બે હતી : મોરિસ અને તેમનાં મા. તેમણે મારો જમણો હાથ પોતાના બંને હાથમાં લઈને વાત કરતાં વારે વારે નમન કર્યું.

''તે આપનો આભાર માનવા માંગે છે,'' મોરિસે કહ્યું.

''એમને આજે સાંજે કઈ વસ્તુ વિશેષ સ્પર્શી ગઈ તે કહેવાનું તેમને કહો.''

માતાએ ક્ષણભર વિચાર કર્યો અને પછી મોરિસે તેમના ઉત્તરનું ભાષાંતર કર્યું :

''તે કહે છે કે, લગ્નમાં પ્રેમ તો પાછળથી પણ પ્રવેશી શકે. અને પેલા સંગીતપ્રધાન નાટકમાં પેલી સ્ત્રીએ જે કહ્યું હતું : 'પચીસ વર્ષથી હું તેની સાથે રહી છું... એ પ્રેમ નથી, તો શું છે ?''

મેં આ સૂકી, ઘસાઈ ગયેલા શરીરવાળી વૃદ્ધા તરફ જોયું. કરચલીવાળા ચહેરામાંથી ચમકતી પેલી જીવંત આંખો તરફ જોયું - અને હું મારા હાથ તે વૃદ્ધાની કમર આસપાસ વીંટાળી તેમને ભેટયા વગર રહી ન શક્યો.

ખાસ તો એ વિચાર કે, એ વૃદ્ધાએ તે પંક્તિ યાદ રાખી હતી! મને ઘેરા સંતોષની લાગણી થઈ આવી. જુદી ભાષાઓ છતાં, જુદી સાંસ્કૃતિક પાર્શ્વભૂમિકાઓ છતાં, જો આ વૃદ્ધ બાઈ સંદેશો ઝીલી શક્યાં હોય, તો હું નક્કી માની શકું કે બીજાંઓ પણ સમજ્યાં જ હશે.

વિભિન્ન પાર્શ્વભૂમિકાઓ ? એથી શું ? યહૂદી પશ્ચાદ્ભૂમિકાવાળું, અમેરિકન સંગીતપ્રધાન રૂપક, અને તેય ભજવાયેલું રશિયામાં ! તે જો આફ્રિકન ગીચ ઝાડીઓમાં ઊછરેલી એક ૭૦ વર્ષીય વૃદ્ધાને સ્પર્શી જાય - લોકોનાં હૃદયો આખી દુનિયામાં સરખાં જ હોવાં જોઈએ. આ જે ભેદભાવો દેખાય છે તે સપાટી ઉપરના છે. અભ્યંતરમાં કે ઊંડાણમાં ખુલ્લા માનવહૃદય સિવાય બીજું કશું જ નથી - ઝંખતું, ડરતું, આશા રાખતું - જ્યાં કંઈ એ ધબકે છે ત્યાં.

હું પાસ્ટર ડેનિયલના નિવાસસ્થાનમાં પ્રવેશ્યો ત્યારે સાંજનું વાળુ પીરસાયેલું હતું. ડેનિયલ પોતાની મંડળીના કેટલાક સભ્યો સાથે વાતોમાં મશગૂલ, દેવળના ચોગાનમાં ઊભા હતા. મદદ કરનાર છોકરી સાથે

એસ્તર હજુ રસોડામાં હતાં. એસ્તરે મારું અભિવાદન કરી, મને જમણના મેજ પર મારી જગ્યાએ બેસવાનું કહ્યું.

''વાળુ થોડી જ મિનિટોમાં તૈયાર થઈ જશે.''

''શું તમે આજે રાત્રે મંદિર (church) માં હતાં ?''

'' હા, અલબત્ત હતી.''

દેખીતી રીતે જ, એસ્તરે વેળાસર રસોઈ કરી દીધી હતી. તે નક્કી ખૂબ કાર્યદક્ષ ગૃહિણી હોવી જોઈએ, મેં વિચાર્યું.

દસેક મિનિટ પછી તેમણે નૂડલ (સેવો જેવી ઘઉંની એક વાનગી) ની ગરમાગરમ ડિશ લાવી મૂકી. બાફેલાં ઈંડાં અને ટામેટાં સાથે શણગારેલો, કાપેલા માંસનો થાળ પણ મૂક્યો. ફ્રૂટસેલાડ - કાપેલાં કેળાં, પપૈયા, મોસંબી અને દ્રાક્ષ - નો મોટો ગ્લાસ પણ ડિઝર્ટ (ભોજનની આખરે પીરસાતાં ફળ કે મીઠાઈ) તરીકે મૂક્યો.

''આપને ચા ફાવે કે કૉફી ?''

''ચા, હું હજુ ઠીક ઠીક તંગ સ્થિતિમાં છું. અને જો કૉફી પીઉં તો ઊંઘ વેરણ થઈ જાય.''

અમે સામેસામે બેઠાં. મેજના એક ખૂણે ડેનિયલની જગ્યા હતી.

''ભાષણ કરવામાં ખૂબ શ્રમ પડતો હશે, નહિ ?'' એસ્તરે વિનયપૂર્વક પૂછ્યું.

''ભાષણ તો કંઈ બહુ શ્રમદાયી હોતું નથી. પરંતુ પછીની મુલાકાતોમાં ઘણી શક્તિ ખર્ચાઈ જાય છે.''

અમે થોડી વાર શાંત બેઠા.

''ડેનિયલ ક્યાં છે ?''

''તે બહાર લોકો સાથે વાતો કરે છે.''

''શું એ જાણતા નથી કે ભોજન તૈયાર છે ?''

''હા, એ જાણે છે.''

ફરી શાંતિ પ્રવર્તી રહી. ગરમાગરમ રસોઈમાંથી હજુ વરાળ નીકળતી હતી.

"શું તમે એમને બોલાવી ના શકો ?"

"કશો અર્થ નથી. એ પૂરું નહિ કરે ત્યાં સુધી આવશે નહિ."

અમે થોભ્યાં.

"મને તમારા વ્યાખ્યાનમાં મજા આવી." એસ્તરે વિષય બદલવાની ઈચ્છાથી કહ્યું.

"અનુવાદક તરીકે તમારા પતિ અદ્ભુત છે. હું આત્મામાં તેમની સાથે સંપૂર્ણપણે ઐક્ય અનુભવું છું, તેથી જાણે એક જ વ્યક્તિ બોલતી હોય તેવું લાગે છે. મને તો એવું થાય છે કે, અનુવાદ કરતાં કરતાં તે વ્યાખ્યાનને ઠીક ઠીક મઠારે છે."

"તે સારો અનુવાદ કરે છે."

અમે ફરી મૌન બની ગયાં. એસ્તરે ગરમ ડિશ ઉપાડી લઈ રસોડામાં પાછી મૂકી.

"તમને દુઃખ થાય છે," મેં કહ્યું, " અને મારે લીધે તમને મૂંઝવણ થતી હશે."

તેણે આંસુ ખાળવા મથામણ કરી, અને પોતા પર કાબૂ મેળવી લીધો.

"હું ડેનિયલને ખૂબ ચાહું છું," તેણે કહ્યું : "પણ તે સમય પાળનાર નથી. સખત શ્રમનો મને કંટાળો નથી, પણ હું મારા દૈનિક કાર્યની યોજના કરવા અને મારી ફરજોને વ્યવસ્થિત ગોઠવવા ઈચ્છું છું. પણ એ તો તાત્કાલિક આવેશમાં કામ કરનાર માણસ છે. પાળક તરીકે એ અદ્વિતીય છે. લોકો પણ તેમને ચાહે છે. પણ મને લાગે છે કે, તેઓ તેમનો થોડો ગેરલાભ પણ ઉઠાવે છે."

"તમારાં દાન ભિન્ન છે, પણ તેમને એકબીજાને પૂરક બનવા, સંપૂર્ણ બનાવવા વપરાવાં જોઈએ."

"કદાચ એમ હશે, પણ અમારાં દાનોને યોગ્ય સંબંધોમાં કેમ ગોઠવવાં તે અમે જાણતાં નથી. અમે એકબીજાના હાથમાં દડા ફેંકતાં નથી. અમે બે જુદી જુદી દિશાઓમાં દડા ફેંકીએ છીએ. તેઓ ધરતી પર પડે છે, અને તેમને ઉઠાવનાર કોઈ હોતું નથી."

હજું ડેનિયલ આવ્યા નહિ. એસ્તર પોતાની અધીરતા પર કેવો કાબૂ મેળવી લે છે તે જોઈ મને પ્રશંસા થઈ.

''મને તેમની પાસે જવા દો,'' મેં કહ્યું.

એસ્તરે ખભા ઉછાળ્યા, અને સ્મિત કરવાનો પ્રયત્ન કર્યો, પણ તેમણે મને રોકયો નહિ.

ડેનિયલ પાળકગૃહ અને મંદિર વચ્ચેના ચોગાનમાં ઊભા રહી એક ટોળી સાથે આનંદી ચર્ચામાં ડૂબેલા હતા. મેં તેમને કહ્યું :

''ડેનિયલ, આ મિત્રોને મારે એક સંદેશો આપવો છે. શું તમે તેમને કહી બતાવશો ?''

ડેનિયલે સંમતિસૂચક સ્મિત કર્યું.

''બહેનો અને ભાઈઓ,'' મેં કહ્યું : ''આ ભાઈ જેની સાથે તમે વાતો કરો છો તે અત્યંત શ્રમિત છે. તે ખૂબ ભૂખ્યા પણ છે. એમના ઘરમાં પત્ની આંસુ સારે છે, કારણ કે ભોજનની થાળી ઠંડી પડી રહી છે. ઉપરાંત, તેમને ત્યાં મહેમાન છે. તે પણ ખૂબ થાકેલા છે, ભૂખ્યા છે, કારણ કે તેમણે પણ અમુક ચર્ચમાં ભાષણ કર્યું છે...''

છેલ્લા શબ્દો હાસ્યના ખડખડાટમાં અને ક્ષમાસૂચક ઉદ્ગારોમાં ડૂબી ગયા. એક મિનિટમાં બધાં વિખરાઈ ગયાં.

''તમે તેમ કરી શકો,'' અમે ઘર તરફ ડગલાં માંડયાં ત્યારે ડેનિયલે કહ્યું, ''પણ તેઓ મારી પાસેથી તે સ્વીકારત નહિ.''

''શું તમે કદી પ્રયત્ન કર્યો છે ?''

અમે ઘરમાં પ્રવેશ્યાં અને મેજ પાસે બેઠાં. એસ્તર ફરીથી રસોડામાંથી ગરમ થાળીઓ લઈ આવ્યાં. ડેનિયલે પ્રાર્થના કરાવી. ત્યાં જ ટેલિફોન રણકયો. મધમાખીએ ડંખ માર્યો હોય તેમ ડેનિયલ કૂદીને ઊભા થયા.

હું પણ કૂદ્યો. મેં તેમના ખભા પર હાથ મૂકી તેમને બેસાડી દીધા, અને એસ્તરને કહ્યું :

''તમે જાઓ, અને ટેલિફોન લો. વાત કરનારને કહો કે, તમારા પતિ ભોજન કરે છે. તે પછીથી વાત કરશે કે સંદેશો આપશે, તે પૂછી જુઓ.''

તે તરત જ પાછી આવી ''કોઈ ભાઈ હતા'', તેણે કહ્યું, ''ટેલિફોન કરવાનું ખાસ કોઈ કારણ નહોતું. એ તો માત્ર અભિવાદન કરવા માંગતા હતા.''

અમે સાથે જમવાનું શરૂ કર્યું.

''હંમેશાં આવું જ બને છે.'' એસ્તરે વિવેચન કરતાં કહ્યું, ''અમે જમવા બેસીએ છીએ કે ટેલિફોનની ઘંટડી વાગે છે. દરેક ભોજન-સમય દરમ્યાન ડેનિયલને ચારથી પાંચ વાર ભાણા પરથી ઊઠવું પડે છે.''

''તમે આવું જ ચાલુ રાખશો, ડેનિયલ, તો માંદા પડી જશો. અને તેમને બચાવવા એ ફરજ, એસ્તર તમારી છે.''

''પણ એ ફરજ બજાવવા દે, તો ને ?''

''ડેનિયલ, તમે તમારા ચર્ચના ઘંટ વગાડનાર નથી, તમે તો પાળક છો.''

ફરીથી ઘંટડી વાગી. મને સમજાયું કે ન ઊભા થવા માટે ડેનિયલને બધી શક્તિ અને સંકલ્પશક્તિ ખર્ચવી પડતી હતી. મેં એસ્તર તરફ ફરી ડોકું હલાવ્યું અને તે ઊભાં થયાં.

તે ખસ્યાં એટલે ડેનિયલે કહ્યું :

''અમે શા માટે તમને હૉટેલમાં ઉતારો આપ્યો તે સમજાયું ?''

''હા, હું સમજું છું. પણ તમારે કોઈક ઉકેલ શોધી કાઢવો જોઈએ. તમારાં સમય અને શક્તિ આમાં તો ખોટાં વેડફાય છે.''

એસ્તર પાછાં આવ્યાં. તેમણે કહ્યું, ''કોઈકની મા બીમાર છે, પણ કશું ગંભીર નથી. હું તેમને સવારે મળીશ. મેં સરનામું નોંધી લીધું છે.''

''સાચું પૂછો તો, એસ્તર, તમારે પણ ટેલિફોન લેવાની જરૂર નથી. અમુક ચોક્કસ સમયે ટેલિફોનનું કામ કરવા તમારે મંડળીમાંથી કોઈકને તાલીમ આપવી જોઈએ.''

''માત્ર ટેલિફોનની વાત નથી. મુલાકાતીઓ અને ખબર પૂછવા આવનારાં પણ એક મોટી સમસ્યા છે. તેઓ ગમે તે સમયે આવી ચઢે છે.''

"હું બીજો કોઈ ઉકેલ જોતો નથી. અમુક ચોક્કસ સમયોએ જ તમે મળી શકો તેવું તમારે નક્કી કરી ગોઠવવું જોઈએ, અને પછી એ 'મળવાના સમયોની' કાપલી દ્વાર પર લગાડી દો."

ડેનિયલે કહ્યું, "આફ્રિકનો આ વાત નહિ સમજે. તેઓ તો તેને ભારે અવિનય માનશે. એ તો તેમના રિવાજોની વિરુદ્ધ છે."

"મારા ભાઈ, સાંભળો, જો તમે જર્મની આવો, અને કોઈ સ્થાનિક મંડળીની મુલાકાત લો, તો હું તમને ખાતરી આપી શકું કે, ત્યાંના પાળકની સમસ્યાઓ પણ તમારા જેવી જ દેખાશે. પ્રશ્ન તો આ છે કે તમે તમારા રિવાજોને કે તમારા તેડાને, કોને વિશેષ આધીન છો ? તમે દીવાદાંડી-રક્ષકની વાત જાણો છો. તેની જવાબદારી તો દીવો સળગતો રાખવાની અને રાત-દિન તેમાં તેલ પૂરવાની હતી. જોખમી ખાડીઓમાં થઈને પસાર થતાં જહાજોને આ દીવાદાંડી માર્ગ દર્શાવતી. પાસેનાં ગામોના લોકો આવીને પોતાના દીવા માટે માત્ર થોડું અમથું જ તેલ માંગતા. તે એટલો ભલો હતો કે, 'ના' કહી શકતો નહિ. તેથી તેણે પોતાનો તેલનો પુરવઠો ધીમે ધીમે વહેંચી માર્યો. એક દિવસે તેલ પૂરેપૂરું ખૂટયું અને દીવાદાંડી ઓલવાઈ ગઈ. પરિણામે એક જહાજ ખડક સાથે અથડાયું અને ડૂબી ગયું. તેના સારા સ્વભાવ કે ભલાઈને કારણે ઘણા નિર્દોષોના જાન ગયા."

"તમે સાચા છો," ડેનિયલે કહ્યું, "હું પણ 'ના' કહી શકતો નથી."

"તમારું પાળક તરીકેનું સેવાકાર્ય જોખમમાં નથી, તમારું લગ્ન પણ જોખમમાં છે."

"હું જાણું છું કે, અમારે નવો આરંભ કરવાનો છે. ત્રિકોણના જમણા ખૂણા પર અમારે કામ કરવાનું છે - સહભાગીપણાનો કોણ."

"જો અમને પ્રત્યેક સવારે માત્ર પંદર મિનિટ ખલેલ વિના સાથે ગાળવાની મળે તો !" એસ્તરે કહ્યું, "પણ પ્રત્યેક દિનમાં કોઈ યોજના વિના અણધાર્યા ધસીએ છીએ, અને પછી શું બનશે તેની વાટ જોઈએ છીએ. તે શું કરશે તે હું કદી જાણતી નથી. હું શું કરું છું

તે એ જાણતા નથી. અમારે કોઈ ચોક્કસ જમવાના સમયો નથી. બાળકો માટે પણ મુશ્કેલીઓ સર્જાય છે.''

બારણે ટકોરા પડયા. બંનેએ પ્રશ્નસૂચક દૃષ્ટિએ મારી સામે જોયું.

''રસોઈ કરનારી છોકરી શું કરે છે ?'' મેં પૂછ્યું.

''આપણે જમી રહીએ ત્યારે ડિશો ધોવાની વાટ જોતી તે ઊભી છે.''

અમે ફરીથી ટકોરા સાંભળ્યા.

''છોકરીને કહો કે તે દ્વાર પર જઈને આવનાર વ્યક્તિને કાલે આવવાનું કહે-''

''અને તે પણ સવારે નવ પહેલાં...'' ડેનિયલે સૂર પુરાવ્યો.

થોડી ક્ષણો બાદ છોકરી પાછી આવી.

''તેમણે શું કહ્યું ?''

''તેમણે હા પાડી.''

''એમ ?'' ડેનિયલે મસ્તક ધુણાવતાં કહ્યું, ''લાંબે ગાળે અમારા લોકો આ સમજશે નહિ.''

''જો તમે પડકાર નહિ આપો, તો અલબત્ત, તેઓ ક્યારેય નહિ સમજે. સવારે જે પંદર મિનિટ એસ્તર સાથે ગાળવા માંગે છે તે તો દિવસના સુકાન જેવી છે. ભૂલશો નહિઃ તમારા પોતાના પરિણીત જીવન વડે તમે જે સાક્ષી આપો છો તે લગ્ન પરનાં સો ભાષણ કરતાં વધુ કામ કરે છે.''

ડેનિયલે પ્રત્યુત્તર આપ્યોઃ ''હું તમને કહું કે, ઘણી વારે અમારે અમારી જાતને યાદ આપવી પડે છે કે, અમે પરણેલાં છીએ. જો માત્ર પ્રેમની લાગણી પર તે આધારિત હોત તો અમારા લગ્ન-નાવનો ક્યારનોયે ભાંગીને ભૂકો થઈ ગયો હોત !''

''અને આ તો અમે બંને એકબીજાને ચાહીએ છીએ તે હકીકત હોવા છતાં,'' એસ્તરે એકાએક વચ્ચે બોલતાં કહ્યું : ''હું તેમને ઘણા ઘણા ચાહું છું, અને જાણું છું કે તે પણ મને ચાહે છે.''

''તમે એકબીજાને ચાહો છો તેમ છતાં પણ નહિ,'' મેં કહ્યું, ''પણ તેને લીધે તમારી જાતને તમારે યાદ દેવડાવવું પડે છે કે તમે પરણેલા છો.''

''શું લગ્ન પ્રેમને ટેકો આપે છે, બચાવે છે એ વિચાર યુરોપ-અમેરિકામાં સામાન્ય રીતે સ્વીકારાયેલો છે ?'' ડેનિયલે પૂછ્યું.

જ્યારે આફ્રિકનો આવા પ્રશ્નો પૂછવા માંડે છે ત્યારે મને થોડો ડર લાગે છે.

''ના, જરાયે નહિ,'' મેં પ્રામાણિકતાથી કહ્યું. યુરોપ-અમેરિકામાં તો આજે ત્રિકોણનાં ફાડિયાં થઈ ગયાં છે. લગ્ન અને પ્રેમને ફાડીને અલગ કર્યા છે, પ્રેમ અને કામને ફાડીને અલગ કર્યા છે, અને અલબત્ત, લગ્ન અને કામને પણ ચીરી નાંખ્યા છે.''

''તેઓ લગ્ન અને પ્રેમને કેવી રીતે ચીરીને અલગ કરે છે ?''

''પ્રેમ' દરેક વાતને વાજબી કે ન્યાયી ઠરાવે છે એ દલીલથી. તમે તે પુરુષને કે સ્ત્રીને 'ચાહો' તો, લગ્ન કરીને કે લગ્ન વિના, તમે જ્યાં ઈચ્છો ત્યાં કામતૃપ્તિ કરી શકો, જેટલી વાર ઈચ્છો તેટલી વાર દેહસંબંધ બાંધી શકો, અને જેની સાથે ઈચ્છો તેની સાથે બાંધી શકો.''

''પણ આ વિચારસરણી સામે શો વાંધો છે ?''

''એ અવાસ્તવિક છે. દુનિયા જેવી છે તેવી તેઓ જોતા નથી. અમર્યાદિત સ્વાતંત્ર્ય જેવી કોઈ વસ્તુ નથી. જંગલનો કે ઝાડીનો દાવાનળ વિનાશક બની શકે તેમ જ આ 'મુક્ત પ્રેમ' અમાનુષી કે જંગલી બને છે, આસુરી બને છે. સોવિયેત રશિયામાં એક વાર 'મુક્ત સાહચર્ય'નો પ્રયોગ કરવામાં આવ્યો. તે પ્રયોગ નિષ્ફળતામાં પરિણમ્યો. સગડી અગ્નિ માટે જેટલા મહત્ત્વની છે,તેટલું જ લગ્ન પ્રેમ માટે મહત્ત્વનું છે.''

''પણ હું આ વાત મારા લોકોને કેવી રીતે સમજાવી શકું ?''

''માત્ર એક જ માર્ગ છે : ઈશ્વરના પ્રેમ દ્વારા. ઈશ્વર પ્રેમ છે. તેથી જ ઈશ્વરપુત્રે પોતાના સ્વાતંત્ર્ય અને પરાક્રમને તજી દીધા. તેમણે પોતાને નમ્ર કર્યા અને બંધનો તથા મર્યાદાઓ સ્વીકાર્યાં. ઈશ્વર માનવ દેહમાં આવ્યા. પ્રેમે શરીરનું રૂપ ધારણ કર્યું.''

"પણ એનો અર્થ તો એવો થાય કે જે ઈશ્વરના દેહધારીપણામાં વિશ્વાસ રાખે છે તે જ લોકોની લગ્નસમસ્યાઓમાં સહાય કરી શકે."

"તેના ગહનતમ અર્થમાં, હા, કારણ કે જેને આપણે ચાહીએ છીએ તેનામાં ઈશ્વર પોતે આપણને મળે છે એ વાત તે સમજે છે. આપણા ભાગીદારમાં ઈશ્વરનો ભેટો ન થાય ત્યાં સુધી આપણા સાથીદાર પ્રત્યે નિષ્ફળ છીએ."

ડેનિયલે થોડો સમય વિચાર કર્યો.

"અને, પશ્ચિમમાં પ્રેમ અને કામને કેવી રીતે ચીરીને અલગ કરે છે ?"

"આમ તો, ઘણા અભિપ્રાયો છે. એક વિચારસરણી સ્નેહ વિના કામને માટે દલીલો કરે છે. આ લોકો તો માત્ર 'ગળી ગળી વાતો' કહી સ્નેહનો ઉપહાસ કરે છે. તેઓ કહે છે: 'જાતીયવૃત્તિ આનંદપ્રમોદ માટે છે, પ્રેમ માટે નથી. જાતીયવૃત્તિ માટે પ્રેમ દમનકારી છે. જાતીયવૃત્તિ તો ક્ષણના સુખ માટે છે. પશ્ચાતાપની લાગણી વિના કે જવાબદારીના ભાન વિના ભોગવાય તો જ એ આનંદદાયક છે.' પણ ડેનિયલ, મારા ભાઈ, હું એક તો પશ્ચિમવાસી તરીકે તમારા લોકો સાથે વાત કરવા આવ્યો નથી. હું તો દેહધારી ઈશ્વરમાં વિશ્વાસ કરનાર તરીકે અહીં આવ્યો છું."

"હું જાણું છું નહિ તો મેં તમને આમંત્ર્યા ન હોત," ડેનિયલે ઉષ્માથી કહ્યું, "પણ શું તમે એમ કહેવા માંગો છો કે આ સંદેશો આફ્રિકામાં થાય છે એટલો લોકપ્રિય યુરોપ-અમેરિકામાં થતો નથી ?"

"ચોક્કસ. આ ગતિશીલ ત્રિકોણનો સંદેશો આપનારનો તો અરણ્યમાં એકાકી અવાજ છે. સંસ્કૃતિ ગમે તે હોય તે છતાં."

"પણ શું આ બાગ-સંકલ્પના જૂના કરારમાં પણ મળી આવતી નથી ?" એસ્તરે પૂછ્યું. "ત્યાં પણ પુરુષોનું આધિપત્ય છે. પુરુષના હક તરીકે લગ્નવિચ્છેદ છે. ત્યાં પણ બહુપત્નીત્વ છે, અને ફળદ્રુપતા પર ભાર મુકાયો છે."

''એસ્તર, હું ધારું છું કે તે એક પ્રક્રિયા છે,'' મેં કહ્યું : ''હું ધારું છું કે પુરુષો અને સ્ત્રીઓએ આ સંદેશો સાંભળ્યો ત્યારથી જે પ્રક્રિયા આરંભાઈ તે ઈઝરાયલી સંસ્કૃતિમાં વ્યાપી ગઈ. આ રીતે 'બાગ-સંકલ્પના' પર વિજય મળ્યો. દાખલા તરીકે, ઈસુ નવા કરારમાં આ વચન ટાંકે છે ત્યારે તે સ્પષ્ટ રીતે લગ્નવિચ્છેદની વિરુદ્ધમાં અને એકપત્નીત્વના પક્ષમાં જ તેનો ઉલ્લેખ કરે છે.''

ટેલિફોનની ઘંટડી ફરી રણકી. આરબ શેખની અદાથી ડેનિયલે પત્ની તરફ હાથનો ઈશારો કર્યો : ''મારા બાગને મારી સેવા કરવા દો,'' તેણે મજાકમાં કહ્યું.

એસ્તર નમ્રતાપૂર્વક ઊભી થઈને ડેનિયલની ઑફિસમાં પ્રવેશી. તે હસતાં હસતાં પાછી ફરી અને મને ઉદ્દેશીને કહ્યું :

''આ વખતે તમારે માટે છે.''

હું મારી જાતને કાબૂમાં રાખું તે પહેલાં ડેનિયલે કર્યું હતું તેમ કૂદીને ઊભો થઈ ગયો. ડેનિયલના ખડખડાટ હાસ્યથી રૂમ ગાજી રહ્યો, અને હું મૂંઝવણ અનુભવતો ઊભો રહ્યો, કારણ કે મેં જ મારી સલાહનો અનાદર કર્યો હતો.

''તમને માફ છે,'' તેણે ઉદારતાથી કહ્યું : ''તમારું ડિઝર્ટ થોડું બાકી છે, જમવાનું તો તમે પૂરું કર્યું છે. બીજું કે તમે મને દર્શાવ્યું છે કે તમે નિયમોના દાસ નથી.''

મેં રીસીવર ઉપાડયું.

''કોણ, ફાતમા કે ?''

''હા.''

''મને કહો કે તમે જ ગઈ કાલે બે વાર ફોન કરેલો ?''

''હા, જી.''

''તો હું તમારું નામ તો જાણી શક્યો.''

''શું એ અગત્યનું છે ?''

''હા, તમારે માટે પ્રાર્થના કરવામાં સરળતા રહે છે.''

''શું તમે મારે માટે પ્રાર્થના કરો છો ?''

''હા.''

''શા માટે''

''માત્ર એ જ રીતે હું તમને સહાય કરી શકું. મનુષ્ય તરીકે હું કિંકર્તવ્યમૂઢ છું. કોઈ ઈલાજ સૂઝતો નથી. ઉપરાંત, તમે મને એક વાર તેમ કરવાનું કહેલું.''

મૌન.

''શું, આજે રાત્રે તમે પ્રભુમંદિરમાં હતાં ?''

''હા.''

'' ફરીથી રજા વગર ?''

''હા.''

''તમે સાંભળ્યું કે મેં તમારા તંબૂના વિચારનો ભાષણમાં ઉલ્લેખ કર્યો છે ?''

''હા, મેં સાંભળ્યું. મેં તમે આપેલું બાઈબલવચન પણ વાંચ્યું: 'મારો તંબૂ નષ્ટ થયો છે, અને મારાં સર્વ દોરડાં તૂટી ગયાં છે.' પાસ્ટર, બધાં જ તૂટી ગયાં છે. તમારું ભાષણ સાંભળ્યા પછી હું જાણું છું કે, બધું જ નષ્ટપ્રાય છે. તમે કહ્યું, તે કેટલું સાચું છે !''

''તમે શું કહેવા માંગો છો ?''

''એ જ કે ગર્ભનિરોધક સાધનો પ્રેમ માટે જુલમરૂપ છે.''

''હું બધો વખત એ જ વિચારતો હતો કે તમે તમારી સમસ્યા કેવી રીતે ઉકેલી છે.''

''અમે નથી ઉકેલી, એ જ વાત છે. તેમણે ઉકેલી છે તેમ તે કદાચ માનતા હશે. પણ મારે માટે કશો ઉકેલ નથી. પહેલાં તેમણે મને ગર્ભ રહી શકે તે દિવસોની કેલેન્ડરમાં નોંધ રાખવાનું કહ્યું. પણ એ નાકામિયાબ નીવડયું, અને મને મહિના રહ્યા. તેમણે મને ગર્ભપાત કરવાનું સૂચવ્યું.''

''અને તમે કબૂલ રાખ્યું ?''

"હા. હવે મને તે દરરોજ સવારે એક ગોળી પિવડાવે છે. પણ તેથી તો ત્રણ સપ્તાહ પછી એક અઠવાડિયું લોહી પડે છે. મને કશો આનંદ આવતો નથી. હું આ ટીકડીઓ લઉં છું ત્યારથી તો લગભગ જડ, ઊર્મિશૂન્ય બની જાઉં છું."

"ટીકડીઓ લેનાર ઘણી સ્ત્રીઓનો અભિપ્રાય એવો જ છે."

"શું ગર્ભનિરોધક સાધનો ખરાબ છે, પાસ્ટર ?"

કેવો પ્રશ્ન ! "વાત એમ છે ફાતમા, કે તમારો તંબૂ તૂટી ગયો છે કે સાબૂત છે, અખંડિત છે તેના પર બધો આધાર છે. જો તંબૂ સાબૂત હોય તો પતિ-પત્ની એકબીજાને વિશ્વાસમાં લઈ ચર્ચી શકે. અમુક ચોક્કસ કારણથી તેમને બાળક જોઈતું ન હોય, અથવા બીજા બાળક વચ્ચે સમય રાખવો હોય. પછી કઈ પદ્ધતિનો ઉપયોગ કરવો તે ખાસ કરીને કોઈ નિષ્ણાત ડૉક્ટરની સહાયથી તે નક્કી કરી શકે. ડૉક્ટર તેમને વારે વારે તપાસે પણ ખરા. તેઓ એકમેક સાથે નિખાલસ બને અને પોતાને શો અનુભવ કે લાગણી થાય છે તેની ચર્ચા કરે. આથી જો તેમની યોજના કરતાં વહેલું ગર્ભધારણ થાય તોયે કંઈ ભારે અનર્થ ન થાય. તંબૂ આખો જ છે, તેથી બાળકને માટે પણ તેમાં સુરક્ષિત સ્થાન છે જ. પણ જો તંબૂ તૂટી ગયો હોય, એકાદ થાંભલો ખૂટતો હોય, તો પછી અંદર વરસાદ પડે, અને બધું જ કંઈ જુદું બની જાય."

"હું એ સારી રીતે સમજું છું. મને બીજા ગર્ભાધાનનો ભારે ડર લાગે છે, કારણ કે તો એ મારી પાસે ગર્ભપાત કરાવશે. તમે કહ્યું'તું એમ જ છે, જો કોઈ ખૂણો ખૂટતો હોય તો બાકીના બે નકામા બની જાય છે. બાઈબલ કહે છે તેમ : 'મારો તંબૂ બાંધવા કોઈ નથી.'"

"સાંભળો, ફાતમા, ટેલિફોન પર ફરિયાદો કરવાનો કશો અર્થ નથી. જો તમારે વસ્તુસ્થિતિમાં પરિવર્તન લાવવું હોય, તો તમારા પતિને મારી પાસે લાવવા જ જોઈએ, જેથી હું તેમની સાથે વાત કરી શકું."

"અસંભવ ! અશક્ય !"

''ગમે તેમ કરી પ્રયત્ન કરી જુઓ.''

''શું એ એકલા આવે કે અમે બંને સાથે આવીએ ?''

''તેમને ઠીક લાગે તેમ.''

''તે હવે આવી રહ્યા છે. આપણે અટકવું જોઈએ. આવજો.''

હું જમવાના મેજ પાસે પાછો ફર્યો ત્યારે તેઓ પણ સહાય આપી શકે એ હેતુથી ડેનિયલ અને એસ્તરને ફાતમાની સમસ્યા જણાવી.

''તેનો પતિ ખરેખર તેને ગુલામડી તરીકે રાખે છે.'' એસ્તરે ટીકા કરી.

''પુરુષોનું સંપૂર્ણ આધિપત્ય એ આફ્રિકન સંસ્કૃતિમાં ઊંડું વણાઈ ગયેલું છે, એ હકીકત આપણી સામે છે.'' ડેનિયલે કહ્યું.

મેં કહ્યું, ''એસ્તર અને ડેનિયલ, મને કહેતાં શરમ લાગે છે, પણ ફાતમા કોઈ આફ્રિકન સાથે રહેતી નથી. તે એક યુરોપિયન સાથે સહજીવન ગાળે છે. આ કોઈ સંસ્કૃતિનો પ્રશ્ન નથી, આ તે બાઈબલ જેને કપટી લેખે છે તે માનવહૃદયની સમસ્યા છે.''

તેઓ બંને મૌન રહ્યાં. બીજાંઓની લાગણીઓ પ્રત્યે સભાન હોવાથી તેઓ મારી મૂંઝવણથી દુ:ખિત હતાં.

''મને કહો, ડેનિયલ, જો એ યુવતી તેને છોડી દેવાનો નિર્ણય કરે, નોકરી શોધી કાઢી એકલી રહે - તો શું એ શક્ય બનશે ?''

''આ શહેરમાં તો નહિ. એ તો લગભગ અશક્ય છે. અમે હજુ બાગ-સંકલ્પનાના યુગમાં જ જીવીએ છીએ. એકાકી વ્યક્તિ માટે અહીં કોઈ સ્થાન નથી.''

'તો એ પછી સંપૂર્ણ રીતે તેની નાગચૂડમાં છે. માબાપને છોડયાં એટલે ત્યાંનું દ્વાર બંધ. બીજો કોઈ પરણે નહિ, કારણ કે એ કુંવારી નથી. એકલા જીવવું અસંભવિત છે. તે સાચી છે. તેનો તંબૂ બાંધવા, ટેકવવા કોઈ જ નથી.''

''ગમે તેમ, એણે તેને છોડવો પડશે.'' ડેનિયલે કહ્યું. ''કદાચ, મિત્રો કે સ્નેહીઓ સાથે તે રહી શકે. પણ કદાચ જો એ તેની સાથે પરણેલી હોય, તો શું તમે છૂટાછેડાની સલાહ આપશો ?''

"શું કોઈ ડૉક્ટર દર્દીઓને મારવાની સલાહ આપે ? આશાનું એક કિરણ બાકી હોય ત્યાં સુધી દર્દીની જિંદગી બચાવવા તે મોત સામે લડે. એ જ રીતે, લગ્ન ટકી શકે એવી જરાકે સંભવિતતા કે આશા હોય ત્યાં સુધી હું પ્રયત્ન ન છોડું. પણ, એવાંયે લગ્નો હોઈ શકે, જેના વિશે તમારે કહેવું પડે : આ લગ્ન મરેલું છે."

"હું એવાં લગ્નો વિશે પણ વિચારી શકું જ્યાં પ્રેમ સંપૂર્ણપણે મૃત્યુ પામ્યો છે," ડેનિયલે કહ્યું. "શરીરસંબંધ તો ક્યારનોયે ખલાસ થઈ ગયો છે. પતિ-પત્ની માટે માત્ર ત્રિકોણનો ઉપરનો ખૂણો ટકી રહ્યો છે. તેઓ પરણેલાં છે. બસ, એટલું જ. બાકીનું કશું નહિ. એક જ ઘરમાં રહેતાં હોય. છતાં બંનેના માર્ગ ભિન્ન હોય, મોટે ભાગે તો વિભાજિત જીવનો ગાળે. છતાં હજુ છૂટાછેડા થયા ન હોય, આવું વર્ષો સુધી ચાલ્યા કરે. મને તો લાગે કે આવું લગ્ન મૃતપ્રાય ગણી શકાય. છતાં, ઈસુએ કહ્યું છે : 'આથી ઈશ્વરે જેમને સાથે જોડયાં છે, તેમને માણસે છૂટાં ન પાડવાં."

"પણ પ્રશ્ન આ છે : 'સર્વપ્રથમ તો શું ઈશ્વરે તેમને જોડયાં છે?'"

"તો શું તમે છૂટાછેડા લેનારાંઓને કશી આનાકાની વગર ફરી પરણાવો?"

"ના, આનાકાની વગર તો નહિ. આનાકાની સાથે જ. પણ અમુક પરિસ્થિતિમાં તો ચોક્કસ ફરી પરણાવું. ગમે તેમ, હું તો દોષિત પક્ષકારને જ ફરી પરણાવું."

"હું સમજ્યો નહિ."

"જો કોઈનું લગ્નજીવન નિષ્ફળ ગયું હોય અને તે એવો દાવો કરે કે, તે તો સો એ સો ટકા નિર્દોષ છે, અને દોષ તો સંપૂર્ણપણે એના સાથીદારનો છે, તો હું માનું છું કે, એનું બીજું લગ્ન પણ નિષ્ફળ નીવડશે."

"પણ એવા લોકોયે હોય છે, જે સાચે જ નિર્દોષ હોય છે. એવા પતિનો દાખલો લો, જે દારૂડિયો બન્યો હોય."

"હા, પણ આ નિર્દોષતાની ઉપલી સપાટી નીચે અપરાધનું

ઊંડું પડ હોય છે. આ ઊંડી સપાટી પર, માણસ તેના ભાગીદાર સામે નહિ, પણ ઈશ્વર સામે ખડો રહે છે. અપરાધનું આ ઊંડું પડ ઘણી વાર જે રીતે લગ્ન અસ્તિત્વમાં આવ્યું તેની સાથે સંબંધિત હોય છે. આ ઊંડી સપાટી કે પડનો સામનો કરવા તે વ્યક્તિ તૈયાર ન થાય ત્યાં સુધી હું તેને ફરીથી પરણાવવા આનાકાની કરું''

''શું, ફાતમા નિર્દોષ છે ?''

''અલબત્ત, તેનાં માતાપિતાને પક્ષે ઘણો દોષ છે. અને આ પુરુષ પણ ગુનેગાર તો ખરો જ. છતાં, ઈશ્વર સમક્ષ, ફાતંમા નિર્દોષ નથી.''

''તમે તેને કેવી રીતે મદદ કરી શકશો ?''

''તે જાતે ન સમજે ત્યાં સુધી મને લાગતું નથી કે હું તેની જરીકે સહાય કરી શકું.''

હું આ પ્રશ્ન વિશે ડેનિયલ સાથે વાતો કરતો હતો. એસ્તર તેમની ચા પીવા આરામખુરશીમાં બેઠાં હતાં. અમે તેમની સામે જોયું, ત્યારે તે ઘસઘસાટ ઊંઘતાં હતાં.

''મારો બાગ ઊંઘી ગયો,'' ડેનિયલે મજાકમાં કહ્યું.

''તે તમારો બાગ નથી, ડેનિયલ. તે તો તમારા તંબૂમાં સહભાગિની છે. તમારે પણ થોડી ઊંઘની જરૂર છે. શું તમે મને મારી હૉટેલે મૂકી આવી શકો ?''

મેં હૉટેલના મેજ પરથી મારા ખંડની ચાવી લીધી ત્યારે કારકુને મને એક પત્ર આપ્યો. એ મારી પત્નીનો પત્ર હતો. હું રૂમમાં ગયો, બેઠો અને વાંચવા લાગ્યો :

''તમારી ખોટ કેટલી બધી સાલે છે ! કેટલીયે વસ્તુઓની ચર્ચા તમારી સાથે કરવી છે ! ગયું આખું વર્ષ માત્ર વિયોગનું વર્ષ રહ્યું છે. આ વર્ષ મને લાગે છે કે શાંતિથી એક સપ્તાહ પણ આપણે સાથે રહી શક્યાં નથી, કાં તો કોઈક કાર્ય સમયસર પૂરું કરવું પડયું છે, કાં તો કોઈ પ્રવાસે જવાની તૈયારીઓ કરવી પડી છે. જીવવાનો

જાણે કે કેટલો ઓછો સમય મળ્યો છે !

"આજે સાંજે આથમતા સૂર્યપ્રકાશમાં મેં પર્વતશૃંગે આવેલ એક મકાનની બારીઓ સુવર્ણજડિત હોય તેમ જોઈ. પરાવર્તનથી હું લગભગ અંધ બની ગઈ.

"મેં વિચાર્યું કે, આપણે શાંતિમાં વસીએ ત્યારે આવું જ કંઈક બને, અને ખ્રિસ્તનો સુવર્ણ પ્રકાશ આપણા આત્માની બારીઓમાંથી પ્રતિબિંબિત થાય. મને એમ પણ થયું કે, આ જ માર્ગે હું પણ તમારી સાથે દેહ, મન અને આત્મામાં સંપૂર્ણ ઐકય અનુભવું. આ આનંદનું રસપાન મેં કર્યું છે, તેથી હું તેને ઝંખું છું. એ જ આપણા દૈનિક જીવનની બધી માંગણીઓ પર વિજય પ્રાપ્ત કરવા મને શક્તિ આપે છે.

"આ સંપૂર્ણ ઐકયનો અનુભવ તમારા છેલ્લા પ્રવાસ અને આ નવા પ્રવાસની વચ્ચે રુંધાઈ ગયો, ખૂંચવાઈ ગયો. મારું હૃદય ખૂબ ભારે બની ગયું છે, તેથી જ તો તમારી વિદાયથી જાણે હૃદય પર શિલા મુકાઈ ગઈ છે.

"તેથી જ્યારે તમે તમારી ફરજો બજાવતા હો, ત્યારે યાદ રાખજો કે, મારા હૃદયથી અલગ ન થઈ શકે તેવી આશાઓ અને ઈચ્છાઓ એ સેવાકાર્યમાં જ છે. તે તો અગરબત્તીના સુવાસિત ધૂપ જેવી છે, જે માત્ર તમારે માટે નહિ, પણ તમારી પત્ની માટે પણ સમયને વધુ અર્થપૂર્ણ અને ફળદાયી બનાવે છે.

" આ કોઈ ફરિયાદનો પત્ર નથી. એ તો માત્ર એ હકીકતની સહભાગીદારી છે. મારે માટે એ સહભાગીપણાનો અર્થ એટલો જ છે કે વધુ હળવા હૃદયે હું ભાવિ પ્રતિ મીટ માંડું છું.

"હંમેશાં મારું સહન કરવા અને શ્રવણ કરવા આભાર. હવે હું આગળ વધી શકીશ. શનિવારે તમને મળવા હું કેટલી આતુર છું !"

મેં મારા વ્યાખ્યાનમાં શું કહ્યું હતું ? "સંપૂર્ણ લગ્ન એ તો

માત્ર કવિકલ્પના છે. લગ્ન આપણને નમ્રતા અર્પે છે. લગ્નસંબંધથી બંધાઈ જવું એ પોતાના સદ્‌ગુણો વિશે નમ્રતા ધારણ કરવાનો સહુથી સલામત માર્ગ છે.''

હું નિદ્રારાણીને ખોળે ઘસઘસાટ ઊંઘતો હતો ત્યાં કોઈક ઘંટડીના અવાજે મને જાગૃતાવસ્થામાં મૂકી દીધો. હું એલાર્મ બંધ કરવા પથારીમાંથી પરાણે બેઠો થયો, ત્યારે મને દીવાબત્તી થઈ કે ઘંટડી તો ટેલિફોનની રણઝણતી હતી.

મેં સ્વીચ પાડી. બે વાગ્યા હતા. મેં રીસીવર ઉઠાવ્યું. રાત્રિ-ક્લાર્કે મને જગાડવા માટે ક્ષમા માંગી.

''અહીં લૉબીમાં એક યુગલ છે. તે તમને મળવા આગ્રહ રાખે છે.''

એ શું ફાતમા અને એનો 'પતિ' હોઈ શકે, એ વિચારે મેં પાંચ મિનિટ પછી તેમને ઉપર મારા ખંડમાં મોકલવાનું જણાવ્યું. મેં ઝડપથી વસ્ત્રો પહેર્યાં.

મેં ઘણી સૌંદર્યવાન આફ્રિકન યુવતીઓ જોઈ છે, પણ ફાતમા તો સાચે જ અદ્‌ભુત હતી. તે ઊંચી, પાતળી, કમનીય યુવતી અને પગની ઘૂંટીને ઢાંકે તેવો ગાઉન (સ્ત્રીનું સૌથી ઉપર પહેરવાનું વસ્ત્ર) પહેર્યો હતો. તેની ચાલમાં મોહકતા હતી ને સંયમ પણ હતો જ. તેની દરેક વાતમાં સ્વચ્છતા અને સુઘડતા જાણે દીપી ઊઠતી. તેણે ગળાનો હાર, એરિંગ અને બંગડીઓ એવી સરસ રીતે પસંદ કર્યાં હતાં કે, તે તેની આકર્ષક મુખાકૃતિને ચાર ચાંદ લગાવી જતાં. પણ તેની વિશાળ ભૂખરી આંખોમાં એક પ્રકારનો વિષાદ ડોકાતો હતો.

તેની સાથેના પુરુષે કામ પર પહેરવાનાં, તેલથી ખરડાયેલાં, થોડાં ફાટેલાં મેલાં વસ્ત્રો પહેર્યાં હતાં. તેનું ટી-શર્ટ પાટલૂનની બહાર હતું, તેનો દાઢી કર્યા વગરનો ચહેરો, સોનેરી વાળ અને હાથપગના મેલા નખ હું જોઈ રહ્યો.

ફાતમાએ તેના સાથીદારની ઓળખ આપ્યા પછી, ‥ાવા

અસંભવિત સમયે આવવા બદલે ખૂબ ખૂબ માફી માંગી. તેણે કહ્યું: ''અમે રાત્રે દોઢ વાગ્યા સુધી ચર્ચા કરી, અને પછી જ તે મારી સાથે આવવા તૈયાર થયા.''

''જો અમે અત્યારે ન આવ્યાં હોત, તો કદાચ તેમણે વિચાર બદલી નાંખ્યો હોત.''

''કશો વાંધો નહિ, ફાતમા. તમે બંને આવ્યાં તેથી મને ખરેખર આનંદ થયો છે.'' મેં પેલા પુરુષ તરફ ફરી કહ્યું, ''મને ખાસ આનંદ છે કે તમે તેની સાથે આવ્યા, એ બતાવે છે કે, ફાતમા માટે તમને લાગણી છે ભાઈ...''

''તેમને જોન કહો,'' ફાતમાએ કહ્યું, '' એ તેમનું સાચું નામ નથી, પણ તે તેના અંગ્રેજી સમાનાર્થ જેવું છે.''

જોન આરામખુરશીમાં લગભગ બેસી પડયો, અને હાથને છાતી પર વાળી, પગ લંબાવ્યા. તેનું વલણ સ્પષ્ટ રીતે દુશ્મનાવટભર્યું હતું, અને મને તેનું આશ્ચર્ય નહોતું. અલબત્ત, તે મારાથી ગભરાતો હતો, અને તેને સ્વાભાવિક જ સંશય હતો કે, હું ફાતમાને પક્ષે હતો. પરિસ્થિતિ મુશ્કેલ હતી, કારણ કે મારે સ્વીકારવું જ રહ્યું કે હું ફાતમાની બાજુએ હતો.

''તમને મારી સાચે જ બીક લાગતી હશે.''- કશો પ્રતિભાવ નહિ. ''કદાચ તમને થતું હશે કે ફાતમાએ તમારા પર દોષારોપણ કર્યું હશે. એણે એવું કદી કર્યું નથી.'' - કશો જ જવાબ નહિ. ''તેણે તો ઊલટું કહ્યું છે કે, તમે તેની ખૂબ સરસ સંભાળ રાખો છો. તમે તેને સ્કૂલે મોકલો છો, તેથી તે સાચે જ કૃતજ્ઞ છે. હું જોઈ શકું છું કે,તમે તેને સુંદર વસ્ત્રસજાવટ કરવામાં પણ મદદ કરો છો.''

તેણે માત્ર ખભા ઉછાળ્યા.

ફાતમાએ કહ્યું : ''જોન, તમે મારા પ્રત્યે ખૂબ ભલા છો. તમારા વગર હું શું કરું તે હું જાણતી નથી. હું સાચે જ, હૃદયથી આભારી છું. હું તમને ખૂબ ખૂબ ચાહું છું. પણ આપણે કેમ પરણી શકતાં નથી તેની મને સમજ પડતી નથી.''

''એ જ જૂની કથા,'' તેણે એક નિઃશ્વાસ નાખી, ઊંચે જોયા વિના કહ્યું : ''એ કાગળના પતાકડાની શી જરૂર છે ? મારા દેશમાં સેંકડો યુગલો એ કાગળના ટુકડા વગર સહજીવન ગાળે છે, અને સુખી છે. એવા કેટલાયે છે જેની પાસે એ કાગળિયાં છે, અને છતાં દુ:ખી છે. એ કાગળનો ટુકડો કંઈ સુખ ખરીદી આપતો નથી.''

''પણ જ્યારે હું મારા મિત્રોને મળું છું ત્યારે મને અતિશય શરમની લાગણી થાય છે. હું તેમને શું કહું ? હું પરણેલી છું કે નથી ?''

''તારા મિત્રો ? મને તારા મિત્રોમાં રસ નથી.''

''પણ એ મારો જ એક ભાગ છે. જો તમે મને ચાહતા હો, તો મારા મિત્રો સાથે મને ચાહવી જોઈએ- મારે માટે, કાગળ નહિ પણ લગ્નજમણ વધુ મહત્ત્વનું છે. મારે તો એક ભવ્ય મિજબાની આપવી છે. ત્રણસો - ચારસો મહેમાનોને આમંત્રવાં છે.''

તેણે મહાભયમાં હાથ ઊંચા કરી દીધાઃ '' ત્રણસો મહેમાનો !'' તેણે આશ્ચર્યથી ઊછળી પડતાં કહ્યું, '' હું તને કહું છું, જો આપણે લગ્ન કરીશું તો એ બહુ સાદું, નાનકડું લગ્ન હશે. માત્ર આપણે બે અને સીટી હૉલમાં થોડા સાક્ષીઓ. બસ !''

''પણ તો તો અમારા દેશમાં બધાંને લાગશે કે, મને તમારી શરમ લાગે છે કે, હું કશુંક છુપાવી રહી છું. મારે તો મારા સમાજને બતાવવું છે કે મને તમારો ગર્વ છે. નાનકડા લગ્નસમારંભની શરમ હું નહિ વેઠી શકું.''

થોડી પળ મૌન છવાઈ રહ્યું.

''મારી છાપ એવી છે, જોન,'' મેં કાળજીપૂર્વક શબ્દો વીણીવીણીને કહ્યું, ''તમે એક ડગલું તો ભર્યું જ છે, પણ હજુ તમે બધાં પરિણામોથી જ્ઞાત નથી.''

''મેં કયું પગલું ભર્યું છે ?'' તેણે ચીડાઈને કહ્યું, પણ મને આનંદ થયો કે છેવટે તેણે મારી સાથે વાત શરૂ કરી હતી.

''ફાતમાને તમારે ત્યાં લઈ જવાનું પગલું. જો તમે આ દેશમાં કોઈ યુવતીને પત્ની તરીકે કે ભાવિ પત્ની તરીકે પસંદ કરો, તો તમે કોઈ, બધાથી અલગ પડાયેલી, એક સ્વતંત્ર વ્યક્તિને પસંદ કરતા નથી.તમે તો તેને તેનું શિક્ષણ, તેની અભિરુચિ, તેના ગમા-અણગમા, ટેવો અને રિવાજો - ટૂંકમાં તેની સંસ્કૃતિ સાથે પસંદ કરો છો. આ જે સંક્ષિપ્ત વાતચીત આપણે થઈ તેથી હું તો એવું તારવું કે તમે તેને એક વ્યક્તિ તરીકે ચાહો છો, તેના રૂપ અને ચારિત્ર્યના આશક છો. પણ તેની સંસ્કૃતિ સાથે તેને પ્રેમ કરતા નથી.''

''હું તેને પ્રેમ કરું છું.'' તેણે જિદ્દી, બચાવમૂલક અવાજે કહ્યું.

''હા, હું એ સમજું છું. પણ સાચા પ્રેમનો અર્થ તો એ છે કે, તમે તેને તેની પાર્શ્વભૂમિકા સાથે, સંસ્કૃતિ સાથે ચાહો. મોટી લગ્નમિજબાની આ દેશની સંસ્કૃતિનો એક ભાગ છે. જો તમે આ દેશની કોઈ કન્યાને પરણો, તો આ હકીકત તમારે સ્વીકારવી જોઈએ. એ ઉપરાંત, તમારે તે હકીકતને આનાકાની વગર સ્વીકારવી જોઈએ, પ્રસન્નતાથી અપનાવવી જોઈએ.''

તે ફરીથી મૂંગો બની ગયો. મને એવી છાપ પડી કે આ વિચારો તેને માટે નૂતન હતા.

મેં આગળ ચાલતાં કહ્યું, ''સામાન્ય સંજોગોમાં પણ, લગ્ન એક બોજ હોય છે, એક જવાબદારી હોય છે. સાંસ્કૃતિક ભિન્નતાનો આ વિશેષ બોજો ક્યારેક આખી વસ્તુનો નાશ કરનાર બની જાય. આવાં લગ્નો એટલા માટે ભાંગી પડે છે કે બંને ભાગીદારો એકબીજાની સંસ્કૃતિઓની ભિન્નતાઓ સંપૂર્ણપણે સ્વીકારતા નથી. આ તો રસોઈ કેમ કરવી કે શી કરવી તેવી ક્ષુલ્લક બાબતોથી શરૂ થાય - પણ પછીથી સમગ્ર જીવન પર તેની વિનાશક અસરો મૂકી જાય.''

''શું આવાં બધાં લગ્નો નિષ્ફળ બને છે ?'' ફાતમાએ પૂછ્યું.

''ના,'' મેં કહ્યું, ''પણ જો તેઓ સફળતાને વરે છે તો, ઘણું

કરીને બંને જ્યાં પોતાનું કુટુંબ વસાવવાની યોજના કરી હોય તે સંસ્કૃતિમાં ઘણો સમય સાથે રહ્યાં હોય છે.''

''કમનસીબે, આવું ભાગ્યે જ બને છે. જો કોઈ આફ્રિકન યુવક યુરોપ કે અમેરિકામાં કોઈ ગોરી યુવતી જે પહેલાં કદી આફ્રિકામાં આવી ન હોય તેને પરણે છે, તો લગભગ હંમેશાં તેમનું લગ્ન ભાંગી જાય છે. યુવતીની શુભેચ્છા અને સચ્ચાઈયુક્ત ભાવના છતાં તે મેળ પાડી શકતી નથી, ગોઠવાઈ શકતી નથી.''

''તે તો તેનાં પાટલૂન કરતાં પહોળો કૂદકો ભરે છે,'' જોને મજાક કરી, અને પોતાની મજાક પર પોતે જ હસી રહ્યો. મને આનંદ થયો કે, તે હવે તો જરા ઢીલો પડયો છે, કુમળો પડયો છે, તેથી મેં કહેવાની હિંમત કરી :

''તમે બંને પણ એ જ ભૂલનું પુનરાવર્તન કરવાની પ્રક્રિયામાં લાગો છો.''

''અમે એકબીજાને ચાહીએ છીએ,'' જોને આગ્રહપૂર્વક કહ્યું. કોઈ નાનું બાળક પોતાનું રમકડું કોઈ ઝૂંટવી લેશે તેવી શંકાથી કોઈ સામે તાકીને જુએ તેમ તે મારી સામે જોઈ રહ્યો.

''હા, પણ લગ્ન પ્રેમ કરતાં વધુ મહાન છે. મેં આજે રાત્રે ચર્ચમાં કહ્યું હતું કે, તે માત્ર ચાંદની અને ગુલાબો નથી, એ તો રકાબીઓ અને બાળોતિયાં પણ છે.''

''બાળોતિયાં !'' જોને તેનું નાક અણગમાથી ફુંગરાવ્યું.

''શું તમને બાળકો ગમતાં નથી ?''

તેણે નકારમાં માથું ધુણાવ્યું.

''ફાતમા, તમારો શો અભિપ્રાય છે ?''

''મને તો બાળકો ખૂબ ગમે, અને મને તો ઘણાં બાળકો થાય તેવી ઈચ્છા છે.''

''આ બીજો મુદ્દો જ્યાં તમે અસંમત થાઓ છો,'' મેં તારણ

કાઢતાં કહ્યું, ''અને તે વળી અગત્યનો મુદ્દો છે. તમારી શી યોજના છે, જોન ? શું તમે આ દેશમાં જ સ્થિર થવાનું નક્કી કર્યું છે ?''

''મારે તો સરકારી નોકરી છે, પણ મારો કોન્ટ્રેકટ એક વર્ષમાં સમાપ્ત થાય છે.''

''અને પછી ?''

''મને ખબર નથી. હું બીજે કોઈક સ્થળે જાઉં - દક્ષિણ અમેરિકા કે જાપાન.''

ફાતમાએ મોં ફાડી ઊંડો શ્વાસ લીધો.

''હું માનું છું કે તમે ફાતમાને પણ સાથે લઈ જવા ચાહો છો.''

''તમે એવું શી રીતે માનો છો ?''

''કારણ કે તમે તો કહ્યું કે, કાગળ વગર પણ સુખથી રહી શકે તેવા પતિઓમાંના એક તમે છો. જો કોઈ વ્યક્તિ ખરેખર સુખી હોય, તો તે પોતાના સુખને છોડી દેવા, તિલાંજલિ આપવા તૈયાર ન થાય.''

તેણે અણગમાસૂચક ખભા મરડયા. ત્યાં તો ફાતમા અગનગોળા જેમ તપી ગઈ.

''તમે તો મને કદી કહ્યું જ નથી કે, તમારી ટર્મ પૂરી થાય છે. હું તો હંમેશાં એમ જ માનતી રહી કે, તમે મારા દેશમાં જ બધી જિંદગી ગાળવા ચાહો છો.''

જોન એકદમ ઊભો થઈ ગયો.

''આવજો. અમારે હવે જવું જોઈએ. બહુ મોડું થઈ ગયું છે- કદાચ સવાર પડી જશે.''

''માત્ર એક વાત,'' મેં જોનનો હાથ મારા હાથમાં પકડી, તેની આંખોમાં સીધું તાકીને કહ્યું, ''જોન, મહેરબાની કરી, ફાતમાને ખાતર કોઈ નિર્ણય કરી લો. જો તમે તેને સાથે લઈ જવાના હો, તો તેને કહો કે,તે પણ નિર્ણય લઇ શકે.જો તમે તેમ ન કરવાના હો,

અને તમારો કૉન્ટ્રેક્ટ પૂરો થયે અલગ થવાના હો, તો તે પણ કહો કે, જેથી તમારી સાથે રહેવું કે કેમ તે અંગે પણ તે વિચારી શકે. શું કરવું તે અંગે તમારામાંથી એકકેને હું કશું કહેતો નથી, પણ હું તમને વિનંતી કરું છું કે, આ સંતાકૂકડીની રમત છોડો અને કોઈ નિર્ણય પર આવો.''

''તમારો આભાર,'' તેણે ઠંડાશથી કહ્યું.

''શું તમારે દૂર જવાનું છે ?'' મેં તંગદિલી હળવી કરવા પૂછ્યું.

''ના, નદીને સામે કાંઠે.''

પછી તે રૂમમાંથી બહાર નીકળી ગયો. મારી સામે જોયા વિના ફાતમા તેની પાછળ ધીમે ધીમે ઢસડાઈ.

હું ફરી પથારીમાં પડયો, પરંતુ ઊંઘી શકયો નહિ. પૂર જેમ ધસમસતા મારા વિચારો મને જંપવા દેતા નહોતા. મારા મનપ્રદેશ પર ઘૂમતા હતા, દોડતા હતા - ફાતમા અને જોન, મીરિયમ અને તિમોથી, મોરિસ અને તેની માતા, ડેનિયલ અને એસ્તર - અને મારી પત્ની.

હું ઊભો થયો અને ઘણો વહેલો સવારનો નાસ્તો મારા ખંડમાં મંગાવ્યો. પછી મેં મારાં પત્નીનો પત્ર પુનઃ વાંચ્યો. શું એ વધુ પ્રોત્સાહજનક પત્ર ન લખી શકી હોત ? ''તમારી ખોટ કેટલી સાલે છે, અને તમારી સાથે વાત કરવા - હૈયું ખોલવા - હું કેટલી ઝંખું છું !..'' આ વખતનો વિયોગ કાંઈ ખૂબ દીર્ઘ નથી. શું એ ખરેખર મુશ્કેલ છે ?

મેં વાંચવાનો પ્રયત્ન કર્યો, પણ વિચારો વળીવળીને પત્ની તરફ ખેંચાતા હતા.

એણે આવો પત્ર કેમ લખ્યો ? મને લાગ્યું કે તે ઈચ્છે છે કે, હું તેને સાંત્વન આપું. હું કેમ નિરાશ થઈ ગયો છું ? મને લાગ્યું કે તે મને સમજી શકતી નથી, જે સમસ્યાઓ હું હલ કરી શકતો નથી, જે વ્યક્તિઓને હું સહાય કરી શક્યો નથી, તે મારા કાર્યને તે સમજતી નથી.

મને થયું કે તે મને સમજી શકતી નથી, તો હું એને દિલાસો

કેવી રીતે આપું ? અને તેને સાંત્વના મળતી નથી, તેથી તે મને સમજી શકતી નથી. એક વિષચક્ર.

"હંમેશાં સાંભળવા માટે આભાર...," શું હું ? શું હું ખરેખર સાંભળતો હતો ? એટલું તો પૂરતું છે કે એ વાતો કરે છે. તે એટલું તો કરે છે જે ફાતમા અને જોન કરી શકતાં નથી - તિમોથી અને મીરિયમ પણ નહિ - અને ડેનિયલ તથા એસ્તર પણ નહિ ? હા, એ વિચારે મને રાહત આપી. અવારનવાર અમારો તંબૂ દબાણથી વાંકો વળી જતો દેખાય છે તેમ છતાં, અમે હજુ અમારા તંબૂમાં વાતો કરી શકીએ છીએ.

મેં બાઈબલ ઉઘાડયું અને ગીતશાસ્ત્રનું ૨૭મું ગીત વાચ્યું. હું તેને પી રહ્યો - ઘૂંટડે ઘૂંટડે, શબ્દે શબ્દને, સ્વચ્છ, તાજા, શીતલ જલની જેમ પી રહ્યો :

"જો કે સૈન્ય મારી વિરુદ્ધ છાવણી નાંખે, તોપણ હું મનથી ડરીશ નહિ... કેમ કે... સંકટને સમયે તે પોતાના માંડવામાં મને ગુપ્ત રાખશે. પોતાંના મંડપને આશ્રયે તે મને સંતાડશે."

આ શબ્દો આ પહેલાં મને કદી સ્પર્શ્યા નહોતા. અચાનક તેમને વાચા ફૂટી, તેઓએ વાત કરી, ગર્જનાની જેમ તે બોલ્યા.

પ્રભુનો માંડવો, પ્રભુનો તંબૂ. તે આપણો તંબૂ નથી, તે પ્રભુનો તંબૂ છે. આપણે તેના માંડવામાં છીએ. તેનો માંડવો વાંકો વળશે નહિ.

નાસ્તા પછી ટેલિફોનની ઘંટડી વાગી. એ ફાતમા જ હતી.

"કયાંથી તમે બોલો છો ?"

"ઘેરથી."

"સ્કૂલે કેમ ગયાં નહિ ?"

"તેમણે કહ્યું કે, મારે આજે આરામ કરવો જોઈએ. આજે તે ઘણા વિચારશીલ અને વિવેકી લાગ્યા - પહેલાં હતા તેનાથી ઘણા વિશેષ."

"શું એણે ઘરને તાળું માર્યું છે?"

"હા, તે ઘણા ઈર્ષ્યાળુ છે. શું ઈર્ષ્યા સ્નેહની નિશાની છે ?"

"હા, પ્રેમનો એક પ્રકાર. માલિકીની ભાવનાવાળો પ્રેમ. પૂરો

પુખ્ત પ્રેમ નહિ. પુખ્ત પ્રેમમાં વિશ્વાસ હોય છે, અને તે પોતાના સાથીને સ્વાતંત્ર્ય બક્ષે છે.''

''શું તમને લાગે છે કે એમને મારામાં વિશ્વાસ છે ?''

''તમને શું લાગે છે ?''

તેણે ઉત્તર ટાળ્યો, અને વિષય બદલ્યો.

''મેં તો ફોન એટલા માટે કર્યો કે તમે તેમના વિશે શું ધારો છો.''

''તે એટલા અવ્યવસ્થિત અને ગંદા આવ્યા કે મને થયું કે તે કદી હાથ ધૂએ છે કે કેમ. શું તેમના દેખાવથી તમને ક્યારેય કંટાળો આવતો નથી ?''

''હા, પણ મને લાગે છે કે, પ્રેમે આ બધા ઉપર વિજય મેળવવો જોઈએ. હું તેમને ચાહું છું અને તે મને ચાહે છે.''

તે તખણલાને વળગી રહી છે, મને થયું. આજે સવારની વાતોએ તેની આંખો ઉઘાડી નહિ નાંખી હોય ?

''હા, ફાતમા, કદાચ એમ હશે. પણ જ્યારે તમે બંને એકબીજાને કહો છો કે, ''હું તને-તમને ચાહું છું,'' ત્યારે તમે જુદી જુદી વસ્તુઓ ધારો છો. તે કામવૃત્તિનો વિચાર કરે છે, અને તમે લગ્નનો. એ જ તો તફાવત છે. તમે તંબૂ બાંધતા નથી. તમે એક થાંભલો - તમારો પ્રેમ - જમીનમાં રોપ્યો છે, અથવા તમે ધારો છો કે રોપ્યો છે. પણ તે એક થાંભલો તેની જમણી બાજુએ રોપે છે અને તમે ડાબે રોપો છો. એથી માંડવો કે તંબૂ કદી પણ ટકશે નહિ.''

''એમની યોજનાઓ શી છે એ વિશે તમે શું ધારો છો ?''

''તે નિર્ણય કરવા હજુયે તૈયાર નથી. તેથી તો પરિસ્થિતિ તમારે માટે અતિ મુશ્કેલ બને છે.''

''તમે શું ધારો છો કે એમનો કૉન્ટ્રેક્ટ પૂરો થયા પછી એ મને છોડી દેશે ?''

એ સ્પષ્ટ હતું કે જોનની ટીકાનો પૂરેપૂરો મર્મ એ પામી શકી

નહોતી. અશક્ય ! મને થયું, કે ઓછામાં ઓછું એટલું તો હું કરી શકું કે, પ્રકાશને અંદર પ્રવેશવા દઉં જેથી તે જોઈ શકે.

''એવું કશું પણ નથી જે તમને પરણવા એમના પર દબાણ કરી શકે, એવું કશુંય નથી જે તમને છોડી જતાં એમને રોકી શકે.''

મૌન.

''અને નિખાલસતાથી કહું તો, હું તો ઈચ્છું કે એ તમને છોડી દે. તમે તેમની સાથે સુખી થઈ શકો તેમ નથી.''

મને લાગ્યું કે હું બોલતો હતો ત્યારે આ શબ્દો કાતિલ છરીની જેમ તેને ચીરતા હશે.

''પણ જો એ મને છોડી જાય ...તો કશું બાકી રહેતું નથી. આગળ પાતાળઊંડી ખીણ છે. હું ક્યાં જઈશ ?''

ઈશ્વરના માંડવામાં, મેં ધાર્યું. જો હું તેને ત્યાં લઈ જઈ શકું તો કેટલું સારું ! કાપ્યા પછી હું રુઝાવી શકું તો કેટલું સારું !

તે પોતાનું રૂદન છુપાવી શકી નહિ. ડૂસકાંમાં તેનો અવાજ ઢંકાઈ ગયો.

''આવજો, પાસ્ટર,'' તેણે કહ્યું.

''ફાતમા,'' મેં મોટેથી કહ્યું, ''ગીતશાસ્ત્ર ૨૭મું ગીત વાંચજો. એમાં તમારે માટે સંદેશો છે.''

પણ મને ખાતરી નહોતી કે હું કહી રહ્યો તે પહેલાં તેણે ફોન મૂકી દીધો કે કેમ.

મીરિયમ અને તિમોથી બપોર પછી આવ્યાં. લગભગ ૫-૩૦ વાગ્યા હતા. તેમણે ખુલાસો કર્યો કે, તિમોથીને વહેલી રજા મળી શકી નહોતી.

''એમ,'' મેં કહ્યું,'' તો તો આપણે સીધા જ મુદ્દા પર આવીએ. મોરિસ મને લેવા હમણાં જ આવવા જોઈએ. તમારા સંબંધ વિશે મને ચિંતા એ વાતની થાય છે કે, તમે દેખીતી રીતે જ એકબીજા સાથે ખુલ્લે હૃદયે ચર્ચા કરી શકતાં નથી. તિમોથીને તો તમારી ઉંમર

કેટલી છે, શિક્ષણ ક્યાં સુધીનું છે, પગાર કેટલો છે એ કશાની ખબર નથી. વાસ્તવમાં, તો તિમોથી કરતાં તમારે વિશે હું વધુ જાણું છું. એનો તમારો ખુલાસો શો છે ?''

''અમે અહીં આવ્યાં તે પહેલાં થોડી વાતો થઈ,'' મીરિયમે કહ્યું, ''અને અમે મુદ્દા પર જ આવવા માંગીએ છીએ.''

એ રસપ્રદ હતું કે ઉત્તર મીરિયમે આપ્યો.

''અમે કામદ્વારેથી ત્રિકોણમાં પ્રવેશ્યાં છીએ,'' મીરિયમે કહ્યું. થોડીક પળ મૌન છવાઈ રહ્યું. મને સમજાયું કે એટલું કહેવામાં એ યુવતીને કેટલી હિંમતની જરૂર પડી હશે ! મને એની પ્રામાણિકતા સ્પર્શી ગઈ.'' મેં આપને કહેલું જ કે, વિવાહ ન થાય ત્યાં સુધી અમે અમારી સંસ્કૃતિમાં પરસ્પર મળી ન શકીએ. પણ અમારા વિવાહના ચાર સપ્તાહ પછી અમે વધુ ગાઢ પરિચયમાં આવ્યાં.''

''પણ એને તમારી પારસ્પરિક ચર્ચા ન કરવાની વાત સાથે શો સંબંધ છે ?''

''ઘણોબધો. પેલી જ વાત મુખ્ય બની ગઈ, અમારાં મિલનોનું મૂળ કારણ જ એ બન્યું. અમે જાણતાં હતાં કે મળીએ એટલે મિલન એકરૂપતામાં જ પરિણમે. બાકીનું બીજું બધું ગૌણ બની ગયું.''

''તો હવે, તિમોથી અને મીરિયમ, તમારે મને એવું કશુંક કહેવું જોઈએ જેથી હું વિશેષ સમજી શકું. તમે તો કહો છો કે તમારી સંસ્કૃતિમાં વિવાહ ન થાય તો તમે મળી ના શકો. શું વિવાહ પછી તમે ઘરોબો કે ઘનિષ્ઠતા કેળવો એ પણ તમારી સંસ્કૃતિના ભાગરૂપ છે ?''

તિમોથીએ હસીને અને થોડીક મૂંઝવણ અનુભવી જણાવ્યું : ''અમે યુવાન પેઢીમાં છીએ. અમે આજના જુવાનો થોડા વધુ આધુનિક બન્યા છીએ. અમે પ્રગતિ ઝંખીએ છીએ. તેથી તો જૂનીપુરાણી રૂઢિઓ હવે બહુ બંધનકર્તા છે એમ માનતા નથી.''

''એ જ હું સાંભળવા માંગતો હતો,'' મેં કહ્યું,'' જ્યાં સુધી તમારી ઈચ્છાઓને તમારી રૂઢિઓ સાથે મેળ ખાય છે ત્યાં સુધી તમે 'આફ્રિકન' છો, અને એકબીજા સાથે પરિચય કેળવ્યા વિના વિવાહથી

જોડાઓ છો. પણ જો તમારા રિવાજો તમારી ઈચ્છાઓ સાથે મેળમાં આવતા નથી, તો તમે 'આધુનિક' અને 'પ્રગતિશીલ' બની જાઓ છો, પછી ભલેને રૂઢિઓ ઊંડી ખાઈઓમાં ગબડી પડે.

''જર્મન ભાષામાં અમે એમ કહીએ છીએ કે, એક વ્યક્તિ જુદી જુદી જાડાઈના પાટિયામાં શારડીથી કાણું પાડવા માંગે છે, પણ એ હંમેશાં જ્યાં સૌથી પાતળું કે નાજુક પડ હશે તે જ જગ્યા પસંદ કરશે. શું હું થોડો સખત તો નથી બનતો ને ?''

''મહેરબાની કરી સખત બનો,'' મીરિયમે કહ્યું, ''અમારાં માતાપિતા પણ સખત બન્યાં હોત તો કેટલું સારું થાત ! પણ એમણે તો સહેજે વાત કરી નહિ, માત્ર શંકાઓ સેવી.''

''અચ્છા, તો મને થોડી કડક ભાષા વાપરવા દો. પહેલાં તો તમે કહો છો કે, 'અમારા સમાજમાં યુવાન પુરુષો અને સ્ત્રીઓને સાથે મળવું તે અશક્ય છે. અમારો વિવાહ ન થાય ત્યાં સુધી વાત પણ ન થાય.' પછી આ બધા સામાજિક પ્રતિબંધો છતાં તમે અચાનક સહશયનને શકય બનાવી દો છો. સાથે સૂવું તે સરળ અને સાથે ચર્ચા કરવી તે કઠિન, એવું શી રીતે બને છે ?''

બંનેની દૃષ્ટિ જાણે ધરતીને ખોતરી રહી. છેવટે મીરિયમે કહ્યું :

''એ પણ સરળ નથી. જે એક સ્થળ અમે શોધી શક્યાં તે તો કાર.''

''એ જ માત્ર સ્થળ હતું,'' તિમોથીએ કહ્યું, ''એનું કુટુંબ અને મારું કુટુંબ પણ ખૂબ કડક શિસ્તપાલનમાં માનનારું છે.''

''એમની શિસ્ત છતાં તમે કોઈક જગ્યા તો શોધી શક્યાં.'' મેં કહ્યું, ''જો તમે સાચે જ ઈચ્છયું હોત, તો વિવાહ પહેલાં પણ વાત કરવાનું સ્થળ શોધી શકત.''

''પણ પાસ્ટર,'' તિમોથીએ કહ્યું, ''મને એનો રંજ નથી. ગઈ કાલે તમે કહેલું કે, લગ્ન વિનાનો કામસંબંધ પ્રેમનો વિનાશ સર્જે છે, અને તેને ધિક્કારમાં બદલી નાંખે છે તે સત્ય નથી. ઓછામાં

ઓછું અમારે માટે તો એ સાચું નથી. એણે તો અમારા પ્રેમને ઊંડાણ અર્પ્યું છે. એ સુંદર વસ્તુ છે.''

મેં મીરિયમ સામે જોયું. તેણે તેની લાગણી ન દુભાય માટે જાણે તિમોથીનો હાથ પકડયો. અને પછી મૃદુતાથી કહ્યું :

''કદાચ તમારે માટે હશે. મારે માટે એવું નહોતું.''

''નહોતું શું?'' તિમોથીને પારાવાર આશ્ચર્ય થયું. ''એવું ખરેખર નહોતું શું ?''

''બધું જ બરોબર નહોતું. સ્થળ. ઉતાવળ. ચોરીછૂપી. પકડાઈ જવાનો ડર. મોટરકાર એવો તંબૂ નથી જેમાં તમે સુરક્ષિતતા અનુભવી શકો.''

તિમોથીએ એક ઊંડો નિઃશ્વાસ નાંખ્યો. જાણે કે એક દુનિયા તેને માટે ભાંગી પડી, નષ્ટપ્રાય બની ગઈ.

મીરિયમે આગળ ચાલતાં કહ્યું, ''જે સાવચેતી આપણે લેતાં હતાં, તે છતાં મને સગર્ભા બનવાનો કાયમ ભય લાગતો. એ કંઈ સુંદર નહોતું.''

''મેં તને ગોળીઓ લેવાનું કહ્યું હતું.''

''એક અપરિણીત યુવતી તરીકે ડૉક્ટર પાસે જઈ ગર્ભનિરોધક ગોળીઓ માંગવી ? હું કંઈ એટલી બધી અર્વાચીના નથી.''

''મેં વીર્યોત્સેક પહેલાં શિશ્ન ખેંચી લેવાનું કહેલું, પણ એ તને ગમ્યું નહોતું.''

''મેં તો 'કોન્ડોમ' (નિરોધનાં સાધનો) ખરીદવાનું તમને કહેલું, પણ તમને તો દવાની દુકાને જઈ એવું ખરીદતાં સંકોચ થતો હતો.''

''હા, કારણ કે મેડિકલ સ્ટોર્સમાં તો મોટે ભાગે યુવતીઓ કામ કરતી હોય છે. બીજું કે, રબરનાં સાધનો તો વેશ્યાઓ માટે વપરાય, અને હું તને કંઈ વેશ્યા માનતો નથી.''

''હું તમારી ટીકા કરતી નથી, તિમોથી,'' મીરિયમે તિમોથીનો હાથ વધુ દઢતાથી પકડી રાખી, મૂકી શકાય એટલી મૃદુતા અને મીઠાશભરી વાણીમાં કહ્યું : ''હું તો માત્ર એટલું જ કહેવા માંગું છું એ કંઈ સુંદર નહોતું.''

''તો પછી તેં મને કદી કહ્યું કેમ નહિ ?''

''મને લાગતું કે તમારે એની જરૂર હશે, અને જો હું ના પાડું તો તમે હતાશ થઈ જાઓ અને મારા સ્નેહની જ શંકા કરતા થઈ જાઓ.''

તિમોથીએ ફરી નિસાસો નાંખ્યો. તેઓ થોડી પળો મૌનમાં ડૂબી રહ્યાં.

મેં સભાનતાપૂર્વક, હેતુપૂર્વક તેમને અટકાવ્યાં નહોતાં. મને આનંદ હતો કે તેમણે નિખાલસતાથી એકબીજા સાથે દિલ ખોલવાનું અને લાગણીઓમાં પણ સહભાગી થવાનું શરૂ કર્યું હતું. તેથી મેં કહ્યું :

''તો હવે તમે જાઓ, અને એકાંતમાં એકલાં જ વાતો ચાલુ રાખો. હું માનું છું કે તમારે હવે પોતે નિર્ણય કરવાનો છે. પરંતુ એવું પણ હોય કે તમારા સ્નેહ વિશે જે અચોક્કસતા તમે અનુભવો છો તેને આ પ્રમાણમાં હતાશા જન્માવે તેવા અનુભવો સાથે સંબંધ હોઈ શકે.''

''અમે કેવી રીતે જાણી શકીએ કે, અમે એકબીજાને ચાહીએ છીએ ?'' બંનેએ એકી અવાજે પ્રશ્ન પૂછ્યો.

ટેલિફોનની ઘંટડી વાગી અને ઑપરેટરે મોરિસનું નામ આપ્યું.

''હું આ પ્રશ્નનો ઉત્તર આજના વ્યાખ્યાનમાં આપીશ.'' મેં વચન આપ્યું.

તિમોથી અને મીરિયમ હજુ તો ખંડમાંથી બહાર નીકળ્યાં હતાં ત્યાં તો મોરિસ દાખલ થયા. પુનઃ હું તેના દેખાવથી પ્રભાવિત થયો. તે બોલતા હોય છે તેમ જ ચાલે છે - નિર્ણયાત્મક રીતે, અને છતાં કોઈ છાપ પાડવાના પ્રયત્ન વિના. હું તેમની સાથે વાત કરતો ત્યારે તેની બૌદ્ધિક શક્તિઓથી સભાન થતો, પણ તેમ છતાં તે બહુ હોશિયાર દેખાવાનો પ્રયત્ન કરતા નહિ. તેમ છતાં તેના વ્યક્તિત્વમાં કોઈ ચોક્કસ વિરોધાભાસ હતો. એક પક્ષે પૌરુષસભર ચેષ્ટાઓ અને બીજે પક્ષે ચોક્કસ નિઃસહાયતાની લાગણી : તેની પુખ્ત અભિવ્યક્તિમાં બાળસહજ સ્મિત પણ ડોકાતું.

''તમારાં માજી ક્યાં છે ?''

''તે મોટરમાં જ વાટ જુએ છે. મેં તેમને જણાવ્યું કે, મારે

પાસ્ટરને એક પ્રશ્ન પૂછવો છે. તેમણે કહ્યું, 'મને તમારી વાતો બહુ સમજાતી નથી.' તેમને મારો પ્રશ્ન યાદ છે : 'છોકરી સાથે પરિચય કેમ કરવો ? તેની પાસે કેવી રીતે પહોંચવું ?''

''મોરિસ, શું એ ખરેખર મુશ્કેલ છે ? છો તેવા જ દેખાઓ. તમે બહુ રસિક વ્યક્તિ છો તેવું દેખાડવાનો પ્રયત્ન ન કરો. તમે જે નથી તેવા દેખાવાનો ઢોંગ ન કરો, પણ દર્શાવો કે તમને તેનામાં રસ છે. તેના શોખ વિશે, ગમા-અણગમા વિશે, તેનાં પ્રિય પુસ્તકો કે અભ્યાસ-વિષયો વિશે, તેના કુટુંબ વિશે પૂછો. કોઈ સમાન રસ શોધી કાઢવાનો પ્રયત્ન કરો, અને એ વિશે વાત કરો.''

''શું એ એટલું સરળ છે ?''

''મને કહો, મોરિસ, તમે ચોત્રીસના છો. શું તમારે કોઈ છોકરી સાથે કદી સંબંધ નહોતો ?''

''હા, હતો, અને હું તેને પરણવા માંગતો હતો.''

''કેમ ના પરણ્યા ?''

''મેં તેને એક ડૉક્ટર પાસે વૈદ્યકીય તપાસ માટે મોકલી. ડૉક્ટરે શોધી કાઢ્યું કે તે અખંડ કૌમાર્યવાળી નહોતી.''

''અને આ જ કારણથી તમે તેને મૂકી દીધી ?''

''હા.''

''એનું શું થયું ?''

''હું જાણતો નથી. શું તમને લાગે છે કે મેં ખોટું કર્યું ?''

''મોરિસ, પરમ દિવસે રાત્રે તમે મને 'વેશ્યાવાડો' બતાવ્યો હતો. પેલી તમારી સ્ત્રીમિત્ર એ વેશ્યાઓ સાથે રહેતી હોય તો ? જેમાંથી તમે તમારાં માતાને બચાવવાનો પ્રયત્ન કર્યો એ જ સંજોગોમાં શિકાર તમે એને બનાવી !''

મોરિસ કંઈ બોલ્યા નહિ.

''આ બેવડાં ધોરણો મને પાગલ બનાવી મૂકે છે : છોકરીઓ

અખંડ શિયળવાળી હોવી જોઈએ. પુરુષોએ કામવૃત્તિનો આનંદ લૂંટવો જોઈએ. એ કેટલું અતાર્કિક, કેટલું અન્યાયી છે !''

''પણ શું તમને નથી લાગતું કે પુરુષે લગ્ન પહેલાં થોડો અનુભવ મેળવી લેવો જોઈએ ? લગ્નના ક્ષેત્રમાં તદ્દન બિનઅનુભવી તરીકે તમે પ્રવેશી ન શકો.''

''પ્રત્યેક લગ્નમાં તો બિનઅનુભવી તરીકે જ પ્રવેશે છે, મોરિસ. પ્રત્યેક વ્યક્તિ ભિન્ન છે, અજોડ છે, તેથી તો પ્રત્યેક યુગલ બેવડી રીતે ભિન્ન છે, અલગ છે. પરિણામે, લગ્નપૂર્વેના આવા અનુભવો લગ્ન માટે સહાય કરતાં બોજારૂપ વિશેષ નીવડે છે. પસંદગી માત્ર બે વાત વચ્ચેની છે : કાં તો તમે લગ્નમાં કોઈપણ અનુભવ વિના પ્રવેશો છો, અથવા અયોગ્ય અનુભવ લઈ પ્રવેશો છો. પણ મને માફ કરશો. આપણે હવે જવું જોઈએ. ભાષણ સાડા છ વાગ્યે શરૂ થશે.''

અમે દાદર ઊતરતા હતા ત્યારે મોરિસે પૂછ્યું :

''તમને એવું શાથી લાગે છે કે, લગ્ન પહેલાં થોડા અનુભવ લેવાના અખતરામાં અયોગ્ય અનુભવોના ખતરાનો ભોગ બનાય છે એવું યુવાનોને સમજાવવાનું કેમ મુશ્કેલ છે ?''

''કારણ કે સાચો અનુભવ મળે પછી જ તેઓ આ સમજી શકે.''

''તો તમે એવું નથી ધારતા કે આ પ્રબળ કામવૃત્તિનું પરિણામ છે ?''

''ના, એ મૂળભૂત રીતે જાતીય સમસ્યા છે એવું હું ધારતો નથી. તેઓને તો એવા કોઈની જરૂર છે જેના પર તેઓ એટલો વિશ્વાસ મૂકી શકે,તેઓને અનુભવ હોય કે ન હોય તોયે, તેઓ એ સત્ય જ કહે છે તેમ માને. પ્રાયોગિક રીતે પુરવાર ન થઈ શકે તેવું સત્ય સ્વીકારવાની તેમને જરૂર છે.જ્યારે તેઓ આટલા પ્રમાણમાં આત્મવિશ્વાસ પ્રાપ્ત કરી શકે, ત્યારે જ તેઓને ખાતરી થાય કે, તેઓને ઠગવામાં આવતા નથી, પરંતુ વધુ બદલો આપનાર ધ્યેય પ્રાપ્ત કરવા તેમને સહાય આપવામાં આવે છે.''

અમે કાર પાસે પહોંચ્યા. મોરિસની માતાએ ખૂબ મિત્રતાપૂર્ણ અને સૌજન્યપૂર્ણ રીતે મારું અભિવાદન કર્યું.

''તેમને પૂછો કે તે ત્રિકોણ વિશે શું ધારે છે ?'' મેં મોરિસને કારમાં પૂછયું.

શીલાહ, મોરિસનાં માએ લાંબું ભાષણ આપ્યું. તે બોલતાં હતાં ત્યારે મોરિસ હસતા હતા અને પછી મને તેનો સંક્ષેપ કહ્યો :

''તે તો ત્રિકોણ વિશે વિચારતાં જ નથી. તે તો ત્રણ પગવાળા સ્ટૂલ વિશે વિચારે છે. જમીન એક સરખી ન હોય કે ત્રણે પગ જુદી જુદી લંબાઈના હોય તોયે... ત્રણ પગ હોય ત્યાં સુધી એ સ્ટૂલ ઝોલાં ખાય કે ધ્રૂજે નહિ. પણ જો તમે એક પગ તોડી નાંખો, તો તમે જ જમીન દોસ્ત થઈ જાઓ.''

''તમારે તો વિલક્ષણ માતા છે, મોરિસ. તેમને કહો કે મને તેમની ઉપમા ગમી છે. એ પણ પૂછી જુઓ કે, તે અનેક પત્નીત્વને ત્રણ પગવાળા સ્ટૂલ તરીકે કલ્પે છે કે કેમ ?''

મોરિસે અનુવાદ કર્યો, અને વૃધ્ધાએ પ્રત્યુત્તરમાં જણાવ્યું :

''તે તો કહે છે કે, બહુપત્નીત્વવાળું લગ્ન કાયમ ડગમગે છે, ઢચુપચુ થાય છે. તે તમને જમીન પર ગબડાવી દે છે. ''હું કદી પરિણીત પુરુષોની બીજી પત્ની થવાનું પસંદ ન કરું, એને બદલે તો મોત વહાલું ગણું.''

# ૬

**અ**મે ચર્ચ પાસે પહોંચ્યા, ત્યારે અમે એ દિશામાંથી પાછા ફરતા લોકોને જોયા.

“ચર્ચ ભરાઈ ગયું હશે,” મોરિસે કહ્યું, “જેઓને જગ્યા મળી નહિ હોય તેઓ પાછાં જાય છે.”

તે સાચા હતા. બધી પાટલીઓ પર હકડેઠઠ લોકો બેઠા હતા, અને કેટલાક તો ઉપાસકોને બેસવાની બેઠકો વચ્ચેની જગ્યા પર ઊભા હતા. અમને પણ અંદર જતાં મુશ્કેલી પડી. વ્યાસપીઠની આસપાસ પણ ખુરશીઓ મૂકી હતી, અને ચર્ચની બહાર પણ. કેટલીક મોટી વયની, પ્રતિષ્ઠિત વ્યક્તિઓ ચર્ચમાં ઉપસ્થિત હતી.

ફરી મારા હૃદયમાં ભયનું મોજું ફરી વળ્યું. હું કેટલીક સમસ્યાઓને હવે ઓળખતો થયો હતો, પણ બધી તો નહિ જ. મારા શબ્દો તેમનાં જીવનો પર કેવી અસરો પહોંચાડશે, ક્યાં ઘા કરશે, ક્યાં આશા કે નિરાશા જન્માવશે તેનો તાગ લેવાનું અશક્ય હતું. આ તો અભિભૂત કરે તેવી જવાબદારી હતી.

એક વયોવૃદ્ધ વ્યક્તિએ સૌને પ્રાર્થનામાં દોર્યા. આનાથી મને આશ્વાસન મળ્યું. જો વૃધ્ધોને માઠું લાગ્યું હોત તો આ વૃદ્ધજને પ્રાર્થના કરાવવાનું સ્વીકાર્યું ન હોત.

જ્યારે ડેનિયલે પુલપિટ ઉપર મારી સાથે પોતાનું સ્થાન લીધું ત્યારે મને વધુ બળ પ્રાપ્ત થયું. હું સ્વસ્થ થયો, અને મને યાદ દેવડાવવા લાગ્યો કે, મારો નહિ પણ પ્રભુનો સંદેશો આપવા હું આવ્યો હતો.

શ્રોતાઓમાં સૌપ્રથમ ફાતમા પર મારી દૃષ્ટિ પડી. સ્ત્રીઓની બાજુએ છેલ્લી પાટલીઓમાંની એક પર તે બેઠી હતી. તેની પ્રકાશિત અને ભૂખી આંખો તેને બધાંથી અલગ કરી દેતી હતી. ''મહેરબાની કરી તેને માટે મને વચન આપો,'' મેં મૌન પ્રાર્થના કરી.

અગાઉની બે સાંજે ચર્ચમાં આવ્યા ન હોય તેવા ઘણા નવા ચહેરા દેખાતા હતા. તેથી મેં અગાઉ જે કહ્યું હતું તેનો સારાંશ કહેવાનું મને ઉચિત લાગ્યું :

''લગ્નને ત્રણ બાબતો સાથે તાત્ત્વિક સંબંધ છે : પોતાનાં માતાપિતાને છોડવાં, એકબીજાને વળગી રહેવું, અને એક દેહ થવું. બીજા શબ્દોમાં, લગ્નને ત્રણ પાસાં છે : કાયદેસરનું, અંગત કે વ્યક્તિગત, અને શારીરિક. તે અવિભેદ્ય કે અભિન્ન છે. જો તમે તેમને છૂટાં પાડો છો તો આખી ઈમારત તૂટી પડે છે.

''તમારામાંના એકે મને હમણાં જ કહ્યું કે, 'લગ્ન ત્રિપગી સ્ટૂલ જેવું છે. જો એકે પગ ઓછો કે ખૂટતો હોય તો તમે બેસો ત્યારે સ્ટૂલ સ્થિર ના રહે.'''

મેં ચહેરાઓ પર પ્રકાશ પથરાતો જોયો. આ એક સુંદર કલ્પના હતી. શીલાહ સાચાં હતાં.

''આપણે કાલે રાત્રે આ પ્રશ્ન ચર્ચ્યો : આપણે કાયદેસરના, વ્યક્તિગત કે અંગત કે શારીરિક. એ ત્રણમાંથી કયે માર્ગે લગ્નપ્રવેશ કરવો જોઈએ ? સર્વોત્તમ માર્ગ કયો છે ?

''આપણે બે ઉત્તરો પણ તપાસ્યા : પરંપરાગત કે રૂઢિગત ઉત્તર અને આધુનિક ઉત્તર. રૂઢિગત ઉત્તર કાયદેસરના પાસાથી એટલે લગ્નસમારંભથી શરૂ થાય છે. અહીં અંગત પાસું, સ્નેહનું પાસું, આકૃતિમાંથી નીકળી જવાનું ભારે મોટું જોખમ છે. અર્વાચીન યુવાનો આ અંગત પાસાના સૌંદર્યશોધની પ્રક્રિયામાં ડૂબ્યા હોવાથી, આપણા યુગમાં યુવાનો આ પરંપરાગત ઉત્તરની વિરુદ્ધ બળવો પોકારે છે.

''આધુનિક ઉત્તર શારીરિક પાસાથી એટલે જાતીયવૃત્તિથી આરંભાય છે. આમાં કાયદેસરનું પાસું ભુલાઈ જવાનું જોખમ છે, અને તેથી લગ્નમાં તે પરિણમતું નથી. તેથી તો તમારામાંના વૃદ્ધો આ આધુનિક પ્રતિભાવ સામે વિરોધ ઉઠાવે છે. તેમને ભય લાગે છે કે, આનાથી કૌટુંબિક જીવન સંપૂર્ણપણે વિકૃત થઈ છિન્નભિન્ન થઈ જશે.

''આજે આપણે આ પ્રશ્નનો બાઈબલીય ઉત્તર સાંભળીશું. આ ચાવીરૂપ બાઈબલવચનનો પ્રથમ શબ્દ આ ઉત્તરશોધ માટે આપણે કાળજીથી વિચારવો પડશે. ઉત્પત્તિ ૨:૨૪ 'એ કારણથી, (તેથી,) માણસ પોતાનાં માબાપને છોડીને, પોતાની પત્નીને વળગી રહેશે, અને તેઓ એક દેહ થશે.'

''' એ કારણથી એ શબ્દો સમજવા માટે તેની અગાઉ આવતી વાર્તા આપણે યાદ કરવી પડશે. એ તો જાણીતી અને ઘણી વાર ઉપહાસ પામતી કથા છે. એ તો ઈશ્વરે પોતાને સંપૂર્ણ કરવા, પોતા જેવો 'ભાગીદાર,' 'પોતા માટે યોગ્ય સહાયક,' મદદ કરનાર સાથી તરીકે મનુષ્યને સૃજાવ્યો, અને તેમાં તો મનુષ્ય પ્રત્યે અભિવ્યક્ત થયેલી અગમ્ય - ન સમજી શકાય તેવી - કૃપાની, માયાળુપણાની કથા છે.

'''અને તેથી યહોવા દેવે આદમને ભરઊંઘમાં નાખ્યો, અને તે ઊંઘી ગયો ત્યારે તેની પાંસળીઓમાંથી એક લઈને તેને ઠેકાણે માંસ ભર્યું, અને જે પાંસળી પુરુષમાંથી ઈશ્વરે લીધી હતી તેમાંથી સ્ત્રી બનાવી અને માણસની પાસે તેને લાગ્યો.'

''આ પ્રેમની વાસ્તવિકતાનું અનુપમ અને સૌથી અદ્‌ભુત વર્ણન કરતી કથા છે. શા માટે બંને જાતિઓ સતત, નિરંતર એકબીજાને ઝંખે છે? તેઓ લોહચુંબકની જેમ એકબીજા પ્રત્યે આકર્ષણ કે ખેંચાણ અનુભવે છે, તેને કેવી રીતે સમજાવી શકાય ? ઉત્તર આ છે : તેઓ એક જ ટુકડામાંથી સૃજાયેલી છે - પેલા મેં બતાવેલા લાઈબેરિયન કોતરણીકામની જેમ જ. તેઓ તો એક જ અખંડના ખંડ કે ભાગ છે, અને પેલા

અખંડને પુનઃસ્થાપિત કરવા માંગે છે, એકબીજાને પરિપૂર્ણ કરવા ચાહે છે, 'એક દેહ' થવા ઝંખે છે.

''જે શક્તિ તેમને એકબીજા પ્રત્યે આકર્ષિત કરે છે તે તો સ્નેહ છે. 'એ કારણથી', ખાતરીપૂર્વક, પ્રેમને કારણે, બંને એકબીજાનાં માબાપને છોડશે, એકબીજાને વળગી રહેશે અને એકરૂપ થશે.

## સ્નેહદ્વાર (The Love Entrance)

''આપણે જ્યારે આપણી જાતને પ્રશ્ન કરીએ કે, કયા કોણથી આપણે લગ્નત્રિકોણમાં પ્રવેશીએ છીએ, ત્યારે બાઈબલ ઉત્તર વાળે છે : વળગી રહેવાના કે વફાદારીના ખૂણાએથી.''

મેં મારો લાકડાનો ત્રિકોણ હાથમાં લીધો, અને ડાબી બાજુના ખૂણા તરફ આંગળી ચીંધી : ''ત્રિકોણપ્રવેશ માટે વફાદારીનો ખૂણો એ સર્વોત્તમ દ્વાર છે. લગ્ન અને કામસંતોષ પહેલાં સ્નેહ આવવો જોઈએ, તેની અગ્રિમતા હોવી જોઈએ. લગ્ન પ્રેમ પ્રતિ દોરી જતું નથી, પણ સ્નેહ લગ્ન પ્રતિ દોરી જાય છે. જાતીયવૃત્તિ કાંઈ સ્નેહની જનની કે સર્જક નથી, પણ પ્રેમ બીજી વસ્તુઓ સાથે શારીરિક અભિવ્યક્તિ શોધે છે. ત્રિકોણની ક્રિયાશીલતાના ઊઘડવાને અને પૂર્ણ વિકસવાને જ્યાં સુધી લાગેવળગે છે ત્યાં સુધી પ્રેમકોણથી પ્રવેશ મેળવવો તે સફળતા માટે સૌથી આશાસ્પદ બાબત છે. તેથી તો એ ઈશ્વરની યોજના સાથે સાદૃશ્યમાં, મેળમાં છે.

''બીજા એક કારણથી પણ ઈશ્વર આ સ્નેહદ્વારેથી આપણે પ્રવેશીએ તેવું ઈચ્છે છે. લગ્નસમારંભની જાહેર કાયદેસરની બાજુઓ તેમ જ કામવૃત્તિ બદલી ન શકાય તેવી હકીકતો સર્જે છે, જ્યારે સ્નેહ તેવું કશું કરતો નથી.

''એક વિવાહિત યુગલને કોઈ દિવસે એવું લાગે કે તેમણે ઉતાવળ કરી નાંખી, કે સમય પૂરો પાક્યો નહોતો અને તેમનું વાગ્દાન એ ભૂલ હતી. તો ભાગીદારને મટી શકે નહિ તેવો કે અસાધ્ય ઘા કર્યા વિના તેઓ

વિવાહ તોડી શકે તે શક્યતા રહી શકે છે. પ્રેમને કારણે બંને એકબીજાને મુક્ત કરી શકે.''

આ પળે હું મીરિયમ અને તિમોથીનો વિચાર કર્યા વિના રહી ન શક્યો, અને શ્રોતાઓમાં તેમના ચહેરા શોધવા લાગ્યો. મેં તેમને છેલ્લી પાટલી પર સાથે બેઠેલાં જોયાં. મીરિયમ એ પુરુષોની પાટલીઓ પર બેઠેલી એક માત્ર યુવતી હતી. મને લાગ્યું કે, તેઓ ધારે તો, તેઓની રૂઢિઓ ટાળી શકે.

''બીજા બંને ખૂણા સમાવિષ્ટ ન થયા હોય ત્યાં સુધી, સ્નેહનો કોણ ધરી આસપાસ ગોળ ગોળ ફરનાર દ્વાર જેવો છે - એવું દ્વાર જેમાં તમે પ્રવેશી શકો, અને જરૂરિયાત ઊભી થાય તો, તેમાંથી તમે બહાર પણ નીકળી શકો.

''લગ્નસમારંભનો પ્રસંગ આ ગોળ ગોળ ફરતા દ્વાર જેવો નથી. એ તો બંધ થઈ જતા દ્વાર જેવું છે, અને જેને અંદર કોઈ પકડવાનો હાથો (હેન્ડલ) નથી. અલબત્ત, તેને તોડીફોડીને ઉઘાડી શકાય. આ પણ ઘણું ઘણું મુશ્કેલ છે. ગમે તેટલું શોચનીય કે દુઃખદ હોય તે છતાં વિવાહભંગ કરતાં ચોક્કસપણે, લગ્નવિચ્છેદ વધુ મુશ્કેલ છે, અને તેનાં પરિણામો પણ ઘણાં આવી શકે.

દેહસંબંધ વિશે પણ એ જ સાચું છે. તે પણ બદલી ન શકાય તેવી, અપરિવર્તનશીલ ઘટનાઓ સર્જે છે. બાઈબલીય વિચારણા અનુસાર, જે બે વ્યક્તિઓએ દેહસંબંધ ભોગવ્યો હોય તે પછી કદી એનાં એ રહેતાં નથી. આ અનુભવ ન મેળવ્યો હોય એવી રીતે તેઓ કદી એકબીજા સાથે વર્તી શકતાં નથી. સંકળાયેલી બંને વ્યક્તિઓમાંથી એકબીજા પ્રત્યે બંધાયેલું એક યુગલ સર્જાય છે. બીજા અર્થમાં, બધી ગૂંચવણો સહિતનો એક દેહ-કરાર કે બંધન તે સર્જે છે.

''બાઈબલ પ્રમાણે, આ યુગલ એ વિશે ગંભીર હોય કે ન હોય, તેઓ લગ્નસંબંધથી જોડાવા માંગતાં હોય કે ન હોય, તો એ હકીકત તો ઉપર જણાવ્યા મુજબની સર્જાય છે; હા, પ્રેષિત પાઊલ તો કહે છે કે,

વેશ્યાવૃત્તિ માટે પણ એ સાચું છે. ૧લું કરિંથી. ૬:૧૬માં આપણે વાંચીએ છીએઃ 'તમને એટલી ખબર નથી કે, જે કોઈ વેશ્યા સાથે સમાગમ સાધે છે તે વેશ્યા સાથે એક દેહ બની જાય છે?'

''બંને વ્યક્તિઓ, જુદી હોવા છતાં, દેહસંબંધને કારણે, યુગલ બની જાય છે.

''રોબર્ટ ગ્રીમ કહે છે : 'દેહ કે દૈહિક વાસનાઓની ભૂંસી ન શકાય તેવી છાપ લાગી જાય છે. હું મારા દેહથી પોતાને છૂટો પાડી શકતો નથી.'''

ચર્ચના પાછળના ભાગમાં થોડીક હિલચાલ થઈ. કોઈ જવા માંગતું હતું, પણ મોડાં આવનારાંઓથી દ્વાર એવું ભીડાઈ ગયું હતું કે, આને કારણે ઠીક ઠીક અશાંતિ ઊભી થઈ.

મેં ચાલી જનાર વ્યક્તિને ઓળખી. તે ફાતમા હતી.

આ પછી હું અસ્વસ્થ બની ગયો. મેં મારી જાતને કહ્યું કે, 'અમે મોડું શરૂ કર્યું અને જોન તેને લેવા જાય તે પહેલાં તેણે સ્કૂલે પાછા જતું રહેવું જોઈએ. પણ ગમે તે કારણે, આ સમજૂતીથી મને સંતોષ ન થયો.' મને લાગ્યું કે, કશુંક અયોગ્ય થઈ રહ્યું છે. પણ એ સમયે તો મારી પાસે પસંદગીનો કોઈ અવકાશ પણ ક્યાં હતો? મારે વ્યાખ્યાન આગળ ચલાવવું જોઈએ :

''હું ફરીથી દોહરાવું છું : તમે બીજા કોઈ દ્વારથી પણ પ્રવેશ કરો તોયે કદાચ સફળ થઈ શકો, છતાં એ જોખમી વસ્તુ છે. જો તમે પીછેહઠ કરવા માંગો, તો તમને પોતાને અને તમારા સાથીને ઈજા પહોંચાડશો.

''આ વસ્તુ એક અતિ વ્યાવહારિક પ્રશ્ન પ્રતિ આપણને લઈ જાય છે. હું ઘણાં યુગલોને ઓળખું છું જેઓ એમ કહેશે : 'અમને સ્નેહદ્વારથી પ્રવેશવાનું ઘણું ગમે. પણ અમે એમ કેવી રીતે જાણી શકીએ કે, અમારો પ્રેમ આજીવન જોડાણ, સંપૂર્ણ વફાદારી પ્રતિ અમને દોરી જાય તેટલો ઊંડો છે, પર્યાપ્ત છે ? મૃત્યુ અમને અલગ ન કરે ત્યાં સુધી સમગ્ર જીવન સાથે ગાળવાનું વચન આપી શકીએ

અને લગ્નની પ્રતિજ્ઞાઓ લઈ શકીએ તે માટે અમારો પ્રેમ પૂરેપૂરો પુખ્ત છે તેની ખાતરી અમને શી રીતે થાય ? જો જાતીય સમાગમ એ પ્રેમની કસોટી નથી, તો પછી કસોટી કઈ છે ?'

"મારો ઉત્તર આ છે :

## પ્રેમની છ કસોટીઓ *(Six Tests of Love)*

### ૧. સહભાગીપણાની કસોટી (The Sharing Test)

"સાચો પ્રેમ સહભાગી બનાવવા ચાહે છે, વિશાળ બનવા માંગે છે. તે પોતાનો નહિ પણ બીજી વ્યક્તિનો વિચાર કરે છે. જ્યારે તમે કશું વાંચતા હો, ત્યારે કેટલી વાર તમે એ રસપ્રદ વાચનનો આનંદ તમારા મિત્ર સાથે ભાગીદારીમાં મેળવવા ઈચ્છો છો ? જ્યારે તમે કશીક યોજના કરો છો ત્યારે શું તમે પોતે શું કરવા માંગો છો તે અંગે વિચારો છો કે બીજાને શેમાં આનંદ પ્રાપ્ત થશે તે અંગે વિચારો છો ? હેરમાન ઓસ્સર કહે છે : 'જેઓ સુખી થવા માંગે છે તેમણે પરણવું ન જોઈએ. અગત્યની વાત તો બીજી વ્યક્તિને સુખી બનાવવાની છે. જેઓ બીજા પોતાને સમજે તેવું ઈચ્છે છે તેમણે પરણવું ન જોઈએ. અગત્યની વાત તો ભાગીદારને સમજવાની છે.'

"પ્રથમ પ્રશ્ન તો આ છે : શું આપણે સાથે વહેંચણી કરી શકીએ છીએ ? શું હું જાતે સુખી થવા ચાહું છું કે અન્યને સુખી બનાવવા ચાહું છું ?

### ૨. બળની કસોટી (The Strength Test)

"એક વાર મને એક મૂંઝાયેલા પ્રેમી તરફથી એક પત્ર મળ્યો. તેણે ક્યાંક વાંચ્યું હશે કે, જે સાચેસાચ પ્રેમમાં પડે છે તેનું વજન ઘટે છે. તેના સ્નેહની માત્રાની તીવ્રતા છતાં તેનું વજન ઘટતું નહોતું, અને તેથી તેને મૂંઝવણ થતી. એ સત્ય છે કે, સ્નેહાનુભવ તમારા શરીર પર અસર પહોંચાડે. પણ લાંબે ગાળે, સાચો પ્રેમ તમારી શક્તિ લઈ ન લે, ઓછી ન થવા દે; પણ ઊલટું, તે તો નવી શક્તિ અને નવું બળ પ્રદાન કરે. તે તમને આનંદથી ભરપૂર કરે, સર્જનાત્મક

બનાવે તથા વધુ અને વધુ પ્રાપ્ત કરવા કટિબદ્ધ કરે.

"તો આપણો બીજો કસોટી પ્રશ્ન આ છે : શું આપણો પ્રેમ આપણને નવી શક્તિ આપે છે, અને સર્જનાત્મક બળથી ભરપૂર કરે છે, અથવા આપણી શક્તિ અને બળને હણી નાંખે છે ?

## ૩. આદર જાળવવાની કસોટી (The Respect Test)

"બીજાની લાગણી પ્રતિ સંવેદનશીલતા ન હોય, આદર ન હોય ત્યાં સાચો પ્રેમ હોઈ ન શકે.

"કોઈ યુવતી કદાચ કોઈ ખેલાડીનાં વખાણ કરે અને ફૂટબૉલની રમતમાં તેને ગોલ કરતો જુએ. પણ જો તે પોતાની જાતને આ પ્રશ્ન પૂછે : 'શું હું આ યુવકને મારાં બાળકોનો પિતા બનાવવા ચાહું છું ?' ઘણીબધી વાર ઉત્તર નકારમાં હોઈ શકે.

"કોઈ યુવતીના નૃત્યનૈપુણ્યની કોઈ યુવક પ્રશંસા કરે. પણ જો એ પોતાની જાતને પ્રશ્ન પૂછે : 'શું હું આ યુવતી મારાં બાળકોની જનેતા બને તેમ ઈચ્છી શકું ?' તો કદાચ એ યુવતી તેને કંઈ જુદી જ દેખાય.

"આપણો ત્રીજો કસોટી-પ્રશ્ન છે : શું અમને એકબીજા માટે પૂરતો આદર છે, અહોભાવયુક્ત માન છે ? શું મને મારા સાથી માટે ગર્વ છે ?

## ૪. આચાર-કસોટી (The Habit Test)

"એક વાર એક યુરોપિયન વાગ્દત્તા યુવતી મારી પાસે આવી અને ઘણી ચિંતાતુર દેખાતી હતી : તેણે કહ્યું, 'હું મારા વાગ્દત્ત પતિને ઘણો ચાહું છું, પણ તે જે રીતે સફરજન ખાય છે તે હું સહન કરી શકતી નથી.''

શ્રોતાસમૂહમાંથી હાસ્ય સંભળાયું.

"પ્રેમ બીજા સાથીને તેની ટેવો સહિત સ્વીકારે છે એવું માનીને કે, આ ટેવો તો ધીમે ધીમે બદલાઈ જશે; તો મહેરબાની કરી, હપ્તાની યોજનાવાળું લગ્ન કરશો નહિ. આ ટેવો કદાચ ન પણ બદલાય.

આથી જેવા છે તેવા, તેની પ્રકૃતિ અને ક્ષતિઓ સહિત, અપનાવી લેવાં જોઈએ.

''તેથી આપણો ચોથો કસોટી - પ્રશ્ન છે : શું આપણે એકબીજાને માત્ર પ્રેમ કરીએ છીએ કે એકબીજાને ગમીએ-ગમાડીએ છીએ ?

### ૫. સંઘર્ષ-કસોટી (The Quarrel Test)

''જ્યારે કોઈ યુગલ લગ્નેચ્છાથી મારી પાસે આવે છે, ત્યારે હું હંમેશાં તેમને પૂછું છું : 'શું તમારે ખરેખર કોઈ ઝઘડો થયો છે ? - માત્ર સામાન્ય મતભેદ નહિ પણ સાચકલો ઝઘડો ?'

''ઘણી વાર તેઓ કહેશે : 'ના, ના, પાસ્ટર, અમે તો એકબીજાને પ્રેમ કરીએ છીએ.'

''ત્યારે હું તેઓને કહું છું : 'પહેલાં થોડું ઝઘડી લો, - અને પછી હું તમને પરણાવું.'

''આમાં વિચારણીય મુદ્દો ઝઘડાનો કે સંઘર્ષનો નથી, પરંતુ એકબીજા સાથે સુમેળ કે સમાધાન કરી લેવાની શક્તિનો છે. લગ્નપૂર્વે આ શક્તિને તાલીમ આપવી જોઈએ, અને કસોટીની એરણે ચઢાવવી જોઈએ. જાતીય સમાગમ નહિ, પણ કદાચ આ 'સંઘર્ષ-કસોટી' એ લગ્નપૂર્વેનો એક જરૂરી અનુભવ છે.

''પાંચમો કસોટી-પ્રશ્ન આ છે : 'શું અમે એકબીજાને માફી આપી શકીએ છીએ, અને એકબીજા સાથે અનુકૂલન સાધી શકીએ છીએ ?'

### ૬. સમય-કસોટી (The Time Test)

''એક યુવાન જોડું મારી પાસે લગ્ન માટે આવ્યું. મેં પૂછ્યું : 'તમે બંને એકબીજાને ક્યારથી ઓળખો છો ?' 'લગભગ, ત્રણ કે ચાર મહિનાથી,' ઉત્તર મળ્યો.

''આ ઘણો ટૂંકો સમયગાળો છે. એક વર્ષ, મારા અભિપ્રાય મુજબ, ઓછામાં ઓછો સમય હોવો જોઈએ. કદાચ બે વર્ષ વધુ

સલામત કહી શકાય. એકબીજાને માત્ર રવિવારનાં સુસજ્જ વસ્ત્રોમાં કે રજાઓની ટાપટીપમાં જ નહિ, પણ કામ ઉપર, દૈનિક જીવનમાં, હજામત વગર, સાદા ટી-શર્ટમાં, અને વાળ હજુ ધોવાના કે ઓળવવાના હોય તે વખતે, અને જોખમ કે તંગદિલીની પરિસ્થિતિઓમાં પણ જોવા, મળવું તે સારું છે.

‘‘એક જૂની કહેવત છે : ‘સાથી સાથે શિયાળો અને ઉનાળો વિતાવ્યા વિના માંડવે બેસી જવાની ઉતાવળ કરશો નહિ.’ કદાચ, જો તમને તમારી પ્રેમભાવના વિશે સંશય કે શંકા હોય, તો સમય બધું જ કહી દેશે.’

‘‘તો છેલ્લો કસોટી-પ્રશ્ન આ છે : ‘શું આપણા પ્રેમ ઉપરથી શિયાળો અને ઉનાળો ઊતરી ચૂક્યો છે ? શું આપણે લાંબા સમયથી એકબીજાથી પરિચિત છીએ ?’

‘‘અને બધી સ્પષ્ટતાપૂર્વક મને આ વિધાન કરવા દો : જાતીય સુખ એ પ્રેમની કસોટી નથી, નિકષ નથી.’’

અહીં મને થોભવાનું કહેવામાં આવ્યું. ડેનિયલે મને કહ્યું, ‘ઘણા સૂચવે છે તમે છ કસોટીઓ શ્યામપટ પર લખો તો સારું.’ મેં સંમતિ આપી. મેં ડાબી બાજુએ અંગ્રેજીમાં લખ્યું – ડેનિયલે જમણી બાજુએ લખ્યું.

એમાં ઘણો સમય ગયો. ડેનિયલે નિરાશાથી નિહાળ્યું કે કાગળ વગર આવેલાં કેટલાંક તો ભજનસંગ્રહનાં પૃષ્ઠો ઉપર પ્રેમની કસોટીઓ ઉતારી લેતાં હતાં.

પછી મેં એ છ કસોટીઓ નીચે મોટા અક્ષરે લખ્યું :

**જાતીયતા (કામવૃત્તિ) પ્રેમની કસોટી નથી**

***SEX IS NO TEST OF LOVE***

હું જાણતો નથી કે ડેનિયલે એનો શો અનુવાદ કર્યો, પણ અમે પરમદિવસ કરતાં થોડી વધુ પ્રગતિ એ અર્થમાં કરી હતી કે, અમે પ્રભુમેજની આગળ મૂકેલા શ્યામપટ ઉપર ‘જાતીયતા’ શબ્દ લખી શક્યા હતા !

મેં સમજાવતાં કહ્યું :

''જો કોઈ યુગલ બંને એકબીજાને પ્રેમ કરે છે કે કેમ તે જાણવા જાતીય સમાગમનો આશ્રય લે, તો કોઈ તેમને પૂછી શકે : 'શું તમે એકબીજાને આટલું અલ્પ ચાહો છો ?' જો બંને એવું વિચારે : 'આજે રાત્રે મારે જાતીય સુખ મેળવવું પડશે, - નહિતર, મારા સાથી એમ ધારશે કે , હું તેમને ચાહતો/ચાહતી નથી કે, તે મને ચાહતા/ચાહતી નથી,' આ સંભવિત નિષ્ફળતાનો ભય પણ પ્રયોગની સફળતાને રુંધવા પૂરતો છે. જાતીયવૃત્તિ એ પ્રેમની કસોટી કરી શકે તેમ નથી, કારણ કે એ જ વિશિષ્ટ વસ્તુ જેની કસોટી તે કરવા માંગે છે તે કસોટીને જ પાપે મરણાધીન બને છે.

''તમે ઊંઘી જાઓ તે પહેલાં પોતાનું નિરીક્ષણ કરવાનો પ્રયત્ન કરો. તમે કાં તો નિરીક્ષણ કરશો, અને ઊંઘી શકશો નહિ. અથવા, ઊંઘી જશો અને નિરીક્ષણ કરી શકશો નહિ.

''પ્રેમની કસોટી માટે જાતીયતાના દાવા અંગે એ જ વાત સત્ય છે. તમે કાં તો કસોટી કરો છો, અને પ્રેમ કરતા નથી. અથવા, તમે પ્રેમ કરો છો, અને જાતીયતાનો કસોટી તરીકે ઉપયોગ કરતા નથી.

''એને પોતાને જ માટે, ત્રિકોણની કાર્યશીલતામાં તે સંકળાઈ જાય - એકરૂપ બની જાય - ત્યાં સુધી દૈહિક અભિવ્યક્તિ માટે પ્રેમને થોભવું જ રહ્યું. આ રાહ જોવાનું કામ યુવતી કરતાં યુવાનને માટે વધુ કઠિન છે. તેથી જ, યુવતીએ યુવાનને સહાયકારી બનવાનું છે. કારણ કે, યુવાન તો ધ્યેય કરતાં નીચું લક્ષ્ય તાકવા માટે તેની અવિચારી આવેગશીલતાને કારણે પ્રલોભનમાં પડે છે.

''ઈજા પહોંચાડયા વગર 'ના' કહેવી, સંબંધો ભગ્નાવશેષ બને તે પહેલાં નકાર કરવો, તે શીખવામાં યુવતી યુવાનને સહાય કરી શકે. આ તો કળા છે. તે સવેળા શોધી કાઢી શકશે કે, સરળ અને સ્પષ્ટ 'નન્નો' એ દીર્ઘ સમજૂતીઓ અને બહાનાં બતાવવા કરતાં વધુ અસરકારક અને સહાયક બને છે. જો તે સાચે જ તેણીને ચાહતો હશે, તો એ યુવાન પેલા નકારને કારણે જ વધુ માન આપશે. ઉશ્કેરાટભર્યા આલિંગન કરતાં એક પ્રામાણિક પ્રશંસા વધુ અર્થપૂર્ણ બની શકે, એ પણ તેણે એ યુવાનને શીખવવું પડશે.

''બીજી સહાય એ તેની લજ્જાશીલતા દ્વારા તે આપી શકે. કોઈક કહે છે કે, પહેલાં તો મૂંઝાતી ત્યારે યુવતીઓ લજામણીના છોડ જેમ શરમાતી ! હવે તો તેઓ શરમાય છે ત્યારે મૂંઝાય છે ! પણ આ લજ્જાશીલતા શરમનો સ્વાભાવિક પ્રતિભાવ, એ કશી શરમાવાની કે કરમાવાની વાત નથી. એ તો એક સાથે સલામતી અને રક્ષણ બંને છે. કન્યાઓએ સમજવું જોઈએ કે, અમુક સંજોગોમાં મર્યાદાભાન અને લજ્જાની સ્ત્રીસહજ કોમળ લાગણી એ તો વરદાન છે, અને સ્નેહની સેવામાં તેને પ્રયોજી શકાય.''

હવે ચર્ચમાં સંપૂર્ણ કે પ્રગાઢ શાંતિ પથરાઈ ગઈ હતી. હું જાણતો હતો કે, મર્યાદા અને લજ્જાશીલતાની આ સ્વાભાવિક લાગણી પશ્ચિમના સમાજ કરતાં આફ્રિકન સમાજમાં વધુ પ્રવર્તમાન છે. ફિલ્મોમાં દર્શાવાતાં દીર્ઘ ચુંબનોનાં દશ્યો આફ્રિકનોને ઘૃણાસ્પદ લાગે છે. જ્યારે આવાં દશ્યો પરદા પર ભજવાય છે ત્યારે દર્શકો બેચેની અનુભવે છે, અને કેટલાક તો તેમને જોવાનું ટાળે છે. છતાં, આવી ફિલ્મો આખા આફ્રિકામાં ઠેર ઠેર દર્શાવવામાં આવી રહી છે, અને હવે તો દર્શકો પોતાની લાગણીઓ વિશે શંકા ઉઠાવવા લાગ્યા છે. તેથી તો મારે તેમને પુનઃપ્રતીતિ આપવી પડી.

ડેનિયલ અને હું અગાઉની હરોળો સમક્ષ ઊભા હતા. મેં તેમને સમય અંગે પૂછી જોયું. ડેનિયલે કહ્યું કે, હજુ હું દસ-પંદર મિનિટ વધુ લઈ શકું. તેથી વિવાહિત યુગલોના વિશિષ્ટ પ્રશ્નોની ચર્ચા કરવાનું મેં નક્કી કર્યું :

''આપણે એવું એક યુગલ કલ્પીએ, જે કામદ્વારથી નહિ પણ સ્નેહદ્વારથી લગ્નત્રિકોણમાં પ્રવેશ્યું છે. તેમની પરિસ્થિતિ તો જુદી જ છે, અને આપણે એ બે અભિગમો વિશે વધુ કાળજીપૂર્વક વિચારણા કરવી પડશે.

''તે બંનેને એકબીજાનો લાંબો પરિચય છે. જાતીયતાની એરણ ઉપર પ્રેમને કસોટીએ ચઢાવવાની તેમને જરૂર નથી. કેવી રીતે વહેંચવું તે તેઓ શીખેલાં છે. સ્નેહને કારણે બંનેને વધુ બળ અને શક્તિ પ્રાપ્ત થયાં છે. તેમની પારસ્પરિક આદરની લાગણી ઊંડી છે. તેમણે અન્યોન્યની

ટેવો સ્વીકારી લીધી છે, અને ખરેખર એકબીજાને પસંદ કર્યાં છે. તેમણે સંઘર્ષ પણ વેઠયો છે, અને તોફાની સમયોમાંથી પસાર પણ થયાં છે. તેઓ જાણે છે કે તે અન્યોન્યને ક્ષમા આપી શકે.

''તેઓ એક એવા બિન્દુએ છે, જ્યાં તેઓ એકમેકને વચન આપી શકે : 'આપણે જિંદગીભર અન્યોન્યને વફાદાર રહેવા માંગીએ છીએ.' આનો અર્થ છે કે તેઓ કરારથી જોડાયાં છે. ત્રિકોણમાં તેમણે સ્નેહદ્વારથી પ્રવેશ કર્યો છે - એકબીજાને વળગી રહેવાની પ્રતિજ્ઞા કરતો પ્રેમ. પણ હવે તેઓએ એક કસોટી કરે તેવો નિર્ણય કરવાનો છે : 'બેમાંથી ક્યા કોણને આપણે પહેલાં પહોંચીશું ? શું આપણે પહેલાં લગ્નથી જોડાઈશું અને સહશયન કરીશું કે, પહેલાં સહશયન કરીશું અને પછી લગ્નગ્રંથિથી બંધાઈશું ?' ''




હું થોભ્યો, મેં યુવાનવર્ગ તરફ જોયું અને કહ્યું :''તમે શું ધારો છો ?''

જાણે મેં બાટલીમાંથી બૂચ કાઢી લીધો હોય તેવું બન્યું. પ્રત્યેક વ્યક્તિ એકદમ વાતો કરવા લાગી. થોડાક પ્રયત્નો પછી ડેનિયલ તેમને શાંત પાડી શક્યા. મેં પુનરાવર્તન કર્યું :

''ગઈ કાલે આપણે 'જાતીયતાનું દ્વાર'ની ચર્ચા કરી, તેનાથી આ પરિસ્થિતિ સંપૂર્ણપણે ભિન્ન છે. અન્યોન્ય કોઈ જવાબદારી સ્વીકાર્યા

વિના કે બંધણી કર્યા વિના આ યુગલ જાતીયતાને પ્રથમ પગથિયા તરીકે ગણતું નથી. તેમણે એકબીજાને જવાબદારીની સોંપણી કરી છે, અને તે પણ સુદીર્ઘ અને સુચિંતિત મૂલ્યાંકન બાદ. તેમને ખરેખર કોઈ આપસ્વાર્થી કે અહંકારી ઉદ્દેશો નથી, પણ એકબીજા માટે જવાબદારી સ્વીકારી લીધી છે.

''હવે તેઓ પૂછે છે : 'શું આપણે આ પ્રેમને દૈહિક રીતે અભિવ્યક્ત ન કરી શકીએ ? સહશયન કરવા માટે આપણે અધિકૃત પરવાનો મેળવવાની શી જરૂર છે ? શું ખરેખર પેલો કાગળનો ટુકડો લગ્નને અસ્તિત્વમાં લાવે છે ? ''

''અલબત્ત, તે લાવતો નથી - જેવી રીતે બાળજન્મનું સર્ટિફિકેટ બાળકને અસ્તિત્વમાં ન લાવી શકે તેમ. છતાં, બાળજન્મનું સર્ટિફિકેટ માત્ર કાગળના ટુકડાથી કંઈક વિશેષ છે. તે માનવી જીવનને કાયદેસર રીતે રક્ષે છે.

'' લગ્નપ્રમાણપત્ર વિશે પણ એ જ સાચું છે. તે લગ્નને કાયદાથી રક્ષણ આપે છે. અંગત અને શારીરિક પાસાંઓની જેમ જ આ કાયદેસરતાનું પાસું લગ્નત્રિકોણમાં આંતરક્રિયાઓના પ્રગટીકરણ માટે, ખીલવા માટે આવશ્યક છે.

''લગ્નસમારંભ પહેલાં જે યુગલો જમણો માર્ગ લઈ લગ્નહકો ભોગવી લેવા માંગે છે તે એક હકીકતની ઉપેક્ષા કરે છે - માનવીય વર્તનની આગાહી ન થઈ શકે તે. તેઓ કેવી રીતે ખાતરી કે ભરોસો રાખી શકે કે તેઓ પરણશે જ પરણશે ?

''જો બેમાંથી એક લગ્નસમારંભ પહેલાં મૃત્યુ પામે તો શું થાય? કારઅકસ્માત ? હૃદયરોગનો હુમલો ? શું એ પછી વિધુર બને કે નહિ ? શું સ્ત્રીને વિધવા કહેવાય? તે કુમારી કે શ્રીમતી - શું કહેવાય ? અને કદાચ, જો એ ગર્ભવતી હોય તો ? બાળકની અટક કે કૌટુંબિક નામ શું હોઈ શકે? આ પ્રશ્નો બતાવે છે કે, લગ્નપ્રમાણપત્ર એ કાગળના કટકાથી કંઈક વિશેષ છે. તેઓ કાયદેસરતાનું પગલું ભરવા તૈયાર ન થાય ત્યાં સુધી

એકમેક માટે સંપૂર્ણ જવાબદારીનો ભાર કેવી રીતે વહન કરી શકે? જવાબદારી કાયદેસરતાનો આગ્રહ રાખે છે.

"શું આનો અર્થ એવો થાય કે બંનેએ પ્રીતિનાં બધાં જ ચિહ્નો કે ચેષ્ટાઓ દબાવી દેવાં ? પહેલાં તો લગ્નવેદી પ્રતિ પગલાં માંડો, અને પછી મહાન પ્રગટીકરણની અપેક્ષા રાખો ? ના, ચોક્કસપણે ના. કાયદેસરતાના પાસા જ પ્રત્યે દુર્લક્ષ કરવાથી પેલાં બળોની આંતરક્રિયા અટકાવી દેવાય, રુંધી શકાય. મર્મ તો આ છે : એકપણ પગથિયું ચૂકયા વિના બંને પ્રેમીઓ બંને દિશામાં એક જ સમયે પ્રગતિ કરે છે, વૃદ્ધિ પામે છે."

હું શ્યામપટ તરફ ફર્યો અને આવી રીતે સમાંતર રેખાઓ દોરી:




"લગ્ન અને વફાદારીની દિશામાં ભરેલું પ્રત્યેક પગલું કોમળતા અને નૈકટયના ઘેરાપણા સાથે તાલ મિલાવે તેવું હોવું જોઈએ, અંતે, છેવટે, સ્નેહદ્વારેથી પ્રવેશ મેળવી બીજા બે કોણને - લગ્ન અને દેહસમાગમ - એકસાથે જ, એક સમયે પહોંચી શકાય.

"ધ્યેયના યથાર્થ દર્શનમાંથી જ આ પ્રશ્નનો ઉત્તર આપી શકાય. મુદ્દો તો આ છે : નૈકટય કે ઘરોબા પ્રતિનું પ્રત્યેક પગલું એ જ પ્રકારની

જવાબદારી અને વફાદારીની ભાવનાથી સંતુલિત થવું જોઈએ.''

હું મારી પાસે ઊભેલા ડેનિયલ તરફ ફર્યો, અને બધાં શ્રવણ કરી શકે તેમ પૂછયું :

તમારા યુવાનો વિશે શી વાત છે ? શું તેઓ બંને ખૂણાને એક સાથે, એક સમયે પહોંચે છે ?''

મોટાંઓ પાસેથી પણ ખડખડાટ હાસ્ય ગાજી રહ્યું. ડેનિયલે જાણકારીનું સ્મિત કર્યું, અને બધો ઘોંઘાટ શાંત થયો ત્યાં સુધી તે થોભ્યા. પછી તે ગંભીર બની ગયા. હું મોરિસ પાસે પહેલી પાટલી પર બેસી ગયો, અને તેણે ડેનિયલના વક્તવ્યનું મારે માટે ધીમેથી અર્થઘટન કર્યું :

''અહીં સામાન્યતઃ આવું બને છે : યુવાન યુવતીને કહે છે, 'હું તને ચાહું છું,' પણ તે વફાદારીની દિશામાં માત્ર એક જ તસુ આગળ વધવા માંગે છે એટલું જ તેને કહેવું છે. પણ યુવતી એટલી ખુશખુશ કે ઓળઘોળ થઈ જાય છે કે, તે બદલામાં નિકટતાની દિશામાં તેને ત્રણ-ચાર તસુ આગળ વધવાની પરવાનગી આપે છે.''

ફરી હાસ્યનો ઉદ્રેક ફાટી નીકળ્યો.

''પછી છોકરો વિચારે છે. આ તો મજાનું, તેથી તે વફાદારીની દિશામાં વધુ એક ઈંચ આગળ જાય છે. અને છોકરી નૈકટયની દિશામાં તેને ચાર ઈંચ આગળ વધવાની છૂટ આપી બેસે છે. તેઓ જાણે કે સમજે તે પહેલાં, તેઓ જાતીયતાના ખૂણે પહોંચી જાય છે, અને તે પણ આ પગલાની પૂરેપૂરી જવાબદારી ઉઠાવવાની અશક્તિ હોવા છતાં. પછી સમાંતર રેખાઓને બદલે ત્રાંસી રેખાઓ ઊભી થાય છે.''

પછી ડેનિયલે મારી સમાંતર રેખાઓ ભૂંસી નાંખી ત્રાંસી રેખાઓ દોરી :




હું પરિસ્થિતિને આટલી સાદાઈથી ઉદાહરણ દ્વારા ચિત્રિત કરવાની ડેનિયલની શક્તિથી તાજુબ થઈ ગયો. તેમણે મને નિશાની કરી, અને હું વ્યાખ્યાનની પૂર્ણાહુતિ કરતાં તેમની સાથે ઊભો રહી ગયો.

''મેં ત્રિકોણની ત્રાંસી રેખાઓ તરફ આંગળી ચીંધતાં કહ્યું : 'તમે જુઓ છો,' કે, હવે એકશૂન્યતા છે, ત્રિકોણમાં શૂન્યાવકાશ છે. યુરોપ અને અમેરિકાનાં અમારાં ઘણાં વાગ્દત્ત યુગલોમાં આવી જ પરિસ્થિતિ પ્રવર્તે છે. તેઓ માને છે કે એકબીજાને ખૂબ પ્રેમ કરે છે, પણ પછી તેઓ ઘણાં આગળ વધી જાય છે. તેમના સંબંધમાં એકશૂન્યતા - ખાલીપો ધીરેથી સરકી આવે છે. પોતાના પ્રેમ વિશે તેઓને ઓછી અને વધુ ઓછી ખાતરી થતી આવે છે. તેથી પ્રેમને વધુ ઉત્કટ બનાવવાની આશામાં તેઓ નૈકટયને - દેહસંબંધને - વધુ ઉત્કટ બનાવે છે. જેમ જેમ તેઓ તેમ કરે છે, તેમ તેમ તેઓના પ્રેમ વિશેની અસ્થિરતા બેવડાતી જાય છે.

''બીજે પક્ષે, તેઓ પોતાના વિવાહ-કરારને તોડવાની હિંમત કરી શકતાં નથી,કારણ કે તેઓ ઘણાં આગળ વધી ગયાં છે. તેથી

તેઓ લગ્નસંબંધમાં જોડાય છે, પણ તેઓ આ ખાલીપાને - શૂન્યતાને પોતાના લગ્નજીવનમાં લઈ આવે છે, અને એમ કરી પછીની અનેક સમસ્યાઓ અને મુશ્કેલીઓનો પાયો નાંખે છે.

‘‘આ સમાંતર રેખાઓને ત્રાંસી થતી અટકાવવી, સરખી રાખવી એ એક મુશ્કેલ કામ છે. માનવીય ડહાપણ, જ્ઞાન અને શક્તિ કરતાં કંઈક વિશેષની તેને અપેક્ષા રહે છે. તેને તો જરૂર છે દિવ્ય જ્ઞાન અને શક્તિની. તેને તો લગ્નકલાના શ્રેષ્ઠ નિષ્ણાતની એટલે ઈશ્વરની જરૂર પડે છે. તે સમજી શકે છે કે, ઈશ્વર લગ્નનાં ત્રણ પાસાંને - છોડવું, વળગી રહેવું, એક દેહ થવું - એવી ઘનિષ્ઠતાથી ગૂંથે છે, સાંકળે છે કે, તેઓ અભિન્ન બની જાય છે. આપણે તેનામાં શ્રધ્ધા રાખવી જોઈએ અને જાણવું જોઈએ કે, એમ કરવાથી ઈશ્વર આપણી પાસેથી કશું પડાવી લેવા માંગતા નથી, ઊલટા, તે તો કંઈક વિશેષ આપવા ચાહે છે - એક કલાકૃતિના સર્જનમાં આપણી સહાય કરવા માંગે છે. તેમનામાં આ શ્રદ્ધા અને વિશ્વાસ જ તેમના દિવ્ય સંકલ્પ પાળવા આપણને શક્તિ આપશે.

‘‘‘એ કારણથી, માણસ પોતાનાં માતાપિતાને છોડી દેશે, પોતાની પત્નીને વળગી રહેશે, અને તેઓ એક દેહ થશે.’

‘‘અંતમાં, આ કલમ પ્રત્યે પણ મને તમારું લક્ષ ખેંચવા દો: ‘અને તે પુરુષ તથા સ્ત્રી બંને નિર્વસ્ત્ર (અનાવૃત) હતાં, અને છતાં શરમાતાં નહોતાં.’ (ઉત્પત્તિ ૨:૨૫)

‘‘આ વચનનું બાઈબલમાં એક વિશિષ્ટ સ્થાન છે. તે તો સ્વર્ગ અને પતિતા પૃથ્વી વચ્ચે તોળાઈ રહે છે, ભમ્યા કરે છે. પતનની કથા કહેવાય છે તે પહેલાંની સર્જન-વાર્તાનું તે અંતિમ ચરણ છે. આ દષ્ટિએ એ એક સંકેત આપી જાય છે કે, લગ્ન આ પતિત પૃથ્વી મધ્યે સ્વર્ગની આછેરી ઝલક-ઝાંખો પ્રકાશ - પ્રતિબિંબિત કરે છે.

‘નિર્વસ્ત્ર કે નગ્ન, અને...છતાં શરમાતાં નહિ.’

'''નિર્વસ્ત્ર એ માત્ર શારીરિક અર્થમાં જ સમજવાની વાત નથી. એનો અર્થ તો છે બધાં આવરણો ઉતારી, ખુલ્લી રીતે, કશા ઢોંગ વિના, કશુંય છુપાવ્યા વિના, ભાગીદારને તે ખરેખર જેવો કે જેવી છે તે નિહાળતાં, અને હું જેવો કે જેવી છું તેવું તેને બતાવતાં - એકબીજા સામે ઊભા રહેવું - અને છતાં શરમાવું નહિ.

''નિર્વસ્ત્ર કે નગ્ન, અને... છતાં શરમાતાં નહિ.'

''પરંતુ આગળની જ કલમ દર્શાવે છે તેમ, જેમણે માતાપિતાને છોડયાં છે, એકબીજાને વળગી રહ્યાં છે; બીજા શબ્દોમાં કહીએ તો, જેઓ જાહેરમાં, કાયદેસર રીતે લગ્નગ્રંથિથી બંધાયાં છે - તેમને માટે જ આ પુખ્ત પ્રેમનું, મૂળભૂત અને અંતિમ ધ્યેયપ્રાપ્તિનું વચન અપાયેલું છે.

'' આ બે જ જણ, - લગ્નપૂર્વેના કે પછીના સંબંધોવાળા નહિ જ-એક દેહ બને છે. એ અત્યંત અર્થપૂર્ણ છે કે, બાઈબલ 'એક દેહ થવું' એ શબ્દપ્રયોગ માત્ર લગ્નનાં સંદર્ભમાં પ્રયોજે છે.

''આ બે જ જણ - લગ્નપૂર્વેના કે પછીના સંબંધોવાળા નહિ જ - એકબીજા સાથે સહજીવન ગાળવાના, જેવાં છે તેવાં એકબીજા સન્મુખ ઊભા રહેવાના પ્રચંડ અને મુશ્કેલ કાર્યમાં સફળતા પ્રાપ્ત કરશે - ઉઘાડાં અને છતાં શરમાયા વગર.

''કદાચ, એમ પણ હોઈ શકે કે, લગ્નપૂર્વેની આ લજ્જા એ લગ્ન પછી ન શરમાવા માટે આવશ્યક છે.

''નિર્વસ્ત્ર (અનાવૃત)... અને છતાં શરમાતાં નહિ.' આને જ બાઈબલ 'જાણવું' - 'જાતીય સંબંધ ભોગવવો' એમ કહે છે. 'આદમે તેની પત્ની હવા સાથે દેહસંબંધ બાંધ્યો.' (ઉત્પત્તિ ૪:૧)

''પતિ અને પત્ની માત્ર તંબૂમાં જ એક બીજાના દેહ દ્વારા કામધર્મ અદા કરી શકે, એકબીજાને 'જાણી' શકે.

''તેથી, માણસ પોતાના માતાપિતાને છોડી દેશે, પોતાની પત્નીને વળગી રહેશે, અને તેઓ એક દેહ થશે.''

# ૭

મેં ભાષણ સમાપ્ત કર્યું કે તરત જ મેં દ્વાર તરફ દોટ મૂકી. ફાતમાને કારણે મારું હૃદય વિહ્વળ હતું. હું અંતિમ ભજન માટે પણ રોકાયો નહિ. મેં છેવટે ડેનિયલને સ્થાનિક ભાષામાં કંઈક જાહેરાત કરતા સાંભળ્યા. મને લાગ્યું કે તે કહેતા હશે કે, શનિવારની રાત્રિસભા રદ કરવામાં આવી છે, અને તેને બદલે રેવ. ટ્રોબીશ રવિવારની ભક્તિસભા ચલાવશે, જેમાં તેમનાં પત્ની પણ ઉપસ્થિત રહે તેવી આશા છે.

અંગ્રેજી જાણતા હોય એવા કેટલાક યુવાનોને મેં ફાતમા વિશે પૂછ્યું. તેઓ તો એટલું જ બતાવી શક્યા કે તેમણે ફાતમાને અતિ ઉતાવળમાં ચર્ચમાંથી નીકળતી જોઈ હતી.

મારી અસ્વસ્થતા બેવડાઈ.

"શું કોઈ તેની સાથે હતું ?"

"ના, તે એકલી જ બહાર નીકળી ગઈ."

મોરિસ મને કારમાં જુદે રસ્તે ઘેર લઈ ગયા.

"તમે ક્યાં લઈ જાઓ છો ?" મેં પૂછ્યું.

"હું પહેલાં મારાં માને ઘેર મૂકી દઉં, પછી શહેરની શ્રેષ્ઠ હૉટેલમાં મારે તમને ભોજન માટે લઈ જવા છે."

"શું તમારાં મા સાથે નહિ આવે ?"

"ના, ના, તેમને રેસ્ટોરાંમાં નહિ ફાવે. એ તો 'ત્રિપગી સ્ટૂલ'ની જમાતનાં છે !"

શીલાહ થાકી ગયાં હતાં, અને કશું બોલ્યાં નહિ. અમે તેમને ઘેર ઉતાર્યાં, અને શહેરમાં પાછા ફર્યા, મોરિસે એક અદ્યતન મકાન પાસે કાર થોભાવી.

અમે બેઠા અને ઑર્ડર આપ્યા, કે મોરિસે પ્રશ્નોનો મારો શરૂ કર્યો:

"તમે જાણો છો કે તમે જ, આજે તમે જ તમારો વિરોધ કર્યો? વિસંગત વાત કરી ?"

"ખરેખર ? "

"હા, પહેલાં તમે કહ્યું કે, પ્રેષિત પાઊલના મત જાતીય સમાગમ જો વેશ્યા સાથે થાય તો તે પણ એક દેહ બંધન કે કરાર સર્જે છે. પછી તમે કહ્યું કે, બાઈબલ આ 'એક દેહ'નો પ્રયોગ માત્ર લગ્નસંદર્ભમાં જ યોજે છે."

મોરિસે વિજયસૂચક સ્મિત કર્યું.

"તમે સાચા છો," મેં કહ્યું. "૧લું કરિંથી ૬:૧૬ માં ગ્રીક આવૃત્તિ પ્રમાણે આ શબ્દપ્રયોગ લગ્નસંદર્ભમાં પ્રયોજાયો નથી. પણ, હું માનું છું કે, આ તો લગ્નની બહાર 'એક દેહ' થઈ શકવાની વાતની બેવકૂફી કે હાસ્યાસ્પદતા બતાવવા માટે જ લખેલું છે. એક વેશ્યા સાથે 'એક દેહ' થવાની વાત જ વાહિયાત અને પોકળ છે. પાઊલ એમ કહેવા માંગે છે : 'લગ્ન બહાર આ સમાગમ સંપૂર્ણપણે અર્થહીન બાબત છે.'"

સૂપ પીરસાતું હતું તે સમય દરમ્યાન મોરિસે થોડું વિચાર્યું, પછી કહ્યું:

"હા, પણ તેઓ હવે એક દેહ છે કે નહિ ? તમે તો કહેલું કે, 'તંબૂ બાંધવાની ઈચ્છા વિના, લગ્ન અંગે તેઓ ગંભીર હોય કે ન હોય છતાં, માત્ર જાતીય સમાગમને કારણે યુવકયુવતી એક દેહ બને છે' - અને પછી તમે કહ્યું કે, 'માત્ર લગ્નમાં જ, તંબૂમાં જ તેઓ સંપૂર્ણપણે દેહમાં એકત્વ પામી શકે."

"ઓહ, મોરિસ. તમે ખરેખર હોશિયાર છો. તમે તો મારા ભાષણની સૌથી નબળી કડીની જ નાડ દબાવી છે."

"જો પુરૂષ વેશ્યા સાથે એક દેહ બની શકે, તો જે કોઈ વેશ્યા સાથે માત્ર એક વાર દેહસમાગમ કરે તે તેની સાથે પરણ્યો એમ કહેવાય."

"મેં કહ્યુ હતું કે, દેહસમાગમનું કૃત્ય એક યુગલ તો રચે જ છે, પણ તેઓ પરણી જાય છે એવું નહોતું કહ્યું."

"તો તફાવત શો છે ?"

"એ જ ચોક્કસ પ્રશ્ન છે."

મોરિસ ગૂંચવાયેલા દેખાયા. અમે કેટલીક પળો મૌનમાં ડૂબેલા રહ્યા.

"જુઓ, મોરિસ, અહીં જેને તમે સ્પર્શ્યા છો તે અનુત્તરિત પ્રશ્ન છે. પણ બે વસ્તુઓ તો મારા મનમાં ખૂબ સ્પષ્ટ છે : પ્રથમ, દેહસમાગમ, વેશ્યા સાથે હોય તેયે, કશાકમાં પરિણમતું કૃત્ય છે. બીજું, એક દેહ થવું, એ તો પત્ની સાથેના એ દેહસમાગમથી ઘણું વિશેષ છે. આપણે આ બે સત્યો વચ્ચે, જાણે અંધારામાં ફંફોસતાં હોઈએ, તેમ સાચો માર્ગ શોધી કાઢવાનો છે."

મોરિસથી નિઃશ્વાસ નંખાઈ ગયો. બે સત્યો - બધું જ સમેસૂતર, સીધુંસાદું, સમરેખ હોય તો ઘણું સરળ પડે છે.

"તો તેઓ પરણ્યાં નથી તેવું જોડું છે," મોરિસે સૂચવ્યું.

"એના કરતાં બીજી રીતે કહો : તેઓ પરણ્યા વિના સાથે જોડાયાં છે. તે રીતે એ વધુ અપ્રતીતિકર લાગે છે."

"આ વેશ્યાવૃત્તિ તમારા ત્રિકોણમાં ક્યાં ગોઠવાય છે ?"

"એ તો જમણા કોણની સંપૂર્ણ અલગતા છે. માત્ર જાતીયતા, પ્રેમ અને લગ્નથી અલગ."

"અને છતાં તેઓ તંબૂમાં દાખલ થઈ શકે ? એકત્વ પામી શકે ?"

"આ અપ્રતીતિકરતાને હું ક્યા પ્રતિરૂપ દ્વારા વર્ણવી શકું ? એવું લાગે છે, જાણે તેઓ તંબૂમાં પ્રવેશે છે અને પછી શોધી કાઢે છે કે તંબૂનો ઉપલો ભાગ જ નથી. તેઓ એક ઘરનું દ્વાર ખોલે છે, અંદરથી બંધ કરે છે, અને પછી જુએ છે કે તેને દીવાલો પણ નથી અને છાપરું પણ નથી. તેઓ અંદર જાય છે, અને છતાંય બહારના બહાર જ રહી જાય છે."

વેઈટર બીજી વાનગી લાવ્યો તેથી અમારી વાતચીત અટકી ગઈ.

"આજે બપોરે, મેં પેલી શિયળભંગ થયેલી યુવતી સાથે લગ્ન કરવાનો ઈન્કાર કર્યો તેથી તમે મારી ટીકા કરી. એથી મારા અંતરઆત્માને ભારે ડંખ લાગ્યો છે. શું તમે એમ કહેવા સમર્થ છો

કે, સામાન્ય નિયમ તરીકે બહુ ઘઢભાંજમાં પડયા વિના, કુંવારી રહી ન હોય તેવી યુવતીઓ સાથે પણ પરણવું જોઈએ ?''

''ના, અલબત્ત નહિ. પરંતુ, યુવતી તેનું ચારિત્ર્ય, જે સંજોગોમાં તેના કૌમાર્યનો ભંગ થયો તે, આ હકીકત પ્રત્યેનું તેનું વલણ - આ વસ્તુઓ પર બધો આધાર છે. પરંતુ જ્યારે હું આ કૌમાર્યભંગ યુવતીઓને જોઉં છું, તેમાંની ઘણીખરી માત્ર તેર કે ચૌદ વર્ષની કિશોરીઓ, ત્યારે મને ભારે આઘાત લાગે છે. કોઈએ તેમને કોઈ પ્રકારનું જાતીય શિક્ષણ આપ્યું નથી. માત્ર એક જ વાત તેમને શીખવવામાં આવી છે, અને તે આટલી જ - તેઓ સ્ત્રીઓ છે, અને તેથી તેઓએ પુરુષોનું માનવું જોઈએ. પછી કોઈ પુરૂષ તેમના જીવનમાં પ્રવેશે છે, અને તેઓ તેની આજ્ઞા પાળે છે. વિરોધ કરવાનું તેમને શીખવવામાં આવ્યું નથી. જુઓ, મોરિસ, કુંવારિકા હોવું એ કોઈ શરીર પરનું ચિહ્ન નથી, માત્ર યોનિપટલ છે કે નથી તેનો પણ એ પ્રશ્ન નથી. મારા અભિપ્રાય મુજબ, તો એ વિશેષ તો હૃદયનો પ્રશ્ન છે. પ્રેમ કરવાની શક્તિનો સવાલ છે. એ એવું કશું નથી જે યુવતી ગુમાવે છે, પરંતુ એવું છે જે એ આપે છે.''

''હું સમજ્યો નહિ.''

''દરેક યુવતી પાસે એક અદ્વિતીય બક્ષિસ હોય છે - પોતાની જાતનું સંપૂર્ણ સમર્પણ એક પુરુષને કરી દેવાની શક્તિ. આ બક્ષિસ તો બૅન્કમાંની મૂડી જેવી છે. પણ ઘણી યુવતીઓ પરચૂરણની જેમ તેને ખર્ચી નાંખે છે, વેડફી દે છે. પ્રત્યેક દિવસે તેઓ એ મૂડીમાં થોડું થોડું ઉપાડી લે છે, અને અહીં અને તહીં, ચેનચાળા કે નખરાંમાં નકામું ફેંકી દે છે. આવી યુવતી કુંવારકા હોઈ શકે, પરંતુ આલિંગનો અને સુંવાળા સહચારોમાં પ્રેમ કરવાની શક્તિ જ ગુમાવી બેસે છે. બીજે પક્ષે, એવી પણ યુવતી હોઈ શકે, જે બિનઅનુભવી હોવાથી કોઈ પુરુષે તેનો ગેરલાભ ઉઠાવ્યો હોય. શાસ્ત્રીય રીતે જોતાં, તેણે પોતાનું કૌમાર્ય ગુમાવ્યું છે, પણ તેના હૃદયને લાગેવળગે છે ત્યાં સુધી હું તો તેને કુમારિકા જ કહું.''

"મારે તમને કંઈક કહેવું છે," મોરિસે ઉત્તર આપ્યો. તે થોડું થોભ્યા, પછી કહ્યું : "વૉલ્ટર, તમે માનો કે ન માનો, હું હજુ બિનઅનુભવી છું, અણવપરાયેલો છું."

"આ કહેવા બદલ આભાર, મોરિસ, મને તમારામાં વિશ્વાસ છે."

પછી તેણે પૂછ્યું : "વૉલ્ટર, હવે તમે સમજી શક્યા હશો કે, કોઈ યુવતી જે મારા અભિપ્રાય મુજબ અક્ષત કુમારિકા ન હોય તેને પરણવાનું મારે માટે કેમ ખાસ મુશ્કેલી સર્જતું હતું ?"

"ના."

"ખ્રિસ્તી તરીકે પણ નહિ ?"

"તમે ખ્રિસ્તી છો માટે જ નહિ. ખ્રિસ્તી જ જો આવું ન કરે, તો કરશે કોણ ? તે સિવાય તમે કેવી રીતે પ્રામાણિકતાથી પ્રાર્થી શકો: 'અને અમારાં પાપો માફ કરજે, કારણ, અમે પણ અમારા એકેએક અપરાધીને માફ કરીએ છીએ.'"

"પણ માફી તો અરસપરસની હોઈ શકે."

"યુવતીએ એક રીતે ઠોકર ખાધી, તમે બીજાંઓમાં કુમાર્ગે ચડયા. તફાવત ક્યાં છે ? પારસ્પરિક ક્ષમા સિવાય એકબીજાને ચોંટી જવાનો-વફાદાર રહેવાનો - બીજો ગુંદર મને દેખાતો નથી. ઈશ્વર સાથેના જીવનની એ તો અદ્વિતીયતા છે. તેથી, આપણે હંમેશાં બીજાઓ સાથે નવે નામે આરંભી શકીએ. અને મને કહેવા દો, લગ્નમાં કોઈ દિવસ એવો જતો નથી જ્યારે તમારે કોઈ ને કોઈ વાતમાં પત્ની સાથે નવી શરૂઆત કરવી પડે. એવી જ રીતે પત્નીનું પણ."

અમે અમારું જમવાનું મૌન પરંતુ આ મૌન અમારા સંવાદનો અંત નહોતો, એક ભાગ જ હતું. હૉટેલ તરફ પાછા ફરતાં મેં મોરિસને કોઈ વિધવાને સૌભાગ્ય બક્ષવાનું તેમને ગમે કે કેમ એ પૂછ્યું.

કદાચ તેમની વિચારણાના પ્રદેશ માટે સાવ અજાણ્યો આ પ્રશ્ન તેમને ભાગ્યે જ પુછાયો હશે. હાથ સ્ટીયરિંગ વ્હિલ ઉપર ન હોત તો કદાચ તેમણે હવામાં ઉછાળ્યા હોત !

''એવું તમને શાથી લાગ્યું ?''

''મને આફ્રિકન વિધવાઓ માટે ઊંડી સહાનુભૂતિ છે. કોઈ તેમની સારસંભાળ લેતું નથી. તેમને કોઈ પેન્શન મળતું નથી, કોઈ સામાજિક સલામતી નથી. બધી જે કંઈ વેશ્યાવૃત્તિ પર ગુજારો કરતી નથી. કેટલીક તો પ્રામાણિક રીતે જીવવા સાચે જ મથામણ કરે છે. તેમને તમારા જેવા પતિ મળે એ મને ગમે. બાળકોવાળી કોઈ યુવાન વિધવા પસંદ કરી લો. આ ઉંમરે તમે સારા પિતા બની શકશો. કોઈ વખત તમારાં પાંચ બાળકો સાથે તમારાં માતાને મળવા જાઓ તો તેમનું મુખ કેવું ચમકી ઊઠે એ હું કલ્પી શકું છું.''

મોરિસે ઊંડો નિઃશ્વાસ નાંખ્યો.

''તમે તો મજાક કરો છો,'' તેમણે કહ્યું.

''ના,'' મેં ખાતરી આપતાં કહ્યું, ''હું મજાકમાં કહેતો નથી.''

''શું તમને ખરેખર લાગે છે કે, મારી જ વયની કોઈ વિધવા કોઈ યુવતી કરતાં મને વધુ અનુકૂળ આવશે ?''

''હા, તે સહધર્મચારિણી થઈ શકે, પુત્રી નહિ.''

''અને જો તેને મારાથી બાળકો થાય, તો વધુ મુશ્કેલીઓ ન સર્જાય ?''

''હા, પરંતુ પિતા વગરનાં બાળકો કરતાં તેમને ઊછેરવામાં માતાને ઓછી યાતનાઓ વેઠવી પડે, અને બાળકો માટે તો પિતાની પુત્રી થઈ શકે તેવી માતા હોય એ વધુ મૂંઝવણો ઊભી કરનારું બની શકે.''

''તો તો હું છૂટાછેડા લીધેલીને પણ પરણી શકું ?''

''સંજોગો પર આધાર છે. કાં તો આપણે ક્ષમામાં માનીએ છીએ, કાં તો નથી માનતા.''

અમે હૉટેલે પહોંચ્યા અને લૉબીમાં પ્રવેશ્યા. મેં કલાર્ક પાસે મારી ચાવી માંગી.

''વૉલ્ટર,'' મોરિસે કહ્યું, ''તમે તો મારામાં ઊથલપાથલ મચાવી મૂકી છે.''

''હા, હું તમને વૃદ્ધ દાસી થવા દેવા માંગતો નથી.''

મોરિસ હસી પડયા, અને મને ભેટીને છૂટા પડયા.

અમારી વાત સાંભળી રહેલા કલાર્કે અમારી સામે આશ્ચર્યથી જોયું:

''કોઈ સદ્‌ગૃહસ્થે તમને કેટલીયે વાર ફોન કર્યો,'' તેણે કહ્યું.

''શું એમણે પોતાનો ટેલિફોન નંબર આપ્યો છે ?''

''ના, જી, એમણે તો કહ્યું કે, એ જ ફરી ફોન કરશે.''

આ જ ક્ષણે ટેલિફોન ઑપરેટર તેના ખંડમાંથી બહાર આવ્યાં, અને કહ્યું કે, ''પેલા ભાઈનો ફરીથી ફોન આવ્યો છે.''

''એમને મારા રૂમમાં જોડી આપો.''

મેં મોરિસને ઉતાવળથી વિદાય આપી. હું લિફ્ટની વાટ જોતો ઊભો હતો ત્યાં જ મોરિસ પાછા આવ્યા, અને મને પોતાનું કાર્ડ આપ્યું : ''કદાચ, જો તમને મારી જરૂર પડે, તો તમે મને ગમે ત્યારે બોલાવી શકશો. કાલે મારે રજા છે.''

મેં રૂમમાં પ્રવેશતાં જ રીસીવર ઉપાડયું.

'હું જોન છું.''

''તમે ફોન કર્યો તેનો મને આનંદ છે શું મજામાં છો ? આપણી કાલ રાતની વાતો વિશે કશું વિચાર્યું ખરું ?''

''સાહેબ, મારે તમને કશુંક કહેવું છે,'' તેણે ઠંડા, આક્રમક અવાજે કહ્યું. ''મારા હાથ પરનો મેલ પ્રામાણિકતાનો મેલ છે. સખત પરિશ્રમનો એ પરિપાક છે. મને એનો ગર્વ છે. યુવતીઓ સાથે હૉટેલોમાં વાતોનાં વડાં કરવા કરતાં મારું કામ વધુ પરિશ્રમ માંગે તેવું છે. અને હું કેવાં કપડાં પહેરું છું, તે મારે જોવાનું છે, તમારે નહિ, સમજ્યા ? અને ફાતમા - એ વાત પણ મારી છે. એની કાળજી કેવી રીતે રાખવી એ હું જાણું છું. તમારા પ્રતિભાવો જોવા જ મેં આ દેશ છોડવાની વાત ઉપજાવી કાઢેલી. હું શું કરું છું તે સમજું છે. મારી વાતોમાં માથું મારવાનો તમને કોઈ અધિકાર નથી. અને જો તમે ફાતમાને ઘેર તાત્કાલિક નહિ મોકલો, તો હું પોલીસને ખબર કરીશ.''

"તમે કહો છો તેનો એકે શબ્દ હું માનતો નથી. હું કામ પરથી આવ્યો ત્યારે એ ઘરમાં નહોતી. એ બારીમાંથી ચૂપકીદીથી નાસી ગઈ છે. હું એ પણ જાણું છું કે, એ ચર્ચમાં ગયેલી."

"જોન, મહેરબાની કરી સાંભળો. તમને દુઃખ લગાડવા બદલ હું દિલગીર છું. તમારા હાથના મેલ વિશેની ટીકાની હું માફી માંગું છું. પણ, અગત્યની વાત ફાતમાને શોધી કાઢવાની છે."

"હું જાણું છું કે એ ચર્ચમાં ગયેલી."

"હા, એ ચર્ચમાં હતી, પણ તે વહેલી બહાર નીકળી ગઈ. મને લાગ્યું કે એને કદાચ તમને મળવું હશે."

"અત્યારે રાત્રિના અગિયાર વાગ્યા છે. જો તે મધરાત સુધીમાં ઘેર પાછી નહિ ફરે, તો હું પોલીસને બોલાવીશ, અને જો તેને કંઈ થઈ ગયું તો તમારા પર ફરિયાદ કરીશ, દાંવો મૂકીશં."

"મહેરબાની કરી કહો, જોન..."

પણ એણે તો ફોન મૂકી દીધો હતો. મેં શાંતિપૂર્વક શ્વાસ લેવાનો પ્રયત્ન કર્યો. મેં ભયાનક ભૂલ કરી હતી. એના હાથ વિશેની ટીકા બિલકુલ બિનજરૂરી હતી. કોઈનાય વિશેની નિષેધાત્મક ટીકા એ તો શેતાનને પ્રાર્થના કરવા બરોબર છે, અને તેનો બદલો તરત જ મળી જાય છે.

પણ એને કેવી રીતે ખબર પડી? શું એ શક્ય છે કે ફાતમાએ એને કહ્યું હશે? પણ તેણે તો કહ્યું કે, તેણે ફાતમાને આખા દિવસમાં જોઈ જ નથી. શું એણે મને જૂઠું કહ્યું હશે?

અને ફાતમા ક્યાં છે? કોઈ યુવતી માટે આખી રાત બહાર એકલા રહેવું એ જોખમકારક છે. એની સાથે ગમે તે કંઈ બની શકે. તે ક્યાં રહે છે એનો થોડોયે ખ્યાલ મને હોત તો! તે ક્યાં ચાલી ગઈ હશે?

હું પથારીમાં પડયો અને સૂવાનો પ્રયત્ન કર્યો. શક્તિહીનતા અને નિરાધારતાની લાગણીઓ મને વીંટળાઈ વળી. જે એક જ શક્તિ છે, પરાક્રમ છે, તેના હાથમાં ફાતમાની સોંપણી કર્યા સિવાય બીજું

શું હું કરી શકું ? મને થયું કે, પ્રાર્થના ન કરી શકે તેવો લગ્નસલાહકાર અશ્વ વિનાના સવાર જેવો છે.

હું કેટલો સમય ઊંઘ્યો હોઈશ તેની મને ખબર નથી, પણ હું અચાનક જાગી ગયો. જાણે કે મારા ખંડમાં મેં કોઈનો અવાજ સાંભળ્યો. જોનનો અવાજ. પછી મને યાદ આવ્યું કે, મને તેનું સ્વપ્ન આવ્યું હતું ! તે મારે ત્યાંથી પાછા ફરતા હતા. મેં પૂછ્યું હતું : ''તમારે કેટલે દૂર જવાનું છે ?'' ''બસ, નદી પસાર કરીએ એટલું જ,'' એણે કહેલું. હા, હવે લગભગ ૩:૦૦ વાગવા આવ્યા હતા.

એક ચિંતાજનક વિચાર વીજળીની જેમ મારા મગજમાં ઝળક્યો.

હું ટેલિફોન પાસે ગયો, રીસીવર ઉઠાવ્યું. ઊંઘમાં હોય તેવા અવાજે ઉત્તર આપ્યો. એ રાત્રિસેવાના કલાર્કનો અવાજ હતો.

''મને કહો, શું શહેરમાં થઈ કોઈ નદી વહે છે ?''

''હા, જી.''

''મોટી નદી છે ?''

''હા, ઠીક ઠીક મોટી.''

''અહીંથી કેટલી દૂર હશે ?''

''બસ થોડેક જ દૂર છે.''

''અહીંથી ચાલતાં કેટલો સમય લાગે.''

''ચાલતાં થોડો વધુ લાગે.''

એનો અર્થ એટલો જ કે પંદર મિનિટથી બે કલાક વચ્ચેનો સમય થાય.

''હું ચર્ચમાં જાઉં છું ત્યારે તો કોઈ નદી આવતી નથી.''

''કારણ કે ચર્ચમાં જવા માટે નદી પરથી જવાની જરૂર નથી.''

''મને કહો, કોઈ એમ કહે કે, 'હું નદીને પેલે પાર રહું છું.' તો શું તેને પુલ ઓળંગવો પડે ?''

''હા, જી.''

''અને તે ક્રાઈસ્ટ ચર્ચથી નીકળે અને નદીની બીજી બાજુએ જવું હોય, તોયે પેલો પુલ ઓળંગવો પડે ?''

''હા, જી.''

''અને તે ક્રાઈસ્ટ ચર્ચથી નીકળે અને નદીની બીજી બાજુએ જવું હોય, તોયે પેલો પુલ ઓળંગવો પડે ?''

''હા, જી.''

''નદી પર એક જ પુલ છે ?''

''હા, એક જ પુલ છે.''

''શું અત્યારે કોઈ ટેકસી મળી શકે ?''

''એ થોડું મુશ્કેલ ખરું. અને તમે ટેકસીમાં અત્યારે એકલા જાઓ તે પણ સારું નહિ.''

''તો મને આ નંબર જોડી આપો.''

મને લાંબો વખત ઘંટડી વાગતી સંભળાઈ. પછી મોરિસનો અવાજ સંભળાયો.

''હું વૉલ્ટર બોલું છું, મોરિસ. તમે કહેલું કે, 'હું ગમે ત્યારે સેવામાં હાજર થઈશ.' મારે તમારી અત્યારે જ જરૂર છે.''

''હું તમારી સેવામાં જ છું.''

''અહીં પહોંચતાં કેટલો વખત લાગે ?''

''પંદરેક મિનિટ.''

''તો દસ જ મિનિટમાં આવી પહોંચો.''

મેં કપડાં પહેર્યાં. નીચે ઊતર્યો અને હૉટેલની આગળ મોરિસની વાટ જોતો ઊભો રહ્યો. લોકો અને વાહનો વિનાનો રાજમાર્ગ સૂમસામ હતો. અંતે, મોરિસની કાર દેખાઈ. તેણે મોટર થોભાવી અને મેં અંદર કૂદકો માર્યો.

''પુલ ક્યાં છે તે તમે જાણો છો ?''

તે હસી પડયો.

''મહેરબાની કરી પ્રશ્નો પૂછશો નહિ. મને પુલ પાસે લઈ જાઓ, પણ આપણે તેના ઉપરથી પસાર થઈએ તે પહેલાં મોટર ઊભી રાખજો.''

અમે મોટરમાં મૌન બેસી રહ્યા. મોરિસે કશું ન પૂછ્યું તેથી મને આનંદ થયો. ત્યાં મેં પુલ જોયો. તે લાંબો અને સાંકડો હતો, બંને બાજુએ પથ્થરોના કઠેરાની હાર હતી. જમણી બાજુએ રાહદારીઓ માટે ચાલવાની સાંકડી પગથી હતી.

અમે પહોંચ્યા એટલે મોરિસે કાર થોભાવી, પણ એવી જગ્યાએ કે જ્યાંથી અમે આખો પુલ જોઈ શકતા હતા. વીજળીના ગોળા બંધ હતા, પણ ચંદ્રપ્રકાશને કારણ અમે બીજી બાજુ સુધી પણ જોઈ શકતા હતા.

ત્યાં તે હતી. તે ફાતમા હતી, અને પથ્થરના કઠેરા પર ઝૂકી, નીચે વેગથી વહેતાં પાણીમાં મીટ માંડી ઊભી હતી.

''પેલી યુવતીને તમે જુઓ છો ?''

''હા.''

''એની વાત હમણાં તો હું નહિ કહી શકું. પણ તે જીવ પર આવી ગઈ છે, અને કદાચ આત્મહત્યા પણ કરે. શું પાસે પોલીસ-સ્ટેશન છે ?''

''હા, પુલની પેલી બાજુએ છે.''

''બરોબર. હવે બ્રિજ પર મોટરને જવા દો. એ યુવતીથી આગળ વીસેક ફૂટ લઈ જાઓ, તેથી તેને લાગશે કે આપણે તો પસાર થઈ આગળ જઈએ છીએ. પછી ઊભી રાખજો, અને હું બહાર કૂદી પડીશ, અને તે પાણીમાં કૂદે તે પહેલાં તેને પકડી લેવાનો પ્રયત્ન કરીશ.''

''અને એ પાણીમાં કૂદી પડે તો ?''

''તો શક્ય એટલી વધુ ઝડપથી પોલીસ-સ્ટેશને જઈ ભયની ચેતવણી આપજો.''

''ઓ.કે.''

''જો તમે મને તેની સાથે શાંતિથી વાત કરતો જુઓ, તો પાછા ફરી થોડે દૂર મોટર થોભાવજો, જેથી તમે અમારી વાત સાંભળી ન શકો, પણ અમને જોઈ તો શકો.''

''શા માટે ?''

''કદાચ, કોઈ કેસ થાય. હું આ યુવતી સાથે જે કંઈ વર્તન કરું તેનો મારે સાક્ષી જોઈએ છે. ચાલો, આપણે જઈએ.''

''આપણે ટૂંકી પ્રાર્થના કરીશું ?''

''હા, જી.''

હવે સમય ગુમાવવો પાલવે તેમ નહોતું. મોરિસે ટૂંકી પ્રાર્થના કરી, તેના હાથ તો સ્ટીયરિંગ વ્હિલ પર જ હતા. મેં એ વિશ્વાસપાત્ર હાથ જોયા અને મને લાગ્યું કે, તે માનવી હસ્તોથી વિશેષ હતા.

અમે તેની પાસે પહોંચ્યા ત્યારે પણ ફાતમા સ્થિર જ ઊભી રહી. તેની પીઠ અમારા તરફ રાખી તે શિલ્પપ્રતિમા શી ઊભી હતી - આંખો પાણીમાં સ્થિર અને હાથની કોણીઓ કમાન પર ટેકવેલી.

મોરિસે તેની પાસેથી ધીમેથી કાર હંકારી, પછી ઊભી રાખી. મેં બારણું ઉઘાડી નાંખ્યું, કૂદી પડયો અને જેટલી ઝડપ થઈ શકે તેટલી ઝડપે તેની તરફ દોડયો. તે ઝડપથી ગોળ ફરી ગઈ, અને ગભરાઈ ગઈ. તે બીજો કશો પ્રતિભાવ દર્શાવે તે પહેલાં મેં તેને કાંડાથી એકદમ પકડી.

''ફાતમા, મૂર્ખ છોકરી, તું શું કરે છે ?'' મેં બૂમ પાડી.

તેણે મારી સામે એક પળ જોયું. પછી છૂટા થવાનો પ્રયત્ન કરી, પહેલાં હતી તેવી જ સ્થિતિમાં ઊભી રહી. વહેતા પાણીમાં આંખો ચોડી રાખી, તે એકે શબ્દ બોલી નહિ.

મોરિસ થોડે આગળ કાર લઈ જઈ, પાછી ફેરવી, અને લગભગ સોએક વાર દૂર મોટર ઊભી રાખી. તેણે હેડલાઈટો બંધ કરી દીધી. અમારા ત્રણ સિવાય પુલ પર અન્ય કોઈ નહોતું.

અમારી નીચે ખળખળ વહેતાં પાણીના અવાજથી શાંતિમાં ભંગ પડતો હતો.

હું ફાતમા પાસે ઊભો રહ્યો, અને પથ્થરની કમાન પર કોણીઓ ટેકવી, ફાતમા જોતી હતી તેમ જ પાણીમાં તાકી રહ્યો.

થોડીક વાર થોભ્યા પછી મેં શક્ય તેટલા વધુ શાંત અને

ક્ષોભવિહીન અવાજે તેને પૂછ્યું : ''તમે નીચે કૂદકો મારશો તો તમે ક્યાં પહોંચશો એ જાણો છો ?''

તેણે ઉત્તર વાળ્યો નહિ, હું થોભ્યો. મિનિટો પસાર થતી રહી.

''મને કશી પરવા નથી,'' તેણે અંતે કહ્યું : ''મુખ્ય વાત તો એ છે કે એ પૂરું થઈ ગયું છે.''

''એ પૂરું થયું નથી. ત્યાં જ, ચોક્કસપણે તમે ભૂલ ખાઓ છો.''

''હું મરી જઈશ, એટલે એનો અંત આવી જશે.''

''તમે મરવાનાં નથી, અને બધું સમાપ્ત થઈ જવાનું નથી.''

''પણ આ અસહ્ય બોજ તો ફેંકાઈ જશે.''

''એનાથી ઊલટું થશે. તમે તો અનંતકાળમાં તમારો બોજો લઈ જશો. અને આત્મહત્યા કરવાનો બોજ તો વળી વધારાનો બની રહેશે. એનાથી કોઈ પ્રશ્ન ઉકેલાશે નહિ, કોઈ જ નહિ.''

''હવે એનું શું મહત્ત્વ છે? હું એટલું જ જાણું છું કે, હું આ રીતે હવે જીવી શકીશ નહિ. હું વધુ વખત બોજો ખમી શકું તેમ નથી.''

''મેં તમને એવું કહ્યું નથી. હું તો તમે બોજા વિના જિંદગી જીવો એમ ઈચ્છું છું.''

''પાસ્ટર, તમે શું કહો છો તેનો અર્થ સમજતા નથી. તમે તો મારા અર્ધા બોજ વિશે પણ જાણતા નથી. મેં તમને જૂઠું કહ્યું છે. મેં દરેકને જૂઠું કહ્યું છે. તમે ધારો છો તેનાથીયે એ ભયંકર છે. તમે મારે વિશે સત્ય જાણો, સંપૂર્ણ સત્ય જાણો તો તો તમને સખત આંચકો લાગે.''

''હું તમને વચન આપું છું. મને આઘાત નહિ લાગે.''

જરાયે હલનચલન કર્યા વિના, તે નદીનાં શ્યામ-શ્યામ જળ પ્રતિ તાકી રહી. પછી તેણે કહ્યું :

''જો હું મારી જિંદગીનો ભોગ નહિ આપું, તો હું કોઈ બીજાની જિંદગી લઈ લઈશ. હું તો મૃત્યુની સજાને પાત્ર છું.''

''હું સંમત છું.''

''તમે સંમત છો ?''

''હા, હું તમારે વિશે બધુંયે જાણતો હોઉં કે ન હોઉં તોપણ- તમે મૃત્યુની સજાને પાત્ર છો. હું પણ છું. દરેક મૃત્યુદંડને પાત્ર છે. તફાવત માત્ર એટલો જ છે, કેટલાક જાણે છે, કેટલાક જાણતા નથી. તમે જાણો છો તેનો મને આનંદ છે.''

''તો તમે મને કેમ મરવા દેતા નથી ?''

''કારણ કે, તમે ઘણાં મોડાં પડયાં છો. બીજા કોઈએ તમારું મૃત્યુ પોતાને શિરે લીધું છે.''

''મારા જીવનના પરિવર્તન માટે ઘણું મોડું થઈ ગયું છે, પણ મરવા માટે ઘણું મોડું થયું નથી.''

''એનાથી ઊલટું જ છે, ફાતમા : જીવનપરિવર્તન માટે હજુ મોડું થયું નથી, પણ મોત માટે મોડું જરૂર થયું છે.''

''મરવા માટે મોડું ?'' તેણે પોતાનું મસ્તક ફેરવ્યું, અને મારા પ્રતિ જોયું ''હું સમજી શકતી નથી.''

''મને એક વાત કહેવા દો. તમે કદી બારાબાસ વિશે સાંભળ્યું છે?''

''તમે ઈસુની સાથે કેદમાં રહેલા ખૂની વિશે કહો છો ?''

''હા, તેના જ વિશે. પાસ્ખા પર્વના સમયે એક યહૂદી કેદીને મુક્તિ બક્ષવાનો રિવાજ હતો. પિલાતે યહૂદીઓને પૂછ્યું કે, તે કોને આઝાદી બક્ષે - ઈસુને કે બારાબાસને ?''

''મને યાદ છે, અને તેઓએ બારાબાસને પસંદ કર્યો.''

''બરોબર ! હવે કલ્પના કરો - બારાબાસ હવે મુક્ત હતો, અને તે ગુડફ્રાયડે (શુભ શુક્રવાર)ના દિવસે યરૂશાલેમની શેરીઓમાં ઘૂમતા. તેણે લોકટોળાંને ગલગથાની ટેકરી તરફ ધમમસતાં જતાં જોયાં, અને તે પણ પાછળ ચાલ્યો. અને તે ત્યાં પહોંચ્યો, ત્યારે તેણે કોને ત્યાં જોયા ?''

''ઈસુને ક્રૂસ ઉપર.''

''તમે પેલી ગ્રામશાળામાં તમારો પાઠ બરોબર શીખ્યાં છો.''

''મેં એ વાર્તા તો ઘણી વાર સાંભળેલી, પણ મને એનો કશો અર્થ સમજાયો નહોતો.''

માટે ગ્લાનિની લાગણી થઈ આવી. એની કથા શી હશે ? કદાચ, તેને યુરોપમાં સંતાપ હશે. કદાચ માલિક સાથે ઝઘડો થયો હશે, કદાચ વિવાહ તૂટી ગયો હશે. કદાચ એને લગ્નસંબંધથી બાળક હશે કે કદાચ એણે છૂટાછેડા લીધા હશે. કદાચ એણે પોતે છૂટાછેડા ન લીધા હોય, અને માન્યું હોય કે, યુરોપથી લાંબું અંતર એ સમસ્યાને હલ કરી દેશે. પણ અંતર, એને ગમે એટલા મિશનરી ઉત્સાહથી છુપાવી દીધું હોય તોયે, કોઈ સમસ્યાને ક્યારેય ઉકેલતું નથી.

હું ફરીથી મોરિસ તરફ ફર્યો, એ તો હજુયે વિચારમાં જ તલ્લીન હતા, અને તેમની મદદ માટે ફરીથી આભાર માન્યો. અમે 'ગુડનાઈટ' અથવા 'ગુડમોર્નિંગ' કહ્યું. હું જ્યારે મેજ પાસે ચાવી લેવા ગયો, ત્યારે ટેલિફોન ઑપરેટરને કોઈ ટેલિફોન હોય તો ન આપવા કે મુલાકાતીઓને પરવાનગી ન આપવા વિનંતી કરી, કારણ કે મારે થોડી ઊંઘ લઈ લેવી હતી.

"પણ મહેરબાની કરી અતિ વિનયથી વાત કરજો અને સમજાવજો કે મારે વહેલી સવારે ત્રણ વાગ્યાથી ઉજાગરો છે. મોટા ભાગના મુલાકાતીઓ કોઈને કોઈ પ્રશ્નોવાળા હોય છે."

"આપનું કામ શું છે, સાહેબ ?"

"મુશ્કેલીઓમાં લોકોને મદદરૂપ થવાનું."

મને થયું કે એને પોતાને પણ કંઈક વધુ કહેવું છે, પણ બીજા કલાર્કો ધ્યાનથી સાંભળતા હતા. તેથી તે યુવતીએ બધું બરોબર સંભાળવાનું વચન આપ્યું, અને પોતાના સ્વીચબોર્ડ પાસે બેઠક લીધી.

હું મારા રૂમમાં ગયો, અને પડયો તેવો જ ઊંઘી ગયો.

# ૮

ટેલિફોનની ઘંટડીએ મને જગાડયો ત્યારે મધ્યાહ્નનો સમય હશે.

''તમારી નિદ્રામાં ભંગ પાડવા બદલ દિલગીર છું, પણ તમારો ફોન છે.''

''કાંઈ વાંધો નહિ. શું ઘણા ફોન આવેલા ?''

''હા, અને એક યુગલ જે પોતાને તિમોથી અને મીરિયમ કહે છે તે તો દસ વાગ્યાથી તમારી વાટ જોતું લૉબીમાં બેઠું છે. તેમને તમારી સાથે વાત કરવી છે.''

''મહેરબાની કરી તેમને કહો કે, ખૂબ ઝડપથી ભોજન પતાવી હું તેમને મળીશ.''

''સારું. એક બીજી વાત. શું હું પણ તમારી સાથે વાત કરી શકું. ?''

''અલબત્ત. શું તમે ઉપર આવશો ?''

''મહેમાનોના ખંડમાં સ્ટાફના સભ્યોએ ન જવું એવો અહીંનો નિયમ છે. આપણે ફોન પર વાત કરી શકીશું.''

''તમે ક્યારે છૂટો છો ?''

''રાત્રે અગ્યારે.''

''વારુ, તમે છૂટો તે પહેલાં મને ફોન કરજો.'' પછી ઑપરેટરે ફોન જોડી આપ્યો.

ફોન પર એસ્તર હતાં. તેમણે જણાવ્યું કે ફાતમાએ આરામ કર્યો છે, અને પોતે તેની સાથે વાત પણ કરી છે. ફાતમાએ હજુ કશો નિર્ણય કર્યો નથી. હજુયે તેના મનમાં સંઘર્ષ ચાલુ છે.

''મેં કહ્યું છે કે તે અમારી સાથે થોડો સમય રહી શકશે.''

''એ સારું કર્યું. આભાર. મને બીજા આપઘાતના કિસ્સા યાદ આવે છે. જો એ વ્યક્તિઓ એક જ વધુ દિવસ થોભી હોત તો કોઈ ઉકેલ નીકળત. તમારી સાથે રહેવું, એ અલબત્ત, કોઈ અંતિમ ઉકેલ નથી. ફાતમાની સૌથી ઊંડી જરૂરિયાતને તે સંતોષી શકે નહિ. એક વાત છે, એસ્તર, જે હું સમજી શકતો નથી. આફ્રિકાના 'વિસ્તૃત કે વિશાળ' કુટુંબો વિશે મેં ઘણું વાચ્યું છે. પરંતુ જ્યારે આવી કટોકટી સર્જાય છે ત્યારે કોઈ આત્મા મદદ કરવા તૈયાર દેખાતો નથી.''

''આ વિસ્તૃત કુટુંબ માત્ર ગ્રામવિસ્તારોમાં જ અસ્તિત્વ ધરાવે છે, શહેરોમાં નહિ.''

''પણ ફાતમાએ તો કહેલું કે, એ એના લગ્નજમણમાં ત્રણસોથી ચારસો વ્યક્તિઓને નિમંત્રણ આપવા માંગતી હતી.''

''તમે લોકોને લગ્નમાં નિમંત્રો અને તેમની મદદની અપેક્ષા રાખો એ બે વચ્ચે તફાવત છે.

''સાચું, પણ તેણે તો તેમને 'મિત્રો' કહેલા. શું આટલા બધામાંથી એકે સાચો મિત્ર નહિ જડે? આ હું સમજી શકતો નથી.''

''હું ફાતમા સાથે એ અંગે ચર્ચા કરીશ. હું આ શહેરને સારી રીતે ઓળખું છું - આ કોઈ સરળ સમસ્યા નથી. પણ તમે કહો છો કે, અમારી સાથે રહેવાથી ફાતમાની સૌથી ઊંડી જરૂરિયાત સંતોષાતી નથી, એનો શો અર્થ? એની સૌથી મોટી જરૂરિયાત કઈ છે? શું લગ્ન વિશે તમે વિચારો છો?''

''ના, એવું નથી.''

''શું એ જાતીયતા છે? શું એ એટલી દુભાયેલી છે કે કામવૃત્તિ વગર જીવી જ ન શકે?''

''હું એવું ધારતો નથી. જાતીયતાને લાગેવળગે છે ત્યાં સુધી તે કંટાળી ગઈ છે, હતાશ બની છે.''

''તો એ શેની અપેક્ષા રાખે છે?''

''એક રહેઠાણની - એક ગૃહની.''

''પણ મેં તેને મારા ઘરમાં જગ્યા તો આપી જ છે.''

લાક્ષણિક, મેં વિચાર્યું. પરિણીતોને માટે અપરિણીતોની સમસ્યાઓ સમજવી કેટલી મુશ્કેલ છે.

''તમારી સહાય સારી છે, એસ્તર, અત્યારે તો ફાતમા માટે એ જ વસ્તુની મને અપેક્ષા હોય. પણ 'રહેઠાણ' શબ્દનો મારો અર્થ એ નથી. તેને તો એવા રહેઠાણની જરૂર છે, જે તેનું પોતાનું હોય. જ્યાં બારણા પર તેનું નામ હોય, જ્યાંનું ફર્નિચર તેનું હોય. એવું ઘર જ્યાં તે સ્વસ્થ હોય, સલામત હોય, અને જ્યાં તે પોતે એક ગૃહ બની શકે - બીજાંઓને માટે. મને લાગે છે કે, જિંદગીભર તેણે એવા રહેઠાણની - ઘરની શોધ કર્યા કરી છે, પણ એને કદીયે તે મળ્યું નથી. જ્યારે તેણે પુરુષોને હાથે પોતાનો ઉપભોગ થવા દીધો, ત્યારે તે માનતી હતી કે, તેને ઘર મળી જશે. પણ તેને મળી માત્ર શય્યા, ઘર નહિ. આ ઘરની ખોટ એ આત્મહત્યાનું એક મોટું કારણ હોય છે.''

એસ્તરે થોડી વાર વિચાર્યું. પછી તેણે કહ્યું : ''બીજા, શબ્દોમાં, કોઈ તેની સાથે લગ્ન ન કરે, ત્યાં સુધી એ સુખી થશે નહિ.''

હજુ તે મુદ્દો પકડી શકી નહોતી.

મેં શાંતિથી જણાવ્યું : ''ચોક્કસ એમ નહિ. એવાં પરિણીત યુગલો પણ હોય છે જે કદીપણ 'ગૃહ' બનતાં નથી. જ્યારે એવાં કુંવારાં માણસો હોય છે, જેઓ પાસે ઘર હોય છે, જેઓ પોતે ઘર હોય છે. તમે એમને મળો છો ત્યારે તમે ઘેર આવ્યાં તેવી લાગણી અનુભવો છો.''

''અને ઈશ્વર ? ઈશ્વર આ બધાંમાં ક્યાં આવશે ? શું તમે એમ નહિ કહો કે, ફાતમાની સૌથી ઊંડી જરૂરિયાત ઈશ્વરની છે?''

''હા, મિસિસ પાસ્ટર.''

''પણ તમે તો કહ્યું છે એની સૌથી મોટી જરૂરિયાત ઘરની છે ?''

''એ એકનું એક જ છે. આખી દુનિયામાં ઈશ્વર જ માત્ર ઘર છે. જેઓને ઘર મળે છે તેમને ઈશ્વર મળે છે. અને જેઓને ઈશ્વર

મળ્યો છે, તેઓએ ઘર મેળવ્યું છે - તેઓ ક્યા સ્થળે છે અને પરણેલાં છે કે કુંવારાં, તેના પ્રત્યે કશું ધ્યાન આપ્યા વિના, એમ કહી શકાય.''

''મારે એ વિશે વિચારવું પડશે. મને લાગે છે કે આપણે માટે લગ્ન-માર્ગદર્શન સાથે કુંવારા જીવનનું માર્ગદર્શન પણ એટલું જ જરૂરી છે.'' એસ્તરે કહ્યું.

''હું એની સાથે સંપૂર્ણ હૃદયથી સહમત છું. ફાતમા અત્યારે શું કરે છે ?''

''તે લખી રહી છે. શું લખે છે એ હું જાણતી નથી. મેં તેને પૂછ્યું પણ નથી.''

''સરસ.''

''પણ એ જો જોન પાસે પાછી જવા માંગતી હોય તો ?''

''એને જવા દેજો.''

''પણ એની વસ્તુઓ લઈ આવવા મને સાથે જવાનું કહે તો?''

''તો અલબત્ત, તમે જજો.''

''પણ હું...''

''અને જોન સાથે પણ એ જ વખતે ચર્ચા કરજો. તેનેપણ સહાયની જરૂર છે. તમે જ તેને મદદ કરવા યોગ્ય વ્યક્તિ છો. તેના કેસમાં, મારે માટે બારણું બંધ છે. હું તેને માટે નિષ્ફળ ગયો છું.''

''પણ પાસ્ટર વૉલ્ટર, મેં એવું કશું કદીયે કર્યું નથી. મને કોઈ તાલીમ મળી નથી.''

''માત્ર તમારી સ્ત્રીસહજ અંતઃપ્રેરણાનો ઉપયોગ કરજો. જો તમને પુષ્કળ તાલીમ મળી હોય તોયે એના વિના નકામી જ બની જાય. માર્ગદર્શનસેવા એ કળા છે, વિજ્ઞાન નથી.''

''પણ એમાં તો હું મોટામાં મોટું મીડું છું.''

''હું પણ એવો જ છું. આપણે બંને મીંડાંઓ છીએ, એસ્તર. ગઈ કાલે જે બન્યું એથી તો મને એની પૂરેપૂરી ખાતરી થઈ ચૂકી છે. પણ

ત્યારે જ ઈશ્વર આપણને વાપરે છે. એ તો મીંડા પૂર્વેનો એકડો છે. એમાં જ બધું આવી જાય છે.''

''તો ભાઈ મીંડા, આભાર.''

''આભાર, બહેન મીડાં. અને જોનને ત્યાં જાઓ ત્યારે ઈશ્વર તમને આશીર્વાદ આપો.''

તે ઉત્તર આપે તે પહેલાં મેં ફોન મૂકી દીધો.

મેં ઝડપથી ભોજન પતાવી લીધું, પછી તિમોથી અને મીરિયમ મારા ખંડમાં પ્રવેશ્યાં. બંનેમાં એક જુદી જ હવા હતી. તેઓ પોતા વિશે વધુ આત્મવિશ્વાસવાળાં જણાતાં હતાં. બંને એક સોફા ઉપર સાથે સાથે બેઠાં, પછી તિમોથીએ વાતનો આરંભ કર્યો. બંનેએ એવું કંઈ અગાઉથી ગોઠવ્યું હશે.

''અમે ચર્ચા કરી,'' તેણે કહ્યું.

''ક્યાં ?''

''મારા ભાઈને ત્યાં.''

''તો એવાં સ્થળો પણ છે જ્યાં તમે ચર્ચા કરી શકો છો.''

''હા, છે.'' તેણે સ્મિતસહ જણાવ્યું ''અમે ચર્ચા કરી, અને એવા નિર્ણય પર આવ્યાં કે, અમે કામદ્વારેથી ત્રિકોણમાં પ્રવેશ્યાં, એ મીરિયમની વાત પૂર્ણપણે સત્ય નહોતી. સત્ય તો એ છે કે, અમે સ્નેહદ્વારે પણ પ્રવેશેલાં. અમે જાણે કે ગાડીને એક પાટા પરથી બીજા પાટા પર ચડાવતાં રહ્યાં. અમારો એક વિશિષ્ટ કિસ્સો છે; વચગાળાનો કિસ્સો છે.''

''હું ધારું છું કે નવ્વાણું ટકા કિસ્સા વચગાળાના હોય છે.''

''અમારા સંબંધના આરંભકાળે , હું ધારું છું કે, પ્રેમ હતો. શુદ્ધ પ્રેમ. તેથી તમે કહો છો તેમ, અમે સ્નેહદ્વારેથી પ્રવેશ્યાં. પણ અમે અંદર દાખલ થઈ ગયા પછી કામદ્વાર તરફ વળી ગયાં. થોડી જ વારમાં અમે અંદર કેવી રીતે આવેલાં તે વીસરી ગયાં. હું કેવી રીતે વર્ણવું ? અમે એક દેહ તો થયાં, પણ સંપૂર્ણપણે નહિ. અમારાં મનોને સહભાગી બનાવ્યા વિના અમે અમારા દેહમાં સહભાગી બન્યાં.

અમને સમજાયું કે તરત જ અમે પ્રેમ પ્રતિ પાછા વળવા પ્રયત્ન કર્યો, પણ અમને બારણું ન મળ્યું.''

''હું 'ના' કહેતાં ગભરાતી હતી,'' મીરિયમે છેવટે કહ્યું, ''મેં ધારેલું કે પ્રેમ કરવો એનો અર્થ જ એ કે નકાર ન કરવો. અને તેથી શરમાવાની મને શરમ લાગી.''

''તમે જરૂર શરમાઈ શકો છો,'' મેં વચમાં બોલતા કહ્યું, ''ગઈ કાલે જે સુંદર નથી એ વિશે તમને વાત કરતાં મેં એ જોયું છે.''

''હું તારા નકારને અને તારા શરમાળપણાને માન આપીશ,'' તિમોથીએ તેના અવાજમાં નવી ખાતરીના ટંકાર સાથે જણાવ્યું.

''બરોબર,'' મેં કહ્યું, ''આ તો નિદાન છે. ઉપચાર શો છે?''

''અમારે બે પ્રશ્નો છે,'' તિમોથીએ ઉત્તર વાળ્યો. એ સ્પષ્ટ જ હતું કે તેમણે કાળજીપૂર્વક ચર્ચાની તૈયારી કરી હતી. ''પ્રથમ પ્રશ્નો આ છે : શું તમે ધારો છો કે વયમાં, શિક્ષણમાં અને ચારિત્ર્યમાં અમારી વચ્ચે રહેલી ભિન્નતાને કારણે, ગમે તે કરીએ, તોયે અમારું લગ્ન નિષ્ફળ જશે ?''

''હું એવું ન કહી શકું. ગમે તે રીતે નહિ. હકીકતમાં તો મને લાગે છે કે જો તમારું લગ્ન સફળ થશે તો તે એક સાચી સાક્ષીરૂપ બનશે.''

''તમે શું કહેવા માંગો છો ?''

''એ પ્રત્યેકને માટે દીવા જેવું સ્પષ્ટ છે કે તમારું 'બાગ-લગ્ન' નહિ હોય, જેમાં પતિ પત્ની પર આધિપત્ય ગુજારે છે, અને માત્ર બાળકો જણનારી તરીકે તેને માન આપે છે. મીરિયમ આવા બગીચાનો પાઠ કદી ભજવી નહિ શકે. કાં તો ભાગીદાર તરીકે પરણશે, કાં તો પરણશે જ નહિ. તમારી આસપાસના લોકો એ ધ્યાનથી જોશે. આને જ હું 'સાક્ષી' કહું છું.''

હું થોભ્યો.

''પણ - '' તિમોથીએ કહ્યું.

''શું પણ ?''

''તમે કહ્યાં કે, તમે એવું ધારતા નથી કે કોઈપણ સંજોગોમાં અમારું

લગ્ન નિષ્ફળ જશે, અને તે જો સફળ થાય, તો એક સાક્ષીરૂપ, ઉદાહરણરૂપ બની શકે. તો ત્યાં 'પણ' હોવું જોઈએ.'

મને હસવું આવી ગયું. ''સાચું, જો મીરિયમ પાસે પૂરતો સારાસાર વિવેક અને કુનેહ નહિ હોય, અને તેને બદલે પોતાની શ્રેષ્ઠતાનો ભાગ જ ભજવ્યા કરશે, અને તમારી પાસે, પ્રસંગોપાત, તે તમારાથી ચઢિયાતી છે તે હકીકતને સ્વીકારવાની નમ્રતા અને સ્વ-નકાર નહિ હોય, તો તમારું લગ્નજીવન ભયમાં રહેશે. આ જ આખી વાતને વિનાશક બનાવનારું નાનું ઉમેરણ બની રહેશે. ઓછામાં ઓછું, કોઈ ખાસ પ્રયત્ન જરૂરી બનશે.''

''પણ શું તમે ધારો છો કે અમે સફળ થઈ શકીશું ?'' તિમોથીએ ચિંતાતુર વદને પ્રશ્ન કર્યો, ત્યારે મીરિયમે હળવેથી તેના હાથને સ્પર્શ કર્યો.

''જોખમથી માહિતગાર હોવું અને તેને પડકાર આપવો, એનો અર્થ જ એટલો કે તમે અર્ધું યુદ્ધ જીતી ગયાં છો. તેમ છતાં, અસાધારણ કરતાં વધુ પ્રયત્ન કરવો પડશે.''

''પણ અમે તો અતિ સામાન્ય માનવીઓ છીએ, અમારામાં કશું અસાધારણ નથી.''

''તમે અસામાન્ય નથી, પરંતુ ઈશ્વર તમારા દ્વારા કશુંક અસાધારણ કરવા માંગે પણ ખરો.''

''તમે એમ સૂચવવા માંગો છો કે, ખ્રિસ્તીઓ તરીકે અમારે સાહસ કરવું જોઈએ?''

''હું એમ કહેવા માંગું છું કે, ઈશ્વર સાથેના તમારા જીવનની સંબંધની - ગુણવત્તા એ નિર્ણાયક બળ બની રહેશે.''

તેઓ મૂંગાં બની ગયાં.

''આમાંથી અમારો બીજો પ્રશ્ન ઉદ્ભવે છે,'' તિમોથીએ ફરીથી વાતનો દોર પોતાના હાથમાં લીધો. ''શું ફરીથી એકદમ નવો આરંભ કરવો શક્ય છે ?''

"હવે સાંભળો, બારાબાસે તેના સાથી કેદીને ઓળખી કાઢયો. અચાનક તેનામાં વીજળીનો ઝબકારો થયો : જો ઈસુ ત્યાં જડાયા ન હોત... તમે શું એ વાક્ય પૂરું કરી શકો, ફાતમા ?"

"તો હું તેની જગ્યાએ હોત," તેણે કહ્યું.

"હા ફાતમા, તમે હોત. હુંયે હોત. આપણે બંને ત્યાં હોત."

અમે બંને મૂંગાં બની ગયાં, અને નીચે વમળાતાં પાણી પ્રતિ જોઈ રહ્યાં.

"એ વાત આગળ ચલાવો," મારી સામે જોયા વિના તેણે કહ્યું.

"બારાબાસે શું વિચાર્યું હશે તેની કલ્પના કરો : 'તે મૃત્યુ પામે છે તે ખોટું છે, અન્યાયી છે. હકીકતમાં, તો ખૂની હું છું, તે નથી. હું વાજબી રીતે મૃત્યુને પાત્ર છું, તે તો નથી. હવે હું આટલું જ કરી શકું - મારો જાન આપી દઉ.' તો તમે શું ધારો ?"

"એ તો મૂર્ખતા કહેવાય."

"તદ્દન સાચું. જો તમે પેલાં નીચેનાં પાણીમાં કૂદી પડયાં હોત તો એવી જ મૂર્ખાઈ કરી હોત. ફાતમા, તમારે માટે ઘણું મોડું થઈ ગયું છે. જે મૃત્યુને પાત્ર તમે હતાં, તે ઈસુએ વેઠયું છે. તેના મૃત્યુ પછી, દરેક આત્મહત્યા મોડી જ પડે. તે બિનજરૂરી પણ બને. તમે તો સ્વતંત્ર છો. બારાબાસ જેમ મુક્ત છો."

"મુક્ત ?" તે પાછી ફરી અને મારી સામે જોઈ રહી. તેની પીઠ કમાન તરફ હતી. ઉદાસીનતા, ભાવનાશૂન્યતા ચાલી ગઈ હતી. તેની આંખોમાં જાણે મરણિયો પ્રશ્ન હતો : "મુક્ત ? હું મુક્ત છું?" એક કટુ, કઠોર હાસ્ય. "પાસ્ટર, હું તો બેડીઓમાં જકડાયેલી છું. મારી પાછળ બારણું બંધ થઈ ગયું છે. બારણું પણ હાથા વિનાનું છે."

"શું તેથી જ તમે ચર્ચમાંથી વહેલાં નીકળી ગયાં ?"

"હા, તમે તો આશાનું છેલ્લું પાંદડું પણ મારી પાસેથી ચૂંટી લીધું."

મેં આંખો મીંચી દીધી. મેં આ શું કર્યું હતું ? હું કેવો સંદેશાવાહક બન્યો હતો ?

"હું તંબૂમાં પ્રવેશી. હું અંદર ગઈ ત્યારે મેં જોયું કે, ઉપરનો ભાગ ખાલી છે. અંદર વરસાદ ટપકે છે. છતાં હું બહાર નીકળી શકી નહિ. ત્યાં જ મને અંદર તાળામાં બંધ થઈ જવાની, પુરાઈ ગયાની ભયાનક લાગણી થઈ. હું બહાર નીકળવા માંગતી હતી. કોઈ જગ્યા. કૂદી પડું ! કોઈ જગ્યા !"

હું તેની સમક્ષ બંધ આંખે ઊભો રહ્યો. મને ધ્રુજારી થઈ આવી.

"ફાતમા, હું..."

"હું પરિણીત છું કે નહિ તેનો શો વાંધો ? 'તેઓ જુદાં છતાં યુગલ જ છે,' એવું તમે કહ્યું. 'હું જુદી છતાં જોડાયેલી છું."

ક્રોધ અને આવેશમાં પોતાને વીસરી જઈ તે બૂમાબૂમ કરવા લાગી.

"હું કલંકિની છું. દૈહિક વાસનાઓએ પોતાની ન ભૂંસાઈ તેવી છાપ મારા પર મારી છે. હું કલંકિત, કલંકિત, કલંકિત છું. માત્ર જોન સાથે નહિ, બીજા છ સાથે, મારું દ્વાર છ વાર બંધ થયું છે, પાસ્ટર. અથવા છ બારણાં છે, અને તાળાં તોડવા કોઈ જ નથી.

"'એક દેહ, એક દેહ,'' ફાતમાએ આગળ ચલાવ્યું, "પણ હું જે છું, મારે જે જોઈએ છે તે નહિ,' પણ આ ગંદો કૂબડો, શાપિત દેહ. 'તમે પોતાના દેહથી પોતાને અલગ કરી શકતા નથી.' તમે કહેલું. બરોબર. હું નથી કરી શકતી. હું પરિણીત નથી, અને છતાં મારો લગ્નવિચ્છેદ થઈ શકતો નથી."

કાયદો વિનાશક છે, મેં વિચાર્યું. નિયમ હત્યા કરે છે. જો તે પુલ પરથી કૂદી પડી હોત તો જોનનો નહિ, મારો વાંક હતો. 'તમે, જેમણે મને અરધી રાતે જગાડયો, મને યોગ્ય શબ્દ આપો. સ્વર્ગ અને નર્ક વચ્ચેના આ પુલ ઉપર, બે નદીઓની વચ્ચે, જીવન અને મૃત્યુ વચ્ચે, મને તમારો શબ્દ આપો.'

"ફાતમા, ચર્ચ તો જુવાનોથી ભરાયેલું હતું. તેમણે તો પોતાના તંબૂ હજુ બાંધ્યા નથી. મારે તો તેમને ચેતવવા હતા, તમારા જેવા અંતમાંથી એમને બચાવવા હતા. સંદેશો તમારે માટે નહોતો."

"અને મારો સંદેશો શો છે ?" તે ફરીથી ફરી જઈ, કિનારી પરથી નીચેની અગાધતામાં જોતી હતી.

"કે ઈશ્વર બહારથી દ્વાર ખોલી શકે છે - એક હોય, છ હોય, સો હોય - તોયે એ બારણાં તોડીને ઉઘાડી શકે છે."

"મારા દેહથી મને અલગ કરીને ?"

"'માણસો માટે તો એ અશક્ય છે, પણ ઈશ્વર માટે નહિ. ઈશ્વર માટે તો બધી જ વસ્તુઓ શક્ય છે.'"

"અને મારે માટે એ અશક્યને કઈ રીતે શક્ય બનાવશે ?"

"મેં તમને પેલા રૂપકનો અંત કહ્યો નથી. બારાબાસને સમજાયું કે, જો ઈસુ ક્રૂસે ન લટકયા હોત, તો એ પોતે હોત. બારાબાસ ત્યાં અટકયા નહિ. તે પાછા ફર્યા. તેની પાછળ ક્રૂસ હતો અને સામે દુનિયા હતી, અને તેણે કહ્યું : 'એ મારે માટે મૃત્યુ પામ્યા છે, હું ઓછામાં ઓછું તેમને માટે જીવીશ.'"

ફાતમા કશું બોલી નહિ. હું થોભ્યો. પછી યોહાન ૮:૧૧નું વચન મને તેને માટે મળ્યું :

"ઈસુએ વ્યભિચારિણીને કહ્યું : 'હું પણ તને દોષિત નથી ઠરાવતો. જા, હવેથી પાપ કરીશ નહિ."

"જા, પણ ક્યાં ?"

"મેં ફોન પર જણાવેલું તેમ તમે ૨૭મું ગીત વાંચ્યું હતું ?"

"હા, અને મને મારું વચન મળ્યું ."

"શું તમે તે કહેશો ?"

"'મારા પિતા અને માતાએ મને તજી દીધી છે.' મારે માટે બધું ફરી ગયું છે. તમે ભાષણમાં કહ્યું હતું તેવું નથી. મેં કંઈ મારાં માતાપિતાને તજ્યાં નથી. તેમણે મને તજી દીધી છે."

"હું કંઈ એ વચનનો તમારા સંદર્ભમાં વિચાર કરતો નહોતો. પણ જ્યારે તમે એને ટાંકયું જ છે, ત્યારે એનું અંતિમ ચરણ પણ સાંભળો :

'મારા પિતાએ અને મારી માતાએ મને તજી દીધો છે, પણ યહોવા મને સંભાળશે.'''

''અને, ક્યાં છે યહોવા ?''

''અત્યારે તો હું તેમના વતી બોલનાર છું, અને તેમના જ નામમાં મને તેમનું વચન તમને કહેવા દો, જે ગઈ કાલે મને ઊંડો દિલાસો આપ્યો છે, અને જેને મેં તમારું વચન માન્યું છે :

''કેમ કે સંકટને સમયે
તે પોતાના માંડવામાં મને ગુપ્ત રાખશે;
પોતાના મંડપને આશ્રયે
તે મને સંતાડશે;
તે મને ખડક ઉપર ચઢાવશે.'' (ગી.શા.૨૭:૫)

''ના, યર્મિયાનું વચન મારે માટે વધુ સારું છે : 'મારો તંબૂ નષ્ટ થયો છે, ને મારાં સર્વ દોરડાં તૂટી ગયાં છે, મારા પુત્રો મારામાંથી નીકળી ગયા છે, અને તેઓ નથી...' યાદ રાખજો, મેં તેમને ગર્ભપાતમાં હણ્યાં છે, મેં તેમની હત્યા કરી છે. 'મારો તંબૂ ફરી તાણવાને, ને મારા પડદા બાંધવાને કોઈ નથી.''

''ના, ફાતમા કોઈ છે. ઈશ્વર પોતે તમારો તંબૂ છે.''

''શું તમે એમ કહેવા માંગો છો કે, મારે હજુ પણ તંબૂ હોઈ શકે - એકલા રહેતાં, એકાકી, અપરિણીત ?''

''હા, સંપૂર્ણ તંબૂ, જલાભેદ્ય (waterproof) તંબૂ, જેમાં ઉપલો ભાગ પણ હોય, બધું જ હોય, જેમાં સંકટસમયે તમે સંતાઈ શકો.''

તે ફરીથી કમાન તરફ વળી, પણ આ વખતે તેણે નીચે જોયું નહિ. તેની આંખો નદીને ક્ષિતિજ સુધી વીંટી વળી. વાદળહીન, શ્યામલ આફ્રિકન આકાશ ઝાંખા ભૂખરા રંગનું બન્યું - નૂતન પરોઢની પ્રથમ નિશાની.

''હું મારાં પાપ સહિત દેવના તંબૂમાં પ્રવેશી ના શકું. હું ઈશ્વરને વીસરી ગઈ છું, મારા જીવનમાંથી મેં તેમને હઠાવી દીધા છે.''

''તે તમને ભૂલી ગયા નથી, હા, તે તમારાં પાપને વીસરી ગયા છે.''

''તમે તેમને જાણ્યા વિના કેવી રીતે કહી શકો ?''

''હું કહી શકું, ખાતરીપૂર્વક કહી શકું, પાપ જાણ્યા વગર કહી શકું.''

''અને ઈશ્વર ક્યારે તેમને વીસરી જાય ?''

''એવી રીતે જાણે તે કદી બન્યાં જ નથી.''

''હું તે માની શકતી નથી. હજુ સુધી તો નહિ. મને વિચારવાનો વખત આપો. મને મારો તંબૂ બાંધવામાં મદદ કરો.''

''હું કરીશ.''

''હું ઘેર નહિ જઈ શકું. મને લાગે છે....''

''તો હું એવું સૂચવું કે, આપણે પાસ્ટર ડેનિયલના ઘેર પહેલાં જઈએ.''

મેં મોરિસને નિશાની કરી. તેમણે કાર ચલાવી અમે ઊભાં હતાં ત્યાં લઈ આવ્યા. મેં ફાતમાને આગળની બેઠક પર બેસાડી, અને પોતે પાછળની સીટ પર બેઠો.

''તમને વાટ જોવડાવી, તેથી દિલગીર છું.''

''વાંધો નહિ. હું કામ જ કરતો હતો.''

''હું એ જોઈ શકું છું, મોરિસ. તમારો શ્રમ મિથ્યા ગયો નથી.''

મોરિસે ધીમે ધીમે કાર હંકારી, પાસે બેઠેલા, દુઃખથી વિહ્વળ પ્રવાસી તરફ તે ક્યારેક શરમાળ દૃષ્ટિપાત કરી લેતા.

અમે પાસ્ટર ડેનિયલના ઘેર પહોંચ્યા ત્યારે મેં દ્વાર પર ચોંટાડેલી નાની કાપલી જોઈ, એસ્તરે જ લખી હશે : ''વહાલા મિત્ર, મહેરબાની કરી સવારના આઠથી દસ અને સાંજના પાંચથી છ વચ્ચે મળો.'' અત્યારે તો સવારના પાંચથી છ વચ્ચેનો સમય હતો. ફરી એક વાર મેં જ ડેનિયલને આપેલ સલાહની વિરુધ્ધ મારે વર્તવું પડયું.

અમારે ઘણી વાર સુધી ઠોકવું પડયું. મોરિસે શયનગૃહનો દરવાજો ખખડાવ્યો ત્યારે જ ઉત્તર મળ્યો.

''કોણ છે ?''

''કેટલાક વહેલા આવેલા મુલાકાતીઓ, જે એવા અવિનયી છે કે તમારા કામકાજના સમયો સાચવતા નથી.''

''વૉલ્ટર !''

ડેનિયલે તેનો ટોગા (ઝભ્ભો) ઝડપથી વીંટાળી લઈ બારણું ઉઘાડયું.

''આટલા વહેલા જાગી ગયા છો ?''

''રાતપાળી,'' મોરિસે કહ્યું.

ડેનિયલે મારાથી ફાતમા તરફ, ફાતમાથી મોરિસ તરફ થોડી પળો જોયા કર્યું. ખરેખર, અમારી ટોળકી વિચિત્ર લાગતી હતી.

''અંદર આવો.''

મેં સંક્ષિપ્તમાં પરિસ્થિતિ સમજાવી. પછી અમે જોનને કોણ બોલાવે તેની ચર્ચા કરી. ફાતમાએ ના પાડી. ડેનિયલે સ્વયંસેવા ઉઠાવવા તૈયારી દર્શાવી, પણ ફાતમાએ કહ્યું કે, એથી તો તે ક્યાં છે એની જોનને ખબર પડી જશે. તેણે ડેનિયલને જોનને ન કહેવાનો આગ્રહ કર્યો.

''મને શંકા છે કે, આમાં હું સાચો છું કે કેમ, પણ ફાતમા નિર્ણય કરી લે ત્યાં સુધી હું તેની સાથે વાત કરવા માંગતો નથી. તે મારા પર ખૂબ ગુસ્સે છે... ફાતમા, તમે આપણી ટેલિફોન પરની વાતો તેને ક્યારેય કહી છે ?''

''કદી નહિ !''

''પણ મેં તેમના ગંદા હાથની ટીકા કરેલી એ તે જાણતા હતા.''

''એમણે બધા ફોન ટેપ કરી લીધા છે.''

''બધા જ ?''

''હા.''

''અહીં પાળકગૃહે ફોન કરેલો તે પણ ?''

''હા, મેં ગઈ કાલ સાંજે જ શોધી કાઢ્યું કે, તેમણે ફોન સાથે ટેઈપરેકોર્ડર જોડયું છે. હું ઘેર આવી ત્યારે તે મને મારશે તેવો મને ભય

લાગ્યો. હું બારીમાંથી કૂદીને નાસી છૂટી, અને તે કામ પરથી આવે તે પહેલાં ચર્ચમાં ગઈ. પણ ત્યાં મેં તમને અંદરથી કોઈ હાથા વિનાના દ્વાર વિશે બોલતા સાંભળ્યા. અને ઘરમાં પુરાયેલી રહું છું, એનાથીયે વધારે મોટી કેદની લાગણી મને થઈ આવી, મેં બધી આશા ગુમાવી. હું ન જોન પાસે જઈ શકી, ન માબાપ પાસે, ન તમારી પાસે.''

ત્યારે મોરિસે જોનને તેડી લાવવાનું માથે લીધું. કોઈ ઉત્તર મળ્યો નહિ.

એસ્તર, હમણાં જ જાગેલા બાળકને તેડીને, રૂમમાં આવ્યાં. મેં ફાતમા સાથે તેમનો પરિચય કરાવ્યો.

''આ છોકરી અત્યંત શ્રમિત છે. એણે કસોટી કરે એવો, આખરી નિર્ણય કરવાનો છે. પણ એ લેવા માટે તેને શાંતિ જોઈએ. જો કે, સૌથી પહેલાં, તેને થોડોક ખોરાક અને આરામ જોઈએ.''

''એ અમારા અતિથિ-ખંડમાં રહી શકશે.''

''એ આરામ કરી રહે ત્યારે એસ્તર, તમે તેની સાથે ચર્ચા કરો એવું હું ઈચ્છું છું.''

ડેનિયલે સમજુ સ્મિત કર્યું, અને એસ્તરે સંમતિ આપી.

''તમારાં પત્ની ક્યારે આવે છે ?'' એસ્તરે પૂછ્યું.

''સાંજે ચાર વાગ્યે - જો પ્લેન સમયસર હોય તો.''

''સરસ. એસ્તર અને હું તમને ૩-૩૦ વાગ્યે હૉટેલમાં લેવા આવીશું, અને તમે જો ઈચ્છો, તો આપણે ચારે ઍરપોર્ટ-રેસ્ટોરાંમાં સહભોજન કરીશું.''

મેં હા કહી, અને મોરિસ સાથે વિદાય લીધી.

અમે હૉટેલ તરફ પ્રયાણ કરતા હતા ત્યારે પહેલાં તો મોરિસ ખૂબ શાંત રહ્યા. પછી તેમણે પૂછ્યું :

''શું પહેલાં આવી રીતે તમારા ફોન ટેઈપ થયા છે ?''

''ના, મોરિસ, આ શક્યતાનો મેં કદી વિચાર કર્યો નહોતો.''

''હા, પણ કદાચ તેના બાહ્ય દેખાવની ટીકાની તેને જરૂર હશે. કદાચ, એથી તેને લાભ જ થશે.''

"મોરિસ, જો હું એવું માનતો ન હોત કે ઈશ્વર આપણી ક્ષતિઓનો પણ સુઉપયોગ કરે છે, તો મેં આ સેવા તત્કાળ છોડી દીધી હોત. અંદરના હાથા વિનાના બારણા વિશે મેં જ ટીકા કરી તે અંગે પણ એ સાચું છે. વાત તો સાચી હતી - અને છતાં, ફાતમા માટે એ પળે ખોટી અને અયોગ્ય પણ હતી."

"અને છતાં ઈશ્વરે ફાતમા માટે તેનો ઉપયોગ કર્યો," મોરિસે ઉત્તર આપ્યો.

"મોરિસ, આને જ આપણે 'કૃપા' કહીએ છીએ. એ તો બિલિયર્ડની રમત જેવું છે. આપણે તો ખોટી દિશામાં બૉલને ધક્કો આપીએ, અને છતાં ઈશ્વર એને પ્રત્યાઘાત આપી પાછો મોકલે છે- અને એ એના ખાનામાં સરકી જાય છે."

અમે હૉટેલ પહોંચ્યા. રૂઢિગત આફ્રિકન વિનય મુજબ મોરિસ મારી સાથે લૉબી સુધી આવ્યા. એ કશું બોલ્યા નહિ. મને લાગ્યું કે, તે વિચારમાં ડૂબેલા છે. ત્યાં લૉબીમાં જોન હતા. તે ઝરડાઈ ગયેલા, આંખો નીચે કાળાં કુંડાળાંવાળા દેખાતા હતા. છતાં તેમણે સૂટ પહેર્યો હતો.

અમે એકબીજાને 'નમસ્તે' કહ્યા, અને મેં જે બન્યું હતું તે તેમને વર્ણવ્યું. મેં એમને વિચારવાનો સમય પણ આપ્યો. મેં જોયું કે એ પોતાની જાત સાથે સંઘર્ષ કરતા હતા. છેવટે, તેમણે કહ્યું :

"મારે તમને એક વાત કહેવી છે. ફાતમા જે કંઈ કરવા માંગે તે માટે તે મુક્ત છે, સ્વતંત્ર છે. તે મારી સાથે રહી શકે કે મને છોડી શકે."

"આભાર આપનો, જોન. મને તમને એ કહેતાં સાંભળીને આનંદ થાય છે."

મેં તેમને ફાતમા વિશે માહિતી આપતા રહેવાનું વચન આપ્યું. તેણે ઠંડાશથી 'આવજો' કહ્યું, પણ ઓછામાં ઓછું તેમણે શાંતિથી વિદાય લીધી.

હું એમને હૉટેલ છોડીને જતાં જોતો હતો, ત્યારે મને તેમને

''તમે શું કહેવા માંગો છો ?''

''એક નવી જ શરૂઆત કરવી, જાણે કે અમે ત્રિકોણમાં કદી પ્રવેશ્યાં જ ન હોય એમ. પ્રેમદ્વાર પ્રતિ ધીમે ધીમે જવું, અને પછી ત્યાંથી બંને દિશામાં એક પણ પગથિયું ચૂક્યા વિના , આગળ વધવું.''

''તે એમ કહેવા માંગે છે,'' મીરિયમે તેની સ્પષ્ટ અને વેધક રીતે જણાવ્યું કે, ''અમે લગ્ન કરીએ ત્યાં સુધી જાતીયતાથી દૂર રહી શકીએ, આટલું બધું આગળ વધી ગયાં છીએ એ હકીકત હોવા છતાં?''

''એ ચોક્કસપણે સરળ નહિ હોય,'' મેં કહ્યું, ''કારણ કે એક વાર તમે શરૂ કર્યું છે, એટલે પ્રલોભનો પણ વધુ મોટાં રહેવાનાં . પણ હું એને અશક્ય ધારતો નથી. માત્ર માનવીય શક્તિથી એ નહિ થઈ શકે. એને માટે ખાસ કૃપા જોઈએ - અસાધારણ પરાક્રમ. જો કે મેં બીજાંઓને તેમ કરી શકતાં જોયાં છે.''

''અને પરિણામ શું આવ્યું ?''

''સામાન્યતઃ તો સંબંધ વધુ ઘનિષ્ઠ બન્યો, તેમાં વધુ ઊંડાણ આવ્યું. જાતીયતાનું તત્વ નીકળી ગયું, એટલે વધુ સંબંધની વધુ ઊંડી સપાટીએ તેઓ મળી શક્યાં. અલબત્ત, તેમણે એકબીજાને સહાય કરી હતી.''

''અમે બંને એકબીજાને કેવી રીતે મદદ કરી શકીએ ?'' મીરિયમે જાણવા ચાહ્યું.

''અમુક પરિસ્થિતિઓને ટાળો. દા.ત. રાત્રે એકલા મોટરમાં ફરવાનું ત્યજી દો: બીજા યુગલો સાથે જાઓ. પ્રામાણિક બનો. જો કશુંક અસુંદર હોય તો તેને સુંદર કહેવાનો દંભ ન કરો.''

''શું આનાથી તંગદિલીઓ નહિ સર્જાય ?''

''ચોક્કસ સર્જાશે, પણ તેથી શું ? ઘણી ઘણી જાતીય સમસ્યાઓ આપણા યુગમાં એટલા માટે ઉદ્દ્ભવે છે કે, લોકો એવું માને છે કે, તેમણે, ગમે તે ભોગે અને જોખમે, દુઃખ, વિરહ અને તંગદિલીનો ત્યાગ કરવો જોઈએ. હું માનું છું કે, તંગદિલી કશુંક વિધેયાત્મક છે.

તે તો પ્રગતિ કરવાની અને પુખ્ત બનવાની વાતનો એક ભાગ છે. એક દિવસે તો તમારે તંગદિલીને પડકાર આપવાનું શીખવું પડશે - અને લગ્ન પહેલાં તે શીખવું તે સારું છે.''

''શું લગ્નમાંયે તાણ અને તંગદિલીઓ આવ્યા કરવાની ?''

''હા, આવે છે. જેઓ લગ્ન પહેલાં તેનો સામનો કરવાનું શીખ્યાં નથી તેમને લગ્નજીવનમાં કટોકટીનો સામનો કરવો પડે છે. ત્રિકોણના ત્રણે ખૂણા વચ્ચે તંદગિલીઓ હોય જ છે : જાતીયતા અને સ્નેહ વચ્ચે, સ્નેહ અને લગ્ન વચ્ચે, લગ્ન અને જાતીયતા વચ્ચે. થાંભલાઓ વચ્ચેનું કેન્વાસ (જાડું, મજબૂત કંતાન) જેટલું ખેંચાયેલું હોય તેટલો જ તંબૂ જલાભેદ્ય રહે. તંગદિલી ચાલી જાય તો તંબૂ બેસી જાય.''

તિમોથી અને મીરિયમ બીજું કશું બોલ્યાં નહિ. 'અલવિદા' કહી, હાથમાં હાથ પરોવી તે ચાલ્યાં ગયાં.

ઍરપોર્ટ પર મને લઈ જવા ડેનિયલ આવ્યા. અમે કાઉન્ટર પાસેથી પસાર થયાં, ત્યારે ટેલિફોન ઑપરેટરે સ્વીચબોર્ડમાંથી મસ્તક ઉઠાવી આંખોથી મને વંદના કરી. મેં મસ્તક હલાવી સલામ કરી. અચાનક, મને યાદ આવ્યું કે, મેં ઈન્ગ્રીડ માટે રિઝર્વેશન કરાવ્યું નહોતું.

અમે કલાર્કને પૂછ્યું કે, મને ડબલ-બેડરૂમ મળી શકે કે કેમ. તેણે જણાવ્યું કે, શનિ-રવિને કારણે બધી રૂમો અપાઈ ગઈ હતી.

''જો તમે કાલે સાંજે અથવા મોડામાં મોડું આજે સવારે પણ કહ્યુ હોત,'' તેણે કહ્યું.

''મને ખરેખર શરમ આવે છે, ડેનિયલ. અહીં હું આખું સપ્તાહ લગ્ન વિશેની ચર્ચા-વિચારણામાં એવો ડૂબેલો રહ્યો કે, હું મારી પત્ની સાથે એક જ ખંડમાં રહી શકાય તેવી વ્યવસ્થા કરવાનું વીસરી ગયો.''

કલાર્કે એ જ માળ ઉપર, મારા રૂમની બરોબર સામેની એક રૂમ સૂચવી, અને અમે તે રાખી લેવાનું ઠરાવ્યું.

''એવું લાગશે કે અમારા બંનેના સંબંધોમાં કશુંક ભંગાણ છે,'' મેં કહ્યું.

''કદાચ, એવો લાભ પણ થાય કે, તમે બંને અગલ અલગ વાતચીત કરી માર્ગદર્શન આપી શકો. ફાતમા સાથે શાંતિથી વાત થઈ શકે તેવો વધારાનો ખંડ અમારી પાસે હતો એથી ચોક્કસ લાભ થયો,'' ડેનિયલે મને આશ્વાસન આપતાં જણાવ્યું.

એસ્તર અમારી વાટ જોતાં કારમાં જ બેઠાં હતાં. મેં પૂછયું કે, ''તમે ફાતમા સાથે વાતો કરી અને મારી સાથે ઠીક ઠીક લાંબી ચર્ચા કરી, ત્યારે બાળકોનું ધ્યાન કોણે રાખ્યું ?''

''મારા પતિએ,'' તેમણે ગર્વથી કહ્યું.

ડેનિયલે સાંભળી શકાય તેવો નિઃશ્વાસ નાખ્યો.

''ભાઈ, શું તમને એથી દુઃખ થાય છે ?''

''ભયંકર ! જો એ આમ જ ચાલુ રાખશે તો એનો અંત ક્યાં આવશે !'' તેમણે મજાકમાં જણાવ્યું. પછી તેમણે અવાજનો સૂર બદલી કહ્યું, ''ગંભીર વાત તો એ છે, વૉલ્ટર, કે આ સેવાકાર્યમાં ભાગ લીધા પછી એસ્તર બદલાઈ ગઈ છે. મને એક નવી પત્ની મળી છે.''

''અત્યારે કોણ બાળકોનું ધ્યાન રાખે છે ?'' મેં પૂછયું.

''ફાતમાએ તે માથે લીધું છે, જેથી હું તમારી સાથે ઍરપોર્ટ પર આવી શકું.''

અમે ઍરપોર્ટ તરફ જતા હતા ત્યારે, હું ટેલિફોન ઑપરેટરને પણ લગ્ન અંગે માર્ગદર્શન આપતો હતો કે કેમ એ અંગે ડેનિયલે મને પૂછયું :

''મેં આજે સવારે લગભગ નવ પછી તમને ફોન કરવાનો પ્રયત્ન કર્યો, ત્યારે એણે મને મૃદુ, સ્નેહાળ અવાજે કહ્યું : 'સાહેબ, હું જાણું છું કે, તમે ઘણી મુશ્કેલીમાં હશો, પણ મહેરબાની કરી આશા મૂકી દેશો નહિ. ડૉક્ટર અત્યારે ઊંઘે છે. બપોર પહેલાં મારે તેમને જગાડવાના નથી. પણ જો તમે એ સમયે ફોન કરશો તો એ તમને મદદ કરશે.'''

અમે ત્રણે ખડખડાટ હસ્યાં.

‘‘મેં તો તેમને વિનયી બનવાનું કહેલું,’’ મેં કહ્યું, ‘‘પણ તમે જ પ્રથમ ‘અસીલ’ બનશો એવું કોણ ધારે ! આજે ઘણા ફોન આવેલા. હું સમજી શકતો નથી કે, આ શહેરમાં ફોન દ્વારા લગ્નમાર્ગદર્શનસેવા પૂરી પાડવાનું કેમ કોઈએ વિચાર્યું નથી ?’’

તે દરમ્યાન અમે વિમાનઘરે આવી પહોંચ્યાં હતાં, ત્યાં જાણવા મળ્યું કે, ઈન્ગ્રીડનું પ્લેન અર્ધો કલાક મોડું હતું. અમે વાટ જોતા હતા ત્યારે ડેનિયલ અને એસ્તરે આગલી સાંજના મારા વ્યાખ્યાન વિશે ચર્ચા આરંભી.

‘‘કાલે રાત્રે આપણે ત્રાંસી લીટીઓવાળા ત્રિકોણની ચર્ચા કરેલી,’’ ડેનિયલે કહ્યું : ‘‘અને એથી જે ખાલી જગ્યા - ખાલીપો - સર્જાય છે તેનું તમે ‘‘સંબંધમાં શૂન્યતા’’ તરીકે વર્ણન કરેલું. પણ અમે ઘણાં વિવાહિત યુગલોને ઓળખીએ છીએ જેમને આ વર્ણન લાગુ પડતું નથી. તેમની પરિસ્થિતિ જુદી જ છે. તેઓને ઘણા વખતથી એકબીજાનો પરિચય છે. તેઓને પોતાના પ્રેમની ખાતરી છે. તેમણે પોતાની વફાદારી વારે વારે પુરવાર કરી બતાવી છે. ઘણી કટોકટી વચ્ચે તેમણે સંયુક્ત મથામણ કરી છે, સંઘર્ષ ખેલ્યા છે. ધીમે ધીમે, પોતાના સ્નેહની અભિવ્યક્તિમાં અને પારસ્પરિક જવાબદારીમાં તે વૃદ્ધિ પામ્યાં છે. પણ કેટલાંક બાહ્ય પરિબળોને કારણે તેઓ પરણી શકતાં નથી. કદાચ, બંનેને રહેવાનું કોઈ સ્થળ નથી, અથવા બંને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ છે. હકીકતમાં, કોઈ શૂન્યતા સર્જાયેલી નથી, પણ સંપૂર્ણ દેહસંબંધ અને લગ્ન વચ્ચે માત્ર થોડીક જ ખૂટતી જગ્યા તેમને અલગ પાડે છે. તેમનો કેસ કદાચ આવો લાગે.’’

ડેનિયલે પોતાના ખિસ્સામાંથી એક કાર્ડ કાઢ્યું, અને તેમાં સમાંતર રેખાઓવાળો ત્રિકોણ દોર્યો, જેમાં માત્ર છેક ઉપલી રેખા થોડી વાંકી હતી :




તેણે સમજૂતી આપતાં કહ્યું : ''આવાં યુગલો કહે છે કે, 'અમારે લગ્નસમારંભ પહેલાં લગ્નજીવન ગાળવું પડે છે તેમાં અમારો વાંક નથી. બાહ્ય પરિબળોને કારણે તેમ કરવાની અમને ફરજ પડે છે. અમે જાણીએ છીએ કે, તે આદર્શ સ્થિતિ નથી, પણ તે ઓછી દુષ્ટતા અમને લાગે છે. અમારી કુદરતી ઈચ્છાઓ દબાવી દેવાના, તંગદિલીવાળા અને માનસિક ક્ષોભવાળા બનવાના, અને કદાચ એકબીજાને છોડી દેવાના જોખમ કરતાં તે અમને ઓછું જોખમી લાગે છે.' નિખાલસપણે કહું, વૉલ્ટર, તો તેમની વાતમાં મને તથ્ય લાગે છે. લગ્ન પહેલાં એકબીજાને સમર્પિત થઈ જવું તે ખૂબ દીર્ઘ સમય વાટ જોવા કરતાં સરળ છે, કારણ કે, કદાચ વાટ જોવાથી તો એ પેલાં બળોની ગતિશીલતાને જ ભયમાં મૂકે છે.''

''આ સાચે જ અતિ મુશ્કેલ અને વ્યાપક મતભેદો જગાવનાર પરિસ્થિતિ છે,'' મેં ઉત્તર આપ્યો : ''બહારના કોઈને તેમનો ન્યાય કરવાનો કે દોષિત ઠરાવવાનો હક નથી.''

''પણ શું કેટલાક લોકો એવું માનતા નથી કે લગ્નપૂર્વેની જાતીયતા લગ્નજીવનને વધુ સુખી બનાવે છે ?'' એસ્તરે જાણવા માંગ્યું.

''વ્યક્તિગત રીતે, હું એવા કોઈ યુગલને જાણતો નથી કે, જેમણે એવો દાવો કર્યો હોય કે, લગ્નસમારંભપૂર્વે તેમણે લગ્નને વધુ

પરિપૂર્ણ ન બનાવ્યું હોત તો એ નિષ્ફળતામાં પરિણમત. હું એવાં પણ યુગલોને જાણું છું જે એમ કહી શકે કે, લગ્નપૂર્વેના જાતીય સંબંધોથી તેમના લગ્નજીવનને કશું નુકસાન થયું નથી. પણ, હું એવાં ઘણાંબધાં યુગલોને ઓળખું છું, જેમણે, વધુમાં વધુ પ્રતીતિજનક દલીલો કે કારણો સહિત લગ્નસમારંભ પહેલાં લગ્નસુખ ભોગવ્યું હોય તેઓ લગ્ન પછી બીજા જ પ્રકાશમાં એ સુખને નિહાળે છે.''

''અમે તમારું પુસ્તક 'મેં એક છોકરી પર પ્રેમ કર્યો', વાંચ્યું છે. શું ફ્રાન્કો અને સીસીલી બીજા પ્રકારમાં આવે ?'' ડેનિયલે પૂછ્યું.

''હું એવું માનું છું. તેમણે બંનેએ વિચાર્યું કે, ફ્રાન્કો સીસીલીને પ્રાપ્ત કરવા કન્યાવિક્રયનો ઊંચો દર આપી શકે તેમ નહોતો, તેથી ત્રિકોણની આ 'નાનકડી ખાલી વચગાળાની જગ્યા' ઓળંગવા માટે તેમની પાસે યોગ્ય કારણ હતું. આજે મને લાગે છે તેમણે વાટ જોઈ હોત તો સારું તેવું તેમને થતું હશે.''

''પણ આવા યુગલને તમે શી સલાહ આપો ?''

''પ્રથમ તો, ન પરણવા માટેની તેમની તમામ દલીલોની યોગ્યતા વિશે હું તેમની સાથે ચર્ચા કરું. કેટલીક વાર તો સાચો હેતુ માત્ર ખોટા અભિમાનનો હોઈ શકે. માત્ર એક ટેબલ અને એક પલંગથી લગ્નજીવનનો આરંભ કરવામાં તેમને નાનમ લાગતી હોય. શા માટે ? આરંભમાં થોડી અગવડો વેઠવી તે તો સારું છે. હું એમને કહું કે, જો તમે છેક તળિયેથી આરંભ કરો, તો ઊંચે જઈ શકો.''

''તો તમે તો ભાડાની નાની ઓરડીમાં રસોડાના સ્ટવ તરીકે ગરમ પ્લેટથી આરંભ કરવાનું પ્રોત્સાહન તેમને આપો.''

''મને લાગે છે કે માત્ર નવો સુસજ્જ શયનખંડ નથી માટે લગ્ન મુલતવી રાખવું એ નરી મૂર્ખાઈ છે.''

''અહીંની મુશ્કેલી તો એવી છે,'' ડેનિયલે સમજૂતી આપતાં કહ્યું કે, ''કેટલાંક ચર્ચ-સભ્યો તો માત્ર ગોરાઓનાં વસ્ત્રો - એટલે કે વરરાજા

માટે કાળો સૂટ અને નવવધૂ માટે સાટિનનો લગ્નપોશાક - ન ખરીદી શકાય તેમ હોવાથી પરણતાં નથી. બીજાંને લાગે છે કે, રૂઢિગત ખર્ચાળ લગ્નજમણ પોસાય તેમ નથી તેથી તે મુલતવી રાખે છે.''

''આથી તો મને વધુ ખાતરી થાય છે કે, આપણે સાદાં લગ્નોને ઉત્તેજન આપવું જોઈએ !'' મેં જણાવ્યું. ''વિવાહિત યુગલ, જેમણે પૂરતા સમય સુધી પોતાના સ્નેહ અને વફાદારીની કસોટી કરી જોઈ છે, તેમને સવેળા લગ્નસંબંધમાં જોડાઈ જવા તેમનાં કુટુંબોએ પ્રેરણા આપવી જોઈએ.''

''અને જો એ શક્ય ન હોય તો શું?'' ડેનિયલે ફરી ભારપૂર્વક પૂછયું.

''તો તમારે આ હકીકત પ્રત્યે તેમનું લક્ષ્ય ખેંચવું જોઈએ : શરીરોને સમર્પિત કરવાથી તેઓ કદાચ એક સમસ્યા ઉકેલી શકશે - જાતીય તંગદિલીમાંથી કે ઉશ્કેરાટમાંથી મુક્તિ મેળવવાની - છતાં નવી નવી સમસ્યાઓ સર્જાતી જશે.''

''આવાં યુગલો માટે મુખ્ય સમસ્યાઓ કઈ છે ?'' અમે વાટ જોતાં હતાં ત્યાં એસ્તરે પૂછયું.

''એ યુગલને યાદ દેવડાવવું જ રહ્યું કે, પાછા ફરવાનો કોઈ જ માર્ગ નથી. ધરીની આસપાસ ફરતું બારણું તે જ દિવસથી સ્થિર બની જાય છે. અને, જો એ યુગલને પોતાનું રહેવાનું સ્થળ ન હોય, તો પારસ્પરિક અનુકૂલન મુશ્કેલ બને છે. પોતે સુરક્ષિત નથી, પોતાનો સમાસ નથી એ લાગણીથી યુવતી યુવાન કરતાં વધુ પીડાય છે, અને આ વસ્તુ તેની સંપૂર્ણ જાતીય તૃપ્તિની આડે અવરોધ ઊભા કરે.''

''અને ગર્ભનિરોધક સાધનો અંગે શું ?'' એસ્તરે પૂછયું.

''ઘણીવાર તો આ નિર્ણય કરતી વખતે તેમણે એ અંગે વિચાર્યું પણ ન હોય. તેમને થોડા જ સમયમાં સમજાય છે કે, આ સમસ્યાનો કોઈ આદર્શ ઉકેલ નથી, અને દરેક પદ્ધતિ સાથે સમાધાન - બાંધછોડ કરવાં પડે છે. સહજીવન વગર નૈકટ્ય સરળ નથી.''

અંતે ઈન્ગ્રીડનું વિમાન આવી પહોંચ્યું. પ્રથમ પ્રવાસીઓ દેખાયા. પછી મેં મારી પત્નીને જોઈ. તે ટટ્ટાર ચાલે, રાજરાણીની જેમ

પગથિયાં ધીમે ધીમે ઊતરી. ઝાંખા ભૂરા રંગનો પોશાક તેણે પહેર્યો હતો, અને ગળે લીલો સ્કાર્ફ હતો. તેના મનપસંદ રંગો, મેં વિચાર્યું.

મેં તેને પ્લેન અને ઍરપોર્ટ બિલ્ડિંગ વચ્ચેનું અંતર માપસરનાં પગલાં સાથે, તેના સ્વીડીશ વંશને પ્રગટ કરતા લાંબા હાથ ઝુલાવતી, આવતી જોઈ, ત્યારે આ ફેશનેબલ સ્ત્રીને પરણવા માટે મને ગર્વ થયો. ડેનિયલ મૂંગા હતા.

તેણે અમારા તરફ હાથ હલાવ્યા ત્યારે, તેનો ચહેરો પ્રકાશિત અને ગુલાબી દેખાયો. માની પણ ન શકાય કે આ જ વ્યક્તિએ થોડા દિવસો અગાઉ કેટલો નિરાશાજનક પત્ર લખ્યો હતો !

મેં તેના હાથના સામાન પ્રતિ દૃષ્ટિ ફેંકી અને મનોમન આશા કરી કે, ડેનિયલ અને એસ્તર માટે જે ભેટ લાવવાનું હું વીસરી ગયો હતો, તે તે લાવી હોય તો સારું.

અમે પ્રેમાળ અભિવાદન કર્યા પછી ઍરપોર્ટ રેસ્ટોરાં પ્રતિ ઊપડયાં. અમે ચારે એક ટેબલ પર બેઠાં, અને ભોજનનો ઑર્ડર આપ્યો. અમે ભોજનની વાટ જોતાં હતાં ત્યારે ઈન્ગ્રીડે દરેકને ભેટ વહેંચી : એસ્તર માટે બ્લાઉઝ, ડેનિયલ માટે ટાઈ. તેમના ઘર માટે ઓસ્ટ્રિયન આલ્પ્સનાં રંગીન ચિત્રો અને બાળકો માટે રમકડાં.

આ અચાનક મળેલી બક્ષિસોએ વાતાવરણમાં સ્નેહની ઉષ્મા પ્રસરાવી. થોડી જ વારમાં જૂના મિત્રો જેમ અમે વાતે વળગ્યાં. જે સારલ્યથી ઈન્ગ્રીડે સંબંધ બાંધ્યા તેથી મને નવાઈ લાગી.

જ્યારે તેમણે જાણ્યું કે, ઈન્ગ્રીડ જન્મે અમેરિકન છે, ત્યારે તેમણે જાણવા ચાહ્યું કે, આફ્રિકનો જેવી જ સમસ્યાઓ અમેરિકનોને પણ હોય છે કે કેમ, અને તેમને પણ લગ્નત્રિકોણની એટલી જ જરૂર પડે છે કે કેમ, ડેનિયલે કહ્યું : ‘‘મેં યુ.એસ.એ.ની ‘સ્વિંગીંગ કલબો’ (આંદોલિત મંડળો) વિશે વાંચ્યું છે, જેમાં સંપૂર્ણ જાતીય સ્વાતંત્ર્ય પ્રવર્તે છે. પતિ-પત્ની સાથે જાય છે, ગમે તેની સાથે સહશયન માટે તૈયાર રહે છે, અને પાછાં પતિ-પત્ની તરીકે બહાર નીકળે છે. પણ આવી

ક્લબોના મેનેજરોનું નિરીક્ષણ એવું છે કે, આવાં યુગલો લાંબો સમય આવું જીવન ગાળી શકતાં નથી. એમનાંમાંનું કશુંક બળવો કરવા તેમને પ્રેરે છે.''

''હા,'' ઈન્ગ્રીડે કહ્યું, ''કંટાળાપ્રદ એકપત્ની પતિવ્રતમાંથી ઊગરવાનો તે પલાયનમાર્ગ છે એવું તેઓ માને છે, પરંતુ પરિણામે તો ઘણુંકરી વિશેષ શૂન્યતા અને એકલાવાયાપણું પ્રાપ્ત થાય છે. આફ્રિકનોને ત્રિકોણની જેટલી આવશ્યકતા છે એટલી જ અમેરિકનોને પણ છે જ. આપણે એ દર્શાવવાનું છે, એકપતિપત્નીત્વ પણ કાર્યશક્તિ પેદા કરનાર, પ્રક્ષોભક અનુભવ બની શકે. જાતીયતા અને સ્નેહને લગ્નમાં એકીકરણ કરી શકે. વ્યભિચાર કરતાં કંટાળાજનક બીજું કશું નથી. છૂટાછેડા કરતાં વધુ શૂન્યતાસર્જક બીજું કશું નથી.''

એસ્તરને એક દર્શન થયું : "જો આપણે આ સંદેશો સામૂહિક રીતે આપી શકીએ; આપણે ચારે જણ - એક આફ્રિકન અને એક યુરોપિયન - અમેરિકન યુગલ - તો ઘણી સારી છાપ ઊભી થાય.''

''જો, હા આફ્રિકનો અન્ય આફ્રિકન મુખે આ સંદેશો સાંભળે તો મહાન સેવા થઈ શકે,'' મેં સંમતિ આપી.

''પણ અમેરિકનો - યુરોપિયનો માટે કોઈ આફ્રિકન મુખે આ સંદેશાનું શ્રવણ એ વધુ અસરકારક બળ બની શકે,'' ઈન્ગ્રીડે ઉમેર્યું.

''હું પણ એવું ધારું છું,'' મેં એસ્તર પ્રતિ જાણકાર દૃષ્ટિ ફેંકતાં કહ્યું, ''જો તમે પ્રામાણિક મીંડાંઓ હો તો - જરાયે સંકોચાયેલાં નહિ, થોડુંક ઓછું છે તેવો દેખાવ કરનારાં નહિ. આવાં સંકોચાયેલાં મીંડાં અન્યની આંખોમાં નમ્ર દેખાવાનો પ્રયત્ન કરે છે. તમે જાણો છો, લઘુતાગ્રંથિવાળી લાગણીઓ ઘણી વાર છૂપા ગર્વને ઢાંકે છે.''

''હવે ફરી તમે મારાં પત્નીને લગ્નમાર્ગદર્શનસેવાના પાઠ શીખવતાં નહિ,'' ડેનિયલે હસતાં હસતાં વિરોધ કર્યો. તેમણે ઈન્ગ્રીડ તરફ ફરી કહ્યું :

''તમારા પતિએ ગઈ કાલે મારી પત્નીને પાસ્ટર બનાવી દીધી, અને મને બાળકોને સાચવવાની આયા. હું કહું છું કે, કુટુંબમાં એક જ પાળક હોય તો બસ.''

''એમની સમસ્યા પણ આપણા જેવી જ છે, ઈન્ગ્રીડ,'' મેં સમજાવતાં કહ્યું : ''એકેય ખલેલ વિનાની પળ નહિ, ઘણા ઘણા અટકાવો - અવરોધો, અને લગ્ન તથા સેવા વચ્ચે સતત સંઘર્ષ. દરેકની મૂંઝવણો સાંભળવા ડેનિયલને સમય છે, પણ પત્નીની નહિ. બધું પરિચિત લાગે છે, નહિ ?''

ઈન્ગ્રીડે એક પળ વિચાર કર્યો. પછી કહ્યું:'' માત્ર એક જ ઉકેલ છે. શહેર બહારનું કોઈક સ્થળ, જ્યાં કોઈ તમને શોધી ન શકે, અને જે કોઈ જાણતું ન હોય ત્યાં સપ્તાહમાં એક વાર આખો દિવસ કે ઓછામાં ઓછો અર્ધો દિવસ તમારે સાથે ગાળવો જોઈએ.''

એસ્તરનું મુખ ચમકી ઊઠયું. ''અમે ક્યાં જઈ શકીએ તે હું જાણું છું.'' તેણે કહ્યું.

''ક્યાં ?'' ડેનિયલે જાણવા ઈચ્છયું.

''જ્યારે આપણે એકલાં હોઈશું ત્યારે હું તમને કહીશ,'' તેણે લુચ્ચાઈભર્યું સ્મિત કરતાં ઉમેર્યું : ''બીજું કોઈ તે જાણે તેમ નથી.''

''વૉલ્ટર કોઈક વાર એક કેથોલિક મઠમાં ચાલ્યા જાય છે, જ્યારે તે ખલેલ વગર કામ કરવા માંગતા હોય છે ત્યારે,'' ઈન્ગ્રીડે કહ્યું.

''હા, એ સાચું છે,'' મેં કહ્યું, ''અને ત્યારે મને પેલા અપરિણીત સાધુઓની ઈર્ષ્યા આવે છે !''

એસ્તર જાણવા માંગતી હતી કે હું ગંભીર હતો કે કેમ.

''એ ખરેખર ગંભીર છે,'' ડેનિયલે કહ્યું, ''હું ધારું છું કે, દરેક પરિણીત પુરુષના જીવનમાં એવી પળો આવે છે, જ્યારે એ કુંવારો હોત તો સારું એવું તેને લાગે છે.''

ડેનિયલે વેઈટરને બિલ લાવવાની નિશાની કરી. તેમણે પોતે

જ બિલ ચૂકવવાનો આગ્રહ સેવ્યો. તેમના આફ્રિકન આતિથ્યને માઠું ન લાગે તે અંગે અમે સભાન હતાં, જો કે, હું સમજતો હતો કે, તેમના ટૂંકા પગારમાં આ એક મોટો ભોગ હતો.

અમે ઍરપોર્ટથી હૉટેલ તરફ કાર હંકારી ત્યારે બંને સ્ત્રીઓ પાછળની સીટ પર બેઠી. એસ્તરે ફરીથી સંતાવાના સ્થળની વાત અંગે ઈન્ગ્રીડનો આભાર માન્યો.

''મેં એક પુસ્તક વાંચેલું,'' ડેનિયલે મને કહ્યું, ''જેમાં લેખકે સલાહકારને શિખામણ ન આપવાની શિખામણ આપેલી.''

''એ પણ સલાહ જ થઈ, નહિ ?''

''હા, પણ તે કહે છે કે, સલાહ આપવી એનો અર્થ લોકોને માર્ગદર્શન આપવું. એવું ન કરવું જોઈએ.''

''તમે એને ટાળી ન શકો, ડેનિયલ. માર્ગદર્શન ન આપવું એ પણ માર્ગદર્શનનો એક પ્રકાર છે - કદાચ સૌથી કુશળ માર્ગ. હું પૉલ ટોર્નિયર સાથે સંમત છું કે, કોઈપણ વ્યક્તિ નીતિની વાતમાં ખરેખર તટસ્થ ન રહી શકે; અને જો કે આપણે જાહેરમાં કશું ન કહીએ, તોપણ આપણી ગુપ્ત વિચારણાઓ અને અભિપ્રાયો બીજી વ્યક્તિઓની અંતઃસ્ફુરણામાંથી છટકી શકતાં નથી.

''તમે કશું બોલો નહિ, છતાં તમે શું ધારો છો તેની કલ્પના તે કરશે, અને તમે શું વિચારી રહ્યા છો તે વિચારવા માટે તે ઘણો સમય વિચારણામાં ગાળશે. આ રીતે કદાચ, તે સંપૂર્ણપણે ખોટાં પરિણામો પર આવે. હું માનું છું કે, બીજી વ્યક્તિને તમારા અભિપ્રાયમાં સહભાગી બનાવવી એ વધુ પ્રામાણિક અને ઓછું જોખમી છે - અને, અલબત્ત, એ સ્વીકારવા કે ન સ્વીકારવા તેને સ્વતંત્રતા બક્ષો.''

''પણ વૉલ્ટર, પેલો લેખક તો એમ કહે છે કે, તમે સલાહ આપો છો ત્યારે નદીના પાણીમાં તરતા કોઈકની સાથે જાણે કિનારાની સલામતી પર ઊભા રહી બેસીને વાતો કરો છો. તેને બદલે,તમારે નદીમાં કૂદી પડી, તેની સાથે તરવું જોઈએ.''

''એનાથી ઊલટું,'' મેં કહ્યું, ''તમે જો સલાહ આપતા નથી, તો તમે કાંઠા પર ઊભા રહો છો. પણ જો તમે સલાહ આપો છો, તો નદીમાં કૂદી પડો છો. જો સામેની વ્યક્તિ તમારી સલાહ સ્વીકારે, તો તમે જવાબદાર બનો છો. તમે જાણે કે તેની સાથે જોડાઈ જાઓ છો. તમે પણ એની સાથે જ તરવા લાગો છો.''

અમે હૉટેલે આવી પહોંચ્યાં અને એસ્તર તથા ડેનિયલને 'અલવિદા' આપી.

''તમે ઘેર પહોંચો ત્યારે મને ફોન કરી, ફાતમાને કેમ છે તે જણાવજો.'' મેં કહ્યું.

મને આનંદ હતો કે, આજે રાત્રે કોઈ વ્યાખ્યાન નહોતું. મને ગઈકાલ રાતનો થાક હજુયે વર્તાતો હતો.

અમે ખંડમાં એકલાં પડયાં, ત્યારે મેં ઈન્ગ્રીડને બાથમાં લીધી. ''આ ઘણું મુશ્કેલ છે,'' તેણે આંખોમાં આંસુ સહિત કહ્યું.

''તું નીકળી ત્યારે બાળકો કેવાં હતાં ?'' મેં પૂછયું.

''બધાં મજામાં છે. હું ગુરુવારે છોકરાઓને બોર્ડિંગ સ્કૂલમાં મૂકી આવી. આ પત્ર ડેવિડે તમારા પર લખ્યો છે.''

મેં મારા બાર વર્ષના પુત્રના ગરબડિયા અક્ષરો વાંચ્યા : ''કાલે રાત્રે મને એક વિચિત્ર સ્વપ્ન આવ્યું. મેં જોયું કે,તમે અને મમ્મી મને આફ્રિકા લઈ ગયાં. તમે મને પૂછયું કે, મારું જીવનધ્યેય શું છે? મેં થોડું વિચાર્યું અને પછી આ ગીતના શબ્દો યાદ આવ્યાઃ 'Gehe mit dem Herrn allewege - ' આખે રસ્તે ઈસુની સાથે જા,'''

બાળકોને આમ એકલાં મૂકવાથી એક નવી રીતે તેમને શોધી શકાય છે, મને થયું, અને કદાચ તે તેમની આંતરિક વૃદ્ધિમાં સહાયક બને છે.

''પણ નાનકડી રૂથીએ તું નીકળી ત્યારે ધમાલ ન મચાવી ? હજુ તો તે આઠની જ છે.'' મેં ઈન્ગ્રીડને કહ્યું.

''હું આ પ્રવાસે નીકળી તેથી પાડોશીઓને ત્યાં રહેવાની વાતથી એ તો ખૂબ ઉત્સાહમાં છે. તેણે તો પેલા મસાલા ભરેલા હાથી ઉપર તમારી દરિયાઈ કપ્તાનની જૂની ટોપી પહેરાવી છે, જેથી તમારી ખોટ ના સાલે ! અને તમે જાણો છો, છેલ્લે તેણે મને શું કહ્યું ? 'મમ્મી, તું મને જોઈ શકીશ નહિ, તેથી દુઃખી થઈશ નહિ. દિવસો તો જલદીથી જાણે ઊડી જશે !' મને ઘણી વાર એવું લાગે છે કે, તેમની માતા કરતાં બાળકો વધુ બહાદુર છે. મને કહો, તમારાં વ્યાખ્યાનો કેવાં રહ્યાં ?''

''એ તો તારે સાંભળનારા શ્રોતાઓને પૂછવું જોઈએ, મને નહિ.''

''એસ્તરે મને કારમાં એ વિશે બધું કહ્યું છે. મને જરીકે આશ્ચર્ય થયું નથી. હું આ પ્રવાસે નીકળી તે પહેલાંથી મને લાગે છે કે, ઈશ્વર તમારો ઉપયોગ કરે છે.''

અમે થોડો સમય પહેલાં તિમોથી અને મીરિયમ જ્યાં બેઠાં હતાં, તે સોફા પર સાથે બેઠાં.

''તારા ફરિયાદ કરતા પત્રો પણ મારે માટે કશું સરળ બનાવતા નથી,'' મેં કહ્યું.

''મારે કશી ફરિયાદ કરવી નહોતી. મારે તો હકીકતો માત્ર ભાગે પડતી વહેંચવી હતી.''

''પણ તું હકીકતોની વહેંચણી કરે છે ત્યારે મને ગુનેગાર હોઉં તેવી લાગણી થાય છે. તું તો જાણે એવું સૂચવતી લાગે છે કે, તને એકલી મૂકી દેવામાં વાંક મારો છે કે, હું તને પૂરેપૂરું ચાહતો નથી.''

''એવું કંઈ સૂચવવાની કે કહેવાની મારે જરીકે ઈચ્છા નહોતી...''

''પણ શું તને નથી લાગતું કે, હું આવું કામ કરતો હોઉં ત્યારે જુદા જ પ્રકારના પત્રની અપેક્ષા રાખું ?''

''હા, હું એ બરોબર જાણું છું, પણ મને કેવી લાગણી થાય છે તેમાં તમને સહભાગી બનાવ્યા સિવાય તમે ઈચ્છો છો તેવા પત્રો

હું ન લખી શકું. હું જ્યારે નિઃસહાય બની જાઉં છું ત્યારે બીજું શું કરવું તે જાણતી નથી. તમે દૂર હો છો ત્યારે મારા અંતઃકરણની ઊંડી લાગણીઓ અભિવ્યક્ત કરવા મારી પાસે કોઈ હોતું નથી. જો હું તમારા પર ન લખું, તો શું થાય તે હું જાણતી નથી.''

ઈન્ગ્રીડ હવે આંસુના ધોધને ખાળી શકી નહિ. તેણે મારા ખોળામાં માથું મૂક્યું, અને ડૂસકાં ભરવા લાગી. પેલી રાજવંશી લાગતી સ્ત્રી તો ચાલી ગઈ હતી, રહ્યું હતું માત્ર સંવેદનશીલ બાળક.

ટેલિફોનની ઘંટડી વાગી. મારો ડાબો હાથ ઈન્ગ્રીડના વાળમાં ફેરવતાં, મેં જમણે હાથે રીસીવર ઉપાડયું. એ ડેનિયલનો અવાજ હતો.

''હું તો માત્ર તમારાં પત્ની માટે તમને અભિનંદન આપવા માંગતો હતો,'' તેમણે કહ્યું, ''તમે જાણો છો, એ તો દેવદૂતસમાં છે. બીજાં કોઈ વિશે મને આવી લાગણી થઈ નથી. પહેલાં તો લાગ્યું કે, તે ખરેખર સાચાં નથી, પણ તે તો અસ્સલ છે, કાલ્પનિક નથી. તે તો કશુંક ફેલાવે છે.''

''હા,'' મેં કહ્યું, જો કે મારા ખોળામાં માથું મૂકી ઈન્ગ્રીડ હજુયે રૂદન કરી રહી હતી.

''જ્યારે એ રૂમમાં પ્રવેશે છે ત્યારે રૂમ બદલાઈ જાય છે. એસ્તર પણ તેમનાથી અતિ પ્રભાવિત થઈ ગઈ છે.''

''મહેરબાની. ક્યારેક તો મને આશ્ચર્ય થાય છે કે, મારા જેવા અણઘડ, રીંછ જેવા માણસને આવી પત્ની ક્યાંથી ?''

ઈન્ગ્રીડે મસ્તક થોડું ઊંચું કર્યું, પણ મેં તેને હળવેથી પાછું મૂકી દીધું.

''ફાતમા કેમ છે ?''

''મજામાં. અમે ઘેર આવ્યાં ત્યારે તેને બાળકો સાથે ખેલતી જોઈ, અને પછી તેમની સાથે જ જમી. હવે તેને આંતરિક શાંતિ મળી હોય એવું લાગે છે. એમ પણ દેખાય છે કે એણે કોઈક નિર્ણય કરી લીધો છે, પણ તેને કશીક સલાહ આપવાની હિંમત મેં કરી નથી.''

''ચિંતા કરશો નહિ,'' મેં કહ્યું, '' એ શું કરે એ તમે ઈચ્છો છો, એનાથી એ માહિતગાર છે.''

''તેણે તો કહ્યું કે, તેણે તમને પત્ર લખ્યો છે, પણ તે હજુ પૂરો કરી શકી નથી. તે આવતી કાલે ચર્ચ-સર્વિસ પછી તમને આપવા માંગે છે. પણ વૉલ્ટર, ફોન કરવાનું કારણ તો એ છે કે, ચર્ચમાં લોકો આવી રહ્યા છે. તમારે આવવું પડશે, અને સંદેશો આપવો પડશે.''

''તમે શું જાહેરાત નહોતી કરી કે, આજે રાત્રે કોઈ સભા રાખી નથી?''

''જરૂર, મેં કરેલી. પણ લોકો તો આવી રહ્યા છે. કદાચ, મેં પૂરતી સ્પષ્ટતા નયે કરી હોય. ઘણાં તો પહેલી વાર આવનારાં છે. હું એમને કંઈ પાછા ઘેર મોકલી શકું નહિ. વૉલ્ટર, તમારે આવવું પડશે.''

''હું આવી શકું તેમ જ નથી, ડેનિયલ.''

''શું તમે મને 'ના' કેમ કહેવી તે શીખવો છો ?''

''શું મારે બદલે ઈન્ગ્રીડ આવે તો ન ચાલે ?''

ઈન્ગ્રીડે પોતાનું મસ્તક ઉઠાવ્યું, અને સીધી બેઠી.

''પહેલાં મને તેમને પૂછવા દો.''

ઈન્ગ્રીડે ઝનૂનપૂર્વક માથું ધુણાવ્યું.

''એમણે મંજૂરી આપી છે. પંદરેક મિનિટમાં તેડવા આવજો.''

ઈન્ગ્રીડે મારા હાથમાંથી રીસીવર ઝડપી લીધું, પણ મેં બટન દબાવી ફોન કટ કરી દીધો હતો.

''પણ મેં કશી તૈયારી કરી નથી,'' ઈન્ગ્રીડે કહ્યું. હું જાણતો જ હતો કે એ વાતની તેને ચિંતા હશે. પણ તેના અવાજના અવરોહથી મેં માન્યું કે, તેના બચાવની દીવાલ તૂટી રહી છે.

''એમને પ્રશ્નો પૂછવા દેજો.'' મેં સૂચવ્યું. ''મને ખાતરી છે કે તમે એક વાર તેમનો વિશ્વાસ જીતી લેશો, પછી એ સેંકડો પ્રશ્નો પૂછશે, અને એ કંઈ તમારે માટે મુશ્કેલ નથી. પણ, હવે જલદીથી તૈયાર થઈ જા, અને કપડાં બદલી લે. એ હમણાં જ તને તેડવા આવશે.''

તેણે રૂમમાં આમતેમ નજર ફેંકી. ''શું આ ડબલ-બેડવાળો રૂમ છે.?''

''ઈન્ગ્રીડ, મને માફ કર. આજે રાત્રે એમની પાસે કોઈ ડબલ-બેડરૂમ ખાલી નહોતો. તેથી મારે તારે માટે બીજો રૂમ લેવો પડયો છે. એ આની સામે જ છે.''

તે કશું બોલી નહિ, પણ આ સ્વીકારતા તેને જે સંઘર્ષ ઉઠાવવો પડયો તે હું જોઈ શકયો.

''કદાચ, એ આ રીતે વધુ સારું થશે,'' મેં કહ્યું, ''કોઈને સભા પછી તારી સાથે ચર્ચા કરવી હશે તો અનુકૂળતા રહેશે.''

''સારું, કશો વાંધો નહિ.'' પછી એ તૈયાર થવા ગઈ, છતાં હું તો એને જાણતો જ હતો. એનો અવાજ જ એ વાત સ્પષ્ટપણે કહેતો હતો કે, તેને માટે એ સામાન્ય વાત નહોતી.

ઈન્ગ્રીડ ગઈ, પછી હું મારા વ્યાખ્યાનની તૈયારી કરવા લાગ્યો. મારો શાસ્ત્રપાઠ હતો : એફેસી ૫:૨૧-૩૩.

''પતિઓ, તમારી પત્નીઓ ઉપર પ્રેમ રાખજો, જેમ ખ્રિસ્તે મંડળી ઉપર રાખ્યો હતો તેમ.'' આ ચાવીરૂપ વચન હતું, આધારવાક્ય હતું. ખ્રિસ્તે મંડળી ઉપર કેવી રીતે પ્રેમ રાખ્યો? તેમણે મંડળીની સેવા કરી, મેં વિચાર્યું. તે સેવા કરાવવા નહિ, પણ સેવા કરવા આવ્યા. તેમણે પોતાની જાતને મંડળીને અધીન કરી, તેને માટે પોતાનું સમર્પણ કર્યું.

જે વચનને બધા પતિઓ વધાવે છે, અને પત્નીઓ તિરસ્કારે છે, તે કલમ પર એક નવો પ્રકાશ ફેંકાયો: ''પત્નીઓએ દરેક બાબતમાં પોતાના પતિઓને અધીન રહેવું જોઈએ.'' પતિની અધીનતાના બદલામાં પત્નીની અધીનતા છે, એ વસ્તુ મને પહેલવહેલી સમજાઈ. ''એકબીજાને અધીન રહેજો.''

હા, પણ કેવી રીતે ? કોણે કદી આ સમતુલા સાચવી છે ? આ તો દૈનિક કાર્યસોંપણી છે.

ફરીથી ટેલિફોન રણકયો. ટેલિફોન ઑપરેટર પોતાને માટે વાત કરતી હતી.

‘‘તમે મને કૉલ કરવાની પરવાનગી આપી હતી, સાહેબ !’’

‘‘હા, જરૂર. તમારી સમસ્યા શી છે ?’’

‘‘મારા પતિ દારૂ પીએ છે.’’

‘‘શા માટે ?’’

‘‘હું જાણતી નથી.’’

‘‘તમારે જાણવું જોઈએ. એમના જીવનમાં કશુંક બાકોરું કે છિદ્ર હોવું જોઈએ.’’

‘‘કોઈ બાકોરું ?’’

‘‘હા, શરાબી હંમેશાં કોઈ છિદ્ર પૂરવા પ્રયત્ન કરે છે, કોઈ ખાલી પાત્રને ભરવાનો પ્રયત્ન કરે છે.’’

‘‘મને કશી ખબર નથી.’’

‘‘શું તમારે બાળકો છે ?’’

‘‘હા, એક બાળક છે.’’

‘‘કેટલાં વર્ષનું ?’’

‘‘લગભગ ચાર.’’

‘‘શું તમારા પતિને બીજું બાળક જોઈતું નથી ?’’

‘‘હા, પણ એ શરાબ પીધા કરે, તો મારે કામ કરવું પડે, અને તેથી હાલ બીજું બાળક પરવડે નહિ.’’

‘‘તમે તેમની સાથે કોઈ સોદો કેમ કરતાં નથી ?’’

‘‘સોદો ?’’

‘‘હા, સાચો, મહેનત માંગે તેવો સોદો એ લગ્નનો ભાગ છે.’’

‘‘ઠીક, અમારે શાનો સોદો કરવો ?’’

‘‘તે શરાબ મૂકી દે, અને તમે બીજા બાળકની સંમતિ આપો.’’

‘‘આભાર સાહેબ, હું આપની વાત નહિ વીસરું.’’

‘‘હવે તમે બીજો નંબર મને જોડી આપો.’’

‘‘હા, જી.’’

''ચાર તેર.''

''એક આંકડો ખૂટે છે. આ શહેરમાં ચાર આંકડાથી ઓછો કોઈ નંબર નથી.''

''એ જ્યારે તમારે જરૂર પડે ત્યારે તમારે માટે નંબર છે.''

''મારે માટે ?''

''હા, શું તમારી પાસે બાઈબલ છે ?''

''હું મેળવી લઈશ.''

''તો જરૂરિયાત ઊભી થાય તો ફિલિપ્પી ચાર તેરને બોલાવજો: 'મારામાં બળ પ્રેરનારને પ્રતાપે હું સર્વ કાંઈ કરી શકું છું.' મૌન પ્રવર્તી રહ્યું.

મેં રીસીવર મૂકી દીધું. ફરી મેં સલાહ આપી, મને થયું. હું એક વિચિત્ર સલાહકાર, નબળો પતિ અને વ્યાખ્યાન વિનાનો પાસ્ટર છું. હું મારા કોરા કાગળ સમક્ષ બેસી રહ્યો, અને એકે લીટી લખી શક્યો નહિ. પહેલી સાંજે જે લાગણી ઉદ્‌ભવેલી, તેવી જ લાગણી મને વીંટી વળી.

ઈન્ગ્રીડ જ્યારે ચર્ચમાંથી પાછી આવી, ત્યારે મેં મારા પ્રવચનની એકે લીટી લખી નહોતી. એને બદલે તો હું તેની સાથે ગયો હોત તો સારું થાત.

''ભાષણ કેવું ગયું ?'' મેં પૂછ્યું.

''સંજોગોને લક્ષમાં લેતાં ઘણું સારું. ડેનિયલે મને તમારી પત્ની અને ત્રણ દીકરાઓ અને બે દીકરીઓની માતા તરીકે ઓળખાવી, પછી તેણે તેમને જે પ્રશ્નો પૂછવાની ઈચ્છા થાય તે પૂછવાનું ઉત્તેજન આપ્યું. જેના સર્જનમાં ઈશ્વર શરમાયા નહોતા, તેવી વસ્તુઓ અંગે નામ દઈને પૂછવા માટે તેણે જણાવ્યું. પછી તો ચાલ્યું. પૂરની જેમ પ્રશ્નોએ જાણે કે ધસારો કર્યો. એ તો કલાકો સુધી ચાલી શક્યું હોત.''

''પ્રશ્નો શેના વિશે હતા ?''

''મોટે ભાગે સ્ત્રીઓ અને તેમનાં જૈવિક કાર્યો અંગે. જ્યારે મેં બીજાશય વર્તુળ, અને તે સ્ત્રીના દેહમાં અને લાગણીઓમાં જે પરિવર્તનો

 વે છે તેની વાત કરી, ત્યારે એક પુરુષે ઊભા થઈ પ્રશ્ન કર્યો : 'શું તેથી મારી પત્ની બે સળંગ દિવસોએ એકસરખી હોતી નથી ?'''

''બીજા એક જાણવા માંગતા હતા કે, એમની પત્ની ગર્ભવતી ι છે ત્યારે તેને વિચિત્ર દોહદો થાય છે, જેને કારણે કેટલીક વાર ો ખર્ચ થાય છે, તેનું શું કરવું ? શું એણે એને હસી કાઢવી કે માંગે એ વસ્તુઓ પૂરી પાડવી ?''

''તમે શો જવાબ આપ્યો હશે એ હું જાણું છું. આપણે કેમેરૂનમાં ાં, અને કેથી તમારા પેટ હતી ત્યારે તમને સફરજન ખાવાની છા થયેલી એ વાત કહી હશે. અને તમારા આદર્શ પતિએ કેવી ι ઍરપોર્ટ પ્રતિ સ્પેશિયલ સફર કરી, જેથી યુરોપથી આવતા નમાંથી ખર્ચાળ સફરજનો ખરીદી શકાય.....''

''હા, ... અને...''

''અને જ્યારે જ્યારે એ સફરજનોની વાત નીકળે છે ત્યારે ત્યારે રા પ્રત્યેના સ્નેહભાવથી તમારું હૃદય મીણની જેમ પીગળી જાય છે..''

''અને આવા સમજુ પતિ પ્રાપ્ત કરવા માટે હું કેટલી ભાગ્યશાળી ''

''તમે શું શું કહ્યું હશે એ હું કલ્પી શકું છું. હું હાજર ન રહ્યો સારું જ થયું. બીજું શું શું પૂછ્યું ?''

''તેઓ એ જાણવા માંગતાં હતાં કે, જોડિયાં બાળકો કેમ જન્મે કસુવાવડ કેમ થાય છે, સ્ત્રી ગર્ભવતી હોય ત્યારે એની સાથે સમાગમ થઈ શકે કે કેમ, ઘણીબધી સ્ત્રીઓ સુવાવડમાં કેમ મૃત્યુ ે છે - બધા પ્રશ્નો સારા હતા.''

''તમે ત્યાં હતાં અને હું નહોતો તેથી હું ખુશ છું. શું બધાના રો તમે આપી શક્યાં ?''

''સદ્નસીબે, મારી પાસે શૈક્ષણિક ચાર્ટ્સ તૈયાર હતા. સ્ત્રીના નઅવયવોના મોટા ચિત્રનો ઉપયોગ કરી, મેં ગર્ભ કેવી રીતે રહે તે સમજાવ્યું.''

''શું તમે એમ કહેવા માંગો છો કે, તે ચિત્ર તમે લટકાવ્યું ?'

''અલબત્ત. ડેનિયલ પાસે એક નાનું સ્ટેન્ડ હતું. એના ઉપર દેવળના છેડાના ટેબલ પાસે તે ટાંગ્યું, જેથી બધા સભાજનો તે જોઈ શકે

''તમે જાણો છો, ઈન્ગ્રીડ, કે મેં પહેલું વ્યાખ્યાન આપ્યું પહેલાં ડેનિયલે મને 'જાતીયતા' શબ્દ ન વાપરવાની ચેતવણી આપે હવે તમે વેદી સમક્ષ ગર્ભાશયને ટાંગી શકયાં. હું કહું છું કે, સભાજન ઘણી પ્રગતિ કરી.''

''એમનો તો કશોયે વિરોધ દેખાયો નહિ. જો કે જ્યારે સ્ત્રીનાં જનનાંગોની વાત કરી ત્યારે ડેનિયલને એસ્તરને બોલા પડયાં. એસ્તરે પોતાની માતૃભાષામાં કેવી રીતે બધું વર્ણવ્યું તે પાછળથી કહ્યું. 'ગર્ભાશય' ને તેણે 'નવજાત શિશુનું ઘર' 'બીજકોશો'ને તેણે 'ઈંડાંનો કોઠાર' તરીકે વર્ણવ્યા, ને 'યોનિ 'જન્મ માટેના માર્ગ'નું નામ આપ્યું.''

''મેં જ્યારે ગર્ભધારણ અને ગર્ભાશયમાં બાળકના વિકા વર્ણન કર્યું, ત્યારે એક વૃદ્ધજન ઊભા થયા. તેમના હાથમાં એક પરબીડિયું હતું. તેમણે જણાવ્યું કે, એક પ્રશ્ન તેમના હૃદયમાં અગ્નિ જેમ સળગે છે. 'જો હું તમને આ બંધ કવર આપું, અને તેમાં પત્ર હોય, તો કવર બંધ રાખીને તમે પત્રની વિગતો કહી શકશ તેમણે પૂછ્યું. મારે કબૂલ કરવું પડયું કે, હું તેમ કહી શકું નહિ 'તો પછી' તેમણે પૂછ્યું, 'તમે સ્ત્રીના દેહમાં અંદર કેવું છે, ઉદરમાં શું છે ? તે કેવી રીતે કહી શકો ?'''

''શું તમને એવું લાગ્યું કે, શ્રોતાજનોએ તમારામાં વિશ્ મૂકયો, તમે જે કહ્યું તે સ્વીકાર્યું ?''

''મોટે ભાગે તો હા. પણ જ્યારે મેં સ્તનપાનની વાત કરી ખરેખર મુશ્કેલી ઊભી થઈ. તેમને તો સોએ સો ટકા ખાતરી છે કે ધાવણા બાળકવાળી માતા તેના પતિ સાથે દેહસંબંધ રાખે, તો એનું બગડી જાય, બાળક બીમાર પડે, કદાચ મૃત્યુ પણ પામે. અને બાળક ત્યાં સુધી આ સ્ત્રીઓ ધવડાવતી હોવાથી, દેહસમાગમની

તો મના જ છે, કોઈ વાર તો બાળજન્મ પછી બે વર્ષ સુધી બંધી
ય છે.''

''હા, હું એ જાણું છું. હું આફ્રિકામાં જ્યાં જાઉં છું ત્યાં મને
માન્યતા જોવા મળે છે.''

''ખોટા જૈવિક ખ્યાલો કેટલી હદ સુધી નૈતિક પરિણામો નિપજાવી
છે, તેની મને કલ્પના પણ નહોતી. જો કોઈ યુગલ બાળજન્મ
ી બે વર્ષ સુધી શરીરસંબંધ ન બાંધે, તો એ બહુપતિપત્નીત્વ તરફ
ી જ જાય.''

''અથવા પતિ વેશ્યાગમન કરતો થઈ જાય અને કોઈ રોગનો
ગ બને. પછી પેલું વિષચક્ર આરંભાય.''

''મને લાગે છે કે, અહીં જ આપણાં મિશનો નિષ્ફળ નીવડયાં
નીતિવિષયક ઉપદેશો આપ્યા કરતાં આપણે યોગ્ય માહિતી પૂરી
ડવી જોઈતી હતી.''

''ઈન્ગ્રીડ,'' મેં મારા હાથ તેના ખભા પર મૂકી, તેની આંખોમાં
કીને કહ્યું, ''હું તારો કેટલો બધો આભારી છું ! તમે એક સારા
ડીદાર છો. આવતી કાલના પ્રવચનમાં પણ મદદ કરો એમ હું
ઈચ્છું.''

''તમે શું પુલપિટની વાત કરો છો? એ તો કદી નહિ બને !''

''તમે નીચે ઊભાં રહેશો તોય ચાલશે. પણ મારા પ્રવચનના
ક ભાગ તરીકે તમે મધર ગર્ડાની વાત કરશો તો ખૂબ અદ્ભુત
ન થશે.''

''હું જોઈશ. મેં પ્લેનમાં એક અતિ અદ્ભુત વાર્તા વાંચી છે,
ી તમારી સાથે ચર્ચા કરતાં મજા આવશે.''

''ઈન્ગ્રીડ, હમણાં નહિ; હજુ તો મેં ભાષણની જરાપણ તૈયારી
નથી.''

ઈન્ગ્રીડ જરાક ખચકાઈ, પણ તે પળભર જ. પછી તેણે કહ્યું,
અચ્છા, તમને સમય નથી તેનું મને દુઃખ છે. મારે પણ જવું જોઈએ.
ક યુવતી મારી સાથે વાત કરવા વાટ જુએ છે. તેનું નામ છે મીરિયમ.

તે કહે છે કે, તેના વિવાહ થઈ ગયા છે. મેં જ્યારે અંડપ
(ovulation)નાં ચિહ્નો સમજાવ્યાં તેમાં તેને ખૂબ રસ પડયો, અ
તે મને બીજા થોડા પ્રશ્નો પૂછવા માંગે છે. એ સારું છે કે એ પોતા
અંડાશય-ચક્રથી અત્યારથી પરિચિત થવા માંગે છે, કારણ કે, લ
પછી, ફળદ્રુપતાના અને ફળહીનતાના દિવસો કયા તે નક્કી ક
મુશ્કેલ બને છે.''

''તમે એ કરો છો તેનો મને આનંદ છે, ઈન્ગ્રીડ, કારણ
હું એ ન કરી શકું. તેથી તો સહકાર્યકર તરીકે મારે તમારી જ
પડે છે.''

''આપણે કાલે કેટલા વાગે ઊઠવાનું છે ?''

''મોડામાં મોડા સાત વાગ્યે. ચર્ચ-સર્વિસ નવ વાગ્યે શરૂ થ
છે, પણ તે પહેલાં મારો સંદેશો તમારી સાથે ચર્ચી લેવાની મને ઈ
છે. આપણે પેકિંગ પણ કરવાનું છે. ચર્ચ પછી હૉટેલમાં પાછા ફરવ
સમય નહિ રહે, એટલે ચર્ચમાંથી સીધા જ આપણે ઍરપોર્ટ પર પહો
જવું પડશે.''

મેં પત્નીને રાત્રિવિદાયનું ચુંબન કર્યું, અને તે તેના ખંડમાં ગ

# ૯

બીજી સવારે છ વાગે ઊઠી મેં મારી બંને સૂટકેસ તૈયાર કરી. સાત પહેલાં ઈન્ગ્રીડ જાગે છે કે કેમ તે જોવા તેના ખંડમાં ગયો. તે હજુ પથારીમાં જ હતી. તેના રૂમમાં પ્રવેશી હું તેની પથારી પાસે બેઠો. તેની આંખો બંધ હતી, પણ મેં જોયું કે તેના ગાલ આંસુથી ખરડાયેલા હતા.

''શું બરોબર ઊંઘ નહોતી આવી ?''

તેણે માથું ધુણાવ્યું, પણ કશું બોલી નહિ.

'' પણ ઈન્ગ્રીડ, શું બન્યું છે ? કાલે રાત્રે આપણે કેટલાં ખુશમિજાજમાં હતાં, તારી સાંજ પણ કેવી ઉમદા ગયેલી, અને પછી ચુંબન કરી આપણે છૂટાં પડયાં...''

'' ના...''

''હા, મેં રાત્રિવિદાયનું ચુંબન કર્યું જ હતું.''

''પણ હું એને સ્નેહચુંબન કહેતી નથી, માત્ર ઉતાવળ. મને તો હતું કે, એ પછી તમે મારા રૂમમાં આવશો.''

''ઈન્ગ્રીડ, મૂર્ખાઈ ન કર. હું જાણતો હતો કે તમે મીરિયમ સાથે ગોષ્ઠિ કરો છો, અને હું તમને ખલેલ પહોંચાડવા માંગતો નહોતો. ઉપરાંત, મારે ભાષણની તૈયારી કરવાની હતી.''

''એ જ તો વાત છે. તમારું ભાષણ બીજા બધા કરતાં વધુ મહત્ત્વનું છે.''

''પણ આજે મારે લગ્ન વિશે બોલવાનું છે.''

''તમારે શું કહેવાનું હશે તેનું મને આશ્ચર્ય થાય છે. તમે સ્ત્રીને સમજી શકતા નથી. લગ્ન શું છે એ જાણતા નથી. તમારી સાથે પરણવામાં

કેટલા વીસે સો થાય છે એ તમે જાણતા હોત તો... કેટલીક વાર તો મને લાગે છે કે, આ અઢાર વર્ષમાં આપણે કશી પ્રગતિ કરી નથી.''

હવે મૂંગા બનવાનો વારો મારો હતો.

ઈન્ગ્રીડે આગળ ચલાવ્યું : ''તમે કહ્યું કે, મારે તમને જે વાંચી સંભળાવવું હતું તે સાંભળવાનો તમને વખત નહોતો, ત્યારે મને લાગ્યું કે, તમે મને તમાચો માર્યો.''

તે થોભી. હું કશું બોલ્યો નહિ, એટલે તેણે ચાલુ રાખ્યું :''મને તમારા તરફથી આ સંદેશો મળ્યો :'મારું માથું ન પકવો !' આખી રાત મેં એ પ્રલોભનમાં પડવાની માથાકૂટ કરી કે, તમારા જીવનમાં બાકીનું બધું, બાકીની દરેક વ્યક્તિ મારા કરતાં વધુ અગત્યની છે. અને છતાં તમારી સાથે એકલા રહેવાની ઈચ્છાને હું જીતી શકી નહિ.''

''પણ ઈન્ગ્રીડ, સાંભળો. આપણે કેટલાં આભારી થવું જોઈએ તે ભૂલી ગયાં છીએ ! આ પળ સુધી અદ્‌ભુત રીતે આપણને દોરી લાવવામાં આવ્યાં છે. આજે સવારે લગ્ન વિશેનો આપણો સંદેશો સાંભળવા ચર્ચ ભરાઈ ગયું હશે. આપણે સાથે પ્રવાસ કરીએ છીએ, સાથે કામ કરીએ છીએ. આપણે લગ્નજીવનનો આરંભ કેવી રીતે કર્યો હતો તે યાદ છે ?''

''હા, આપણે બંને સાથે ઊભાં રહી ન શકીએ તેવા, સાંકડા, ત્રાંસી દીવાલવાળા કાતરિયામાં. હાથ ધોવાના સ્ટેન્ડ પરની વીજળીની પ્લેટ એ આપણું રસોડું હતું. કાલે રાત્રે મને તો થયું કે, આલિશાન હૉટેલના બે સુશોભિત, સુસજ્જ ખંડ કરતાં એ કાતરિયામાં આપણે સાથે હોત તો સારું થાત.''

''તમે ખરેખર આભારી નથી, ઋણી નથી.''

''ના, હું માત્ર સ્ત્રી છું, તે જ તો તમે સમજતા નથી. તમે જે ચાહો તે બધું લગ્ન વિશે બોલી શકો છો, લખી શકો છો, પણ કેટલીક વાર તો મને લાગે છે કે, તમે રમતના આરંભના કાયદા પણ જાણતા નથી. તમારે માટે, હું જોડીદાર, સહકાર્યકર, પ્રદર્શનમાં બતાવવાની વસ્તુ છું - પણ તમારી પત્ની નથી.''

હું તેની પથારી પરથી ઊભો થઈ ગયો, બારી પાસે ગયો, અને નીચે જોવા લાગ્યો.

ફર્યા વિના, ત્યાંથી જ મેં પૂછ્યું :''પણ, ઈન્ગ્રીડ, આખરે તો, આપણે પરિણીત છીએ, સાથે છીએ...''

''હા,'' તેણે વચમાં બોલતાં કહ્યું, ''આપણે સાથે છીએ, પણ હંમેશાં રસ્તામાં જ (unterwegs, en route) દોડધામમાં જ, ક્યારેય આરામ કે વિશ્રાંતિ નહિ, અને મોટે ભાગે ક્યારેય આપણા ઘરની સુરક્ષિતતામાં સાથે નહિ.''

''દરેક વસ્તુ સ્વાર્પણ માંગે છે,'' મેં કહ્યું.

''હું તો એટલું જ જાણું,'' ઈન્ગ્રીડે કહ્યું કે, ''જો તમારી સેવામાંથી કશાં ફળ ઉપજશે, તો એ આંસુ અને પ્રસવવેદના જેવા દુઃખનું પરિણામ હશે.''

''પણ તમે તો કડવાશથી આ કહો છો.''

''હું દિલગીર છું, પણ મારી લાગણીઓ બુઠ્ઠી, જડ બની ગઈ છે. આનંદ કરવાની મારામાં શક્તિ નથી.''

મેં બારીમાંથી બહાર જોવાનું ચાલુ રાખ્યું. મેં ચર્ચનો મિનારો શોધી કાઢ્યો. ઘંટ અત્યારે તો વાગતો જ હશે. થોડી જ વારમાં કોઈ અમને તેડવા આવશે. હવે મારે ભાષણ કરવું એ અશક્ય છે, મેં વિચાર્યું. મારી પાસે કોઈ સંદેશો નથી. હું જ્યારે સુખના શિખરે હોઉં છું ત્યારે તે એવું જ કરે છે; બધું જ જાણે કે તોડીફોડી નાંખે છે.

''હવે તમને લાગતું હશે કે, તમે કેથોલિક સાધુ હોત તો સારું,'' ઈન્ગ્રીડે કહ્યું.

હું ઝડપથી ગોળ ફર્યો, ''હા, હું ધારું છું,'' અવાજમાં તિરસ્કારને જરાપણ છુપાવવાના પ્રયત્ન વિના બોલી ઊઠયો.

''એકપત્નીત્વ એ ઉત્સાહસભર સાહસ હોઈ શકે,''' ઈન્ગ્રીડે પ્રત્યારોપ વાળતાં કહ્યું, અને મને ખબર હતી કે, તે જાણતી હતી કે, આવું કહેવાથી મને દુઃખ થશે.

"તું જાણે છે," મે કહ્યું, "જો તું એસ્તર હોત, તો તને શું સંભળાવવું તેની મને ખબર હોત. પણ તું મારી પત્ની છે, તેથી હું લાચાર છું."

"અને જો તમે ડેનિયલ હોત, તો શું કહેવું એની મને પણ ખબર હોત... પણ..." આગળ બોલવાને બદલે તેના મુખ પર સ્મિતની રેખા ફરકી રહી.

હું ફરી તેની પથારી ઉપર બેઠો. મિનિટો પસાર થતી રહી. મારો તંબૂ બાંધવા કોઈ નથી, મને થયું. આ તો વિજયસપ્તાહ હતું-મોરિસ, મીરિયમ, ડેનિયલ, ફાતમા. અને અહીં હું પરાજિતની જેમ બેઠો હતો. મારો તંબૂ ફરી બાંધવા કોણ મને સહાય કરશે.

અંતે ટેલિફોનની ઘંટડીએ આ શાંતિમાં ભંગ પાડયો.

"જે ભાઈ તમને રોજ લઈ જાય છે તે આવ્યા છે."

મોરિસ ટેલિફોન પર આવ્યા :"શું સામાન બાંધવામાં સહાય કરવા હું ઉપર આવું ?"

"મોરિસ, સાંભળો, અમે હજુ તૈયાર નથી. ઈન્ગ્રીડ હજુ પથારીમાં છે."

"શું તે બીમાર છે ?"

"ના, અને એક રીતે હા."

"વાત શી છે ?"

"અમારો તંબૂ તૂટી પડયો."

"તમે કહેવા માંગો છો કે..."

"હા, અમારે લગ્ન-કટોકટી સર્જાઈ છે."

"તમે તો મજાક કરો છો. શું લગ્ન-સલાહકારને પણ લગ્નની કટોકટી હોય ખરી ?"

"એ તો એના જેવું થયું : શું કોઈ ડૉકટર માંદા પડી શકે ?"

"હું શું કરી શકું ?"

"વાટ જુઓ. શું અમારે માટે કૉફી અને રોલ્સનો ઑર્ડર આપી મારી પત્નીના રૂમમાં મોકલાવશો? શક્ય એટલા જલદી હું તમને બોલાવીશ."

મેં ફોન મૂકી દીધો. મને ખાતરી હતી કે મોરિસ પ્રાર્થના કરશે. ઈશ્વરે આ પહેલાં પણ એક વાર મારે માટે તેની પ્રાર્થના સાંભળી હતી.

ઈન્ગ્રીડ હવે સ્વસ્થ બની હતી. હું તેના ઉપર ઝૂકયો અને મારા હાથમાં તેનું મસ્તક લીધું.

''હું મારી ધર્મસેવામાં તારો સાથ-સહકાર ઈચ્છું છું, પણ એ તો પરિસ્થિતિને સરળ બનાવવાને બદલે વધુ મુશ્કેલ બનાવે છે. જો મારે આજે એ વિષય પર બોલવાનું ન હોત :'પતિઓ, તમારી પત્નીઓ પર પ્રેમ રાખજો, જેમ ખ્રિસ્તે મંડળી પર રાખ્યો હતો તેમ !' ''

ઈન્ગ્રીડે હસવાનો પ્રયત્ન કર્યો. ''તમારો તંબૂ ભાંગી પડયો,' એવું કહેવાનો શો અર્થ છે ?''

''એક યુવતી મારાં વ્યાખ્યાનોમાં આવતી હતી, એનું નામ ફાતમા. એણે મારો ત્રિકોણ જોઈને કહેલું કે, એ તેને તંબૂનું સ્મરણ કરાવે છે.''

''તંબૂ!'' ઈન્ગ્રીડે વિચારપૂર્વક કહ્યું : ''કેટલો સુંદર વિચાર ! એ ચિત્ર દરેક સ્ત્રી સમજી શકે. તમારા તીક્ષ્ણ બાજુઓવાળા, ખૂણાવાળા ત્રિકોણ કરતાં મારો એની સાથે વધુ મેળ બેસે છે.''

''મને ખબર હતી કે, એ તને ગમશે.''

''યાદ છે, એકવાર આપણે કેમ્પમાં સાથે હતાં, માત્ર આપણે બે, અને રાત્રે તોફાન થયું અને આપણો તંબૂ તૂટી પડેલો !'

''હા, મને યાદ આવ્યું. તંબૂના થાંભલા વાંકા વળી ગયા. અને આપણે તો કેન્વાસ ઓઢીને સૂઈ જવું પડયું, અને ચારે બાજુએ તોફાન ઘૂઘવતું હતું.''

''બરોબર, તંબૂ તો તૂટી પડયો, પણ આપણે ઢંકાયેલાં હતાં, તંબૂ તૂટેલો હતો તોયે.''

''અને હવે ? શું આપણે અત્યારે પણ ઢંકાયેલા કે રક્ષિત નથી? શું હજુયે પરણેલાં નથી ?''

ઉત્તર દેવાને બદલે ઈન્ગ્રીડે કહ્યું : ''જુઓ, વૉલ્ટર, તમે આવું જ વર્તન ગઈ રાત્રે કરો એમ હું ઈચ્છતી હતી - મારા રૂમમાં આવીને, મને કામળો ઓઢાડવાની વાત.''

મેં રાહતનો દમ ખેંચ્યો, જો કે તે છતાંય મારા પર બોજો તો હતો જ : ''જુઓ, ઈન્ગ્રીડ, હું સરળતાથી અને આનંદથી તે કરી શક્યો હોત, પણ તમે જુઓ છો કે, આ જ વાત મને બિનસલામત અને ડરપોક બનાવે છે - તમે દરેક વસ્તુ એક સંકેત પર,હાવભાવ પર આધારિત કરી મૂકો છો - આપણું લગ્ન, આપણું કાર્ય, આપણો સંદેશો, આપણી ધર્મસેવા એ બધું જ.''

''એ મારે માટે નાનો સંકેત કે નાનું પગલું નથી. એ તો અર્થપૂર્ણ વસ્તુ છે. એનાથી તો મને તમારા પ્રેમમાં સુરક્ષિતતાનો અને સલામતીનો અનુભવ થયો હોત.''

સ્ત્રી-ચાકરે ઈન્ગ્રીડનો બ્રેકફાસ્ટ આણ્યો.

આ તમે વાત કરતા હતા તે મોરિસ કોણ છે ? અમે કૉફી પીતા હતા ત્યારે ઈન્ગ્રીડે પૂછ્યું.

''તે એક બાંધકામ ખાતાની કંપનીમાં કાર્યકર્તા છે. તે નથી કોઈ મનોવિજ્ઞાની કે નથી કોઈ ધર્મશાસ્ત્રનિપુણ. ઉપરાંત, હજુ તે અપરિણીત છે. શું હું તેને ઉપર બોલાવી આપણી વચ્ચે લવાદ બનવાનું કહું ? તે ખરેખર જ્ઞાની છે.''

''મને કશો વાંધો નથી,'' મારા આશ્ચર્ય વચ્ચે ઈન્ગ્રીડે જણાવ્યું.

અમારે બંને માટે એ ખરેખર આશ્ચર્યકારક પગલું હતું - છેક યુરોપથી આફ્રિકનોની લગ્ન-સમસ્યાઓમાં સહાયભૂત થવા અમે આવ્યાં હતાં, અને હવે એક આફ્રિકન પાસે મદદ શોધતા હતા ! પણ એ અમારે બંને માટે સારું હતું. બીજાને કેવી રીતે સહાય કરવી તે જાણવાનો, એક જ ન હોય તોયે બીજાની સહાય મેળવવી એ સર્વોત્તમ માર્ગ છે.

મોરિસ એકદમ ઉપર આવ્યા. એ રૂમમાં પ્રવેશ્યા ત્યારે અમારાં બંને સામે તેમણે જિજ્ઞાસાથી જોયું. એમણે કદાચ કશું જુદું જ દૃશ્ય કલ્પ્યું હશે!

કોઈ ગંભીર કટોકટી જેવું કશું દેખાતું નહોતું. ઈન્ગ્રીડ અને હું પલંગ પર બેઠાં હતાં, અને ઈન્ગ્રીડના હાથ મારા હાથમાં હતા.

એમણે ખુરસી લીધી, બેઠા, કશુંયે બોલ્યા નહિ. શું કહેવું એ તેમને સમજાતું નહોતું એ સ્પષ્ટ હતું.

''કાલે રાત્રે,'' મેં કહ્યું, ''જે ભૂલો ન કરવાની પતિઓને હું સલાહ આપું છું તે બધી જ ભૂલો મેં કરી. મેં માત્ર મારા કામ વિશે વાતો કરી. મેં મારી પત્નીને ચર્ચમાં સંદેશો આપવાનું અને આજને માટે તૈયારી કરવાનું સૂચવ્યું. અને તેને યોગ્ય રીતે રાત્રિ-વિદાયનું ચુંબન કરવાનું વીસરી ગયો.''

''અને તે મને ચાહે છે, એવું કશુંયે તે બોલ્યા પણ નહિ !''

''હા, એ સાચું છે. મેં એવું નહોતું કહ્યું કે, હું એને ચાહું છું, અને તેને કામળો પણ ઓઢાડયો નહોતો.''

''કાલે રાત્રે છેલ્લી માત્ર આ જ વાત તેમણે કહી,'' ઈન્ગ્રીડે કહ્યું કે, ''મારે સાત પહેલાં ઊઠી જવું, અને ચર્ચ-સર્વિસ પહેલાં સામાન બાંધી દેવો.''

ઈન્ગ્રીડ છેવટે હસી શકી : ''અને હું કશુંક વાંચી સંભળાવવા માંગતી હતી તે સાંભળવાનો તેમને સમય નહોતો.''

''તે સાચું કહે છે. એને બદલે, મેં પતિઓએ પત્નીઓ પર કેવો પ્રેમ કરવો જોઈએ તે અંગે ભાષણ તૈયાર કર્યું.''

''તમે જોઈ શકો છો,'' ઈન્ગ્રીડે સમજાવતાં જણાવ્યું :''મારા સિવાય, બીજાં બધાં માટે તેમની પાસે સમય હતો, એની મને ચીડ ચઢી. બીજાં બધાં સરળતાથી તેમને મળી શકે, અરે ! ટેલિફોન ઑપરેટર પણ !''

મોરિસ ગૂંચવાઈ ગયા. પછી તેમણે 'ઑપરેટર' શબ્દ પકડી લીધો, અને વધુમાં વધુ માયાળુપણે ઈન્ગ્રીડને કહ્યું :

''હું નીચે વાટ જોતો હતો ત્યારે ટેલિફોન ઑપરેટર સાથે મેં વાત કરી. તમારા પતિએ ગઈ કાલે તેમને કહેલું કે, લગ્નમાં ક્યારેક સાચી અને મુશ્કેલ સોદાબાજી કરવી પડે છે. હવે તમે વૉલ્ટર સાથે કેમ સોદો કરતાં

નથી? તમે કાલે રાત્રે જે વાંચી સંભળાવવા માંગતા હતા તે વાંચો, વૉલ્ટર સાંભળે, અને પછી તેમને શું કહેવું છે તે કહેવાનો તેમનો વારો આવે.''

વધુ ટીકાટિપ્પણ વિના ઈન્ગ્રીડે રાત્રિ-ટેબલ પર પડેલી નાનકડી પુસ્તિકા ઉઠાવી. એ સ્વિટ્ઝરલૅન્ડના કેથોલિક બ્રધરહૂડ [બંધુત્વ] તરફથી પ્રસિદ્ધ થઈ હતી, અને તેમાં કાર્લ ક્રોલોવ નામે જર્મન લેખકનો 'કોમળતા' (Tenderness) અંગે નિબંધ હતો. તેણે લીટી દોરેલી તે ફકરો તેણે વાંચ્યો :

''કોમળતા, એ હૃદયના અત્યંત હળવા પિયાના-સંગીતસમી છે, ઊંઘ દરમ્યાન નાડીના ધબકાર કરતાં મૃદુ છે. કોમળતા કદી નિદ્રાવશ થતી નથી. તે કાયમ સદા જાગૃત રહે છે, મધ્યાહ્નના પ્રકાશમાં સાવધ, અને મધ્યરાત્રિના શ્યામ જળમાં ડૂબકી-દાવ ખેલતી. તે અશાંત, ચંચળ અને સુંદર છે, અને આપણે આપણી આંતરિક લાગણીઓ વિશ્વાસથી અને આનંદથી તેને સોંપી શકીએ છીએ....''

મેં મારી પત્ની સામે જોયું અને મને તેના પ્રત્યે પ્રેમ થયો. તો આ વસ્તુમાં તે મને સહભાગી બનાવવા માંગતી હતી ! હવે હું તેને સમજી શકયો.

''હવે પોતાને જે કહેવું છે તે કહેવાનો વૉલ્ટરનો વારો છે,'' મોરિસ મધ્યસ્થ (Umpire) તરીકે સારી ફરજ બજાવતા હતા.

હું તૈયાર હતો :''હું ઈન્ગ્રીડ ચર્ચમાં મધર ગર્ડા વિશે સંદેશો આપે તેવું ઈચ્છું છું.''

ઈન્ગ્રીડે સંમતિ આપી. ''આપણો તંબૂ ફરી બાંધવાની શક્તિ મારામાં નથી,'' તેણે કહ્યું, ''પણ હું ઈશ્વરના તંબૂમાં ઘૂંટણિયાભર પ્રવેશી શકું છું, અને તે મને જરૂરી સુરક્ષિતતા આપશે.''

''નવ વાગ્યા છે,'' મોરિસે કહ્યું, ''ભક્તિસભા શરૂ થઈ હશે. આપણને ઈન્ગ્રીડ માટે વાટ જોવાનો વખત નથી. તમારો ભાષણ કરવાનો સમય થાય તે પહેલાં આપણે માંડમાંડ પહોંચી શકીશું.''

"મોરિસ, તમે મને પહેલાં ચર્ચમાં લઈ જાઓ, પછી પાછા આવીને ઈન્ગ્રીડને તથા સામાનને લઈ આવો, એવું ન બને ?તે આવે ત્યાં સુધી હું મારું પ્રવચન ચાલુ રાખીશ, અને પછી તેને બોલવાનું કહીશ."

અમે કારમાં બેઠાં હતાં ત્યારે મોરિસે કહ્યું કે, એમને એક પ્રશ્ન પૂછવો છે, પણ ચર્ચ-સર્વિસ છૂટયા પછી ઍરપોર્ટ તરફ જતાં તે પૂછશે.

અમે પ્રભુમંદિરમાં પ્રવેશ્યાં ત્યારે સભાજનો વ્યાખ્યાન પૂર્વેનું ગીત ગાતાં હતાં. બધી પાટલીઓ ભરેલી હતી, પણ પહેલાંનાં ભાષણો કરતાં વાતાવરણ તદ્દન ભિન્ન હતું. લોકો અક્કડ અને ટટ્ટાર બેઠા હતા, તેમના બધાના ચહેરા પર ગાંભીર્ય લીંપાયેલું હતું. આ તો આરાધના-સભા હતી. સભાજનો ઈશ્વરના સાન્નિધ્યમાં ઊભા રહેવા, તેના દ્વારા (એક વિશિષ્ટ રીતે) સંદેશો પ્રાપ્ત કરવા તૈયાર હતા.

અમારે તરત જ પુલપિટ પર જવું પડયું. પહેલી રાત્રિના કરતાં આ કેટલો જુદો અનુભવ હતો, મને થયું. જાણે અમે એક જ સંયુક્ત કુટુંબનાં હોઈએ તેવું લાગણીનું, નૈકટયનું બંધન મેં મારી અને સભાજનો વચ્ચે અનુભવ્યું. વાતાવરણમાં નિખાલસતા હતી, ગ્રહણક્ષમતા હતી, જાણે કે સેંકડો ખાલી હાથ, કશાકથી ભરાઇ જવા માટે, તૃપ્તિ માટે, ઊંચકાયેલા હતા.

હું જાણે કે ક્યારેય નહોતો એવો આજે નિર્બળ હતો. છતાં, મને લાગ્યું કે, મારી પાસે કશુંક છે - હું એક સંદેશાનો વાહક છું, અને એ જ સમયે, સંદેશો મને ઊર્ધ્વીકૃત કરે છે, ઊંચકે છે.

મેં એફેસીઓના પત્રના પાંચમા અધ્યાયની માત્ર ૨૫ થી ૩૨ કલમો વાંચવાનું નક્કી કર્યું, અને પાઊલનો સંદેશો વાંચ્યો :

"પતિઓ, જેમ ખ્રિસ્તે મંડળી પર પ્રેમ રાખ્યો, અને તેની ખાતર પોતાનું સ્વાર્પણ કર્યુ, તેમ તમે પોતાની પત્નીઓ પર પ્રેમ રાખો; એ સારુ કે વચન વડે જળસ્નાનથી શુધ્ધ કરીને, [ખ્રિસ્ત મંડળીને] પવિત્ર કરે, અને જેને ડાઘ, કરચલી કે એવું કંઈ ન હોય, પણ તે પવિત્ર તથા નિર્દોષ હોય, એવી મંડળી તરીકે પોતાની આગળ મહામાવંતી રજૂ કરે.

એ જ પ્રમાણે પતિઓએ જેમ પોતાનાં શરીરો પર તેમ પોતાની પત્નીઓ પર પ્રેમ રાખવો જોઈએ. જે પોતાની પત્ની પર પ્રેમ રાખે છે, તે પોતા પર પ્રેમ રાખે છે; કેમ કે કોઈ માણસ પોતાના દેહનો દ્વેષ કદી કરતો નથી; પણ તે તેનું પાલનપોષણ કરે છે, જેમ પ્રભુ પણ મંડળીનું [કરે છે] તેમ. કેમ કે આપણે તેના શરીરના અવયવો છીએ. એ માટે પુરુષ પોતાનાં માબાપને મૂકીને પોતાની સ્ત્રીની સાથે જોડાઈ રહેશે, અને તેઓ બન્ને એક દેહ થશે. આ મોટો મર્મ છે; પણ હું ખ્રિસ્ત તથા મંડળી સંબંધી કહું છું.''

ડેનિયલે પણ સ્થાનિક ભાષામાં આ શાસ્ત્રપાઠ વાંચ્યો, અને પછી મારા ભાષણના શબ્દેશબ્દનો, શાંતિથી અને કોઈપણ જાતના આયાસ વિના અનુવાદ કર્યો. ફરીથી એવું લાગ્યું કે, અમે બંને જાણે એક જ મુખેથી બોલી રહ્યા છીએ.

''છેલ્લા ચાર દિવસોથી આપણે લગ્નના ત્રિકોણનો અભ્યાસ કરીએ છીએ - છોડી દેવું, વળગી રહેવું, એક દેહ થવું. આ જે વચન મેં હમણાં જ વાંચ્યું તેમાં પ્રેષિત પાઊલ આ ત્રિકોણમાં એક નવું પરિમાણ ઉમેરે છે. તે કહે છે : 'આ એક મોટો મર્મ છે.' આ કથન તો જાણે એક વચગાળાનું વિધાન છે. તે અગાઉની કલમને અનુલક્ષે છે, અને પછી આવતી કલમ પ્રતિ આપણું લક્ષ તે જ સમયે ખેંચે છે.''

''પાઊલ કહે છે : જ્યારે માણસ પોતાનાં માતાપિતાને છોડે છે - આ એક મોટો મર્મ છે. જ્યારે માણસ પોતાની પત્નીને વળગી રહે છે - આ એક મોટો મર્મ છે. જ્યારે બંને એક દેહ બને છે - આ પણ એક મોટો મર્મ છે.

''ખરેખર તે મર્મ જ છે. આપણા બધાંને આ મર્મના ઊંડાણે-રહસ્યે સ્પર્શ્યા છે. ઈશ્વરના શબ્દના પરાક્રમે આપણને સ્પર્શ્યા છે. જે બાઈબલવચનનો આપણે અભ્યાસ કર્યો, તે તો આપણા મનમાં રહેલા ખડકોને ભાંગી ભુક્કો કરનાર હથોડા જેવું છે. પણ એણે આપણને નવી આશાથી સુસજ્જ કર્યા છે.''

ફાતમા, મીરિયમ અને એસ્તર સ્ત્રીઓની પાટલીઓ પર સાથે સાથે બેઠાં હતાં. હું એક પળ તેમના પ્રતિ દૃષ્ટિપાત કર્યા વિના રહી ન શકયો. તેમના ત્રણેના મુખ પર આનંદનો ચમકારો હતો : એસ્તરના મુખ પર નવું દર્શન અને નવું ઊંડાણ; મીરિયમના મુખ પર નવી ખાતરી અને નવો નિર્ણય; ફાતમાના મુખ ઉપર રૂઝનો, સાજાપણાનો સ્પર્શ.

''ખરેખર,'' મેં કહ્યું, ''આ એક મહાન મર્મ છે. પણ પછી પાઊલ કહે છે : 'હું તો એને ખ્રિસ્તને અને મંડળીને લાગુ પાડું છું.'

''પાઊલ કહે છે : માણસ પોતાનાં માતાપિતાને છોડી જશે - હું ખ્રિસ્ત વિશે કહું છું. માણસ પોતાની પત્નીને વળગી રહે છે - હું ખ્રિસ્ત વિશે કહું છું. બંને એક દેહ થાય છે - હું ખ્રિસ્ત વિશે કહું છું.''

મેં મારો લાકડાનો ત્રિકોણ ફરી ખુલ્લો કર્યો.

''બીજા શબ્દોમાં : આપણા ત્રિકોણનું ગહનમાં ગહન રહસ્ય છે : ઈસુ ખ્રિસ્ત. જ્યારે મેં તમને ત્રિકોણ આપ્યો - છોડવું, વળગવું, એક દેહ થવું - લગ્નના એક માર્ગદર્શક તરીકે, ત્યારે મેં તમને ઈસુ ખ્રિસ્ત વિના બીજો કોઇ, બીજું કશુંયે માર્ગદર્શક તરીકે આપ્યું નહિ.

''માણસ પોતાના પિતાને છોડે છે - હું ખ્રિસ્ત વિશે કહું છું.

''તેમણે આપણા પર પ્રેમ કર્યો, તેથી નાતાલ-સમયે પિતાને છોડયા. તે માનવી બન્યા. ઈશ્વર સાથેની સમાનતાને પકડી રાખી નહિ. પોતાને ખાલી કર્યા. પોતાને નમ્ર કર્યા. હા, ક્રૂસ પરના મૃત્યુ સુધી, અધીનતા ધારણ કરી.

''માણસ પોતાની માતાને છોડે છે - હું ખ્રિસ્ત વિશે કહું છું.

''કારણ કે તે આપણને ચાહે છે, ખ્રિસ્તે ગુડ ફ્રાયડેને દિવસે પોતાની માતાને છોડયાં. જ્યારે તે ક્રૂસ ઉપર લટકેલા હતા, ત્યારે પોતાની માતાને બીજા શિષ્યને સોંપ્યાં. તેમણે માતાને કહ્યું, 'બાઈ, જુઓ તમારો દીકરો' અને યોહાનને કહ્યું, 'જુઓ તમારી મા.'

''માણસ પોતાની પત્નીને વળગી રહેશે - હું ખ્રિસ્ત વિશે કહું છું.

''કારણ કે તે આપણને ચાહે છે, ખ્રિસ્ત આપણને વળગી રહે છે. પોતાની મંડળીને - પ્રિયતમાને વળગી રહે છે, **વિશ્વાસપૂર્વક**, અભિન્નતાથી.

''બાઈબલ ખ્રિસ્ત અને તેની મંડળી વચ્ચેના જોડાણને લગ્ન તરીકે કલ્પે છે. 'કારણ, હલવાનનું લગ્ન આવી પહોંચ્યું છે, અને તેની વધૂ તૈયાર થઈ ગઈ છે.' મેં પવિત્ર નગરીને જોઈ. તે પોતાના પતિ માટે શણગારીને તૈયાર કરેલ કન્યા પેઠે શોભતી હતી.' (પ્રકટી. ૧૯:૭; ૨૧:૨).

''તે પણ કટોકટી વિનાનું લગ્ન નથી. મંડળી પણ ક્યારેક મુશ્કેલ પત્ની બને છે. આપણે ખ્રિસ્ત પ્રત્યે અનુદાર, કૃતઘ્ન, આજ્ઞાભંગ કરનાર અને બિનવફાદાર બનીએ છીએ. આપણે તેને શરણે જવાનો નકાર કરીએ છીએ.

''લાઓદીકિયાની મંડળીને ઈસુને એક વાર આમ કહેવું પડયું હતું : 'પણ તું કોકરવરણો છે, નથી ઠંડો કે નથી ગરમ, એટલે હું તને મારા મોઢામાંથી થુંકી નાંખીશ.' (પ્રકટી. ૩:૧૬).

''સાચો પ્રેમ સખત શબ્દોના ઉપયોગથી-પ્રહારથી ભડકતો નથી, શરમાતો નથી.

''પરંતુ ખ્રિસ્ત પત્નીના જીવનમાંથી ક્યારેય ચાલ્યા જતા નથી, જો કે પત્ની તો વારે વારે તેને જ - ચાલ્યા જવાને - યોગ્ય હોય છે તે છતાં. તે બારણાથી દૂર કદાપિ જતા નથી. 'જો, હું આંગણે ઊભો રહી બારણું ખખડાવું છું, જો કોઈ મારો સાદ સાંભળીને બારણું ઉઘાડશે, તો હું તેના ઘરમાં આવીશ, અને તેની સાથે જમીશ અને તે મારી સાથે જમશે.' (પ્રકટી. ૩:૨૦)

''પતિઓ, તમારી પત્નીઓ પર પ્રેમ રાખો, ખ્રિસ્તે મંડળી પર રાખ્યો હતો તેમ.'

''તે તો હંમેશાં ક્ષમા આપવા તૈયાર છે. તેણે તેને પાવન કરી. તેણે તેને શુદ્ધ કરી. તેણે તેને જળસ્નાન કરાવ્યું. ગુલામ માલિકના પગ ધૂએ છે તેમ. તેણે તેને મહિમાવંતી - ગૌરવી બનાવી. ડાઘ વિનાની.

કરચલી વિનાની. કલંક વિનાની. ખ્રિસ્ત અને તેની મંડળી વચ્ચે કદીયે છૂટાછેડા સંભવી શકે જ નહિ. તેમણે તેને માટે પોતાની જાતને અર્પી દીધી. આ અધીન ન રહેનાર, મુશ્કેલ પત્ની માટે, પોતાની જાતને સમર્પિત કરી દીધી.

''પતિઓ, તમારી પત્નીઓ ઉપર પ્રેમ રાખજો, જેમ ખ્રિસ્તે મંડળી પર રાખ્યો હતો તેમ.'

''અને પાઊલ જ્યારે એમ કહે છે :'બંને એકરૂપ થશે,' ત્યારે તે ખ્રિસ્ત વિશે વિધાન કરે છે; તેથી, આપણે પણ કહી શકીએ : 'પત્નીઓ, તમારા પતિઓ ઉપર પ્રેમ રાખજો, જેમ ખ્રિસ્તે મંડળી ઉપર રાખ્યો હતો તેમ.' કારણ કે, જો તેઓ ખ્રિસ્તમાં એકરૂપ હોય, તો એક વિશે જે સાચું છે, તે બીજા વિશે પણ સાચું જ હોય.

''બંને એક દેહ થશે - હું ખ્રિસ્ત વિશે કહું છું.

''કારણ કે, તે આપણને ચાહે છે, તે આપણી સાથે એકરૂપ બને છે, મસ્તક અને શરીર એક જ છે તેમ.

''તે આપણી સાથે બધામાં સહભાગી બને છે.

''આપણું જે કંઈ છે તે તેમનું બને છે. આપણી ગરીબી તેમની ગરીબી બને છે. આપણો ભય તેમનો ભય બને છે. આપણી વેદના તેમની વેદના બને છે. આપણું કલંક તેમનું કલંક બને છે. આપણી શિક્ષા તેમની શિક્ષા બને છે. આપણું મૃત્યુ તેમનું મૃત્યુ બને છે.

''તેમનું જે કંઈ છે તે આપણું બને છે. તેમનો વૈભવ આપણો વૈભવ બને છે. તેમની શાંતિ આપણી શાંતિ બને છે. તેમનો આનંદ આપણો આનંદ બને છે. તેમની ક્ષમા આપણી ક્ષમા બને છે.તેમની નિર્દોષતા આપણી નિર્દોષતા બને છે. તેમનું જીવન આપણું જીવન બને છે.

''લગ્નનો ત્રિકોણ ઈસુ ખ્રિસ્તને દર્શાવે છે, તેણે આપણે માટે

શું કર્યું તે પ્રગટ કરે છે. મેં આખું સપ્તાહ લગ્ન અંગે આપની સાથે વાતો કરી છે, પણ ઊંડા અર્થમાં મેં આખું સપ્તાહ ખ્રિસ્ત વિશે વાતો કરી છે. અને પહેલું કરિંથી ૨:૨માં પાઊલ કહે છે તેમ હું તમને કહેવા ચાહું છુ :'ઈસુ ખ્રિસ્ત, અને તે વધસ્તંભે જડાયેલો, તે સિવાય હું તમારી સાથે રહીને બીજું કંઈ જ ન જાણું, એવો મેં નિશ્ચય કર્યો.'''

ડેનિયલની વાણી વધુ ને વધુ ઉષ્માસભર બનવા માંડી. મને લાગ્યું કે, અનૂદિત પ્રત્યેક શબ્દમાં જાણે તે પોતાનુ હૃદય રેડી દેતા હતા. જાણે કે હું જે કંઈ કહેવા માંગતો હોઉં તે તે અગાઉથી ધારી લેતા હતા, જાણે કે હું ઉચ્ચારું તે પહેલાં શબ્દો મારા મુખમાંથી ઉઠાવી લેતા હતા. સંપૂર્ણ હૃદયથી તેમની મંડળી આ સંદેશો ઝીલે, ગ્રહે એમ તે ઈચ્છતા હતા.

''લગ્ન અંગે મેં અને મારી પત્નીએ જે ઘણી ઘણી બાબતો તમને કહી તે તમે ભૂલી જશો તો ચાલશે,'' મેં જણાવ્યું, ''પણ એક વાત મહેરબાની કરી કદી પણ વિસરશો નહિ :

''એ જ કે, ખ્રિસ્તે પોતાના પિતાને ત્યાગ્યા, કારણ કે, તે તમને ચાહે છે, અંગત રીતે ચાહે છે.

''એ જ કે, ખ્રિસ્તે પોતાની માતાને છોડી દીધાં, કારણ કે તે તમને ચાહે છે, તમારામાંના પ્રત્યેક પર પ્રેમ રાખે છે.

''એ જ કે, ખ્રિસ્ત તમને વળગી રહેવા માંગે છે, કારણ કે તે તમારા પર પ્રેમ રાખે છે, તમે તેને વળગતા નથી - વફાદાર નથી એ જાણવા છતાં, તે તમને ચાહે છે.

''એ જ કે, ખ્રિસ્ત તમારી સાથે એક દેહ - એકરૂપ થવા માંગે છે, અત્યંત ગાઢ નૈકટયથી, અને અતિ અંગત રીતે, કારણ કે તે તમારા પર પ્રેમ રાખે છે, અનંત યુગો સુધી તમને ચાહે છે.''

શ્રોતાજનો સંપૂર્ણપણે મૌન બની ગયા હતા. અચાનક, કશુંક અણધારેલું બન્યું. આગળની પાટલી ઉપર બેઠેલા એક ભાઈ ઊભા થઈ ગયા, અને મોટેથી ગાવા લાગ્યા. હું કંઈ સમજી શકું તે પહેલાં આખો ભક્ત -સમુદાય ગાવામાં જોડાયો, અને હૃદયના ઊંડાણમાંથી તેઓ ગાવા લાગ્યા.

મેં ડેનિયલ સામે જોયું : ''શું તેઓ હું સમાપ્ત કરું એમ ઈચ્છે છે ?''

''ના,'' એમણે કાનમાં કહ્યું, ''આનો અર્થ તો એ કે, આ સંદેશાથી તેમને આનંદ થયો છે. તેમણે તેમનો ઉલ્લાસ વ્યક્ત કરવો જોઈએ. એની સાથે જ, તમને થોડો આરામ આપવો જોઈએ, જેથી નવા પરાક્રમથી તમે ચાલુ રાખી શકો.''

આવા વિચારશીલ ચર્ચસમૂહ સમક્ષ મેં અગાઉ કદાપિ ઉદ્‌બોધન કર્યું નહોતું !

''તેઓ શું ગાય છે ?'' મેં ડેનિયલને પૂછયું.

''તેઓ ઈશ્વરના નિર્વ્યાજ સ્નેહની સ્તુતિ કરે છે.''

તેઓએ પૂરું કર્યું તે પછી હૃદયમાં ફાતમાની વિશિષ્ટ જરૂરિયાત અંગે એક ખાસ પ્રાર્થના કરી મેં પુનઃ આરંભ કર્યો.

''તમારામાંની એક વ્યક્તિએ લગ્નત્રિકોણમાં તંબૂનું ચિત્ર જોયું છે. આ વસ્તુએ મને લગ્નનાં રહસ્યોમાં એક નવી, ઊંડી સૂઝ આપી છે.

''આ દુનિયા નાશ પામશે અને આપણી આંખોમાંથી પ્રત્યેક આંસુ લૂછી નાંખવામાં આવશે ત્યારે બાઈબલ આ રીતે આ નૂતન સર્જનનું વર્ણન કરે છે. પછી ઈશ્વર અને તેના લોકો એક તંબૂના રક્ષણ નીચે સલામત રીતે, ઘનિષ્ઠતામાં, નૈકટયમાં જીવતાં પતિ-પત્નીની જેમ સહજીવન ગાળશે. 'જુઓ, જુઓ, મનુષ્યો વચ્ચે ઈશ્વરનું નિવાસમંદિર (dwelling - મંડપ) ! હવે તે મનુષ્યો સાથે વાસો કરશે.' (પ્રકટી. ૨૧:૩) પણ આ સમય આવે તે પહેલાં, ખ્રિસ્ત તે આપણી મધ્યે ઈશ્વરનો તંબૂ છે, - ત્રણ થાંભલાવાળો તંબૂ : છોડી દેવાનો, વળગી રહેવાનો, એક દેહ થવાનો. તેથી આપણા તંબૂનો સંદેશો તો માત્ર પરિણીત યુગલો માટેનો સંદેશો નથી. ખ્રિસ્તમાં, જે બધાં અપરિણીત છે તે પણ એ જ રીતે ઈશ્વરના તંબૂમાં રક્ષિત છે; કારણ કે, ખ્રિસ્તે પોતાનાં માતાપિતાને તેમને માટે પણ છોડયાં છે; તે તેમની સાથે પણ વળગી રહે છે; તે તેમની સાથે પણ એકત્વ પામે છે.

''ખ્રિસ્તમાં અપરિણીતોનું જીવન પણ ચોક્કસ હેતુ, સિદ્ધિ કે પૂર્ણતા, સ્વાતંત્ર્ય અને આનંદ પ્રાપ્ત કરે છે. ખ્રિસ્તમાં તેઓ પોતાનું સ્થાન, પોતાનો તંબૂ પ્રાપ્ત કરે છે.

''ઈસુ ખ્રિસ્ત આ દુનિયામાં આવ્યા ત્યારથી, તેમનામાં જે કોઈ છે, તે તંબૂવિહીન નથી.''

આ જ પળે ચર્ચનું મુખ્ય પ્રવેશદ્વાર ઊઘડયું અને મોરિસ તથા ઈન્ગ્રીડ દાખલ થયાં. લોકોએ તેમને જોવા માટે મુખ ફેરવ્યું. મેં આ વિરામનો લાભ ઉઠાવ્યો અને કહ્યું :

''શું મારી પત્ની આપને એક વાર્તા કહે એ તમને ગમશે ?''

સભાજનો તરત જ સંમત થઈ ગયા.

''ઈન્ગ્રીડ, ઈશ્વરના તંબૂ નીચે સુરક્ષિત લગ્નના દૃષ્ટાંત તરીકે અમને મધર ગર્ડાની વાત કહો.''

ડેનિયલે ઈન્ગ્રીડ માટે અનુવાદ કરવા એસ્તર પ્રતિ નિશાની કરી. બંને સ્ત્રીઓ ચર્ચમાં ઉપાસકોને બેસવાની જગ્યાઓ વચ્ચેના માર્ગ પર આગળ આવી ઊભી રહી, જ્યારે ડેનિયલ અને હું પુલપિટ પર જ ઊભા રહ્યા.

મને તરત જ ખ્યાલ આવી ગયો કે, ઈન્ગ્રીડ અસ્સલ મિજાજમાં આવી ગઈ છે. નિદ્રાવિહીન રાત અને આંસુની કોઈ છાપ તેના મુખ પર નહોતી. તેની આંખોએ શ્રોતાઓ સાથે તરત જ અનુસંધાન તાક્યું અને મેળવ્યું. તેણી જાણે કે ખીણમાંથી હમણાં જ પસાર થઈ હતી, અને આ અનુભવે આ ક્ષણે તેને વિશિષ્ટ અધિકાર અર્પ્યો હતો.

''જે પાસ્ટરે મારું અને મારા પતિનું લગ્ન કરાવ્યું તેમને સાત બાળકો હતાં,'' તેણે આરંભ કર્યો. ''લગ્નનાં ત્રીસ વર્ષ પછી એ પાળકનાં પત્ની ગંભીર બીમારીનો ભોગ બન્યાં. એમને મગજમાં ગાંઠો નીકળી. આનો અર્થ તો એવો થયો કે, ઘણી વાર તેઓ સ્પષ્ટ રીતે વિચારી શકતાં નહિ. કોઈક વિચિત્ર ઈચ્છા તેમને ઘરમાંથી નાસી છૂટવાની ફરજ પાડતી. તેથી તેમના પતિને દિવસ અને રાત સતત, ચોવીસે કલાક તેમનું ધ્યાન રાખવું પડતું.

‘‘તેમની બીમારી વધતી ગઈ તેમ તેમ તેમને બોલવામાં અને ચાલવામાં ભારે મુશ્કેલી પડવા લાગી. એમના પતિને દરેક કાર્યમાં પત્નીને મદદ કરવી પડતી. એમને ખવડાવવું પડતું, નવડાવવું પડતું અને વસ્ત્રો પણ પહેરાવવાં પડતાં.

‘‘આ બધું પંદર વર્ષ ચાલ્યું.’’

શ્રોતાજનોનાં મુખ પર આશ્ચર્ય અને કરુણાના ભાવો દેખાઈ રહ્યા. ઈન્ગ્રીડે આગળ ચાલતાં કહ્યું :

‘‘જ્યારે જ્યારે એમના મિત્રો એમનાં પત્નીને કોઈ વૃદ્ધાશ્રમ કે ઘરડાંનું ઘર કે અસાધ્ય દર્દીઓ માટેની હૉસ્પિટલમાં મૂકી આવવાનું કહેતા, ત્યારે ધર્મસેવક હંમેશાં નકાર કરતા. ‘તે મારાં પત્ની અને મારાં સાત બાળકોની જનેતા છે,’ તે કહેતા, ‘હું તેમને કોઈ ઘરડાનું ઘર કે હૉસ્પિટલમાં છોડી મૂકી આવું નહિ.’

‘‘એમના મૃત્યુના થોડા જ સમય અગાઉ, હું તેમને મળી. એ દિવસે તે થોડીક વાત કરી શક્યાં. અને તેમણે મને આ વાત કહી :‘ઈન્ગ્રીડ, તમે અને વૉલ્ટર જ્યાં અને જ્યારે લગ્ન વિશે વાત કરો, ત્યારે લોકોને મારા વતી આટલું જરૂર કહેજો કે, મારા પતિ હું નવવધૂ બની ત્યારે મારા પર જેટલો પ્રેમ રાખતા તેટલો આજે પણ રાખે જ છે.’’’

આ છેલ્લા શબ્દોથી આખા ચર્ચમાં ઊંડું મૌન વ્યાપી રહ્યું. ઈન્ગ્રીડ અને એસ્તર પહેલી પાટલી પર બેઠાં. થોડીક ક્ષણો પછી મેં પુલપિટમાંથી શરૂ કર્યું :

‘‘આ જ એ સ્નેહ છે, જે ખ્રિસ્તના મંડળી પ્રત્યેના સ્નેહનું પ્રતિબિંબ પાડે છે.’’

‘‘એ તો દર્પણમાં નિહાળવા જેવું છે. આપણે ખ્રિસ્તના સ્નેહ પ્રત્યે દૃષ્ટિ ફેંકીએ છીએ ત્યારે ઈશ્વર પતિ-પત્ની કેવી રીતે સહજીવન ગાળે તેવું ચાહે તેનું તાદૃશ ચિત્ર સાંપડે છે. જ્યારે પતિ અને પત્ની ઈશ્વરની

યોજના પ્રમાણે સહજીવન ગાળે છે, ત્યારે તેમનું લગ્નજીવન જાણે કે દર્પણ બની જાય છે. જેમાં ખ્રિસ્તનો પ્રેમ પ્રતિબિંબિત થાય છે.

''માર્ટિન લ્યૂથરે કહ્યું છે :'લગ્ન આપણને વિશ્વાસ કરવાની ફરજ પાડે છે.' આમીન.''

હું પુલપિટ પરથી ઊતર્યો અને મારાં પત્ની પાસે બેઠો. ડેનિયલે પ્રભુની પ્રાર્થના કરાવી. એક ભજન ગવડાવી, આશીર્વાદ માંગ્યો.

અમે ચર્ચમાંથી નીકળ્યાં ત્યારે માત્ર ભાવિકો સાથે હસ્તધૂનન કરવાનો સમય બચ્યો હતો.

મોરિસે પોતાની કારમાં અમને ઍરપોર્ટ પર લઈ જવાની તૈયારી બતાવી. પણ ડેનિયલે તેમની અને એસ્તરની સાથે અમે એકલાં બેસીએ તેવો આગ્રહ કર્યો. આથી અમને થોડીક હૈયાગોષ્ઠિ માટે થોડોક સમય મળે. એવું નક્કી થયું કે, મોરિસ, મીરિયમ, તિમોથી અને ફાતમાને પણ લઈ આવે. મારા આશ્ચર્ય વચ્ચે ડેનિયલનો ત્રણ વર્ષનો બાળપુત્ર, જે મંદિરમાં તેની માતા સાથે બેઠો હતો, તેણે ફાતમા સાથે જ બેસવાની ઈચ્છા બતાવી. તે બંને જુદાં ન પાડી શકાય તેવાં મિત્રો બની ગયાં હતાં.

હું હજુ તો ઈન્ગ્રીડ સાથે પાછળની સીટ પર બેસતો હતો ત્યાં ફાતમાએ બારી ખખડાવી, મને એક જાડું, સીલબંધ કવર આપ્યું.

''આપણે છૂટાં પડીએ તે પહેલાં વાંચી લેજો,'' તેણે કહ્યું, અને પછી મોરિસની કાર પ્રતિ વળી ગઇ.

એમાં અમને બંનેને સંબોધન હતું, એટલે મેં ઇન્ડગ્રીડને પ્રથમ વાંચવા માટે પત્ર આપ્યો."

''મેં ગુમાવ્યું તે ભાષણ કેવું રહ્યું ?'' ઈન્ગ્રીડે કવર ઊઘાડતાં ડેનિયલને પૂછ્યું. દેખીતી રીતે જ કવરમાં કાંઈ બહુ મહત્ત્વની વાત હશે એવું તેને લાગ્યું નહોતું.

''મારે માટે તો,'' ડેનિયલે કહ્યું, ''ભાષણનો અર્થ એવો કે, જે લગ્નસલાહસેવા આત્મિક પરિમાણને દૂર રાખે છે, હઠાવી દે છે,

તે અપૂરતી છે ! કારણ કે , તે લગ્નની સાચી પ્રકૃતિને સમજી શકતી નથી.'' પછી તેમણે ઉમેર્યું : ''તમે વધુ રોકાઈ શક્યાં હોત તો સારું.''

''મને પણ દુઃખ છે, ડેનિયલ,'' મેં કહ્યું, ''અમને પણ વધુ રોકાવાનું ગમત. પણ પછીના સ્થળે અમારે દસ દિવસ સાથે પ્રવચનો આપવાનાં છે, અને એમાંનું પહેલુ આજે સાંજે છે. લગભગ પચાસ ચાવીરૂપ કે મહત્ત્વનાં યુગલો તેમાં ભાગ લેવાનાં છે, અને અમારે સવારે તથા સાંજે વર્ગો ચલાવવાના છે. તમારો ભાવભીનો પત્ર મળ્યો તે પછી અમારે આ ચાર દિવસો તો જાણે કે સંકોચાઈને ભીડમાંથી સારવી લેવા પડયા. બાળકોને કારણે અમે વહેલાં પણ ન આવી શક્યાં હોત. કૌટુંબિક જીવનની અમારી સેવાને કારણે બાળકોને સહન કરવું પડે કે વેઠવું પડે, તે તો સાચે જ વિરોધાભાસ જેવું બની જાય.''

''અમે સમજીએ છીએ,'' એસ્તરે કહ્યું, ''તમને બંનેને આવવા દેવા માટે તમારાં બાળકોનો અમારા વતી આભાર માનજો.''

''અમે અચૂક તેમ કરીશું,'' મેં ઉત્તર વાળ્યો. ત્યાં જ મને સમજાયું કે, ઈન્ગ્રીડ અમારી વાતમાં રસ લેતી નહોતી. મેં તેના મુખ પ્રતિ જોયું કે જે તે વાંચતી હતી તેની ઊંડી અસર તેના મુખ પર સ્પષ્ટ વરતાતી હતી. ધીમેથી, તેણે મને પ્રથમ પૃષ્ઠ વાંચવા આપ્યું. ત્યારથી માંડી અમે ઍરપોર્ટ પહોંચ્યાં ત્યાં સુધી એકે વધુ શબ્દ બોલી શક્યાં નહિ. ફાતમાએ પોતાનું પૂર્વજીવન અમારી સમક્ષ અને દેવની સમક્ષ ઉઘાડું કર્યું હતું.

પત્રનો આરંભ આવો હતો : ''છેલ્લા થોડા દિવસો દરમ્યાન પહેલી જ વાર મેં દેવની આંખોના પ્રકાશમાં મારા જીવનને નિહાળ્યું છે. હું જોઈ શકી છું કે, મેં જે કંઈ કર્યું તે ભૂંડું હતું, સંપૂર્ણપણે ભૂંડાઈ ભરેલું હતું. હું ઈશ્વરને વીસરી ગઈ હતી. હું મારે માર્ગે જ ચાલતી હતી. મારા જીવનમાં સૌથી મહત્ત્વની વાત તે ઈશ્વર નહિ, પણ મારી પોતાની જાત હતી. તેથી તો, મારું જીવન એક ગરબડ-ગોટાળો, ગંદવાડ બની ગયું છે.''

એના જીવનનું વિગતપૂર્ણ વર્ણન પછી અપાયું હતું. મેં ધાર્યું હતું તેવું જ હતું. તે હંમેશાં કોઈ 'ઘર' - આશ્રયસ્થાનની શોધમાં હતી, જે એને કદીયે મળ્યું નહોતું. જ્યારે તેના પિતાએ લગ્ન માટે પ્રથમ માંગણી કરનાર સાથે તેને પરણાવવાનો ઈન્કાર કર્યો, ત્યારે તે પોતાના ગ્રામગૃહેથી પલાયન થઈ ગઈ. તેના પિતાએ તે ઘેર પાછી ફરે તે માટે ઘણા પ્રયત્નો કર્યા, પણ તેણે દુર્દાન્ત રીતે નકાર્યા. આ માણસ સાથેનો તેનો કાયદેસરનો સામાજિક સંબંધ સ્પષ્ટ નહોતો. તેણે આમ લખ્યું હતું :''ઈશ્વર વગર મેં મારી જાતે તેની સાથે લગ્નસંબંધ બાંધી દીધો.'' તે પુરુષ સાથે થોડા મહિના ગાળ્યા પછી તેને ખબર પડી કે, પેલાને તો બીજી સ્ત્રીથી બાળક હતું. દરમ્યાનમાં, તે ગર્ભવતી બની, અને પેલા પુરુષને છોડી દેવાની તેનામાં હિંમત ન રહી.

બીજો ફકરો તે લગ્ન કેવું નર્કાગારસમું બની શકે તેના જીવંત ઉદાહરણસમો હતો. કશુંજ છુપાવવામાં આવ્યું નહોતું - અવિશ્વાસ, ઝઘડાઓ, ઢોરમાર, બિનવફાદારી. ''મેં ચરસ પીવાનું, મેરીજુઆના પીવાનું, શરાબ ઢીંચવાનું શરૂ કર્યું, અને ડાકણો તથા ભવિષ્યવેત્તાઓને મળવા માંડયું.''

છેવટે તેણે તે માણસનો ત્યાગ કર્યો, પણ પેલા પુરુષે તેના દીકરાને રાખી લીધો. તે 'સ્થળ'ની શોધમાં એક શહેરમાંથી બીજે શહેર, એક ગામથી બીજે ગામ ભટકતી રહી, છેવટે તે આ શહેરમાં આવી. જોને તેને આશ્રય આપ્યો તે પહેલાં કેટલા પુરુષો સાથે તે રહી તે પણ તેને યાદ નથી.

પત્રનો અંત આવો હતો : ''હું આ પુરુષોનો વાંક કાઢતી નથી. બધો જ દોષનો ટોપલો હું મારે માથે લઈ લઉં છું. જાણીબૂજીને, મેં ઈશ્વરની બધી આજ્ઞાઓને ઉલ્લંઘી છે. મેં મારાં માબાપનો અનાદર કરી, તેમને છેતર્યાં છે. હું વ્યાભિચારિણી છું અને ખૂની છું. મેં મારા બાળકની હત્યા કરી છે, અને હું પોતે આત્મહત્યા કરવા માંગુ છું. હું જાણું છું કે, હું ઈશ્વરની શિક્ષા માટે - દંડાજ્ઞા માટે લાયક છું.

''પણ હું ઈશ્વર પાસે ક્ષમા યાચું છું. મારી પોતાની શક્તિથી હું પોતાને મુક્ત કરી શકું તેમ નથી. પણ હું વિશ્વાસ કરું છું કે, ખ્રિસ્ત મારે માટે મૃત્યુ પામ્યા, જેથી હું તેને માટે જિંદગી જીવી શકું. હું એક નવો આરંભ કરવા માંગું છું.

''મહેરબાની કરી મારો તંબૂ બાંધવામાં મને સહાય કરો.''

અમે ફાતમાનો પત્ર વાંચી રહ્યાં ત્યાં તો ઍરપોર્ટ આવી પહોંચ્યું. મોરિસ અમારી પહેલાં આવી પહોંચ્યા હતા. મીરિયમ ડયુટી પર હોવાથી ટર્મિનલ બિલ્ડિંગમાં પહોંચી ગઈ હતી. ફાતમા મોરિસ અને તિમોથી વચ્ચે ઊભી હતી, અમને જોયાં ત્યારે તેણે શરમમાં અને મૂંઝવણમાં પોતાનું મોં ફેરવી દીધું.

ડેનિયલે મોરિસની કાર પાસે પોતાની મોટર થોભાવી. ઈન્ગ્રીડ બહાર નીકળી અને ફાતમાને બહેનની જેમ, વહાલથી આલિંગન આપ્યું. પછી તો ફાતમા ભાંગી પડી, અને પોતાનું માથું ઈન્ગ્રીડના ખભા પર ઢાળી, મન મૂકીને, પોક મૂકીને રડી પડી.

''આપણી પાસે કેટલો સમય છે ?'' મેં ડેનિયલને પૂછ્યું.

''અગિયાર વાગી ગયા છે. અડધા કલાકમાં તમારા વિમાનના ઉડ્ડયનની માહિતી તેઓ આપશે.''

''બરોબર, આપણું સમૂહકાર્ય ચાલુ રાખીએ, ડેનિયલ, અમારા આ છેલ્લા કલાકમાં પણ. આ અમારી ટિકિટો છે. તિમોથી અને મોરિસ અમારી મોટી સૂટકેસો તપાસી લે, અને તમે તથા એસ્તર અમારો હાથનો સામાન લઈ લો, અને પ્રવેશદ્વારે અમને આપજો.''

બીજાં અમારા સામાન સાથે કાઉન્ટર પ્રતિ ગયાં, ત્યારે મેં અને ઈન્ગ્રીડે અમારી વચ્ચે ફાતમાને રાખી વિશ્રાંતિગૃહ પ્રતિ પ્રયાણ કર્યું. જો કે તે લોકોથી ભરચક અને ભારે ઘોંઘાટિયું હતું. અમને એક સાથે ત્રણ આરામખુરસીઓ મળી આવી.

''પાસ્ટર, શું આપને આઘાત લાગ્યો છે ?'' ફાતમાએ પૂછ્યું.

"ના, હું તો ખૂબ ખુશ છું, સુખી છું."

"ખુશ છો ?"

"હા, કારણ કે એક પાપી પસ્તાવો કરે ત્યારે સ્વર્ગમાં મહાન આનંદ થાય છે."

અમે તેને ન તો વખોડી કાઢી, ન તો ઠપકો આપ્યો, તેથી ફાતમાને રાહતની લાગણી થઈ છે એ દેખાયું. "શું તમે માનો છો કે મને માફી મળી શકે ?" તેણે પૂછયું.

"હા," મેં ઉત્તર આપ્યો. "પણ પહેલાં તમારે એ સમજી લેવું જોઈએ કે પત્ર તમે અમને નહિ, પણ ઈશ્વરને લખ્યો છે. અમે તો માત્ર સાક્ષીઓ છીએ."

"હા, હું એ સમજું છું."

"શું તમે અમે આપેલ માફીને દેવની માફી તરીકે સ્વીકારવા તૈયાર છો ?"

"હા જી, હું તૈયાર છું."

"તો તમારા પત્રનો છેલ્લો પરિચ્છેદ ફરી વાંચો." મેં તેને પત્ર આપ્યો, અને તેણે પોતાના ખોળામાં તે પત્રને ઉઘાડયો.

"હું છેલ્લાં પરિચ્છેદથી થોડુંક અગાઉનું વાંચવા માંગું છું," તેણે કહ્યું.

તેણે અર્ધ-ખુલ્લા અવાજે, દરેક શબ્દને સ્પષ્ટ રીતે ઉચ્ચારીને વાંચ્યું :"...મેં ઈશ્વરની બધી આજ્ઞાઓને ઉલ્લંઘી છે. મેં મારાં માબાપનો અનાદર કરી, તેમને છેતર્યાં છે. હું વ્યભિચારિણી છું, અને ખૂની છું. મેં મારા બાળકની હત્યા કરી છે..."

તેનો અવાજ રૂંધાઈ ગયો. તેણે ડૂસકાં ખાઈને રડવા માંડયું, અને તેનું આખું શરીર ધ્રૂજી ઊઠયું. "તમે સમજો છો કે મેં એક જીવનની હત્યા કરી છે ?" તેણે રડતાં રડતાં કહ્યું. "ગર્ભપાત એ ખૂન છે. બીજા ભલે ગમે તે કહે. હું એને ફરીથી કેવી રીતે બરાબર કરી શકું ?"

ઈન્ગ્રીડે તેનો ડાબો હાથ ફાતમાને ખભે વીંટાળ્યો અને કહ્યું: ''ફાતમા, એવી વસ્તુઓ પણ હોય છે જેને આપણે ફરીથી બરાબર કરી શકતાં નથી, સાચી જગ્યાએ પાછી મૂકી શકતાં નથી. આપણે માત્ર તેમને ક્રૂસની નીચે મૂકી શકીએ છીએ.''

એનાથી ફાતમા શાંત પડી અને તેણે વાંચવાનો પુનઃ આરંભ કર્યો : ''હું ... આત્મહત્યા કરવા માંગતી હતી. હું જાણું છું કે, હું ઈશ્વરના કોપને પાત્ર છું. પણ હું ઈશ્વરની ક્ષમા માંગું છું. મારી પોતાની શક્તિથી હું પોતાને મુક્ત કરી શકતી નથી. પણ હું વિશ્વાસ કરું છું કે, ખ્રિસ્ત મારે માટે મૃત્યુ પામ્યા, જેથી હું તેમને માટે જિંદગી જીવી શકું. હું એક નવો આરંભ કરવા માંગું છું. મહેરબાની કરી મારો તંબૂ બાંધવામાં મને મદદ કરો.''

ફાતમાએ પત્ર ફરી પરબીડિયામાં મૂક્યો. પરબીડિયું ખોળામાં મૂક્યું, અને પોતાના બંધ હાથમાં તેને રાખ્યું. તેણે આંખો બંધ કરી, અને મસ્તક થોડું નીચે નમાવ્યું. હું સમજ્યો કે તે પ્રાર્થના કરે છે.

આ એક અણધારી પરિસ્થિતિ હતી. લોકો દોડાદોડી કરતા હતા. શું ધારવું તે ન સમજતા કેટલાક અમને તાકીને જોતા હતા. લાઉડસ્પીકરોમાંથી આવતાં અને જતાં વિમાનોની ઉદ્ઘોષણા ચાલુ જ હતી.

પણ અમે અમારી આસપાસનાં બધાંને વીસરી ગયાં. અમે ઈશ્વરની સમક્ષતામાં હતાં. તે માત્ર પ્રભુમંદિરોમાં નથી, તે ઍરપોર્ટો પર પણ છે જ.

મેં ફાતમાના જોડેલા હાથ ઉપર મારો ડાબો હાથ મૂક્યો, અને ઈન્ગ્રીડે તેના ઉપર પોતાનો જમણો હાથ મૂક્યો, અને પોતાના ડાબા હાથને રક્ષણાર્થે ફાતમાની આસપાસ વીંટાળેલો રહેવા દીધો.

મેં કહ્યું :''પ્રભુ, તમે મારાં પાપોની ક્ષમા આપી છે તેથી હું તમારો આભાર માનું છું. તેથી જ તો મને જે મળ્યું છે તે હું બીજાંઓને આપી શકું છું.''

પછી મેં મારો જમણો હાથ ફાતમાના મસ્તક પર મૂક્યો અને કહ્યું :

"ઈશ્વર આમ કહે છે : ફાતમા, બીશ નાહે. ફાતમા, મેં તારું તારણ કર્યું છે, ઉદ્ધાર કર્યો છે. ફાતમા, મેં તને નામ દઈને બોલાવી છે. ફાતમા, તું મારી છે. જો તારાં પાપ લાલ વસ્ત્રના જેવાં હશે, તોપણ તેઓ હિમ સરખાં શ્વેત થશે; તારાં પાપ કિરમજ જેવાં રાતાં હશે, તોપણ તેઓ ઊન સરખાં થશે. ફાતમા, હિંમત રાખ, તારાં પાપ તને માફ થયાં છે. જા, હવેથી પાપ કરીશ નહિ. જે કોઈ પાપ આચરે છે તે પાપનો ગુલામ છે. ગુલામ ઘરમાં કાયમ રહેતો નથી, પણ પુત્ર રહે છે. એટલે જો પુત્ર તમને મુક્ત કરે, તો તમે ખરેખર મુક્ત થશો." (યશા. ૪૩:૧, ૧:૧૮; માથ્થી ૯ : ૨; યોહાન ૮ : ૧૧, ૩૪, ૩૬).

ઈન્ગ્રીડે ઉમેર્યું : "હું તને યર્મિયા ૩ : ૧૪ અંગત રૂપમાં આપવા માંગું છું. ફાતમા : મારો ત્યાગ કરનાર, પાછી ફર; ઈશ્વર કહે છે, કારણ કે હું તારો ધણી છું."

જરાયે હલનચલન કર્યા વિના, ફાતમા બંધ આંખે બેસી રહી. તેનું શરીર હજીયે થોડું થોડું ધ્રૂજતું હતું. પછી તેણે કહ્યું :

"હું ઈશ્વરના તંબૂમાં છું, એ સાચું છે ને ?"

"હા, આ જ તમારું સ્થળ છે, ઘર છે. ઈન્ગ્રીડે કહ્યું તેમ, ઈશ્વર તમારો ધણી છે."

"હું આજે રાત્રે જોનને ત્યાંથી મારી વસ્તુઓ પાછી લઈ આવીશ," તેણે કહ્યું.

"એસ્તરને સાથે લઈ જજો."

"હું જરૂર લઈ જઈશ. હું એસ્તર સાથે પછીનાં થોડાં સપ્તાહ ગાળીશ. 'સ્થળ' વિશે તમે તેમને જે કહેલું તે તેમણે મને જણાવ્યું છે. ડેનિયલ મારે માટે કોઈ જગ્યા શોધી કાઢશે."

અમારા વિમાની ઉડ્ડયનની હવે જાહેરાત થતી હતી.

"બે બીજી વાત, ફાતમા," મેં કહ્યું. "પ્રથમ, તમે મુક્ત છો, સંપૂર્ણપણે મુક્ત છો. ભૂતકાળ ઈશ્વરના સ્મરણમાંથી ભૂંસી નાંખવામાં

આવ્યો છે. જો તમે જેની માફી મળી ગઈ છે તે પાપનો બોજો માથે ઉઠાવીને ફર્યા કરશો, તો તમે એક નવું પાપ કરશો.''

''હું સમજું છું.''

''બીજું, ઈશ્વરની કૃપા અંધારા ખંડમાં પડતા, પથરાતા અને વિકસતા પ્રકાશ જેવી છે. પણ આ પ્રક્રિયા ચાલ્યા જ કરે છે. જે આ તમે જે જોઈ શક્યાં નથી તે તમારા જીવનના બીજા અંધારા ખૂણા તમે પછીના દિવસોમાં શોધી કાઢી શકો. જો શોધો તો હતાશ થશો નહિ, આશા મૂકી દેશો નહિ. એનો સાદો અર્થ તો એટલો જ કે, તમારા જીવન પર ઈશ્વરનો પ્રકાશ ફેંકાઈ રહ્યો છે.''

''તમારો આભાર.''

ડેનિયલ દોડતા આવ્યા : ''હવે તમારે હમણાં જ નીકળવું જોઈએ. આ તમારા વિમાનમાં ચઢવાનાં કાર્ડ્ઝ. લોકો તો ક્યારનાયે વિમાનમાં બેસી રહ્યા છે, અને તમે તો હજુ પાસપોર્ટ કન્ટ્રોલમાંથી પણ પસાર થયાં નથી.''

''પણ તેમણે તો અમારા ઉડ્ડયનની હમણાં જ જાહેરાત કરી.''

''એ તો બીજી વારની જાહેરાત હતી. તમે પહેલી ઉદ્‌ઘોષણા સાંભળી નહિ હોય.''

અમે ઊભાં થયાં, અને શક્ય તેટલી ઝડપે ડેનિયલને અનુસર્યા. ફાતમા ઈન્ગ્રીડ પાસે ઊભી રહી, અને મેં ઑફિસરને અમારા પાસપોર્ટ સ્ટૅમ્પ મારવા આપ્યા.

''ફાતમા, હવે તમને કેમ લાગે છે ?'' ઈન્ગ્રીડે પૂછ્યું.

તેણે એક ક્ષણભર વિચાર્યું અને કહ્યું, ''વિચિત્ર, હું એકલી છું અને છતાં મને એકલવાયાપણું લાગતું નથી.''

''એ જ તો વાત છે. જે લોકો એકલા જીવી શકે તેમણે જ પરણવું જોઈએ એમ હું માનું છું. ઈશ્વર તમને પોતાની જાતને પુરવાર કરવાની તક આપવા માંગે છે.''

મેં ઈન્ગ્રીડને તેનો પાસપોર્ટ આપ્યો, અને દરવાજા તરફ દોડયાં, જ્યાં મીરિયમ વિમાનમાં ચઢવાનાં કાર્ડ્ઝ તપાસતી હતી.

એસ્તર અને ડેનિયલે અમને અમારો હાથમાં રાખવાનો સામાન સોંપ્યો. હવે અમારા હાથ છૂટા નંહોતા, તેથી અમારા મિત્રો અમને ભેટયા.

''ઈશ્વરે તમ બંનેનો ઉપયોગ કર્યો,'' ડેનિયલે કહ્યું.

''અમારી નબળાઈઓ છતાં,'' મેં કહ્યું.

હું મોરિસને અલવિદા કહેવા ફર્યો, ત્યારે મને યાદ આવ્યું કે, એ હજુ મને એક પ્રશ્ન પૂછવા માંગતા હતા.

''તમારો પ્રશ્ન મને લખી મોકલજો.''

''મેં તેમ જ કર્યું છે,'' કહી તેમણે મારા કોટના ખિસ્સામાં એક પરબીડિયું ધકેલી દીધું. અમે બીજાંઓને પાછળ રાખી દરવાજામાંથી પસાર થયાં. માત્ર મીરિયમને જ અમારી સાથે પ્લેન સુધી આવવાની પરવાનગી હતી.

તેની હંમેશની સરળતાથી તેણે પૂછયું : ''શું તમને મારો પ્રથમ પત્ર યાદ આવે છે જેમાં મેં લખ્યું હતું કે, મારી તિમોથી પ્રત્યેની લાગણીઓ મને લગ્ન માટે જરૂરી તેટલી ગાઢ કે ઊંડી લાગતી નથી? અને તમે મને જણાવેલું કે, મારે મારી ઉર્મિઓની વાણી સાંભળવી જોઈએ, કારણ કે યુવતીઓ એ યુવકો કરતાં વહેલી સાંભળે છે. હવે, મને આશ્ચર્ય તો એ થાય છે કે, જ્યારે બરોબર સમય આવે છે ત્યારે પણ યુવક કરતાં યુવતીને વહેલી અસર થાય છે ?''

''તમે શું વિચારો છો, મીરિયમ ?''

તેણે તત્કાળ તો ઉત્તર ન આપ્યો, પણ અમે જ્યારે અર્ધે પગથિયે પહોંચ્યાં ત્યારે તેણે બૂમ પાડી :

''મને ખાતરી છે કે યુવતીને અસર થઈ જ છે !''

મેં મારી પસંદગી અને આનંદ માત્ર હાથ હલાવી વ્યક્ત કર્યાં. વિમાનમાં બેસવામાં અમે છેક છેલ્લાં હતાં. અમે એકબીજા પાસે બેઠકો લીધી અને કમરપટા બાંધ્યા, ત્યાં સુધીમાં પરિચારિકાએ દ્વાર બંધ કરી દીધું. થોડી જ વારમાં વિમાનની ધણધણાટી શરૂ થઈ, તે ખસવા લાગ્યું અને વિમાન-પટ્ટી પર ટેકસી કરી દોડવા લાગ્યું.

ઈન્ગ્રીડે પોતાનો હાથ મારા હાથ પર મૂક્યો.

''આજ સવારના બનાવથી મને શરમ લાગે છે, દુ:ખ થાય છે,'' તેણે કહ્યું. ''ક્યારેક તો મને એવી લાગણી થાય છે કે, હું તમારી સાથે કદમ મિલાવી શકતી નથી. તમે સમજી શકો છો ?''

''આપણને નમ્ર રાખવા માટે એ જરૂરી છે,'' મેં ઉત્તર આપ્યો. ''મને લાગે છે કે, ઈશ્વર ક્યારેક આપણને આ ખીણોમાંથી એટલા માટે પસાર થવા દે છે કે, આપણે બીજાં યુગલોની સમસ્યાઓ વધુ સારી રીતે સમજી શકીએ.''

હવે વિમાન ઉડ્ડયન માટે ઝડપ વધારતું હતું. કૉંક્રીટ ઉતરાણ-પટ્ટી અદૃશ્ય થઈ ગઈ. ધરતી દૂર જતી ગઈ. વિમાન ખુલ્લા આકાશમાં ઊંચે ચઢ્યું.

અમે ફરી અમારે રસ્તે હતાં - unterwegs, en route- અર્ધે રસ્તે.

''તમે મોરિસનો પત્ર કેમ ખોલતા નથી ?'' ઈન્ગ્રીડે પૂછ્યું.

''તમે શું ધારો છો - બીજી પાપ કબૂલાત ?''

''મને લાગે છે કે, કંઈક બીજું જ છે.''

''તમને એવો કેમ વિચાર આવે છે ? સ્ત્રીસહજ અંતઃ પ્રેરણા?''

''હા.''

''હું ખોલું તે પહેલાં મને કહી દો.''

''તમે એ નહોતું જોયું કે, જ્યારે ફાતમા મોરિસ સાથે ઍરપોર્ટ પર આવે એવું નક્કી થયું ત્યારે તે કેવા ખુશખુશ થઈ ગયેલા ?''

''તમે એમ કહેવા માંગો છો ...?''

''ઉઘાડો અને જુઓ.''

મેં તો એનો વિચાર પણ કર્યો નહોતો. મેં એકદમ પરબીડિયું તોડી નાંખ્યું અને વાંચ્યું :

''શું ઈશ્વર પણ લગ્ન-સંબંધ-ઓઠવનાર (matchmaker) છે? જ્યારે તમે ફાતમા સાથે વાત કરતા હતા અને હું પુલ ઉપર પ્રાર્થના

કરતો હતો, ત્યારે મને ઘંટડી જેવો સ્પષ્ટ અવાજ સંભળાયો : 'વૉલ્ટર જેની સાથે વાત કરે છે તે યુવતી તારી પત્ની છે.'

"આ તો ગાંડપણ હતું. મેં એ યુવતીને પહેલાં કદી જોઈ નહોતી, એ કોણ હતી તે પણ જાણતો નહોતો, દેખાવમાં કેવી છે તેની પણ ખબર નહોતી. હું તો અંધકારમાં તેની દેહાકૃતિને અસ્પષ્ટ, ઝાંખી જોઈ શકતો હતો."

"શું આ વાણી ઈશ્વરની વાણી છે ? તમારા પછીના મુકામ પરથી મને હા કે ના -નો ટેલિગ્રામ કરી દેજો."

"ધન્ય ! તમને અને તમારી સ્ત્રીસહજ અંતઃપ્રેરણાને !" મેં અદેખાઈથી મારી પત્નીને કહ્યું.

"એ મુશ્કેલ નહોતું," તેણે જણાવ્યું.

"બિચારો મોરિસ," હું બબડયો, "તે કોઈ કુંવારી કન્યાને પરણવા કેટલું ઝંખતો હતો. અને હવે તે ફાતમા સાથે ગોઠવાય છે."

ઈન્ગ્રીડે મારો વિરોધ કર્યો : "પણ તે કુમારિકા જ છે, વૉલ્ટર. તે શુદ્ધ કરાયેલી છે - ખ્રિસ્તની નવવધૂ તરીકે. 'ડાઘ રહિત, કરચલી રહિત, કલંક રહિત."

ખરેખર, ઈન્ગ્રીડ સાચી હતી.

મેં પરિચારિકાને બોલાવી અને પૂછયું : "શું હજુ પાઈલોટ વિમાનગૃહના ટાવર સાથે રેડિયોસંપર્કમાં છે ?"

"હા," તેણે કહ્યું, "પણ ખાનગી સંદેશાઓ માટે નહિ."

"મારે તમારી ઍરલાઈનના એક કર્મચારીને ઘણો અગત્યનો સંદેશો પહોંચાડવાનો છે."

પરિચારિકાએ પ્રયત્ન કરવાનું વચન આપ્યું. મેં મીરિયમનું નામ આપ્યું અને કહ્યું :"આ સંદેશો છે. માત્ર ત્રણ શબ્દો :'મોરિસને કહો, 'હા,'"અમે મૌન બની ગયાં. પછી ઈન્ગ્રીડે પોતાનું મસ્તક મારા તરફ ફેરવ્યું અને મારા પ્રતિ જોયું.

"તમારા મનમાં શું છે ?" મેં એને પૂછ્યું.

"હું તમને પરણી તેનો મને આનંદ છે !" તેણે સ્મિતસહ કહ્યું.

"મને પણ છે જ."



# Two Death

At the alter,
We each died separate death
I gave my life for her;
She gave her life for me.

We did not sacrifice ;
We gave them freely,
And together
Trusted Christ
To resurrect
Two dying friends
And make them one
In the greatest kind of love.

*- Mark Weinrick*

*Jesus said, " Greater love has no one than this, that one lay down his life for his friends."*

16BGS2